ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

સ્તબક-૯ ◆ ભાગ-૯



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

સ્તબક-૬ ◆ ભાગ-૬

❖ મૂળ ગ્રંથકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંકલનકારિકા ✪

રાખીબેન રમણલાલ શાહ

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

વૈરાગ્યકલ્પલતા ભાગ-૬ : સ્તબક-૬

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૨ ❖ વિ. સં. ૨૦૭૨ ✦✦ આવૃત્તિ : પ્રથમ ◆ નકલ : ૩૫૦

મૂલ્ય : રૂ. ૧૪૦-૦૦

❖ આર્થિક સહયોગ ❖

પરમતારક આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના સ્વપ્નને ગીતાર્થગંગાના પ્રયત્નમાં સાકાર થતાં જોઈ

શ્રી રમણલાલ છગનલાલ ચેરીટેબલ ટ્રસ્ટ

રત્નત્રયી આરાધક સંઘ-નવસારીના

જ્ઞાનદ્રવ્યનિધિમાંથી અર્પણ કરેલ છે.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૨૦૨

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

※ મુદ્રક ※

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ઼ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'**विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्**' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામ્રગી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

ભાગ-૬

⁂ છઠ્ઠો સ્તબક ⁂

શ્લોક :-

अथास्ति स्वस्तिककलितं, बहिरङ्गमनोहरम् ।
वर्धमानपुरं प्रौढैर्वर्धमानं महोत्सवैः ।।१।।
चारुलीलागतिर्यत्र, सदानो विलसत्करः ।
जनवर्गो महाध्वानो, धत्ते स्तम्बेरमश्रियम् ।।२।।

શ્લોકાર્થ :-

સ્વસ્તિકથી કલિત=કલ્યાણથી યુક્ત, બહિરંગથી મનોહર, ઘણા મહોત્સવથી વધતું વર્ધમાનનગર છે. જ્યાં=વર્ધમાનનગરમાં, સુંદર લીલામય ગતિવાળો, દાનવાળો, વિલાસ પામતા હસ્તવાળો એવો જનવર્ગ મહામાર્ગની હાથી જેવી શોભાને ધારણ કરે છે.

જે નગરમાં લોકો કલ્યાણમાર્ગના કારણભૂત એવા મહામાર્ગની હાથી જેવી શોભાને ધારણ કરે છે. **॥૧-૨॥**

શ્લોક :-

तत्र प्रत्यर्थिकान्ताश्रुधारासिक्तयशोद्रुमः ।
भूपोऽभूद् धवलो नाम, भीमकान्तगुणाश्रयः ।।३।।

શ્લોકાર્થ :-

ત્યાં=વર્ધમાન નગરમાં, શત્રુઓની સ્ત્રીઓની અશ્રુધારાથી સિંચાયેલ યશરૂપી વૃક્ષવાળો, ભીમ અને કાંતગુણના આશ્રયવાળો ધવલ નામનો રાજા થયો. ।।૩।।

શ્લોક :-

तस्यासीत् कमलाजैत्री, देवी कमलसुन्दरी ।
तस्याः कुक्षिसमुद्भूतः, सुतोऽस्ति विमलाभिधः ।।४।।

શ્લોકાર્થ :-

તેની=તે રાજાની, કમલાને જીતનારી કમલસુંદરી નામની દેવી હતી. તેની કુક્ષિથી ઉત્પન્ન થયેલ વિમલ નામનો પુત્ર હતો. ।।૪।।

શ્લોક :-

बालकालेऽपि यः स्पृष्टो, न धन्यो बालचेष्टितैः ।
महाहर्म्यस्थित इव, प्रावृट्कालेऽपि कर्दमैः ।।५।।

શ્લોકાર્થ :-

બાલકાલમાં પણ ધન્ય એવો જે=વિમલ, બાલચેષ્ટાને સ્પર્શ્યો નહીં. મોટા મહેલમાં રહેલો જેમ વરસાદકાલમાં પણ કાદવથી સ્પર્શાયેલો નથી.

ભૂતકાળમાં સુંદર ધર્મને સેવીને આવેલ હોવાથી વિમલ ઉત્તમ ચિત્તરત્નથી યુક્ત હોવાને કારણે બાલકાળમાં પણ બાલચેષ્ટાઓને સ્પર્શતો નથી પરંતુ ગંભીર તત્ત્વને અભિમુખ ચેષ્ટાવાળો છે. ।।૫।।

શ્લોક :-

तत्रैवाभूत् पुरे श्रेष्ठी, सोमदेवो महाधनः ।
लावण्यनिलयस्तस्य, भार्या कनकसुन्दरी ।।६।।

શ્લોકાર્થ :-

તે જ નગરમાં સોમદેવ મહાધનવાળો શ્રેષ્ઠી હતો, તેની લાવણ્યના સ્થાન એવી કનકસુંદરી ભાર્યા હતી. ॥૬॥

શ્લોક :-

कुक्षौ प्रवेशितस्तस्या, अहं पुण्योदयान्वितः ।
भवितव्यतया काले, सा मां प्रासूत हर्षिणी ॥७॥

શ્લોકાર્થ :-

તેણીની કુક્ષિમાં ભવિતવ્યતા વડે પુણ્યોદયથી યુક્ત, હું પ્રવેશ કરાવાયો, કાલે=ઉચિતકાલે, હર્ષવાળી એવી તેણીએ=કનકસુંદરીએ, મને જન્મ આપ્યો. ॥૭॥

શ્લોક :-

जातः पुत्रो मयेत्येषाऽभिमानं हृदये दधौ ।
तदा दृष्टोऽन्तरङ्गत्वाज्जातः पुण्योदयस्तु नः ॥८॥

શ્લોકાર્થ :-

મારા વડે આ પુત્ર થયો, એ પ્રકારના અભિમાનને આણીએ=કનકસુંદરીએ, હૃદયમાં ધારણ કર્યો, ત્યારે=હું પુત્રરૂપે જન્મ્યો ત્યારે, વળી, અમારા પુણ્યનો ઉદય થયો પરંતુ અંતરંગપણું હોવાથી જોવાયો નહીં.

સંસારી જીવ પુત્રરૂપે જન્મે છે, સુખી ઘરમાં આવે છે તેથી તેના જન્મની સાથે જ પુણ્યનો ઉદય જાગૃત થાય છે, છતાં તે પુણ્યનો ઉદય અંતરંગ છે; કેમ કે કાર્મણશરીર સ્વરૂપ છે તેથી જોવાયો નહીં. **॥૮॥**

શ્લોક :-

विहितः सोमदेवेन, सुतजन्ममहोत्सवः ।
स वामदेव इत्याख्यां, द्वादशेऽह्नि चकार मे ॥९॥

શ્લોકાર્થ :-

સોમદેવ વડે પુત્રનો જન્મમહોત્સવ કરાયો, તેણે બારમા દિવસે વામદેવ એ પ્રકારના મારા નામને કર્યું. ॥૯॥

શ્લોક :-

अद्राक्षं व्यक्तचैतन्यं, प्राप्तोऽहं मानुषत्रयम् ।
द्वौ नरौ ललनां चैकां, वक्रां शक्रायुधाकृतिम् ।।१०।।

શ્લોકાર્થ :-

વ્યક્ત ચૈતન્યને પ્રાપ્ત થયેલા એવા મેં બે નર અને શક્રના આયુધની આકૃતિવાળી એક વક્ર સ્ત્રી એ રૂપ માનુષત્રયને જોયું=અંતરંગ માનુષત્રયને જોયું. ॥૧૦॥

શ્લોક :-

तेष्वेको मां समालिङ्ग्य, स्नेहादित्थमभाषत ।
मित्र ! प्रत्यभिजानीषे, न वा नेति मयोदितम् ।।११।।

શ્લોકાર્થ :-

તેઓમાં એક મને સમાલિંગન કરીને સ્નેહથી આ પ્રમાણે બોલ્યો, હે મિત્ર તું મને ઓળખે છે કે નહીં, 'નહીં', એ પ્રમાણે મારા વડે કહેવાયું. ॥૧૧॥

શ્લોક :-

ततः शोकातुरः सोऽभून्मयोक्तं किं नु शोचसि ? ।
स प्राह चिरदृष्टोऽपि, त्वयाऽहं विस्मृतोऽस्मि यत् ।।१२।।

શ્લોકાર્થ :-

તેથી=વામદેવે કહ્યું કે હું ઓળખતો નથી તેથી, તે શોકાતુર થયો, મારા વડે કહેવાયું. કેમ શોક કરે છે. તે=તે પુરુષ, કહે છે. ચિરકાળ જોવાયેલો પણ હું તારા વડે વિસ્મૃત છું તે કારણથી શોક કરું છું. ॥૧૨॥

શ્લોક :-

मयोक्तं कुत्र दृष्टोऽसि, सोऽब्रवीद् बहवोऽभवन् ।
पुरेऽसंव्यवहाराख्ये, मादृशास्ते वयस्यकाः ।।१३।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું=વામદેવ વડે કહેવાયું, તું ક્યાં જોવાયો છું ? તે બોલ્યો, અસંવ્યવહાર નામના નગરમાં તારા જેવા મારા ઘણા મિત્રો હતા. ।।૧૩।।

શ્લોક :-

न व्यक्तस्ते सखाऽभूवं, तदैकाक्षादिषु भ्रमन् ।
पञ्चाक्षपशुसंस्थाने, यदाऽभूः संज्ञिगर्भजः ।।१४।।

શ્લોકાર્થ :-

હે મિત્ર ! એકેન્દ્રિય આદિમાં ભમતો એવો હું ત્યારે તને વ્યક્ત થયો નહીં, જ્યારે પંચાક્ષપશુસ્થાનમાં સંજ્ઞિગર્ભજ તું=વામદેવ હતો. ।।૧૪।।

શ્લોક :-

जातस्तदा सखा तेऽहं, नाव्यक्तत्वात्तु लक्षितः ।
- अनन्तशः परिभ्रम्य, ततोऽनन्तेषु धामसु ।।१५।।
नरवाहनराजस्य, नन्दनो रिपुदारणः ।
त्वं सिद्धार्थपुरे जातस्तदाऽहं लक्षितस्त्वया ।।१६।।

શ્લોકાર્થ :-

ત્યારે=સંજ્ઞિગર્ભજ થયો ત્યારે, હું તારો મિત્ર થયો, પરંતુ અવ્યક્તપણું હોવાથી જણાયો નહીં, ત્યારપછી અનંતીવખત અનંતસ્થાનોમાં પરિભ્રમણ કરીને, નરવાહન રાજાનો રિપુદારણ નામનો પુત્ર સિદ્ધાર્થપુરમાં થયો ત્યારે હું=મૃષાવાદ નામનો પુરુષ, તારા વડે જણાયો. ।।૧૫-૧૬।।

શ્લોક :-

सखाऽहं ते मृषावादो, ललितोऽसि मया सह ।
अत्यन्तकुशलोऽभूस्त्वं, मम प्रेमानुभावतः ।।१७।।

શ્લોકાર્થ :-

હું તારો મૃષાવાદ નામનો મિત્ર છું. મારી સાથે રમેલો તું છો. મારા પ્રેમના અનુભાવથી=મૃષાવાદના પ્રેમના અનુભાવથી, તું અત્યંત કુશલ થયો. ।।૧૭।।

શ્લોક :-

पृष्टश्चाहं त्वया मेऽभूत्, कुतः कौशलमीदृशम् ।
मयोक्तं भगिनी मेऽस्ति, मायाख्या तत्प्रसादतः ।।१८।।

શ્લોકાર્થ :-

મેં પૂછ્યું=સંસારી જીવે પૂછ્યું, તારાથી=મૃષાવાદથી, ક્યાંથી આવા પ્રકારનું કુશલપણું મને થયું. મારા વડે=મૃષાવાદ વડે કહેવાયું. માયા નામની મારી ભગિની છે તેના પ્રસાદથી=માયાના પ્રસાદથી, તારામાં આવું કૌશલ્ય થયું એમ અન્વય છે.

માયાના પ્રસાદથી મૃષાવાદને કારણે સંસારી જીવને રિપુદારણના ભવમાં અત્યંત કૌશલ્ય થયું; કેમ કે જીવ મૃષાવાદ કરીને પણ પોતે સત્યવાદી છે એવું સ્થાપન માયાના બળથી કરી શકે છે તેથી માયાના બળથી મૃષાવાદમાં કુશળતા આવે છે અને તેના કારણે રિપુદારણ જૂઠું બોલીને પણ અત્યંત કુશલ છે તેવી ખ્યાતિ મેળવી શકેલ તે માયાજન્ય મૃષાવાદથી પ્રાપ્ત થયેલું કુશલપણું હતું. **।।૧૮।।**

શ્લોક :-

त्वयोक्तं दर्शनीया मे, साऽऽत्मीया भगिनी त्वया ।
प्रतिपन्नं वचस्तच्च, तावकीनं मया तदा ।।१९।।

શ્લોકાર્થ :-

તારા વડે=સંસારી જીવ વડે, કહેવાયું. મને=સંસારી જીવને, તારા

વડે=મૃષાવાદ વડે, તે પોતાની ભગિની=માયા, બતાવવી જોઈએ. તે તારું વચન મારા વડે ત્યારે=રિપુદારણના ભવમાં, સ્વીકારાયું. ।।૧૯।।

શ્લોક :-

तदेषोऽत्र पुरस्कृत्य, भगिनीमहमागतः ।
स्मरंस्तद्वचनं शोके, हेतुर्मे त्वदुपेक्षणम् ।।२०।।

શ્લોકાર્થ :-

તે કારણથી=તારું મેં સ્વીકાર્યું તે કારણથી, અહીં=આ ભવમાં, તારી પાસે ભગિનીને આગળ કરીને આ હું આવ્યો. તે વચનનું સ્મરણ કરતો તારું ઉપેક્ષણ=સંસારી જીવનું ઉપેક્ષણ, મારા શોકનો હેતુ છે. ।।૨૦।।

શ્લોક :-

मयोक्तं भद्र ! वृत्तान्तं, व्यक्तं नैनं स्मराम्यहम् ।
तथाऽपि स्मरतो नेत्रे, त्वद्दर्शनविकस्वरे ।।२१।।

શ્લોકાર્થ :-

મારા વડે=સંસારી જીવ વડે, કહેવાયું. હે ભદ્ર મૃષાવાદ ! આ વૃત્તાંતને વ્યક્ત હું સ્મરણ કરતો નથી=રિપુદારણના ભવમાં મેં કહેલું કે તારી ભગિની માયા મને બતાવ. એ વૃત્તાંતને વ્યક્ત હું સ્મરણ કરતો નથી. તોપણ તારા દર્શનથી વિકસ્વર બે નેત્રનું હું સ્મરણ કરું છું. ।।૨૧।।

શ્લોક :-

तन्न शोकस्त्वया कार्यो, ज्ञेयोऽहं प्राणसन्निभः ।
तेनोक्तमियता सिद्धं, मम सर्वं प्रयोजनम् ।।२२।।

શ્લોકાર્થ :-

તે કારણથી=તને જોઈને મને આલ્લાદ થાય છે તે કારણથી, તારા વડે=મૃષાવાદ વડે, શોક કરવો જોઈએ નહીં. હું=સંસારી જીવ, પ્રાણ જેવો જાણવો. તેના વડે=મૃષાવાદ વડે, કહેવાયું. આટલાથી મારું સર્વ પ્રયોજન સિદ્ધ થયું.

રિપુદારણના ભવમાં સંસારી જીવને મૃષાવાદનો સંબંધ ગાઢ હતો તે અત્યારે સ્મરણ થતું નથી તોપણ મૃષાવાદ પ્રત્યેના સ્નેહના સંસ્કારોને કારણે આ ભવમાં પણ મૃષાવાદને અભિમુખ કંઈક ભાવ થાય છે તેથી સંસારી જીવ મૃષાવાદને પ્રાણ જેવો આ ભવમાં માને છે. તેથી મૃષાવાદ પ્રસન્ન થાય છે. **॥૨૨॥**

શ્લોક :-

दर्शिताऽऽत्मीयभगिनी, मायेति भुवि विश्रुता ।
प्रियनाम्ना बहुलिका, कार्याऽऽज्ञाऽस्याः सदा त्वया ।।२३।।

શ્લોકાર્થ :-

માયા એ પ્રમાણે જગતમાં પ્રસિદ્ધ પોતાની ભગિની=મૃષાવાદની બહેન બતાવાઈ=સંસારી જીવને બતાવાઈ. પ્રિયનામથી બહુલિકા છે=માયાનું પ્રિયનામ બહુલિકા છે. આની=માયાની, આજ્ઞા તારા વડે=સંસારી જીવ વડે, સદા સ્વીકારવી જોઈએ એ પ્રકારે મૃષાવાદ સંસારી જીવને કહે છે એમ અન્વય છે. ॥૨૩॥

શ્લોક :-

अहं तिरोभविष्यामि, नास्ति मेऽवसरोऽधुना ।
अस्यां स्थितायां ज्ञेयस्तु, स्थितोऽहं परमार्थतः ।।२४।।

શ્લોકાર્થ :-

હું તિરોધાન પામીશ. હમણાં મારો અવસર નથી. વળી, આ અવસ્થામાં=સંસારી જીવની આ ભવમાં માયાની પાલનવાળી અવસ્થામાં, પરમાર્થથી હું રહેલો જાણવો.

રિપુદારણના ભવમાં સંસારી જીવમાં પ્રગટ રીતે મૃષાવાદનો અવસર હતો. આ ભવમાં પ્રગટ રીતે માયાનો અવસર છે. તેથી માયા સાથે સંલગ્નરૂપે મૃષાવાદ રહેશે; કેમ કે રિપુદારણના ભવમાં મૃષાવાદ આપાદક કર્મોનું પ્રાચુર્ય હતું. આ ભવમાં માયાનું આપાદક કર્મનું પ્રાચુર્ય છે. તેથી માયાનો પરિચય કરાવીને મૃષાવાદ ગૌણરૂપે સાથે રહે છે. **॥૨૪॥**

શ્લોક :-

कनिष्ठोऽयं मम भ्राता, युक्तस्तव सखाऽधुना ।
स्तेयाख्योऽभूत् पुरा छन्नः, प्रादुर्भूयाधुनाऽऽगतः ।।२५।।

શ્લોકાર્થ :-

કનિષ્ઠ આ=ત્રીજો પુરુષ, મારો ભાઈ છે=મૃષાવાદનો ભાઈ છે. તારો હમણાં મિત્ર=ત્રીજો પુરુષ મિત્ર યુક્ત છે. સ્તેય નામનો પૂર્વમાં પ્રચ્છન્ન હતો. હમણાં પ્રાદુર્ભાવ થઈને આવેલો છે.

શ્લોક-૧૦માં કહ્યા પ્રમાણે ત્રણ પુરુષ વામદેવના ભવમાં તેની પાસે આવે છે તેમાં મૃષાવાદે પોતાનો પરિચય રિપુદારણના ભવનો કરાવ્યો અને પોતાની સાથે આવેલી માયા નામની ભગિનીનો પરિચય કરાવ્યો. હવે પોતાની સાથે આવેલો ત્રીજો પુરુષ કોણ છે તેનો પરિચય કરાવતાં વામદેવને કહે છે. આ સ્તેય નામનો ત્રીજો પુરુષ મારો નાનો ભાઈ છે. પૂર્વમાં તે તારી સાથે હતો પરંતુ પ્રચ્છન્ન હતો. હમણાં પ્રગટ થઈને આવ્યો છે; કેમ કે આ ભવમાં સંસારી જીવના સ્તેયની પરિણતિનાં આપાદક કર્મો પ્રચુર છે. **॥૨૫॥**

શ્લોક :-

द्रष्टव्योऽहमिव स्नेहात्, तदयं प्रियबान्धवः ।
मयोक्तं मे स्वसा या ते, त्वद्भ्राता मम बान्धवः ।।२६।।

શ્લોકાર્થ :-

તે કારણથી=અત્યારે પ્રગટ થઈને સ્તેય આવ્યો છે તે કારણથી, આ પ્રિય બાંધવ સ્તેય મારી જેમ=મૃષાવાદની જેમ, સ્નેહથી જોવો જોઈએ=સંસારી જીવે સ્નેહથી જોવો જોઈએ. મારા વડે કહેવાયું=સંસારી જીવ વડે કહેવાયું. જે તારી બહેન છે તે મારી બહેન છે. તારો ભાઈ મારો ભાઈ છે.

વામદેવના ભવમાં સંસારી જીવે પૂર્વના મૃષાવાદના પરિચયના બળથી આ ભવમાં તેની બહેનને=માયાને અને તેના ભાઈ એવા સ્તેયને અત્યંત પ્રાણતુલ્ય

સ્વીકારી લીધાં; કેમ કે તે પ્રકારનાં અધ્યવસાય આપાદક કર્મો સંસારી જીવમાં આ ભવમાં પ્રચુર વર્તે છે. **॥૨૬॥**

શ્લોક :-

तदाकर्ण्य मृषावादस्तिरोभूतः प्रमोदभाग् ।
भगिनीभ्रातरौ प्राप्य, तौ ममोल्लसितं मनः ।।२७।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને=સંસારી જીવનું તે પ્રકારનું વચન સાંભળીને, પ્રમોદવાળો મૃષાવાદ તિરોધાન થયો. તે બહેન અને ભાઈને પામીને=માયા અને સ્તેયને પામીને, મારું મન ઉલ્લસિત થયું.

સંસારી જીવમાં સ્તેયની પરિણતિ અને માયાની પરિણતિ પ્રકર્ષ રીતે ઉલ્લસિત થઈ. **॥૨૭॥**

શ્લોક :-

विप्रतार्य जगत् सर्वं, मुष्णन् परधनं ततः ।
जातोऽहं निर्घृणः शङ्कारहितः क्रूरचेष्टितः ।।२८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=માયા અને સ્તેય પ્રત્યે મારું મન અત્યંત ઉલ્લસિત થયું ત્યારપછી, જગત સર્વને ઠગીને પરધનને ચોરી કરતો એવો હું નિર્ઘૃણ= કઠોર, શંકારહિત, ક્રૂર ચેષ્ટાવાળો થયો.

માયાની અને ચોરીની પોતાનામાં કુશળતા હોવાથી સંસારી જીવ બીજાની પીડા પ્રત્યે કઠોર ચિત્તવાળો, બીજા પ્રત્યે ક્રૂર ચેષ્ટાવાળો અને પોતાને ઠગવાની અને ચોરી કરવાની કુશળતા છે એ પ્રકારના બોધને કારણે નિઃશંક થઈને જીવે છે. **॥૨૮॥**

શ્લોક :-

लोकेषु लघुतां प्राप्तस्ततोऽहं तृणतूलवत् ।
इतश्च या क्षितिभुजो, भार्या कमलसुन्दरी ।।२९।।

શ્લોકાર્થ :-

તેથી=ચોરી અને માયામાં હું કુશળ થયો તેથી, તૃણ અને તૂલની જેમ લોકોમાં લઘુતાને પામ્યો. આ બાજુ જે રાજાની કમલસુંદરી ભાર્યા છે તે કનકસુંદરીની પ્રિયતમ સખી થઈ=સંસારી જીવની માતાની પ્રિય સખી થઈ. ॥૨૯॥

શ્લોક :-

साऽभूत् कनकसुन्दर्याः, सखी प्रियतमा ततः ।
सखा मे मातृसंबन्धाद्, विमलोऽभून्नृपात्मजः ।।३०।।

શ્લોકાર્થ :-

તેથી માતાના સંબંધથી=પોતાની માતાના સંબંધથી, રાજાનો પુત્ર વિમલ મારો મિત્ર થયો. ॥૩૦॥

શ્લોક :-

स्नेहभृत् साध्यहीनोऽपि, निर्व्याजोऽभूत् सखा स मे ।
चन्द्रमङ्क इवाहं तु, विमलं मलिनः श्रितः ।।३१।।

શ્લોકાર્થ :-

સાધ્યહીન પણ સ્નેહથી ભરાયેલો તે=વિમલ, નિર્વ્યાજ=અકપટી, મારો મિત્ર થયો. ચંદ્રમાં અંકની જેમ વિમલને મલિન એવો હું આશ્રિત થયો.

વિમલ ગુણથી યુક્ત હતો અને હું દોષોથી યુક્ત હતો તેથી મારી સાથે સ્નેહ કરવામાં વિમલને કંઈ સાધ્ય ન હતું તોપણ માતાના સંબંધથી અને વામદેવના તથા પ્રકારના પુણ્યના ઉદયથી અનેક ગુણોથી કલિત એવો પણ વિમલ અકપટ ભાવથી વામદેવ સાથે મિત્રભાવ ધારણ કરે છે. વળી, ચંદ્રમાં જેમ કલંક જેવું ચિહ્ન છે તેમ વિમલને મલિન એવો સંસારી જીવ આશ્રિત થયો. **॥૩૧॥**

શ્લોક :-

शाठ्याशाठ्यभृतोरेवमावयोर्यान्ति वासराः ।
सह क्रीडाविनोदेन, प्रथितस्नेहशालिनोः ।।३२।।

શ્લોકાર્થ :-

આ રીતે=વિમલ અશઠભાવથી મૈત્રી કરે છે અને વામદેવ શઠભાવથી મૈત્રી કરે છે એ રીતે, શાઠ્ય-અશાઠ્યભાવથી ભરાયેલા વિસ્તૃત સ્નેહશાળી એવા અમારા બંનેના દિવસો ક્રીડાવિનોદ સહિત પસાર થાય છે. ॥૩૨॥

શ્લોક :-

कौमारस्थोऽथ विमलो, जग्राह सकलाः कलाः ।
तारुण्यं प्राप लावण्यसुधारसतरङ्गितम् ॥३३॥

શ્લોકાર્થ :-

હવે કુમાર અવસ્થામાં રહેલા વિમલે સકલ કલાઓ ગ્રહણ કરી. લાવણ્યરૂપી અમૃતના રસમાં તરંગિત એવા તારુણ્યને પામ્યો. ॥૩૩॥

શ્લોક :-

मया सहान्यदा प्राप्तः, स क्रीडानन्दनं वनम् ।
तालहिन्तालमालूरनागपुन्नागराजितम् ॥३४॥

શ્લોકાર્થ :-

મારી સાથે=વામદેવની સાથે, અન્યદા તે=વિમલ, તાલ, હિંતાલ, માલૂર, નાગ, પુન્નાગથી શોભતા ક્રીડાનંદન ઉદ્યાનને પામ્યો. ॥૩૪॥

શ્લોક :-

विलसत्केतकीजातिचन्दनागुरुकेसरम् ।
सहकारलतास्फारद्राक्षामण्डपमण्डितम् ॥३५॥ युग्मम् ॥

શ્લોકાર્થ :-

વિલાસ પામતા કેતકી, જાતિ, ચંદન, અગુરુ અને કેસરવાળું, આંબાની લતાથી વિસ્તારવાળું, દ્રાક્ષના મંડપથી મંડિત એવા ક્રીડાનંદન ઉદ્યાનમાં મારી સાથે વિમલ પ્રાપ્ત થયો એમ પૂર્વગાથા સાથે અન્વય છે. ॥૩૫॥

શ્લોક :-

कयोश्चिद् ध्वनिरायातो, नूपुरारावमिश्रितः ।
अत्रान्तरे स्फुटं तत्र, श्रवःपुटकुटुम्बिताम् ।।३६।।

શ્લોકાર્થ :-

કોઈ બેનો નૂપુરના આરાવથી મિશ્રિત ધ્વનિ આવ્યો=કોઈ યુગલ સ્ત્રી સાથે જાય છે તેના નૂપુરના અવાજથી મિશ્રિત ધ્વનિ આવ્યો, એટલામાં ત્યાં=વિમલ અને વામદેવ ઊભા છે ત્યાં, શ્રવઃપુટની કુટુંબિતાને=કાનના પડદાઓને સ્પર્શે એવો સ્પષ્ટ ધ્વનિ થયો. ।।૩૬।।

શ્લોક :-

कस्यायं ध्वनिरित्याह, प्रति मां विमलस्ततः ।
मयोक्तं न श्रुतः सम्यग्, गत्वा निर्णीयतां पुरः ।।३७।।

શ્લોકાર્થ :-

કોનો આ ધ્વનિ છે એ પ્રમાણે મારા પ્રત્યે=વામદેવ પ્રત્યે, વિમલ કહે છે. તેથી મારા વડે કહેવાયું. સમ્યગ્ સંભળાયું નથી. આગળ જઈને નિર્ણય કરાય. ।।૩૭।।

શ્લોક :-

तथेत्युक्त्वा गते स्तोके, भूभागे पदपद्धतिः ।
दृष्टाऽऽवाभ्यां रथाम्भोजचक्राङ्कुशझषाङ्किता ।।३८।।

શ્લોકાર્થ :-

તે પ્રમાણે એમ કહીને=વામદેવે કહ્યું તેમ કરીએ એમ કહીને, થોડા ભૂમિભાગ ગયે છતે અમારા બંને દ્વારા રથ-કમળ-ચક્ર-અંકુશ-માછલીથી અંકિત પદપદ્ધતિ જોવાઈ=ભૂમિમાં પગલાંઓ અંકિત થયેલાં દેખાયાં. ।।૩૮।।

શ્લોક :-

ततो मामाह विमलः, श्रेष्ठं नृमिथुनं ह्यदः ।
सामान्यमर्त्या नेदृक्षाः, न स्पृशन्ति भुवं सुराः ।।३९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી વિમલ મને કહે છે – આ=જેનાં પગલાં દેખાય છે એ, શ્રેષ્ઠ મનુષ્યમિથુન છે. સામાન્ય મનુષ્યો આવા નથી, દેવતાઓ ભૂમિને સ્પર્શતા નથી. માટે દેવ નથી પરંતુ વિશિષ્ટ મનુષ્યમિથુન છે એમ સંબંધ છે. ।।૩૯।।

શ્લોક :-

गत्वाऽग्रतस्ततो दृष्टं, मिथुनं तल्लतागृहे ।
निलीनौ शंकरभयात्, प्रत्यक्षौ रतिमन्मथौ ।।४०।।
निरूप्यापसृतावावामदृष्टौ तेन किंचन ।
अत्रान्तरे नरौ दृष्टावायान्तौ व्योम्नि भीषणौ ।।४१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=પગલાંઓની પદ્ધતિ જોયા પછી વિમલે વામદેવને કહ્યું કે આ વિશિષ્ટ મનુષ્યોનું યુગલ છે ત્યારપછી, આગળ જઈને મિથુન જોવાયું. શંકરના ભયથી, પ્રત્યક્ષ રતિ અને કામદેવ તે લતાગૃહમાં નિલીન થયેલાં તે બે જણાંને જોઈને અમે બંને=વામદેવ અને વિમલકુમાર, પાછા વળ્યા. તેના વડે=મનુષ્યમિથુન વડે, કંઈક નહીં જોવાયેલા અમે બંને હતા. એટલામાં આકાશમાં આવતા ભીષણ બે નર જોવાયા=તે મિથુનયુગલ સન્મુખ આવતા બે પુરુષ જોવાયા. ।।૪૦-૪૧।।

શ્લોક :-

लतागृहोपरि प्राप्तावुद्गीर्णासी क्षणेन तौ ।
तत्रैकः प्राह रे लज्जाविहीन पुरुषाधम ! ।।४२।।

न नश्यतोऽपि मोक्षस्ते, स्मर तेनेष्टदेवताम् ।
लतागृहस्थस्तच्छ्रुत्वा, संस्थाप्य ललनां नरः ।।४३।।
निष्कृष्टासिः करालभ्रूरुत्पपातास्य सम्मुखम् ।
तस्य ताभ्यां समं घोरं, खड्गयुद्धमभूत् तदा ।।४४।।

શ્લોકાર્થ :-

લતાગૃહના ઉપરમાં પ્રાપ્ત એવા તે બંનેએ ક્ષણથી તલવાર ખેંચી. ત્યાં એક બોલ્યો. રે લજ્જાવિહીન પુરુષાધમ !, નાસતા પણ તારો મોક્ષ નથી=રત્નચૂડનો મોક્ષ નથી. તે કારણથી ઈષ્ટદેવતાનું સ્મરણ કર. લતાગૃહમાં રહેલો=મનુષ્યમિથુનયુગલમાંથી રત્નચૂડરૂપ નર, તે સાંભળીને=તે બંને પુરુષનાં કઠોર વચન સાંભળીને, સ્ત્રીને સંસ્થાપન કરીને વિકરાળ ભ્રુવાથી ઉત્પાતવાળા પુરુષની સન્મુખ ખેંચેલી તલવારવાળો રત્નચૂડ થયો. તેનું=રત્નચૂડનું, તે બંને સાથે ત્યારે ઘોર ખડ્ગ યુદ્ધ થયું. ।।૪૨થી ૪૪।।

શ્લોક :-

प्रवेष्टुमैहत तयोर्नर एको लतागृहम् ।
शरणं विमलस्यागाद्, भीता बालाऽथ सा ततः ।।४५।।

શ્લોકાર્થ :-

તે બેમાંથી=આવેલા બે પુરુષમાંથી એક પુરુષ, લતાગૃહમાં પ્રવેશવા માટે આવ્યો. હવે ત્યારપછી=લતાગૃહમાં એક પુરુષ પ્રવેશ કરતો હતો ત્યારપછી, ભય પામેલી તે બાલા વિમલના શરણે ગઈ. ।।૪૫।।

શ્લોક :-

तां ग्रहीतुं स पुरुषस्तत्रागाद् वनदेवता ।
व्योम्नि तं स्तंभयामास, कुमारगुणरागिणी ।।४६।।

શ્લોકાર્થ :-

તેને ગ્રહણ કરવા માટે=તે બાલાને ગ્રહણ કરવા માટે, તે પુરુષ ત્યાં

આવ્યો. કુમારના ગુણના રાગી એવા વનદેવતાએ તેને=બાલાને, ગ્રહણ કરવા માટે આવેલા પુરુષને આકાશમાં સ્તંભિત કર્યો. ॥૪૬॥

શ્લોક :-

विस्फारिताक्षश्चित्रस्थ, इवागात् स विलक्षताम् ।
जितो मिथुनकेनाथ, नरो नष्टो द्वितीयकः ॥४७॥

શ્લોકાર્થ :-

ચિત્રમાં રહેલાની જેમ વિસ્ફારિત ચક્ષુવાળો તે=સ્તંભિત થયેલો પુરુષ, વિલક્ષતાને પામ્યો. હવે મિથુનક વડે=રત્નચૂડ વડે બીજો નાસેલો નર જિતાયો. ॥૪૭॥

શ્લોક :-

तत्पृष्ठलग्नं तं दृष्ट्वा, यियासुः पृष्ठतोऽपि न ।
शशाक स्तम्भितो गन्तुं, वारिबद्ध इव द्विपः ॥४८॥

શ્લોકાર્થ :-

તેના પૃષ્ઠમાં લાગેલા=પોતાના બીજા સાથીના પૃષ્ઠમાં લાગેલા, તેને=રત્નચૂડને, જોઈને પાછળ પણ જવાની ઈચ્છાવાળો=રત્નચૂડ પાછળ પણ જવાની ઈચ્છાવાળો, સ્તંભિત પુરુષ સાંકળથી બંધાયેલા હાથીની જેમ જવા માટે સમર્થ થયો નહીં. ॥૪૮॥

શ્લોક :-

उत्तम्भितोऽथ तं ज्ञात्वा, वनदेवतयाऽऽशयम् ।
अनुगन्तुं प्रवृत्तोऽन्यौ, लङ्घितौ दृष्टिगोचरम् ॥४९॥

શ્લોકાર્થ :-

હવે આશયને જાણીને=બંધાયેલા પુરુષના રત્નચૂડ સમક્ષ જવાના આશયને જાણીને, વનદેવતા વડે તેને=બંધાયેલા પુરુષને, ઉત્તમ્ભિત કરાયો. જવા માટે પ્રવૃત્ત થયો=મુક્ત થયેલો તે રત્નચૂડ સમક્ષ જવા

માટે પ્રવૃત્ત થયો. અન્ય એવા બંને=રત્નચૂડ અને તેની પત્નીને લેવા આવેલ પુરુષ બંને દષ્ટિગોચરથી લંઘિત થયા=વિમલકુમાર આદિની દૃષ્ટિથી દૂર ગયા. ॥૪૯॥

શ્લોક :-

गतस्तदनुमार्गेण, प्रययौ सोऽप्यदर्शनम् ।
प्रललाप ततो बाला, काऽऽर्यपुत्र ! गतिस्तव ॥५०॥

શ્લોકાર્થ :-

તેના અનુમાર્ગથી=લડવા આવેલા પુરુષના અનુમાર્ગથી ગયેલો તે પણ=રત્નચૂડ પણ, અદર્શન પામ્યો. તેથી બાલા=રત્નચૂડની પત્ની, બોલી. હે આર્યપુત્ર ! તારું ગમન શું છે ?

તમે મને છોડીને કેમ જાવ છો ? ॥૫૦॥

શ્લોક :-

संस्थापिता कथंचित् सा, मया च विमलेन च ।
अथायातो जितरिपुर्वेगान्मिथुनको नरः ॥५१॥

શ્લોકાર્થ :-

કોઈક રીતે તે=બાલા, મારા વડે અને વિમલ વડે સંસ્થાપન કરાઈ. હવે જીત્યોં છે શત્રુને જેણે એવો મિથુનક નર=રત્નચૂડ, વેગથી આવ્યો. ॥૫૧॥

શ્લોક :-

तं दृष्ट्वाऽमृतसिक्तेव, सा मुदं प्राप बालिका ।
निखिलः स्वीयवृत्तान्तस्तया तस्मै निवेदितः ॥५२॥

શ્લોકાર્થ :-

તેને જોઈને=રત્નચૂડને જોઈને, અમૃતથી સિંચાયેલાની જેમ તે બાલિકા આનંદને પામી. સંપૂર્ણ પોતાનો વૃત્તાંત તેણી વડે=તે બાલા વડે, તેને= રત્નચૂડને નિવેદન કરાયો. ॥૫૨॥

શ્લોક :-

ततो नत्वा स विमलं, पुरुषो मुदितोऽब्रवीत् ।
बन्धुर्भ्राता पिता मे त्वं, दयिता येन रक्षिता ।।५३।।

શ્લોકાર્થ :-

તેથી વિમલને નમીને તે પુરુષ=રત્નચૂડ, મુદિત થયેલો બોલ્યો. તું મારો બંધુ છે, ભ્રાતા છે, પિતા છે જેના વડે સ્ત્રી રક્ષણ કરાઈ. ।।૫૩।।

શ્લોક :-

प्रेष्योऽहं तव तद् ब्रूहि, किं करोमि समीहितम् ।
विमलः प्राह शक्त्या ते, धृतेयं तत्र के वयम् ।।५४।।

શ્લોકાર્થ :-

હું તારો પ્રેષ્ય છું=સેવક છું, તે કારણથી કહે. શું સમીહિત કરું. વિમલ કહે છે. તારી શક્તિથી આ=બાલા, ધારણ કરાઈ છે. ત્યાં=બાલાના ધારણમાં અમે કોણ ? ।।૫૪।।

શ્લોક :-

कोऽयं कथय वृत्तान्तो, महन्मेऽत्र कुतूहलम् ।
स प्राह तन्निषीदेयं, कुमार ! महती कथा ।।५५।।

શ્લોકાર્થ :-

તું કહે=વિમલકુમાર રત્નચૂડને કહે છે તું કહે. આ શું વૃત્તાંત છે. આમાં=તે પુરુષ સાથેના યુદ્ધ વગેરેના પ્રસંગમાં, મને મોટું કુતૂહલ છે. તે કહે છે=રત્નચૂડ કહે છે. તે કારણથી=મારા વૃત્તાંતના સાંભળવાના પ્રયોજનથી, બેસ. હે કુમાર ! આ મહાન કથા છે. ।।૫૫।।

શ્લોક :-

स्थिता लतागृहे सर्वे, विमलं प्रति सोऽब्रवीत् ।
रम्ययाम्योत्तरश्रेणिरस्ति वैताढ्यपर्वतः ।।५६।।

શ્લોકાર્થ :-

લતાગૃહમાં બધા બેઠા. વિમલ પ્રત્યે તે=રત્નચૂડ બોલ્યો. રમ્ય અને યામ્ય ઉત્તર શ્રેણીવાળો વૈતાઢ્ય પર્વત છે. ।।૫૬।।

શ્લોક :-

पुराणि तत्र विद्यन्ते, पञ्चाशत् षष्टिरेव च ।
तत्रास्ति दक्षिणश्रेण्यां, पुरं गगनशेखरम् ।।५७।।

શ્લોકાર્થ :-

ત્યાં=વૈતાઢ્ય પર્વતમાં, પચાસ અને સાઈઠ જ નગરો વિધમાન છે. ત્યાં દક્ષિણ શ્રેણીમાં ગગનશેખરપુર છે. ।।૫૭।।

શ્લોક :-

तत्राभूदरिवक्त्राब्जचन्द्रो भूपो मणिप्रभः ।
तस्य देवी च कनकशिखा सद्गुणशालिनी ।।५८।।

શ્લોકાર્થ :-

ત્યાં=ગગનશેખરપુરમાં, શત્રુના મુખના કમળ માટે ચંદ્ર જેવો મણિપ્રભ રાજા થયો. અને તેની સદ્ગુણશાળી કનકશિખા દેવી હતી. ।।૫૮।।

શ્લોક :-

तस्याः पुत्रोऽभवद्, भूरिभाग्यभृद् रत्नशेखरः ।
पुत्र्यौ पुण्यान्विते रत्नशिखामणिशिखे तथा ।।५९।।

શ્લોકાર્થ :-

તેણીને ઘણા ભાગ્યને ધારણ કરનાર રત્નશેખર પુત્ર થયો અને પુણ્યાન્વિત રત્નશિખા અને મણિશિખા નામની બે પુત્રીઓ થઈ. ।।૫૯।।

શ્લોક :-

तत्र रत्नशिखा दत्ता, मेघनादस्य भूभुजः ।
सितप्रभस्य च मणिशिखा लावण्यदीर्घिका ।।६०।।

जातो रत्नशिखामेघनादयोरहमङ्गजः ।
रत्नचूड इतीदं मे, नाम रम्यं प्रतिष्ठितम् ।।६१।।

શ્લોકાર્થ :-

ત્યાં=બે પુત્રીઓમાં, મેઘનાદ રાજાને રત્નશિખા અપાઈ. અને સિતપ્રભ રાજાને લાવણ્યદીર્ઘિકા એવી મણિશિખા અપાઈ. રત્નશિખા અને મેઘનાદનો હું પુત્ર થયો. રત્નચૂડ એ પ્રમાણે આ મારું રમ્ય નામ પ્રતિષ્ઠિત કરાયું. ।।૬૦-૬૧।।

શ્લોક :-

जातावुभौ मणिशिखासितप्रभसुतौ पुनः ।
अचलश्चपलश्चेति, रतिकान्ताह्वया तथा ।।६२।।
रत्नशेखरभार्याऽभूत्, तत्पुत्री चूतमञ्जरी ।
चक्रुः सर्वाण्यपि क्रीडां, बाल्येऽमूनि सहाद्भुताम् ।।६३।।

શ્લોકાર્થ :-

વળી મણિશિખા અને સિતપ્રભના અચલ અને ચપલ બે પુત્ર થયા. અને રતિકાંતા નામની રત્નશેખરની ભાર્યા થઈ અને તેની પુત્રી ચૂતમંજરી થઈ. સર્વ પણ અમે બધાએ બાલ્યમાં સાથે અદ્ભુત ક્રીડાને કરી છે. ।।૬૨-૬૩।।

શ્લોક :-

कुमारभावं प्राप्तानि, गृहीताः सकलाः कलाः ।
इतश्च चन्दनो नाम, प्रसिद्धः सिद्धपुत्रकः ।।६४।।

શ્લોકાર્થ :-

કુમારભાવને પ્રાપ્ત થયા=રત્નચૂડ આદિ ચારે જણા કુમારભાવને પ્રાપ્ત થયા. બધી કલાઓ ગ્રહણ કરાઈ અને આ બાજુ ચંદન નામનો પ્રસિદ્ધ સિદ્ધપુત્રક છે. ।।૬૪।।

શ્લોક :-

बालमित्रं दधद् रत्नशेखरस्यास्ति कौशलम् ।
जैनागमे निमित्ते च, ज्योतिषे मन्त्रलक्षणे ।।६५।।

શ્લોકાર્થ :-

જૈનાગમમાં, નિમિત્તમાં, જ્યોતિષમાં અને મંત્રલક્ષણમાં કૌશલ્યને ધારણ કરતો ચંદન નામનો સિદ્ધપુત્રક. રત્નશેખરનો બાલમિત્ર છે. ।।૬૫।।

શ્લોક :-

जैनधर्मरतः संगात्, तस्याभूद् रत्नशेखरः ।
धर्मं सोऽपि पितुर्मेऽदाद्, भगिन्योर्मह्यमेव च ।।६६।।

શ્લોકાર્થ :-

તેના સંગથી=ચંદનના સંગથી, રત્નશેખર જૈનધર્મમાં રતિવાળો થયો. તેણે પણ=રત્નશેખરે પણ, મારા પિતાને=મેઘનાદને, બે ભગિનીને= રત્નશેખરની બે ભગિનીને, અને મને=રત્નચૂડને ધર્મ આપ્યો. ।।૬૬।।

શ્લોક :-

अन्यदा चन्दनेनाहं, निर्दिष्टः प्रेक्ष्य लक्षणम् ।
यदयं दारको विद्याचक्रवर्ती भविष्यति ।।६७।।

શ્લોકાર્થ :-

અન્યદા ચંદન વડે લક્ષણને જોઈને હું=રત્નચૂડ, નિર્દેશ કરાયો. જે આ પુત્ર વિદ્યાચક્રવર્તી થશે. ।।૬૭।।

શ્લોક :-

ततः साधर्मिकोऽयं सल्लक्षणश्चेति मातुलः ।
ममेमां प्रददौ चूतमञ्जरीं रत्नशेखरः ।।६८।।

શ્લોકાર્થ :-

તેથી આ મામા સાધર્મિક છે, સદ્લક્ષણવાળા છે એથી રત્નશેખરે મને આ ચૂતમંજરી આપી. ।।૬૮।।

શ્લોક :-

ततो नितान्तमचलचपलौ कुपितौ मयि ।
न शक्नुतोऽभिभवितुं, छिद्राणि मम पश्यतः ।।६९।।

શ્લોકાર્થ :-

તેથી=મને ચૂતમંજરી આપી તેથી, મારા ઉપર=રત્નચૂડ ઉપર, અચલ અને ચપલ અત્યંત કુપિત થયા. મારા છિદ્રને જોતા અભિભવ કરવા માટે સમર્થ થયા નહીં. ।।૬૯।।

શ્લોક :-

मया तस्य च्छलं ज्ञातुं, प्रयुक्तो मुखरश्चरः ।
आगत्याह स लब्धाऽऽभ्यां, काली विद्या कुतश्चन ।।७०।।

શ્લોકાર્થ :-

મારા વડે=રત્નચૂડ વડે, તેના છલને=અચળ અને ચપળના છલને, જાણવા માટે મુખર નામનો ચર પુરુષ પ્રયુક્ત કરાયો. તે=ચરપુરુષ, આવીને કહે છે. કોઈક પાસેથી આ બંને દ્વારા=અચળ અને ચપળ દ્વારા, કાલી વિદ્યા પ્રાપ્ત કરાઈ છે. ।।૭૦।।

શ્લોક :-

गतौ तत्साधनार्थं च, क्वापीमौ विधितत्परौ ।
मयोक्तं तौ यदाऽऽयातो, वक्तव्यं भवता तदा ।।७१।।

શ્લોકાર્થ :-

અને તેને સાધવા માટે વિધિમાં તત્પર એવા આ બંને=અચળ અને ચપળ ક્યાંક પણ ગયા છે. મારા વડે=રત્નચૂડ વડે, કહેવાયું. જ્યારે તે બંને આવે ત્યારે તારા વડે=મુખર વડે, કહેવાવું જોઈએ. ।।૭૧।।

શ્લોક :-

तेनाद्य प्रातरुक्तं तौ, सिद्धविद्यौ समागतौ ।
दुष्टधीर्मन्त्रयन्नेवमचलश्चपलं जगौ ।।७२।।

શ્લોકાર્થ :-

તેના વડે=મુખર વડે, આજે સવારમાં કહેવાયું. સિદ્ધવિદ્યાવાળા તે બંને આવ્યા છે. આ રીતે=આગળમાં કહે છે એ રીતે, મંત્રણા કરતા દુષ્ટ બુદ્ધિવાળા એવા અચળે ચપલને કહ્યું. ॥૭૨॥

શ્લોક :-

योद्धव्यं रत्नचूडेन, सार्द्धं सत्त्ववता मया ।
भवता हरणीया च, तरसा चूतमञ्जरी ॥७३॥

શ્લોકાર્થ :-

રત્નચૂડ સાથે સત્ત્વવાન એવા મારા વડે યુદ્ધ કરાવું જોઈએ અને તારા વડે શીઘ્ર ચૂતમંજરી હરણ કરાવી જોઈએ. ॥૭૩॥

શ્લોક :-

निशम्यैतन्मया ध्यातं, निराकार्याविमौ मया ।
सविद्यौ न पुनर्मातुःष्वसुः पुत्रौ वधोचितौ ॥७४॥

શ્લોકાર્થ :-

આ સાંભળીને=અચલની ચપલ સાથેની મંત્રણા મુખરના મુખથી સાંભળીને, મારા વડે=રત્નચૂડ વડે, વિચારાયું. મારા વડે આ બંને નિરાકરણ કરવા યોગ્ય છે. વળી, વિદ્યાવાળા માસીના બે પુત્રો વધ ઉચિત નથી. ॥૭૪॥

શ્લોક :-

दुःशीलश्चपलश्चायं, गृहीत्वा चूतमञ्जरीम् ।
विनाशयेद् यदि तदा, ध्रुवं स्याल्लाघवं मम ॥७५॥

શ્લોકાર્થ :-

અને દુઃશીલ એવો આ ચપલ ચૂતમંજરીને ગ્રહણ કરીને જો વિનાશ કરે તો ધ્રુવ મારું લાઘવ થાય. ॥૭૫॥

શ્લોક :-

न चान्योऽस्ति सहायो यस्त्रायते चूतमञ्जरीम् ।
ततोऽपक्रमणं श्रेय, इत्यहं निर्गतो गृहात् ।।७६।।

શ્લોકાર્થ :-

અને અન્ય સહાય નથી, જે ચૂતમંજરીને રક્ષણ કરે. તેથી અપક્રમણ શ્રેય છે=આ સ્થાનથી ચાલ્યા જવું એ શ્રેષ્ઠ છે. એથી હું ઘરથી નીકળ્યો. ॥૭૬॥

શ્લોક :-

क्रीडानन्दनमायातो, गृहीत्वा चूतमञ्जरीम् ।
मयेदं बहुशो दृष्टं, तल्लीनोऽत्र लतागृहे ।।७७।।

શ્લોકાર્થ :-

ચૂતમંજરીને ગ્રહણ કરીને ક્રીડાનંદનમાં આવ્યો. મારા વડે આ=ઉદ્યાન, બહુ વખત જોવાયું છે તે કારણથી આ લતાગૃહમાં લીન હતો. ॥૭૭॥

શ્લોક :-

तावदेवानुमार्गेण, तावायातौ दुराशयौ ।
अचलेनाहमाहूतः, स च युद्धे मया जितः ।।७८।।

શ્લોકાર્થ :-

તેટલા જ અનુમાર્ગથી=હું ઘરેથી નીકળીને આ ઉદ્યાનમાં આવ્યો તેટલા જ અનુમાર્ગથી, દુરાશય એવા તે બંને આવ્યા. અચલ વડે હું બોલાવાયો. અને તે યુદ્ધમાં મારા વડે જિતાયો. ॥૭૮॥

શ્લોક :-

मया प्रोत्तेजितो वाक्यैः, खरैर्नष्टोऽनुगच्छता ।
वलित्वा संमुखं लग्नो, योद्धुं बद्धो मया बलात् ।।७९।।

आस्फोटितः क्षितौ प्राप, चूर्णिताङ्गः कदर्थनाम् ।
गलितं पौरुषं दैन्यं, जातं विद्या ययुर्लयम् ।।८०।।

શ્લોકાર્થ :-

કઠોર વચનોથી પાછળ જતા મારા વડે=રત્નચૂડ વડે, ઉત્તેજિત થયેલો નાસ્યો=અચલ નાસ્યો. સન્મુખ વળીને=મારી સન્મુખ વળીને, યુદ્ધમાં લાગ્યો. મારા વડે બલથી બંધાયો. પૃથ્વીમાં આસ્ફોટિત ચૂર્ણ અંગવાળો અચલ કદર્થનાને પામ્યો. પુરુષપણું ગળી ગયું. દૈન્ય થયું. વિદ્યા વિલય પામી. ।।૭૯-૮૦।।

શ્લોક :-

मया ध्यातं तथा जातं, यथा न पुनरेत्यसौ ।
हतं मुष्ट्या परं व्योम, कण्डिताश्च तुषा मया ।।८१।।

શ્લોકાર્થ :-

મારા વડે=રત્નચૂડ વડે, વિચારાયું. તે પ્રમાણે થયું જે પ્રમાણે ફરી આ આવશે નહીં. પરંતુ મુષ્ટિથી આકાશ હણાયું અને મારા વડે ફોતરાં ખંડાયાં.

મેં મારા બળથી અચળને હણ્યો એ મુષ્ટિથી આકાશને હણ્યું. પરંતુ ચૂતમંજરીને ચપલ ઉપાડી જશે તેથી મારી યુદ્ધની ક્રિયા ફોતરાં ખાંડવાની નિષ્ફળ ક્રિયા છે. **।।૮૧।।**

શ્લોક :-

अस्याहं पृष्ठतो लग्नो, यत् त्यक्त्वा चूतमञ्जरीम् ।
सा मरिष्यति भीत्यैव, चपलो वा हनिष्यति ।।८२।।

શ્લોકાર્થ :-

જે કારણથી ચૂતમંજરીને છોડીને હું આની પાછળ=અચલની પાછળ, લાગ્યો. ભય પામેલી જ તે=ચૂતમંજરી, મરશે અથવા ચપલ હણશે. ।।૮૨।।

શ્લોક :-

यद्वा हत्वैव तां बालां, गतो दुष्टः स कुत्रचित् ।
ततोऽधुना क्व यातीति, विचिन्त्य वलितो द्रुतम् ।।८३।।

શ્લોકાર્થ :-

અથવા તે=ચપલ, બાલાને હરણ કરીને દુષ્ટ એવો તે ક્યાંક ગયો. તેથી હમણાં ક્યાં જાય છે એ પ્રમાણે વિચારીને હું શીઘ્ર વળ્યો. ।।૮૩।।

શ્લોક :-

दृष्टः संमुखमागच्छंश्चपलश्चिन्तितं मया ।
आगतः किमयं किं सा, न दृष्टा चूतमञ्जरी ।।८४।।

શ્લોકાર્થ :-

સન્મુખ આવતો ચપલ જોવાયો. મારા વડે=રત્નચૂડ વડે, વિચારાયું. કેમ આ=ચપલ આવ્યો. શું ચૂતમંજરી જોવાઈ નહીં=ચપલ વડે દેખાઈ નહીં. ।।૮૪।।

શ્લોક :-

किं वा रतमनिच्छन्ती, रुषाऽनेन निपातिता ।
जीवन्त्यां स्ववशायां वा, तस्यां नास्यागतिर्भवेत् ।।८५।।

શ્લોકાર્થ :-

અથવા કામને નહીં ઈચ્છતી રોષથી આના વડે=ચપલ વડે, શું મારી નંખાઈ અથવા સ્વવશ જીવતી તે હોતે છતે આની=ચપલની આ ગતિ થાય નહીં=એકલું આગમન થાય નહીં. ।।૮૫।।

શ્લોક :-

यावच्च चिन्तयाम्येवं, चपलस्तावदागतः ।
लग्नं युद्धं मया सोऽपि, बद्ध्वैवास्फोटितो भुवि ।।८६।।

શ્લોકાર્થ :-

અને જ્યાં સુધી આ પ્રમાણે હું=રત્નચૂડ, વિચારું છું. ત્યાં સુધી ચપલ આવ્યો. મારી સાથે યુદ્ધ થયું. તે પણ બાંધીને ભૂમિમાં આસ્ફોટન કરાયો. ।।૮૬।।

શ્લોક :-

ततः किं सा मृता किं वा, नष्टा लीनाऽथवा क्वचित् ।
किं वान्यवशतां प्राप्तेत्यनेककुविकल्पभाग् ।।८७।।
प्राप्तोऽहमिममुद्देशं, दृष्टा प्रियतमा ततः ।
उल्ललास मनश्चिन्ता, गता रोमाञ्चितं वपुः ।।८८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તે=ચૂતમંજરી, શું મરી ગઈ, શું નાસી ગઈ અથવા ક્યાંક લીન છે અથવા અન્યવશતાને પામેલી છે ? એ પ્રમાણે અનેક કુવિકલ્પને ભજનારો હું આ ઉદ્દેશને=આ ક્ષેત્રને, પામ્યો. ત્યારપછી પ્રિયતમા જોવાઈ. મનની ચિંતા દૂર થઈ. શરીર રોમાંચિત થયું. ।।૮૭-૮૮।।

શ્લોક :-

माहात्म्यं मे सवृत्तान्तं, कथितं चानया तव ।
रक्षितं जीवितं तन्मे, रक्षता मत्प्रियां त्वया ।।८९।।

શ્લોકાર્થ :-

અને આના વડે=ચૂતમંજરી વડે, તારું=વિમલકુમારનું વૃત્તાંત સહિત માહાત્મ્ય મને કહેવાયું. તે કારણથી મારી પ્રિયાને રક્ષણ કરતા તારા વડે=વિમલકુમાર વડે, જીવિત રક્ષણ કરાયું. ।।૮૯।।

શ્લોક :-

तद्दीयतां ममादेशो, विधायानुग्रहं मयि ।
येनायं कुरुते दासो, यथाशक्ति प्रियं तव ।।९०।।

શ્લોકાર્થ :-

તે કારણથી મારા ઉપર અનુગ્રહ કરીને મને=રત્નચૂડને, આદેશ અપાવ. જે કારણથી આ દાસ=રત્નચૂડ, યથાશક્તિ તારું પ્રિય કરે. ।।૯૦।।

શ્લોક :-

विमलः प्राह हे धीर !, कृतज्ञजनशेखर ! ।
संभ्रमेणालमधिकं, न मे त्वद्दर्शनात् प्रियम् ।।९१।।

શ્લોકાર્થ :-

વિમલ કહે છે. હે ધીર ! કૃતજ્ઞ જનશેખર ! સંભ્રમ વડે સર્યું=કથન વડે સર્યું. તારા દર્શનથી મને અધિક પ્રિય નથી. ।।૯૧।।

શ્લોક :-

दर्शनादेव सुहृदामुद्गिरन्ति मुदं बुधाः ।
कुमुदाब्धिचकोराणां, किमन्यत् कुरुते विधुः ।।९२।।

શ્લોકાર્થ :-

સુહૃદોના=મિત્રોના, દર્શનથી જ બુધપુરુષો આનંદને વ્યક્ત કરે છે. ચંદ્રવિકાસી કમળમાં ચકોર એવા પક્ષીઓને ચંદ્ર અન્ય શું કરે છે ? અર્થાત્ આનંદ જ આપે છે. ।।૯૨।।

શ્લોક :-

विमलोक्तमिति श्रुत्वा, रत्नचूडो व्यचिन्तयत् ।
अर्थदेषु हि नार्थित्वं, सत्सु कल्पद्रुमेष्विव ।।९३।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે વિમલથી કહેવાયેલું સાંભળીને રત્નચૂડે વિચાર્યું. જેમ અર્થને દેનારા કલ્પદ્રુમ હોતે છતે અર્થીપણું નથી.

રત્નચૂડે વિમલકુમારનું સાંભળીને વિચાર્યું કે જેમ કોઈ માણસ પાસે સર્વ ઇચ્છિત વસ્તુને દેનાર કલ્પવૃક્ષ હોય તે જીવોમાં કોઈ પાસે માંગવાની ઇચ્છા

હોતી નથી. તેમ વિમલકુમાર પાસે કલ્પદ્રુમ જેવું ઉત્તમ ચિત્ત છે જેથી કોઈ માંગણી કરતો નથી. **॥૯૩॥**

શ્લોક :-

विना प्रत्युपकारं च, न स्यान्मे चित्तनिर्वृतिः ।
धत्ते तापं रसं दातुं, द्रुमेष्वात्तरसो रविः ।।९४।।

શ્લોકાર્થ :-

અને પ્રત્યુપકાર વગર મારી ચિત્તની નિર્વૃતિ ન થાય. વૃક્ષોમાં રસને આપવા માટે પ્રાપ્ત થયેલા રસવાળો સૂર્ય તાપને ધારણ કરે છે.

વૃક્ષોના રસને પ્રગટ કરવા માટે તત્પર થયેલો સૂર્ય જેમ તાપને ધારણ કરે છે તેમ વિમલકુમારના પ્રત્યુપકાર કર્યા વગર મારું ચિત્ત સંતપ્ત જ રહે છે. **॥૯૪॥**

શ્લોક :-

रत्नं करतले तेन, ध्यात्वेति प्रकटीकृतम् ।
निर्मलं वर्णसंकीर्णं, नीलाद्यप्रविभागतः ।।९५।।
बद्धेन्द्रकार्मुकं दिक्षु, प्रभाजालैः प्रसृत्वरैः ।
अखिलग्रहधामेव, पिण्डितं सर्वकार्यकृत् ।।९६।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે વિચારીને તેના વડે=રત્નચૂડ વડે, હાથમાં રત્ન પ્રગટ કરાયું, તે રત્ન કેવું છે ? તે કહે છે – નીલાદિના અપ્રવિભાગ હોવાને કારણે વર્ણમાં સંકીર્ણ, નિર્મલ, દિશાઓમાં વિસ્તાર પામતા પ્રભાજાલો વડે બદ્ધ કર્યું છે ઈન્દ્રકાર્મુક જેણે એવું, જાણે અખિલ ગ્રહના ધામથી પિંડિત થયેલું, સર્વ કાર્યને કરનારું એવું રત્ન પ્રગટ કરાયું. ।।૯૫-૯૬।।

શ્લોક :-

प्रदर्शयित्वा तद् रत्नचूडोऽथ विमलं जगौ ।
कुमार ! सर्वरोगघ्नमिदं दारिद्र्यनाशनम् ।।९७।।

શ્લોકાર્થ :-

હવે તેને બતાવીને=તે રત્નને બતાવીને, રત્નચૂડે વિમલને કહ્યું. હે કુમાર ! સર્વ રોગને નાશ કરનારું, દારિદ્રને નાશ કરનારું આ છે. ॥૯૭॥

શ્લોક :-

दत्तं तुष्टेन देवेन, मम चिन्तामणिप्रभम् ।
अनुग्रहं कुरु व्यक्तं, तदस्य ग्रहणेन मे ।।९८।।

શ્લોકાર્થ :-

તુષ્ટ થયેલા દેવ વડે ચિંતામણિની પ્રભાવાળું મને અપાયું છે. તે કારણથી આના ગ્રહણથી=આ રત્નના ગ્રહણથી, મને=રત્નચૂડને વ્યક્ત અનુગ્રહ કર. ॥૯૮॥

શ્લોક :-

विमलः प्राह पूतात्मन् !, न कार्योऽत्राग्रहस्त्वया ।
हन्यतां चेतसो दैन्यं, मुच्यतामतिसंभ्रमः ।।९९।।

શ્લોકાર્થ :-

વિમલ કહે છે. હે પૂતાત્મન્ ! આમાં=રત્નના ગ્રહણના વિષયમાં, તારા વડે આગ્રહ કરવો જોઈએ નહીં. ચિત્તનું દૈન્ય દૂર કરાવ. મતિસંભ્રમ મુકાવ. ॥૯૯॥

શ્લોક :-

विभातीदं तवाभ्यर्णे, केशवस्येव कौस्तुभः ।
अतः संगोप्यतां सम्यग्, भावतो दत्तमेव मे ।।१००।।

શ્લોકાર્થ :-

જેમ વિષ્ણુને કૌસ્તુભ નામનો મણિ શોભે છે તેમ તારી પાસે આ=રત્ન, શોભે છે. આથી સમ્યગ્ ગોપવન કરાવ. ભાવથી મને અપાયું જ છે. ॥૧૦૦॥

શ્લોક :-

तदोक्तं चूतमञ्जर्या, तृष्णाहीनोऽपि नार्हसि ।
कर्तुमस्यार्थनाभङ्गं, मयूरस्येव वारिदः ।।१०१।।

શ્લોકાર્થ :-

ત્યારે ચૂતમંજરી વડે કહેવાયું. મયૂરની પ્રાર્થનાનો ભંગ જેમ વાદળાંઓ કરતાં નથી તેમ તૃષ્ણાહીન પણ તું આની=રત્નચૂડની, અર્થના ભંગને કરવા માટે=પ્રાર્થનાના ભંગને કરવા માટે, યોગ્ય નથી. ।।૧૦૧।।

શ્લોક :-

यावत् किमुत्तरामीति, धत्तेऽथ विमलो हृदि ।
तावद् वस्त्राञ्चले बद्धं, रत्नचूडेन तस्य तत् ।।१०२।।

શ્લોકાર્થ :-

હવે યાવત્ શું ઉત્તર આપું એ પ્રમાણે હૃદયમાં વિમલ વિચારે છે. ત્યાં સુધી રત્નચૂડ વડે તે=રત્ન, તેના=વિમલકુમારના, વસ્ત્રના છેડામાં બાંધ્યું. ।।૧૦૨।।

શ્લોક :-

-शुशुभे तच्च तादृक्षं, प्राचीगर्भस्थभानुवत् ।
बहिः प्रसृत्वरज्योतिः, प्रच्छन्नमपि भास्करम् ।।१०३।।

શ્લોકાર્થ :-

પૂર્વ દિશામાં રહેલા સૂર્યની જેમ તેવા પ્રકારનું તે=વિમલકુમારના વસ્ત્રના છેડે બંધાયેલું રત્ન, શોભવા લાગ્યું. પ્રચ્છન્ન પણ સૂર્ય બહાર વિસ્તાર પામતી જ્યોતિવાળો છે.

વિમલકુમારના વસ્ત્રના છેડે બંધાયેલું તે રત્ન પ્રચ્છન્ન હોવા છતાં સૂર્યની જેમ બહાર પોતાના તેજને પ્રગટ કરતું હતું. **।।૧૦૩।।**

શ્લોક :-

तन्मनस्तरलं नाभूद्, रत्नं लब्ध्वाऽपि तादृशम् ।
शशाङ्करत्नमासाद्य, व्योम क्षुभ्यति नाब्धिवत् ।।१०४।।

શ્લોકાર્થ :-

સમુદ્રની જેમ શશાંકરત્નને=ચંદ્રને પ્રાપ્ત કરીને આકાશ ક્ષોભ પામતું નથી તેમ તેવા પ્રકારના રત્નને પામીને પણ તેનું મન=વિમલકુમારનું મન, તરલ થયું નહીં.

ઉત્તમ રત્નની પ્રાપ્તિકૃત લેશ પણ પ્રમોદવાળું થયું નહીં. **॥૧૦૪॥**

શ્લોક :-

दृष्ट्वाऽथ हर्षनिर्मुक्तं, विमलं विगतस्पृहम् ।
तद्गुणैर्भावितश्चित्ते, रत्नचूडो व्यचिन्तयत् ।।१०५।।

શ્લોકાર્થ :-

હવે હર્ષથી નિર્મુક્ત, વિગત સ્પૃહાવાળા વિમલને જોઈને ચિત્તમાં તેના ગુણોથી ભાવિત થયેલા રત્નચૂડે વિચાર્યું. ।।૧૦૫।।

શ્લોક :-

अहो माहात्म्यमस्योच्चैरहो निःस्पृहताऽतुला ।
स्यादीदृशे मनोरत्ने, रत्नैरन्यैः किमस्य वा ।।१०६।।

શ્લોકાર્થ :-

અહો, આનું=વિમલકુમારનું, અત્યંત માહાત્મ્ય, અહો અતુલ નિઃસ્પૃહતા, આવા પ્રકારનું મનોરત્ન હોતે છતે આને=વિમલકુમારને, અન્ય રત્નોથી શું થાય ?

ભૂતકાળની વિશિષ્ટ આરાધનાજન્ય સુઅભ્યસ્ત નિઃસ્પૃહતાને કારણે ઉત્તમ રત્નોના સ્વરૂપને જોઈને પણ વિમલકુમારના ચિત્તમાં હર્ષનો અંકુરો માત્ર પણ પ્રગટ થતો નથી. **॥૧૦૬॥**

શ્લોક :-

सखायमस्य पृच्छामि, तत् क्वत्योऽयं कुमारकः ।
किमस्य नाम गोत्रं च, किमुद्दिश्येह चागतः ।।१०७।।

શ્લોકાર્થ :-

તે કારણથી=વિમલકુમારનું નિઃસ્પૃહ ચિત્ત રત્નચૂડે જોયું તે કારણથી, આના=વિમલકુમારના, મિત્રને=વામદેવને, હું પૂછું. આ કુમાર ક્યાંનો છે ? આનું નામ અને ગોત્ર શું છે ? કયા ઉદ્દેશથી અહીં=આ ઉપવનમાં, આવ્યો છે ? ।।૧૦૭।।

શ્લોક :-

पृष्टोऽहं रत्नचूडेन, धृत्वैकान्तेऽखिलं ततः ।
मयोक्तं धवलस्यायं, वर्धमानपुरेशितुः ।।१०८।।
भूपतेर्विमलः पुत्रो, क्रीडानन्दनमुच्चकैः ।
सुरम्यं जनवादेन, श्रुत्वा द्रष्टुमिहागतः ।।१०९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી એકાંતમાં ધારણ કરીને હું=વામદેવ, રત્નચૂડ વડે અખિલ પુછાયો. મારા વડે=વામદેવ વડે, કહેવાયું. વર્ધમાનપુરનો સ્વામી ધવલ રાજાનો આ વિમલ પુત્ર છે. જનવાદથી અત્યંત સુરમ્ય ક્રીડાનંદનને સાંભળીને જોવા માટે અહીં આવ્યો=વિમલકુમાર આવ્યો. ।।૧૦૮-૧૦૯।।

શ્લોક :-

शुश्राव युवयोः शब्दं, मित्रेणात्र मयाऽन्वितः ।
भूभागमागतेनाग्रे, दृष्टा च पदपद्धतिः ।।११०।।

શ્લોકાર્થ :-

અહીં=ઉદ્યાનમાં, મારાથી અન્વિત=વામદેવથી અન્વિત, મિત્ર વડે= વિમલકુમાર વડે, તમારા બેનો શબ્દ સંભળાયો. અને ભૂભાગમાં આવેલા=

તમારા શબ્દોના ભૂમિભાગમાં આવેલા તેના વડે=વિમલકુમાર વડે, અગ્રમાં પદપદ્ધતિ જોવાઈ. ||૧૧૦||

શ્લોક :-

तया नृमिथुनं ज्ञातं, युवां दृष्टौ लतागृहे ।
अवदानं तवाप्यस्य, ततो व्यक्तमनन्तरम् ।।१११।।

શ્લોકાર્થ :-

તેના વડે=પદપદ્ધતિ વડે, મનુષ્યનું મિથુન જણાયું. તમે બંને લતાગૃહમાં જોવાયાં. ત્યારપછી તારું પણ અવદાન=આ ચક્રવર્તી થશે એ પ્રકારનું પરાક્રમ આને=વિમલકુમારને, અનંતર વ્યક્ત થયું. ||૧૧૧||

શ્લોક :-

आह्लादकोऽयं बन्धूनां, रुच्योऽयं सर्वदेहिनाम् ।
स्पृहणीयोऽपि शमिनां, श्लाघ्यश्च विदुषामपि ।।११२।।

શ્લોકાર્થ :-

આ=વિમલકુમાર, બંધુઓને આહ્લાદક છે. આ=વિમલકુમાર, સર્વ જીવોને રુચ્ય છે. શમીઓને=શમવાળા મુનિઓને પણ સ્પૃહણીય છે. વિદુષોને પણ શ્લાઘ્ય છે. ||૧૧૨||

શ્લોક :-

नानेन प्रतिपन्नं च, किं च नाद्यापि दर्शनम् ।
तच्छ्रुत्वा रत्नचूडेन, चिन्तितं शुद्धचेतसा ।।११३।।

શ્લોકાર્થ :-

આના દ્વારા=વિમલકુમાર દ્વારા, હજી પણ કોઈ દર્શન સ્વીકારાયું નથી. તે સાંભળીને શુદ્ધ ચિત્તવાળા રત્નચૂડ વડે વિચારાયું. ||૧૧૩||

શ્લોક :-

प्रदर्शयामि भगवद्बिम्बमस्य मनोहरम् ।
कृतः प्रत्युपकारः स्यादित्थमस्य मयोचितः ।।११४।।

શ્લોકાર્થ :-

આને=વિમલકુમારને, મનોહર ભગવદ્ બિંબને બતાવું. આ રીતે મારા વડે, ઉચિત આનો=વિમલકુમારનો, પ્રત્યુપકાર કરાયેલો થાય. ।।૧૧૪।।

શ્લોક :-

अथासौ विमलं प्रोचे, कुमारेह पितामहः ।
मणिप्रभो ममायातस्तस्येदं रुचितं वनम् ।।११५।।

શ્લોકાર્થ :-

હવે આણે=રત્નચૂડે, વિમલકુમારને કહ્યું, હે કુમાર ! અહીં=આ ઉદ્યાનમાં, મારા પિતામહ મણિપ્રભ આવેલા. તેમને આ વન=ઉદ્યાન રુચેલું. ।।૧૧૫।।

શ્લોક :-

समागमकृते विद्याभृतामिह पुनः पुनः ।
कृत्वा चैत्यं युगादीशबिम्बं तेन प्रतिष्ठितम् ।।११६।।

શ્લોકાર્થ :-

અહીં=આ ઉદ્યાનમાં, ફરી ફરી વિદ્યાધરોનો સમાગમ કરાયે છતે ચૈત્ય કરીને તેના વડે=મણિપ્રભ વડે, યુગાદીશનું બિંબ=ઋષભદેવ ભગવાનનું બિંબ, પ્રતિષ્ઠિત કરાયું છે. ।।૧૧૬।।

શ્લોક :-

प्रणामार्थमतस्तस्य, बहुशोऽहमिहागतः ।
तद् द्रष्टुमर्हति भवान् ममानुग्रहकृत् ततः ।।११७।।

શ્લોકાર્થ :-

આથી=મારા દાદાએ જિનાલય કર્યું છે આથી, તેના પ્રણામ માટે બહુ વખત હું અહીં આવેલો. તેથી મારા ઉપર અનુગ્રહને કરનાર એવા તમે=વિમલકુમાર, તેને=ચૈત્યને, જોવા યોગ્ય છો. ।।૧૧૭।।

શ્લોક :-

तथेति विमलः प्रोचे, रत्नचूडो जहर्ष च ।
ततो वयं भवध्वंसिभवनाभिमुखं गताः ।।११८।।

શ્લોકાર્થ :-

તે પ્રમાણે થાવ. એમ વિમલ બોલ્યો. અને રત્નચૂડ હર્ષ પામ્યો. ત્યારપછી અમે=વામદેવ, વિમલકુમાર, રત્નચૂડ, ચૂતમંજરી વગેરે, ભવધ્વંસિ ભવન અભિમુખ ગયાં. ।।૧૧૮।।

શ્લોક :-

घटितं स्फटिकैर्दृष्टं, राजितं स्वर्णराजिभिः ।
ज्वलदौषधिरूप्याद्रिशृङ्गाभं भगवद्गृहम् ।।११९।।

શ્લોકાર્થ :-

સ્ફુટિકોથી ઘડાયેલું, સ્વર્ણનાં કિરણોથી શોભતું, તેજસ્વી ઔષધિ અને રૂપ્ય પર્વતના શિખર જેવું ભગવદ્ગૃહ જોવાયું. ।।૧૧૯।।

શ્લોક :-

संक्रान्तैः काञ्चनस्तम्भैः, स्वच्छस्फाटिककुट्टिमे ।
दधत् क्षीराब्धिनिर्मग्नमन्थाद्रिव्रजविभ्रमम् ।।१२०।।

શ્લોકાર્થ :-

સ્વચ્છ સ્ફટિકના ભૂતલમાં, સંક્રાંત થયેલા કાંચનના=સુવર્ણના, સ્તંભો વડે, ક્ષીરસમુદ્રમાં નિર્મગ્ન, મંથ પર્વતના સમૂહના વિભ્રમને ધારણ કરતું ભગવદ્ગૃહ જોવાયું એમ અન્વય છે. ।।૧૨૦।।

શ્લોક :-

मुक्तावचूलैः स्तम्भस्थैर्विद्रुमद्युतिमिश्रितैः ।
हसत् पूर्वाद्रिशृङ्गस्थसन्ध्यारक्तविधुश्रियम् ।।१२१।।

શ્લોકાર્થ :-

સ્તંભમાં રહેલા વિદ્રુમની ધુતિથી મિશ્રિત મુક્તા અવચૂલોથી=મોતીઓના ચંદરવાથી, પૂર્વદિશાના પર્વતના શૃંગમાં રહેલા સંધ્યાથી રક્ત ચંદ્રની લક્ષ્મીને હસતું એવું ભગવદ્‌ગૃહ જોવાયું. એમ શ્લોક-૧૧૯ સાથે સંબંધ છે. ।।૧૨૧।।

શ્લોક :-

अवचूलस्थवैडूर्यत्विड्व्याप्तसितचामरैः ।
भवकण्ठप्रभापीनगङ्गापूरश्रियं हरत् ।।१२२।।

શ્લોકાર્થ :-

અવચૂલમાં રહેલા વૈડૂર્ય અને ત્વિડ્‌રત્નથી વ્યાપ્ત, સફેદ ચામરો વડે ભવકંઠની પ્રભાથી પીન એવી ગંગાપૂરની લક્ષ્મીને હરતું એવું ભગવદ્‌ગૃહ જોવાયું એમ અન્વય છે. ।।૧૨૨।।

શ્લોક :-

सितचामरसौवर्णदण्डत्विट्पिङ्गदर्पणैः ।
स्वर्धुनीभृद्भवजटास्फुटेन्दुद्युतिचित्रकृत् ।।१२३।।

શ્લોકાર્થ :-

સફેદ ચામર સુવર્ણના દંડવાળા ત્વિટ્‌રત્ન અને પિંગરત્નનાં દર્પણોથી સ્વર્ગની દેવીઓથી ભરાયેલું ભવજટાથી સ્પષ્ટ ઈન્દ્રની કાંતિથી ચિત્રતાને કરનારું ભગવાનનું ગૃહ જોવાયું. ।।૧૨૩।।

શ્લોક :-

मणिहारैर्महादर्शमण्डलप्रतिबिम्बितैः ।
जलस्थविद्रुमलतावितानश्रीप्रपञ्चकम् ।।१२४।।

શ્લોકાર્થ :-

મહાદર્શમંડલના પ્રતિબિંબવાળા એવા મણિના હારોથી પાણીમાં રહેલા વિદ્રુમની લતાના વિસ્તારની લક્ષ્મીના વિસ્તારનું ભગવાનનું ગૃહ જોવાયું એમ અન્વય છે. ।।૧૨૪।।

શ્લોક :-

प्रविश्य भवनेऽस्माभिश्चारु तत्रावलोकितम् ।
बिम्बं युगादिनाथस्य दिक्षु प्रेङ्खत्प्रभाभरम् ।।१२५।।

શ્લોકાર્થ :-

ભવનમાં પ્રવેશ કરીને અમારા વડે દિશાઓમાં ફેલાતી પ્રભાના ભરવાળું ત્યાં સુંદર યુગાદિનાથનું બિંબ જોવાયું. ।।૧૨૫।।

શ્લોક :-

प्रणामो विहितः सर्वैः, पश्यतो विमलस्य तत् ।
उल्ललासान्तरं वीर्यं, गलिता कर्मसन्ततिः ।।१२६।।

શ્લોકાર્થ :-

બધા વડે=ચારે જણા વડે, પ્રણામ કરાયું. તેને જોતા વિમલનું અંતરંગ વીર્ય ઉલ્લાસ પામ્યું. કર્મસંતતિ નાશ પામી.

જિનપ્રતિમાની મુદ્રાને જોઈને વિમલકુમારનું મૂર્તિના આકારના બળથી આંતર ગુણસંપત્તિને જોવાને અનુકૂળ અંતરંગ વીર્ય ઉલ્લસિત થયું. વીતરાગતાને જોવામાં બાધક કર્મસંતતિ નાશ પામી. **।।૧૨૬।।**

શ્લોક :-

व्यचिन्तयदथोद्भूतगुणरागः स चेतसि ।
अहो भगवतो रूपमिदं शान्तं मनोहरम् ।।१२७।।

શ્લોકાર્થ :-

હવે ઉદ્‌ભૂત ગુણના રાગવાળા એવા તેણે=વિમલકુમારે, ચિત્તમાં વિચાર્યું, અહો આ શાંત મનોહર ભગવાનનું રૂપ.

પ્રશમરસના પરિણતિવાળી ભગવાનની મુદ્રાનું સ્મરણ વિમલકુમારને થયું. **॥૧૨૭॥**

શ્લોક :-

अयमाकार एवाह, देवस्य गुणगौरवम् ।
वीतरागो गतद्वेषो, देवोऽस्मादनुमीयते ।।१२८।।

શ્લોકાર્થ :-

આ આકાર જ=જિનપ્રતિમાનો આકાર જ, દેવના ગુણગૌરવને કહે છે, આનાથી=પ્રતિમાના આકારથી, વીતરાગ, ગતદ્વેષવાળા દેવ અનુમાન કરાય છે. ।।૧૨૮।।

શ્લોક :-

इति ध्यानजलेनास्योन्मूलिते मोहपादपे ।
जातिस्मरणमन्तःस्थं, सन्निधानमिवोदभूद् ।।१२९।।

શ્લોકાર્થ :-

એ પ્રકારના ધ્યાનરૂપી જલથી=એ પ્રકારના ચિંતવનરૂપ જલથી, આનો=વિમલકુમારનો, મોહરૂપી વૃક્ષ ઉન્મૂલિત થયે છતે અંદરમાં રહેલ જાતિસ્મરણ સન્નિધાનની જેમ=રત્નના નિધાનની જેમ, ઉદ્ભવ પામ્યું.

ભૂમિ અંતર્ગત રહેલું નિધાન કોઈક રીતે પ્રગટ થાય તેમ આત્મામાં જન્માંતરના પરમાત્માના દર્શનના રહેલા સંસ્કારો જાતિસ્મરણરૂપે પ્રગટ થયા. **॥૧૨૯॥**

શ્લોક :-

जातमूर्च्छोऽथ पतितः, क्ष्मापीठे ससंभ्रमः ।
शीतवायुप्रदानेन, कृतः सुव्यक्तचेतनः ।।१३०।।

શ્લોકાર્થ :-

હવે થયેલ મૂર્ચ્છાવાળો વિમલકુમાર પૃથ્વી ઉપર સંભ્રમ સહિત પડ્યો, શીતલવાયુના પ્રદાનથી સુવ્યક્ત ચેતનવાળો કરાયો. ।।૧૩૦।।

શ્લોક :-

रत्नचूडेन पृष्टश्च, किमेतदिति सादरम् ।
नत्वा तं प्रोद्भवद्भक्तिः, प्राह रोमाञ्चभूषणः ।।१३१।।

શ્લોકાર્થ :-

અને રત્નચૂડ વડે આદરપૂર્વક આ શું છે ? એ પ્રકારે પુછાયો. તેને નમીને=રત્નચૂડને નમીને, પ્રકૃષ્ટ ઉદ્ભવ પામતી ભક્તિવાળો રોમાંચિત શરીરવાળો વિમલકુમાર બોલ્યો. ।।૧૩૧।।

શ્લોક :-

प्राणास्त्वं बान्धवस्त्वं मे, त्वं मे माता पिता गुरुः ।
येनेदं दर्शितं बिम्बं, दर्शनादेव पापहृत् ।।१३२।।

શ્લોકાર્થ :-

તું પ્રાણ છો, તું મારો બાંધવ છો, તું મારી માતા છો, પિતા છો, ગુરુ છો, જેના વડે દર્શનથી જ પાપને હણનાર આ બિંબ બતાવાયું. ।।૧૩૨।।

શ્લોક :-

दर्शितो मोक्षमार्गो मे, त्वया दर्शयता ह्यदः ।
प्रापितं शिवसौधं मे, छेदिता भववल्लरी ।।१३३।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, તારા વડે આ=જિનબિંબ, બતાવતા મને મોક્ષમાર્ગ બતાવાયો, મને શિવરૂપી મહેલ પ્રાપ્ત કરાવાયો, ભવરૂપી વેલડી છેદાઈ. ।।૧૩૩।।

શ્લોક :-

जातिः स्मृता मया तेन, प्रेक्षेऽद्यदिनवद् भवान् ।
अतीतान् भगवद्बिम्बं, पुराऽपि हि मयेक्षितम् ।।१३४।।

શ્લોકાર્થ :-

મારા વડે જાતિનું સ્મરણ થયું, તે કારણથી આજના દિવસની જેમ અતીત ભવોને હું જોઉં છું. हि=જે કારણથી, મારા વડે પૂર્વમાં પણ ભગવાનનું બિંબ જોવાયું છે. ।।૧૩૪।।

શ્લોક :-

रञ्जितं दर्शनेनान्तः, सदनुष्ठानमादृतम् ।
सद्भावैर्भावितश्चात्मा, मैत्रीपात्रीकृता मतिः ।।१३५।।

શ્લોકાર્થ :-

દર્શનથી અંતઃકરણ રંજિત થયું, સદ્અનુષ્ઠાન સ્વીકારાયું, સદ્ભાવોથી આત્મા ભાવિત થયો, મતિ મૈત્રીભાવનાનું પાત્ર કરાઈ.

ભગવદ્બિંબના દર્શનથી વિમલકુમારનું અંતઃકરણ રંજિત થયું તેથી વીતરાગતાના પરિણામોને સ્પર્શવા રૂપ અંતરંગ સદ્અનુષ્ઠાન સેવન કરાયું. અને વીતરાગતાના ગુણોથી આત્મા ભાવિત થયો, જે સામાયિકના પરિણામને સ્પર્શનાર પરિણતિ હોવાથી વિમલકુમારની મતિ મૈત્રીભાવનાની પરિણતિવાળી થઈ. **।।૧૩૫।।**

શ્લોક :-

अङ्गाङ्गिभावं नीतश्च, प्रमोदो गुणशालिषु ।
क्लिश्यमानेषु कारुण्यं, दुष्टे चोपेक्षणं धृतम् ।।१३६।।

શ્લોકાર્થ :-

અને ગુણશાળીઓમાં પ્રમોદ અંગાંગિભાવરૂપે કરાયો, ક્લિષ્યમાનોમાં કારુણ્ય અને દુષ્ટ જીવોમાં ઉપેક્ષા ધારણ કરાઈ.

ભગવાનની પ્રતિમા જોઈને સામાયિકના પરિણામને સ્પર્શનારું ચિત્ત થવાથી વિમલકુમારના ચિત્તમાં મૈત્રી આદિ ચારેય ભાવનાઓ પરમાર્થને સ્પર્શે તે પ્રકારે સ્ફુરાયમાન થઈ. **।।૧૩૬।।**

શ્લોક :-

औदासीन्यं स्थिरीभूतं, शमः परिणतस्तराम् ।
संवेगः संस्तुतः स्फीतो, भवनिर्वेदचारिमा ।।१३७।।

શ્લોકાર્થ :-

ઔદાસીન્ય સ્થિર થયું, શમ અત્યંત પરિણત થયું, સંવેગ સંસ્તુત થયો=ઉલ્લસિત થયો, ભવનિર્વેદનો પરિણામ અત્યંત થયો.

વિમલકુમારનું ચિત્ત ભગવાનના ગુણોમાં લીન થવાથી જે પૂર્વમાં વિષયો પ્રત્યે ઉદાસીન ભાવ હતો તે અત્યંત સ્થિર થાય છે; કેમ કે જન્માંતરના અભ્યાસને કારણે જન્મથી જ વિમલકુમારનું ચિત્ત વિષયો પ્રત્યે ઉદાસીન હતું તે વીતરાગતાના દર્શનથી અત્યંત સ્થિર થાય છે, સંવેગનો પરિણામ અત્યંત પરિણમન પામે છે, મોક્ષનો અભિલાષ તીવ્ર ઉલ્લસિત થાય છે અને ભવ પ્રત્યે જે નિર્વેદ હતો તે પણ પરમગુરુના દર્શનથી અત્યંત ઉલ્લસિત થાય છે. **॥૧૩૭॥**

શ્લોક :-

उद्भूते करुणास्तिक्ये, व्यक्तिं भक्तिर्गुरौ ययौ ।
समाधिर्ववृधे प्रौढिं, चारित्रतपसी गते ।।१३८।।

શ્લોકાર્થ :-

કરુણા અને આસ્તિક્ય ઉદ્ભૂત થયાં, ગુરુમાં=પરમગુરુમાં, વ્યક્તરૂપે ભક્તિ પ્રગટ થઈ, સમાધિ વૃદ્ધિ પામી, ચારિત્ર અને તપ પ્રૌઢીને પામ્યા. ॥૧૩૮॥

શ્લોક :-

आसम्यक्त्वभवात् सर्वमस्य बिम्बस्य दर्शनात् ।
जातिस्मृतेर्मया ज्ञातमूहापोहं वितन्वता ।।१३९।।

શ્લોકાર્થ :-

આ બિંબના દર્શનથી ઊહાપોહનો વિસ્તાર કરતા મારા વડે જાતિ-સ્મરણથી સમ્યક્ત્વની પ્રાપ્તિના ભવથી સર્વ જણાયું=જે ભવમાં મેં

સમ્યક્ત્વ પ્રાપ્ત કરેલ ત્યારથી માંડીને અત્યાર સુધીના બધા ભવનું મને સ્મરણ થયું છે. ॥૧૩૯॥

શ્લોક :-

कुर्वन्ति यत् सुगुरवस्तत् कृतं मे त्वयेत्यथ ।
वदन् पपात विमलो, रत्नचूडस्य पादयोः ।।१४०।।

શ્લોકાર્થ :-

સુગુરુઓ જે કરે છે તે તારા વડે મારું કરાયું, એ પ્રકારે બોલતો વિમલકુમાર રત્નચૂડના પગમાં પડ્યો. ॥૧૪૦॥

શ્લોક :-

संभ्रमेणालमियता, जाता ते प्रत्युपक्रिया ।
उत्थापितस्ततो रत्नचूडेनेति प्रजल्पता ।।१४१।।

શ્લોકાર્થ :-

સંભ્રમથી સર્યું, આટલાથી=તને પરમગુરુના ધર્મની પ્રાપ્તિ થઈ એટલાથી, તારી પ્રત્યુપક્રિયા થઈ=તેં ઉપકાર કરેલો તેનો પ્રત્યુપકાર થયો. એ પ્રમાણે બોલતા રત્નચૂડ વડે ત્યારપછી ઊભો કરાયો=વિમલકુમાર ઊભો કરાયો. ॥૧૪૧॥

શ્લોક :-

ततः साधर्मिक इति, स्तुतश्चेत्थं महाशय ! ।
स्थाने हर्षातिरेकस्ते, धर्मवित्ता हि साधवः ।।१४२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સાધર્મિક છે એ પ્રમાણે સ્તુતિ કરાયો=વિમલકુમાર સ્તુતિ કરાયો, હે મહાશય ! વિમલકુમાર ! આ પ્રકારે=જે પ્રકારે તેં હર્ષ અભિવ્યક્ત કર્યો એ પ્રકારે, સ્થાને તારો હર્ષનો અતિરેક છે. हि=જે કારણથી, સાધુઓ=ઉત્તમ પુરુષો ધર્મને જાણનારા હોય છે. ॥૧૪૨॥

શ્લોક :-

अनित्येषु च तुच्छेषु, विषयेषु सतां न धीः ।
धर्म एव मतिस्तेषां, शाश्वतप्रौढशर्मदे ।।१४३।।

શ્લોકાર્થ :-

અને અનિત્ય એવા તુચ્છ વિષયોમાં સજ્જનોની બુદ્ધિ નથી, તેઓની શાશ્વત પ્રૌઢ સુખને દેનારા ધર્મમાં જ મતિ છે. ।।૧૪૩।।

શ્લોક :-

इच्छा सत्त्वानुरूपेण, भवेदर्थेषु देहिनाम् ।
तृणैर्हि तुष्यति मृगः, केसरी करिभिर्हतैः ।।१४४।।
श्वा फेलापिण्डमासाद्य, पुच्छमुच्छाल्य नृत्यति ।
द्विपेन्द्रोऽवज्ञया भुङ्क्ते, दत्तं यत्नैः सुभोजनम् ।।१४५।।

શ્લોકાર્થ :-

સત્વના અનુરૂપથી=જીવોની પ્રકૃતિના અનુરૂપથી, અર્થોમાં=પદાર્થોમાં, જીવોને ઈચ્છા થાય છે. हि=જે કારણથી, મૃગલો તૃણથી તોષ પામે છે, સિંહ હણાયેલા હાથીઓથી તોષ પામે છે, કૂતરાઓ એંઠા અન્નના પિંડને પામીને પૂંછડાને ઉછાળીને નૃત્ય કરે છે, દ્વિપેન્દ્ર યત્નથી અપાયેલું સુભોજન અવજ્ઞાથી ખાય છે. ।।૧૪૪-૧૪૫।।

શ્લોક :-

धनराज्यादिकं प्राप्य, माद्यन्ति क्षुद्रजन्तवः ।
त्वं तु मध्यस्थधीर्लब्धे, दिव्ये रत्नेऽप्यभूः पुरा ।।१४६।।

શ્લોકાર્થ :-

ધનરાજ્યાદિકને પામીને ક્ષુદ્ર જીવો મદ કરે છે, વળી તું લબ્ધ એવું દિવ્ય રત્ન હોતે છતે પણ પૂર્વમાં મધ્યસ્થ બુદ્ધિવાળો થયો. ।।૧૪૬।।

શ્લોક :-

अधुना तु समासाद्य, सन्मार्गं परितुष्यसि ।
तदसि श्रेयसां पात्रं, नारोप्यो गरिमा मयि ।।१४७।।

શ્લોકાર્થ :-

વળી, હમણાં સન્માર્ગને પામીને પરિતોષને પામે છે, તે કારણથી=ઉત્તમ પુરુષોને ઉત્તમ વસ્તુની પ્રાપ્તિમાં જ હર્ષ થાય છે. તેથી તને આ પ્રકારનો હર્ષ છે તે કારણથી, શ્રેયને પાત્ર તું છો, મારામાં ગરિમા આરોપ્ય નથી. ।।૧૪૭।।

શ્લોક :-

स्वयंबुद्धेन भवता, लोकान्तिकसुरोपमः ।
द्रष्टव्योऽहं जिनाभेन, न तु धार्या गुरुत्वधीः ।।१४८।।

શ્લોકાર્થ :-

જિન જેવા સ્વયંબુદ્ધ એવા તારા વડે લોકાંતિક સુરની ઉપમાવાળો હું જોવા યોગ્ય છું પરંતુ ગુરુત્વબુદ્ધિ ધારણ કરવી નહીં. ।।૧૪૮।।

શ્લોક :-

विमलः प्राह मा वादीरिमां वाचं महाशय ! ।
लोकान्तिका जिनज्ञाने, न हि यान्ति निमित्तताम् ।।१४९।।

શ્લોકાર્થ :-

વિમલ કહે છે. હે મહાશય ! રત્નચૂડ ! આ વાણીને તું બોલ નહીં, हि=જે કારણથી, લોકાંતિક દેવો જિનના જ્ઞાનમાં નિમિત્તતાને પામતા નથી. ।।૧૪૯।।

શ્લોક :-

व्यापृतस्त्वं तु मत्कार्ये, गतो व्यक्तं निमित्तताम् ।
युक्तस्ते विनयः कर्तुं, गुरुस्त्वं पारमार्थिकः ।।१५०।।

શ્લોકાર્થ :-

વળી વ્યાપૃત એવો તું મારા કાર્યમાં વ્યક્ત નિમિત્તતાને પામ્યો છે, તારો વિનય કરવો યુક્ત છે, તું પારમાર્થિક ગુરુ છો. ॥૧૫૦॥

શ્લોક :-

रत्नचूडोऽवदत् पूज्यो, गुणैस्त्वं द्युसदामपि ।
त्वय्येव गुरुता युक्ता, रत्नश्रीरिव रोहणे ॥१५१॥

શ્લોકાર્થ :-

રત્નચૂડ બોલ્યો, તું ગુણોથી દેવતાઓને પણ પૂજ્ય છો, પર્વતમાં રત્નની લક્ષ્મીની જેમ તારામાં જ ગુરુતા યુક્ત છે. ॥૧૫૧॥

શ્લોક :-

विमलः प्राह सा ज्ञेया, गुणवत्ता मनीषिणा ।
न त्रपन्ते यया कर्तुं, गुरूणां प्रेष्यतामपि ॥१५२॥

શ્લોકાર્થ :-

વિમલ કહે છે, મનીષી વડે તે ગુણવત્તા જ્ઞેય છે, જેના કારણે=જે ગુણવત્તાને કારણે, ગુરુના સેવકપણાને કરવા માટે લજ્જા પામતા નથી. ॥૧૫૨॥

શ્લોક :-

तेन दुष्प्रतिकारस्त्वं, पूज्योऽसि मम धर्मदः ।
पर्यालोच्यं ममास्त्युच्चैरन्यच्चेदं त्वया सह ॥१५३॥

શ્લોકાર્થ :-

તે કારણથી=તું મારો ગુરુ છો તે કારણથી, દુષ્પ્રતિકાર તમે છો, મને ધર્મને દેનારા તમે પૂજ્ય છો, અને તારી સાથે મારું બીજું આ અત્યંત પર્યાલોચન કરવા યોગ્ય છે. ॥૧૫૩॥

શ્લોક :-

भववासादहं भीतो, मया पीतं शमामृतम् ।
ग्राह्या भागवती दीक्षा, न स्थेयं गृहपञ्जरे ।।१५४।।

શ્લોકાર્થ :-

શું પર્યાલોચન છે તે બતાવે છે ? ભવવાસથી હું ભય પામેલો છું, મારા વડે શમરૂપી અમૃત પિવાયું છે, ભાગવતી દીક્ષા મારા વડે ગ્રાહ્ય છે, ગૃહરૂપી પાંજરામાં સ્થેય નથી. ।।૧૫૪।।

શ્લોક :-

स्वजनाः सन्ति ताताद्याः, केवलं बहवो मम ।
तेषां चेत् प्रतिबोधः स्यात्, तदाऽनृण्यं भवेन्मम ।।१५५।।

શ્લોકાર્થ :-

કેવલ પિતા આદિ મારા ઘણાં સ્વજનો છે, જો તેઓને પ્રતિબોધ થાય તો મારું ઋણરહિતપણું થાય. ।।૧૫૫।।

શ્લોક :-

रत्नचूडो जगौ सूरिर्बुधनामाऽस्ति भूरिधीः ।
यद्यागच्छेत् कथञ्चित् स, ज्ञातींस्ते प्रतिबोधयेत् ।।१५६।।

શ્લોકાર્થ :-

રત્નચૂડે કહ્યું. ઘણી બુદ્ધિવાળા બુધ નામના સૂરિ છે. જો કોઈક રીતે આવે તો, તે=બુધસૂરિ, તારી જ્ઞાતિને પ્રતિબોધ કરે. ।।૧૫૬।।

શ્લોક :-

स चित्तज्ञोऽतिशयवानब्धिर्लब्धिव्रजस्य च ।
वाचामगोचरस्तस्य, महिमा धुतपाप्मनः ।।१५७।।

શ્લોકાર્થ :-

તે=બુધસૂરિ, ચિત્તને જાણનાર, લબ્ધિના સમૂહના અતિશયવાળા સમુદ્ર છે, ધોયેલા પાપવાળા તેમનો મહિમા વાણીને અગોચર છે. ।।૧૫૭।।

શ્લોક :-

विमलोऽवक् क्व दृष्टोऽसौ, बुधाचार्यस्त्वयाऽनघ ! ।
रत्नचूडोऽवदत् क्रीडानन्दनेऽत्रैव सुन्दरे ।।१५८।।

શ્લોકાર્થ :-

વિમલ બોલ્યો, હે અનઘ રત્નચૂડ ! તારા વડે આ બુધાચાર્ય ક્યાં જોવાયા ? રત્નચૂડ બોલ્યો, આ જ સુંદર ક્રીડાવનમાં જોવાયા. ।।૧૫૮।।

શ્લોક :-

आयातोऽहं गताष्टम्यामर्हद्‌बिम्बार्चनं चिकीः ।
दृष्टं च भवनद्वारि, भूभागे मुनिमण्डलम् ।।१५९।।

શ્લોકાર્થ :-

ગયેલી આઠમે હું આવેલો, અર્હદ્‌બિંબનું અર્ચન કર્યું, ભવનના દ્વારમાં ભૂભાગમાં મુનિમંડલ જોવાયું. ।।૧૫૯।।

શ્લોક :-

तस्य मध्ये स्थितः कृष्णो, दृष्टो बीभत्सदर्शनः ।
त्रिकोणशीर्षश्चिपिटघ्राणो वक्रशिरोधरः ।।१६०।।
लम्बोदरः कुरूपश्च, करालदशनो मुनिः ।
केवलं स्निग्धगम्भीरध्वनिना हृदयं हरन् ।।१६१।।

શ્લોકાર્થ :-

તેની મધ્યમાં રહેલ બીભત્સદર્શનવાળા, કાળા વર્ણવાળા, ત્રિકોણ શીર્ષવાળા, ચપટા નાકવાળા, નાસિકાવાળા, વાંકી ડોકવાળા, લાંબા પેટવાળા, કુરૂપ, વિકરાળ દાંતવાળા, કેવલ સ્નિગ્ધગંભીર ધ્વનિથી હૃદયને હરતા મુનિ જોવાયા. ।।૧૬૦-૧૬૧।।

શ્લોક :-

प्रेक्ष्य तं तादृशं ध्यातं, मया नास्य महामुनेः ।
रूपं गुणोचितं चैत्ये, प्रविष्टोऽहं ततो मुदा ।।१६२।।

શ્લોકાર્થ :-

તેવા પ્રકારના તેમને જોઈને મારા વડે વિચારાયું, આ મહામુનિનું રૂપ ગુણને ઉચિત નથી, ત્યારપછી હર્ષપૂર્વક હું ચૈત્યમાં પ્રવેશ્યો. ॥૧૬૨॥

શ્લોક :-

विधाय विधिवत् पूजामथ चैत्याद् विनिर्गतः ।
आयातो वन्दितुं साधून्, स दृष्टः साधुमध्यगः ।।१६३।।

શ્લોકાર્થ :-

હવે, વિધિપૂર્વક પૂજાને કરીને ચૈત્યમાંથી નીકળ્યો, સાધુઓને વંદન કરવા માટે આવ્યો. સાધુઓની મધ્યમાં રહેલ તે=બુધસૂરિ જોવાયા.

પૂર્વમાં જે કુરૂપ દેખાયેલા તે જ મુનિ જોવાયા. ॥૧૬૩॥

શ્લોક :-

तपस्वी स्वर्णपद्मस्थः सत्कार्त्तस्वरभास्वरः ।
कूर्मोन्नतपदो गूढशिराजालः सुलक्षणः ।।१६४।।
दधत् करिकराकारमुरुजङ्घं झषोदरः ।
विशालवक्षा विस्तीर्णभुजः करजिताम्बुजः ।।१६५।।
विधुजैत्रमुखस्तुङ्गनाशावंशस्ततेक्षणः ।
प्रलम्बकर्णयुगलः कान्तिमद्दन्तपद्धतिः ।।१६६।।
अष्टमीन्दुलसद्भालश्छत्राकारोत्तमाङ्गभृत् ।
अनन्योपमसौभाग्यभाग्यलावण्यभाजनम् ।।१६७।।
ध्वनिना प्रत्यभिज्ञाय, तं ध्यातं विस्मयान्मया ।
इदानीं कथमीदृक्षः, स एवायं तपोनिधिः ।।१६८।।

શ્લોકાર્થ :-

કેવા જોવાયા ? તે બતાવે છે – તપસ્વી, સ્વર્ણના કમલમાં રહેલા, સુંદર સોના જેવા ભાસ્વર, કાચબાના જેવા ઉન્નત પદવાળા, ગૂઢ શિરાના સમૂહવાળા, સુલક્ષણ, હાથીના આકારવાળી એવી ઊરુ જંઘાને ધારણ કરતા, માછલા જેવા ઉદરવાળા, વિશાલ વક્ષવાળા, કરજિત અમ્બુજરૂપ કરો વડે કમળોને જીત્યા છે જેમણે એવા, વિસ્તીર્ણ ભુજાવાળા, ચંદ્રને જીતે એવા મુખવાળા, ઊંચી નાસિકા છે, વિસ્તૃત ચક્ષુઓ છે, લાંબું કર્ણયુગલ છે, કાંતિવાળી દાંતની પંક્તિ છે, અષ્ટમીના ચંદ્ર જેવું વિલાસ પામતું ભાલ છે, છત્રના આકારવાળું ઉત્તમાંગને ધારણ કરતું શરીર છે, અનન્ય ઉપમાવાળા સૌભાગ્ય અને ભાગ્યરૂપ લાવણ્યનું ભાજન એવા તેમને=બુધાચાર્યને ધ્વનિથી જાણીને વિસ્મયથી મારા વડે વિચારાયું. કેવી રીતે આવા પ્રકારના હમણાં તે જ આ તપોનિધિ છે ! ।।૧૬૪થી ૧૬૮।।

શ્લોક :-

अथवाऽत्र किमाश्चर्यं, चन्दनेनोदितं हि मे ।
भवन्ति लब्धिपात्राणि, कामरूपा मुनीश्वराः ।।१६९।।

શ્લોકાર્થ :-

અથવા આમાં=વિબુધાચાર્યમાં પૂર્વની કુરૂપતા અને વર્તમાનની સુરૂપતામાં શું આશ્ચર્ય છે ?=આશ્ચર્ય નથી. हि=જે કારણથી, ચંદન વડે મને કહેવાયેલું, કામરૂપવાળા મુનીશ્વરો લબ્ધિપાત્રો હોય છે. ।।૧૬૯।।

શ્લોક :-

जायन्ते तेऽणुवत्सूक्ष्मा, गुरवोऽपि च शैलवत् ।
पूरयेयुः स्वदेहस्य, विस्तारेणाखिलं जगत् ।।१७०।।

શ્લોકાર્થ :-

તેઓ અણુની જેમ સૂક્ષ્મ થાય છે અને પર્વતની જેમ ગુરુ પણ થાય છે. સ્વદેહને વિસ્તારથી અખિલ જગતને પૂરે છે. ।।૧૭૦।।

શ્લોક :-

तूलवल्लघवोऽपि स्युः, कुर्युर्देवांश्च किङ्करान् ।
घटाद् घटशतं कुर्युर्मज्जेयुश्च शिलातले ।।१७१।।

શ્લોકાર્થ :-

તૂલની જેમ લઘુ પણ થાય અને દેવોને કિંકર કરે, ઘટથી સેંકડો ઘટ કરે, શિલાતલમાં ડૂબકીઓ મારે. ||૧૭૧||

શ્લોક :-

आकर्णयन्ति सर्वाङ्गैः, स्पर्शाद् रोगान् हरन्ति च ।
वायुवद् गगने यान्ति, क्वापि नैव स्खलन्ति ते ।।१७२।।

શ્લોકાર્થ :-

સર્વાંગોથી સાંભળે છે, સ્પર્શથી રોગોને હરે છે, વાયુની જેમ આકાશમાં જાય છે, તેઓ ક્યાંય પણ સ્ખલના પામતા નથી. ||૧૭૨||

શ્લોક :-

अतोऽयं यः कुरूपः प्राग्, दृष्टः संप्रति चेक्ष्यते ।
सुन्दराङ्गस्ततः पात्रं, लब्धीनां परिभाव्यते ।।१७३।।
मया प्रहृष्टचित्तेन, वन्दितो भगवांस्ततः ।
अन्ये च मुनयोऽहं तैर्दत्ताशीश्च पुरःस्थितः ।।१७४।।

શ્લોકાર્થ :-

આથી=મહાત્માઓ લબ્ધિના પાત્ર હોય છે આથી, આ=બુધસૂરિ, જે પૂર્વમાં કુરૂપ જોવાયા અને હમણાં સુંદર અંગવાળા દેખાય છે, તેથી લબ્ધિઓનું પાત્ર પરિભાવન કરાય છે=લબ્ધિવાળા છે તેમ અનુમાન કરાય છે. ત્યારપછી=આ પ્રમાણે રત્નચૂડે વિચાર્યું ત્યારપછી, હર્ષિત થયેલા ચિત્તવાળા મારા વડે=રત્નચૂડ વડે, ભગવાન વંદન કરાયા અને અન્ય મુનિઓ વંદન કરાયા, અને તેઓ વડે=મુનિઓ વડે અપાયેલા આશિષવાળો હું આગળ રહ્યો. ||૧૭૩-૧૭૪||

શ્લોક :-

पीत्वा तद्वाक्यपीयूषं, भावितस्तद्गुणैर्भृशम् ।
पृष्टं चैकस्य साधोः कः, कुत्रत्यश्चैष सूरिराट् ।।१७५।।

શ્લોકાર્થ :-

તેમના વાક્યરૂપી અમૃતને પીને તેમના ગુણોથી અત્યંત ભાવિત થયો. અને એક સાધુને પૂછ્યું, કોણ અને ક્યાંના આ સૂરિરાજા છે ? ।।૧૭૫।।

શ્લોક :-

तेनोक्तं गुरुरस्माकमयं सूरिर्बुधाभिधः ।
पुत्रः शुभविपाकस्य, धरातलपुरेशितुः ।।१७६।।

શ્લોકાર્થ :-

તેના વડે=તે સાધુ વડે કહેવાયું, બુધ નામવાળા આ સૂરિ અમારા ગુરુ છે. ધરાતલ નગરના રાજા શુભવિપાકના પુત્ર છે. ।।૧૭૬।।

શ્લોક :-

साधुतानन्दनो राज्यं, त्यक्त्वा दीक्षामुपाददे ।
साम्प्रतं विहरत्युग्रविहारेण तपोनिधिः ।।१७७।।

શ્લોકાર્થ :-

સાધુતાના નંદન છે. રાજ્યને છોડીને દીક્ષાને ગ્રહણ કરી. હમણાં તપોનિધિ એવા તે ઉગ્રવિહારથી વિચરે છે.

બુધ નામના આ સૂરિ શુભકર્મના વિપાક અને તેમાં વર્તતી સાધુતાની પરિણતિ તે બેથી ઉત્તમ પુરુષ થયા છે. અને દીક્ષા ગ્રહણ કરીને તે મહાત્મા સમિતિ-ગુપ્તિમાં યત્ન કરવા રૂપ ઉગ્રવિહારથી હમણાં વિચરે છે. **।।૧૭૭।।**

શ્લોક :-

ततस्तच्चरितं श्रुत्वा, दृष्ट्वा तल्लब्धिवैभवम् ।
जैनेश्वरे स्थिरीभूतो, धर्मेऽहं मेरुशैलवत् ।।१७८।।

શ્લોકાર્થ :-

તેથી તેમના ચરિત્રને સાંભળીને, તેમના લબ્ધિવૈભવને જોઈને જૈનેશ્વરના *ધર્મમાં હું=રત્નચૂડ, મેરુપર્વતની જેમ સ્થિર થયો.*

સાક્ષાત્ તેમની ઉત્તમતાનું વર્ણન સાંભળીને અને યોગને કારણે તે મહાત્મા લબ્ધિના નિધાન છે તે જોઈને રત્નચૂડને ભગવાનનો ધર્મ યોગની પ્રાપ્તિમાં પ્રબલ કારણ છે અને યોગથી લબ્ધિઓ પ્રગટે છે તે સાક્ષાત્ જોવાથી નિર્મળ કોટિના સમ્યક્ત્વરૂપ સ્થૈર્યની પ્રાપ્તિ થાય છે. **॥૧૭૮॥**

શ્લોક :-

गुरुं च शेषसाधूंश्च, प्रणम्याथ गतो गृहे ।
अन्यत्र विहरत्येष, भगवानपि निःस्पृहः ।।१७९।।

શ્લોકાર્થ :-

હવે ગુરુને અને શેષ સાધુને પ્રણામ કરીને હું ઘરમાં ગયો. નિઃસ્પૃહ એવા આ ભગવાન પણ અન્યત્ર વિચરે છે. ॥૧૭૯॥

શ્લોક :-

तद् वदामि बुधाचार्यो, यद्यागच्छेदिहोरुधीः ।
परोपकारव्यसनी, त्वद्ज्ञातीन् बोधयेत् तदा ।।१८०।।

શ્લોકાર્થ :-

તે કારણથી=આ મહાત્મા લબ્ધિસંપન્ન હોવાથી તારા સ્વજનોને બોધ કરાવવા સમર્થ છે તે કારણથી, હું=રત્નચૂડ, કહું છું વિશાળ બુદ્ધિવાળા પરોપકાર વ્યસની એવા બુધાચાર્ય જો અહીં=ક્રીડાનંદન ઉદ્યાનમાં આવે તો તારી જ્ઞાતિને બોધ પમાડે. ॥૧૮૦॥

શ્લોક :-

तेन यद् वैक्रियं रूपं, मम स्थैर्याय निर्मितम् ।
विश्वस्थैर्याय तदसौ, व्यापिपर्ति न संशयः ।।१८१।।

શ્લોકાર્થ :-

તેના વડે=બુધાચાર્ય વડે, મારા સ્થૈર્ય માટે જે વૈક્રિયરૂપ નિર્માણ કરાયું, તે કારણથી આ=બુધાચાર્ય, વિશ્વના સ્થૈર્ય માટે વ્યાપારવાળા છે, સંશય નથી. ॥૧૮૧॥

શ્લોક :-

विमलः प्राह सोऽप्यत्राभ्यर्थनीयस्त्वयाऽऽगमे ।
रत्नचूडोऽवदत् कुर्वे, त्वदादेशं न संशयः ।।१८२।।

શ્લોકાર્થ :-

વિમલ કહે છે. તે પણ=બુધાચાર્ય પણ, અહીં આગમનમાં તારા વડે અભ્યર્થનીય છે. રત્નચૂડ બોલ્યો. તારા આદેશને કરું છું. સંશય નથી. ॥૧૮૨॥

શ્લોક :-

साम्प्रतं तु गृहे यामि, पित्रोः संधीरणाकृते ।
विमलः प्राह विस्मार्यो, नाहं कार्यं मदीहितम् ।।१८३।।

શ્લોકાર્થ :-

હમણાં માતા-પિતાના સંધીરણા માટે=આશ્વાસન માટે, ઘરે જાઉં છું. વિમલ કહે છે. હું વિસ્માર્ય નથી. મારું ઈચ્છિત કરવું જોઈએ. ॥૧૮૩॥

શ્લોક :-

सुहृद्विरहदूनाऽथ, बभाषे चूतमञ्जरी ।
भ्राताऽसि मे कुमार ! त्वं, स्मर्तव्या निर्गुणाऽप्यहम् ।।१८४।।

શ્લોકાર્થ :-

હવે મિત્રના વિરહથી દુભાયેલી ચૂતમંજરી બોલી. હે કુમાર ! તું ભાઈ છો, નિર્ગુણ પણ હું તને સ્મરણ કરવા યોગ્ય છું. ॥૧૮૪॥

શ્લોક :-

विमलः स्म वदत्यार्ये !, गुरुं च गुरुवल्लभाम् ।
स्मरामि यदि नो तन्मे, धर्मधीः कीदृशी भवेत् ? ।।१८५।।

શ્લોકાર્થ :-

વિમલ કહે છે હે આર્યા ! ચૂતમંજરી ! ગુરુને અને ગુરુની ભાર્યાને જો ન સ્મરણ કરું તો મારી ધર્મબુદ્ધિ કેવી થાય ? ।।૧૮૫।।

શ્લોક :-

इत्थं मामपि संभाष्य, गतौ तौ निजमन्दिरम् ।
धर्मालापमिमं व्यक्तं, शृण्वतोऽपि तदा मम ।।१८६।।
सुप्तस्येव गतस्येव, हृदये गुरुकर्मणः ।
न स्थितं पदमप्येकमुपेक्षामरुता हृतम् ।।१८७।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે મને પણ સંભાષણ કરીને તે બંને=રત્નચૂડ અને ચૂતમંજરી, નિજમંદિરમાં ગયાં=સ્વસ્થાને ગયાં. ત્યારે આ ધર્મઆલાપને વ્યક્ત રીતે સાંભળતા પણ ગુરુકર્મવાળા મારા હૃદયમાં=વામદેવના હૃદયમાં, સૂતેલાની જેમ, મરેલાની જેમ, એક પદ પણ સ્થિર થયું નહીં. ઉપેક્ષારૂપી પવનથી હરાયું.

વિમલકુમાર, રત્નચૂડ અને ચૂતમંજરી ધર્મની પરિણતિપૂર્વક પરસ્પર જે આલાપ કરે છે તે ધર્મના પરિણામથી ઊઠેલા અને આલાપ દ્વારા અંતરંગ ગુણસંપત્તિરૂપ ધર્મની વૃદ્ધિનું કારણ હતા. અને તે પ્રકારે અનુસુંદર ચક્રવર્તી જાણે છે તેથી અગૃહીતસંકેતાને કહે છે કે વામદેવના ભવમાં તે ધર્મના આલાપને હું વ્યક્ત સાંભળતો હતો. છતાં ધર્મના પરમાર્થને સ્પર્શે તેવાં બાધક ક્લિષ્ટ કર્મોવાળું મારું હૃદય હતું. તેથી સૂતેલો માણસ જેમ સાંભળે નહીં કે મરી ગયેલો માણસ સાંભળે નહીં તેમ ધર્મને સ્પર્શનારાં તે એક પણ પદો મારા હૃદયમાં તે સ્વરૂપે સ્પર્શ્યાં નહીં. પરંતુ મારા ચિત્તમાં તત્ત્વ પ્રત્યે ઉપેક્ષા વર્તતી હતી. તે રૂપ પવનથી તે પદો ચિત્તમાં પ્રવેશ થવાને બદલે હરાયાં. **।।૧૮૬-૧૮૭।।**

શ્લોક :-

ततो विशेषतः स्तुत्वा, भगवन्तं विनिर्गतः ।
भगवद्भवनाद् भक्तो, विमलः सहितो मया ।।१८८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=રત્નચૂડ અને ચૂતમંજરી પૂર્વોક્ત ભાષણ કરીને સ્વસ્થાને ગયાં ત્યારપછી, વિશેષથી ભગવાનની સ્તુતિ કરીને ભક્ત એવો વિમલ મારા સહિત=વામદેવ સહિત, ભગવાનના ભવનથી નીકળ્યો. ।।૧૮૮।।

શ્લોક :-

प्राह मां रत्नचूडेन, रत्नं दत्तमिदं मम ।
प्रयोजने महत्येतत्, कदाचिदुपयोक्ष्यते ।।१८९।।

શ્લોકાર્થ :-

મને=વામદેવને કહે છે. રત્નચૂડ વડે આ રત્ન મને અપાયું. મોટા પ્રયોજનમાં આ=રત્ન કદાચિત્ ઉપયોગી થશે. ।।૧૮૯।।

શ્લોક :-

मम चास्थाऽधुना नात्र, ततो नङ्क्ष्यत्यनादरात् ।
निधायेदं क्वचिद्देशे, गच्छावस्तदिहैव हि ।।१९०।।

શ્લોકાર્થ :-

હમણાં આમાં=પ્રસ્તુત રત્નમાં, મને આસ્થા નથી=તેનો ઉપયોગ કરવાની ઇચ્છા નથી. તેથી=મને આસ્થા નથી તેથી, અનાદરને કારણે નાશ પામશે. તે કારણથી=મારી ઉપેક્ષાથી તે નાશ પામે નહીં તે કારણથી, અહીં જ કોઈક દેશમાં આને=રત્નને, સ્થાપન કરીને જઈએ. ।।૧૯૦।।

શ્લોક :-

रत्नं वस्त्राञ्चलाद् दत्तमित्युक्त्वा विमलेन मे ।
मयैकत्र प्रदेशे तन्निखाय स्थगितं स्थलम् ।।१९१।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે કહીને=પૂર્વના શ્લોકમાં વામદેવને કહ્યું એ પ્રમાણે કહીને, વિમલ વડે વસ્ત્રના અંચલથી રત્ન મને અપાયું. મારા વડે એક પ્રદેશમાં દાટીને તે સ્થલ સ્થગિત કરાયું. ।।૧૯૧।।

શ્લોક :-

ततः पुरे गतावावामहं स्वभवने गतः ।
विजृम्भिते बहुलिकास्तेये मम शरीरके ।।१९२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી અમે બંને નગરમાં ગયા. હું=વામદેવ, સ્વભવનમાં ગયો. મારા શરીરમાં માયા અને સ્તેય વિજૃમ્ભિત થયા. ।।૧૯૨।।

શ્લોક :-

ततोऽवलम्ब्य नीचत्वमपर्यालोच्य चायतिम् ।
विस्मृत्य विमलस्नेहं, स्मृत्वा रत्नं महागुणम् ।।१९३।।
तज्जिहीर्षन्नहं तत्र, प्रदेशे सहसा गतः ।
उत्खातं तत् ततो देशान्निखातं चापरस्थले ।।१९४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી નીચત્વનું અવલંબન લઈને ભવિષ્યનો વિચાર કર્યા વગર વિમલના સ્નેહનું વિસ્મરણ કરીને, મહાગુણવાળા રત્નનું સ્મરણ કરીને તેને=રત્નને, હરણ કરવાની ઈચ્છાવાળો એવો હું=વામદેવ, સહસા તે પ્રદેશમાં ગયો. તે=રત્ન, કઢાયું. અને તે દેશથી અપરસ્થળમાં સ્થાપન કરાયું. ।।૧૯૩-૧૯૪।।

શ્લોક :-

निखातः तत्प्रदेशे च, पाषाणस्तन्मितो मया ।
विमलो वेत्त्वपुण्यैर्मे, ग्रावीभूतमिदं त्विति ।।१९५।।

શ્લોકાર્થ :-

અને તે પ્રદેશમાં=જે પ્રદેશમાં રત્ન સ્થાપ્યું હતું તે પ્રદેશમાં, મારા અપુણ્યથી પત્થરીભૂત આને=રત્નને, વિમલ જાણો એ હેતુથી મારા વડે તેટલા પ્રમાણવાળો=રત્નના પ્રમાણવાળો પત્થર તે પ્રદેશમાં સ્થાપન કરાયો. ||૧૯૫||

શ્લોક :-

ततः समागतो गेहं, लङ्घितं तद्दिनं मया ।
आगता रजनी जाता, चिन्ता सुप्तस्य मे तदा ।।१९६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ઘરે આવ્યો. તે દિવસ મારા વડે પસાર કરાયો. રાત્રિ આવી. સુપ્ત એવા મને ત્યારે ચિંતા થઈ. ||૧૯૬||

શ્લોક :-

नानीतं यद् गृहे रत्नं, विरूपं तत्कृतं मया ।
दृष्टं तदा तदन्येन, हृतं हन्त भविष्यति ।।१९७।।

શ્લોકાર્થ :-

જે કારણથી ઘરમાં રત્ન લવાયું નહીં. તે મારા વડે વિરૂપ કરાયું. ત્યારે=મેં દાટ્યું ત્યારે, અન્ય વડે જોવાયેલું એવું તે=રત્ન, ખરેખર હરણ કરાયેલું થશે. ||૧૯૭||

શ્લોક :-

अधुना किं करोमीति वितर्काकुलचेतसः ।
विनिद्रस्य व्यतीयाय, रात्रिर्मे दुःखसाक्षिणी ।।१९८।।

શ્લોકાર્થ :-

હવે શું કરું એ પ્રમાણેના વિતર્ક આકુલ ચિત્તવાળો, નિદ્રા વગરના મેં દુઃખસાક્ષિણી એવી રાત્રિ પસાર કરી. ||૧૯૮||

શ્લોક :-

प्रभाते द्रुतमुत्थाय, तं प्रदेशमहं गतः ।
समागतो मद्भवने, विमलो विमलाशयः ।।१९९।।

શ્લોકાર્થ :-

પ્રભાતમાં શીઘ્ર ઊઠીને હું તે પ્રદેશમાં ગયો=જ્યાં રત્ન દાટ્યું હતું તે પ્રદેશમાં હું ગયો. વિમલ આશયવાળો એવો વિમલ મારા ભવનમાં આવ્યો. ।।૧૯૯।।

શ્લોક :-

न दृष्टोऽहं गृहे तेन, पृष्टः परिजनो मम ।
क्व वामदेवः स गतः, क्रीडानन्दनमित्यवक् ।।२००।।

શ્લોકાર્થ :-

તેના વડે ઘરમાં હું જોવાયો નહીં. મારો પરિજન પુછાયો. તે વામદેવ ક્યાં ગયો છે ? 'ક્રીડાનંદન' એ પ્રમાણે કહ્યું=પરિજને કહ્યું. ।।૨૦૦।।

શ્લોક :-

ततो मदनुमार्गेण, विमलोऽपि समागतः ।
दूराद् दृष्टो मयाऽऽगच्छन्, जातोऽहं व्याकुलो भिया ।।२०१।।

શ્લોકાર્થ :-

તેથી મારા અનુમાર્ગથી=હું ક્રીડાનંદનમાં ગયો છું એ અનુસરણથી, વિમલ પણ આવ્યો. દૂરથી આવતો વિમલ મારા વડે જોવાયો. હું ભયથી વ્યાકુલ થયો. ।।૨૦૧।।

શ્લોક :-

रत्नप्रदेशं विस्मृत्यादाय पाषाणमञ्जसा ।
संगोप्य तं कटीपट्या, गतोऽहं गहनान्तरे ।।२०२।।

શ્લોકાર્થ :-

રત્નપ્રદેશને વિસ્મરણ કરીને શીઘ્ર પાષાણને ગ્રહણ કરીને કટીપટથી તેને=તે પાષાણને, સંગોપન કરીને ગહનાંતરમાં=કોઈક અન્ય ગુપ્ત ભાગમાં, હું ગયો. ॥૨૦૨॥

શ્લોક :-

संप्राप्तो विमलस्तत्र, दृष्टोऽहं भयविह्वलः ।
पृष्टं मित्र ! किमेकाकी, भीतोऽसि किमिहागतः ॥२०३॥

શ્લોકાર્થ :-

ત્યાં વિમલ પ્રાપ્ત થયો. હું ભયવિહ્વલ જોવાયો. પુછાયો=વામદેવ પુછાયો. હે મિત્ર ! કેમ એકાકી છો ? ભય પામેલો કેમ અહીં આવેલો છે. ॥૨૦૩॥

શ્લોક :-

मया प्रोक्तं श्रुतः प्रातर्भवानत्र समागतः ।
तेनागतोऽहमप्यत्र, त्रस्तश्च त्वददर्शनात् ॥२०४॥

શ્લોકાર્થ :-

મારા વડે=વામદેવ વડે કહેવાયું. સવારમાં અહીં=ઉદ્યાનમાં, તને આવેલો સાંભળેલો. તે કારણથી અહીં=ઉદ્યાનમાં, હું પણ આવેલો અને તારા અદર્શનથી ત્રાસ પામ્યો. ॥૨૦૪॥

શ્લોક :-

यास्यामि स्वस्थतां दृष्टे, साम्प्रतं तु द्रुतं त्वयि ।
विमलोऽवक् सुसंपन्नं, गच्छावो जिनमन्दिरे ॥२०५॥

શ્લોકાર્થ :-

વળી હમણાં તને જોવાયે છતે શીઘ્ર સ્વસ્થતાને પામીશ. વિમલ બોલ્યો. સુંદર પ્રાપ્ત થયું. જિનમંદિરમાં આપણે બે જઈએ. ॥૨૦૫॥

શ્લોક :-

मयेत्थमस्त्विति प्रोक्ते, गतौ तत्राविशत् ततः ।
विमलोऽभ्यन्तरे द्वारदेशेऽहं चकितः स्थितः ।।२०६।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે હો=આપણે જિનમંદિરમાં જઈએ એ પ્રમાણે હો, એ રીતે મારા વડે કહેવાયે છતે અમે બંને ગયા. ત્યાં=જિનમંદિરમાં ત્યારપછી વિમલ અભ્યંતરમાં પ્રવેશ્યો. દ્વારદેશમાં હું ચકિત રહ્યો. ।।૨૦૬।।

શ્લોક :-

व्यचिन्ति रत्नहर्तारं, नूनं मां ज्ञातवानयम् ।
तन्नश्यामि द्रुतं नो चेद्, रत्नं लास्यत्ययं बलात् ।।२०७।।

શ્લોકાર્થ :-

વિચાર્યું=વામદેવે વિચાર્યું. ખરેખર રત્નના હર્તાર એવા મને આણે=વિમલે, જાણ્યો છે. તે કારણથી શીઘ્ર નાસી જાઉં. જો નહીં નાસું તો આ=વિમલ, બળાત્કારથી રત્ન લેશે. ।।૨૦૭।।

શ્લોક :-

विदेशं यामि नात्रास्मान्मोक्षस्तु स्यात् स्थितस्य मे ।
नष्टस्ततस्त्र्यहेणागामष्टाविंशतियोजनीम् ।।२०८।।

શ્લોકાર્થ :-

વિદેશમાં હું જાઉં. અહીં રહેલા મારો આનાથી=વિમલકુમારથી, મોક્ષ નથી. તેથી નાસ્યો. ત્રણ દિવસથી અઠ્ઠાવીશ યોજન ગયો. ।।૨૦૮।।

શ્લોક :-

अद्राक्षं तत्र पाषाणं, रत्नग्रन्थौ विमुद्रिते ।
कृच्छ्रेण चेतनां प्राप्तो, हा हतोऽस्मीति मूर्च्छितः ।।२०९।।

શ્લોકાર્થ :-

ત્યાં=૨૮ યોજન દૂરમાં, રત્નગ્રંથિ વિમુદ્રિત કરાયે છતે પાષાણ જોયું. મુશ્કેલીથી ચેતના પામ્યો. હું હણાયો છું એ પ્રમાણે મૂર્છિત થયો. ।।૨૦૯।।

શ્લોક :-

इष्टप्रदेशाभिमुखं, वलितस्तज्जिहीर्षया ।
पुनः प्रवृद्धानुशयः, स्तेयमायाविलुप्तधीः ।।२१०।।

શ્લોકાર્થ :-

વળી, પ્રવૃદ્ધ અનુશયવાળો, સ્તેય અને માયાથી વિલુપ્ત બુદ્ધિવાળો એવો હું તેને ગ્રહણ કરવાની ઈચ્છાથી=દાટેલા રત્નને ગ્રહણ કરવાની ઈચ્છાથી, ઈષ્ટપ્રદેશને અભિમુખ વળ્યો. ।।૨૧૦।।

શ્લોક :-

इतश्च विमलेनाहं, जिनगेहान्निरीयुषा ।
न दृष्टो जातचिन्तेन, वने शेषे गवेषितः ।।२११।।

શ્લોકાર્થ :-

આ બાજુ જિનગૃહથી નીકળતા એવા વિમલ વડે હું જોવાયો નહીં. થયેલી ચિંતાવાળા તેના વડે શેષવનમાં ગવેષણા કરાઈ. ।।૨૧૧।।

શ્લોક :-

तत्रानासाद्य सर्वत्रान्वेषितो नगरेऽप्यहम् ।
तत्राप्यदृष्ट्वा सर्वत्रान्वेषकाः प्रेषिता नराः ।।२१२।।

શ્લોકાર્થ :-

ત્યાં નહીં પ્રાપ્ત કરીને સર્વત્ર નગરમાં પણ હું અન્વેષણ કરાયો. ત્યાં પણ નહીં જોઈને=નગરમાં પણ મને નહીં જોઈને, સર્વત્ર અન્વેષણ કરનારા મનુષ્યો મોકલાયા. ।।૨૧૨।।

શ્લોક :-

दृष्टस्तेष्वहमेकेनागच्छन्नुक्तश्च वर्तते ।
विमलस्त्वद्वियोगेन, वामदेव ! भृशातुरः ।।२१३।।

શ્લોકાર્થ :-

તેઓમાં=અન્વેષણા કરવા માટે મોકલેલા માણસોમાં, એક વડે આવતો એવો હું જોવાયો. અને કહેવાયું. હે વામદેવ ! તારા વિયોગથી અત્યંત આતુર વિમલ વર્તે છે. ।।૨૧૩।।

શ્લોક :-

ततो ध्यातं मया नाहं, विमलेनास्मि लक्षितः ।
गतं भयं मे नीतोऽहं, पार्श्वं च विमलस्य तैः ।।२१४।।

શ્લોકાર્થ :-

તેથી મારા વડે=વામદેવ વડે, વિચારાયું. હું વિમલ વડે જણાયો નથી. મારો ભય ગયો. હું વિમલની પાસે તેઓ વડે=માણસો વડે, લઈ જવાયો. ।।૨૧૪।।

શ્લોક :-

स्नेहेनालिङ्गितस्तेन, द्वाभ्यां मुक्ताऽश्रुधोरणी ।
सव्याजाव्याजचित्ताभ्यां, पप्रच्छ विमलस्ततः ।।२१५।।

શ્લોકાર્થ :-

સ્નેહથી તેના વડે=વિમલ વડે, આલિંગિત કરાયો, સવ્યાજ અવ્યાજ ચિત્તવાળા બંને દ્વારા=વામદેવ દ્વારા માયાવાળા ચિત્ત વડે અને વિમલકુમાર દ્વારા નિર્મળ ચિત્ત વડે, અશ્રુના પ્રહાર મુકાયા. ત્યારપછી વિમલે પૂછ્યું. ।।૨૧૫।।

શ્લોક :-

वामदेव ! वदेयन्तं, कालं किमनुभूतवान् ।
मयोक्तं त्वयि चैत्यान्तः, प्रविष्टे प्रविविक्षुणा ।।२१६।।

मयाऽम्बरचरी दृष्टा, समायान्ती नभोऽध्वना ।
प्रभोद्भासितदिक्चक्रा, पुण्यलावण्यशालिनी ।।२१७।।

શ્લોકાર્થ :-

હે વામદેવ ! તું કહે, આટલો કાળ શું અનુભવ કર્યો ? મારા વડે= વામદેવ વડે કહેવાયું. ચૈત્યની અંદર તેં પ્રવેશ કર્યે છતે, પ્રવેશ કરવાની ઈચ્છાવાળા એવા મારા વડે, પ્રભાથી ઉદ્ભાસિત કર્યું છે દિશાઓનું ચક્ર જેણીએ એવી, પુણ્ય અને લાવણ્યશાળી, આકાશમાર્ગથી આવતી વિદ્યાધરી જોવાઈ. ।।૨૧૬-૨૧૭।।

શ્લોક :-

आकृष्टासिश्च लेखेव, चान्द्री रुद्राहिभीषणा ।
गतस्तां प्रेक्ष्य भीप्रेमकरम्बितरसान्तरम् ।।२१८।।

શ્લોકાર્થ :-

ખેંચાયેલી તલવારવાળી, લેખા જેવી, ચાંદ્રી, રુદ્રસર્પથી ભીષણ એવી વિદ્યાધરી જોવાઈ, એમ પૂર્વશ્લોકાર્થ સાથે સંબંધ છે. તેને જોઈને ભય અને પ્રેમથી યુક્ત રસાંતરને હું પામ્યો. ।।૨૧૮।।

શ્લોક :-

तदैवोत्पाट्य नीतः खे, हा कुमारेत्यहं रटन् ।
तया स्तनोपपीडं च, सस्नेहमवगूहितः ।।२१९।।

શ્લોકાર્થ :-

ત્યારે જ=જ્યારે મેં વિદ્યાધરીને જોઈ ત્યારે જ 'હા કુમાર' એ પ્રમાણે રટન કરતો હું ઉપાડીને આકાશમાં લઈ જવાયો, તેણી વડે સ્તનથી ઉપપીડનને સ્નેહ સહિત અવગૂહિત હું કરાયો. ।।૨૧૯।।

શ્લોક :-

प्रतिभाता विषसमा, रतार्थनपराऽपि सा ।
चुम्बन्ती च बलाद् वक्त्रं, त्वया विरहितस्य मे ।।२२०।।

अत्रान्तरे समायाता, तत्राम्बरचरी परा ।

साऽपि मय्यभिलाषं च, गता दृष्ट्वैव मन्मुखम् ।।२२१।।

શ્લોકાર્થ :-

કામની પ્રાર્થનામાં તત્પર પણ તે=વિદ્યાધરી, બલથી મુખને ચુંબન કરતી, તારાથી વિરહિત મને વિષસમાન પ્રતિભાસિત થઈ. એટલામાં બીજી વિદ્યાધરી ત્યાં આવી, તે પણ મારા મુખને જોઈને જ મારામાં અભિલાષવાળી થઈ. ।।૨૨૦-૨૨૧।।

શ્લોક :-

उद्दालने प्रवृत्तायां, मम तस्यां तयोरभूत् ।

घोरं परस्परं युद्धं, तयोः खेचरयोषितोः ।।२२२।।

શ્લોકાર્થ :-

તે બંનેની મને ઉદ્દાલનમાં=ઝૂંટવામાં પ્રવૃત્તિ, થયે છતે=બીજી વિદ્યાધરીની પ્રવૃત્તિ થયે છતે, તે બંને વિદ્યાધર સ્ત્રીઓનું પરસ્પર ઘોર યુદ્ધ થયું. ।।૨૨૨।।

શ્લોક :-

- अथाकुलायाः खेचर्याः, पतितः फलवत् करात् ।

चूर्णिताङ्गोऽपि नष्टोऽहं, पुनः संहृतिभीतिभाग् ।।२२३।।

શ્લોકાર્થ :-

હવે આકુલ એવી ખેચરીના હાથથી ફલની જેમ પડેલો ચૂર્ણિત અંગવાળો પણ સંહરણના ભયને ભજનારો એવો હું ફરી નાસ્યો. ।।૨૨૩।।

શ્લોક :-

अमीभिः पुरुषैर्दृष्टः प्रापितोऽहं त्वदन्तिके ।

कुमार मारजैत्रेदमनुभूतं स्फुटं मया ।।२२४।।

શ્લોકાર્થ :-

આ પુરુષો વડે જોવાયેલો હું તારી પાસે આવ્યો, હે કુમાર ! મૃત્યુને જીતનારા એવા મારા વડે આ સ્પષ્ટ અનુભવાયું. ।।૨૨૪।।

શ્લોક :-

तच्छ्रुत्वाऽनुपधिस्नेहाद् रञ्जितो विमलो मयि ।
प्रत्यायितो मुग्ध इति, हृष्टा बहुलिका च मे ।।२२५।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને અનુપધિ એવા સ્નેહથી=માયા વગરના એવા સ્નેહથી, મારામાં વિમલ રંજિત થયો. મુગ્ધ છે એ પ્રમાણે જણાયો=મારા વડે જણાયો, મારી બહુલિકા=માયા, હર્ષિત થઈ. ।।૨૨૫।।

શ્લોક :-

अत्रान्तरे मग्न इवाम्भोधौ दष्ट इवाहिना ।
कामप्यहं दशां प्राप्तः, शोच्यां प्लुष्ट इवाग्निना ।।२२६।।

શ્લોકાર્થ :-

એટલામાં સમુદ્રમાં મગ્નની જેમ, સાપ વડે દંશાયેલાની જેમ, અગ્નિથી બળાયેલાની જેમ કોઈપણ શોચ્યદશાને હું પામ્યો=ખરાબ દશાને પામ્યો. ।।૨૨૬।।

શ્લોક :-

उत्थितं शूलमुदरे, विलूने इव लोचने ।
तीव्रा शिरोर्तिरुदिता, त्रुटितं सन्धिबन्धनैः ।।२२७।।

શ્લોકાર્થ :-

ઉદરમાં શૂલ ઉત્થિત થયું, બે લોચનો નષ્ટ જેવાં થયાં, માથાનો દુઃખાવો તીવ્ર થયો, સંધિબંધનોથી તૂટવા લાગ્યો. ।।૨૨૭।।

શ્લોક :-

उल्ललास महाश्वासो, विमलो व्याकुलोऽभवत् ।
वैद्यमण्डलमाहूय, कारिता भेषजक्रिया ।।२२८।।

શ્લોકાર્થ :-

મહાશ્વાસ ઉલ્લસિત થયો, વિમલ વ્યાકુલ થયો, વૈદ્યમંડલને બોલાવીને ઔષધ ક્રિયા કરાવાઈ. ।।૨૨૮।।

શ્લોક :-

विशेषो न तया जातो, विमलो रत्नमस्मरत् ।
गतो वनप्रदेशं तं, यत्नतस्तन्निरूपितम् ।।२२९।।

શ્લોકાર્થ :-

તેનાથી=ભૈષજ ક્રિયાથી, વિશેષ થયો નહીં, વિમલને રત્નનું સ્મરણ થયું, તે વનપ્રદેશમાં ગયો, યત્નથી તે રત્નને શોધ્યું. ।।૨૨૯।।

શ્લોક :-

अदृष्ट्वा तत्र तद् रत्नं, हा जीविष्यत्यसौ कथम् ।
इति चिन्तापरोऽभ्यर्णं, विमलो मे समागतः ।।२३०।।

શ્લોકાર્થ :-

ત્યાં તે રત્નને નહીં જોઈને, આ=વામદેવ, કેવી રીતે જીવશે એ પ્રકારે ચિંતામાં પર વિમલ મારી પાસે આવ્યો. ।।૨૩૦।।

શ્લોક :-

अत्रान्तरे प्रादुरभूदेका वृद्धनितम्बनी ।
करालरूपा निर्मुक्तफेत्कारा विलुलत्कचा ।।२३१।।

શ્લોકાર્થ :-

એટલામાં વિકરાળ રૂપવાળી, નિર્મુક્ત ફેત્કારવાળી, લટકતા હાથવાળી, એક વૃદ્ધ સ્ત્રી પ્રાદુર્ભૂત થઈ. ।।૨૩૧।।

શ્લોક :-

भीतो जनः कृता पूजा, पृष्टा धूपं प्रदाय सा ।
का त्वं भट्टारिकेऽसीति, साऽऽहास्मि वनदेवता ।।२३२।।

શ્લોકાર્થ :-

લોક ભય પામ્યો, પૂજા કરાઈ, હે ભટ્ટારિક ! તું કોણ છો ? એ પ્રકારે ધૂપ કરીને તે પુછાઈ, તે બોલી, હું વનદેવતા છું. ।।૨૩૨।।

શ્લોક :-

मयैव वामदेवोऽयं, विहितो मृतसन्निभः ।
यदनेनापदम्भोऽपि, विमलो वञ्चितः सुहृत् ।।२३३।।

શ્લોકાર્થ :-

મારા વડે જ આ વામદેવ મરેલા જેવો કરાયો છે. જે કારણથી આના વડે=વામદેવ વડે આપદમ્ભો પણ=આપત્તિઓમાં દેવ જેવો પણ, વિમલ મિત્ર ઠગાવાયો. ।।૨૩૩।।

શ્લોક :-

अस्य रत्नं हृतं न्यस्तं, प्रदेशेऽन्यत्र पाप्मना ।
गृहीत्वा तद्धिया नष्टः, पाषाणं पुनरागतः ।।२३४।।
दृष्ट्वा ग्रन्थिस्थपाषाणमानीतो राजपुरुषैः ।
आलजालमिदं चक्रे, वृत्तमित्यखिलं मम ।।२३५।।
वनदेवतया प्रोक्तं, तद्देशस्थं च दर्शितम् ।
रत्नमाह च सा दुष्टो, हन्तव्योऽयं मयाऽधुना ।।२३६।।

શ્લોકાર્થ :-

આનું રત્ન=વિમલનું રત્ન, હરાયું, પાપી એવા વામદેવ વડે અન્ય પ્રદેશમાં સ્થાપન કરાયું. તદ્બુદ્ધિથી પાષાણને ગ્રહણ કરીને નાસ્યો, ગ્રંથિમાં રહેલા પાષાણને જોઈને ફરી આવ્યો. રાજપુરુષો વડે લવાયો,

આલજાલ એ પ્રમાણે અખિલ મારો વૃત્તાંત વનદેવતા વડે કહેવાયો અને તે દેશમાં રહેલું રત્ન બતાવાયું અને તે=વનદેવતા, કહે છે – દુષ્ટ એવો આ મારા વડે હણવા યોગ્ય છે. ॥૨૩૪થી ૨૩૬॥

શ્લોક :-

विमलः प्राह मा कार्षीरित्थमस्यानघे ! व्यथाम् ।
निहतोऽहं भविष्यामि, हते ह्यस्मिंस्तपस्विनि ॥२३७॥

શ્લોકાર્થ :-

વિમલ કહે છે. હે અનઘા વનદેવતા ! આની=વામદેવની, આ પ્રકારની વ્યથાને તું કર નહિ, આ તપસ્વી હણાયે છતે હું હણાયેલો થઈશ. ॥૨૩૭॥

શ્લોક :-

वनदेवतया मुक्तो, विमलप्रार्थनात् ततः ।
हसितो बालसार्थेन, निखिलैर्निन्दितो जनैः ॥२३८॥

શ્લોકાર્થ :-

ત્યારપછી વિમલની પ્રાર્થનાથી વનદેવતા વડે મુકાયો, બાલસમુદાયોથી હસાયો, બધા લોકો વડે નિંદા કરાયો. ॥૨૩૮॥

શ્લોક :-

बहिष्कृतोऽहं स्वजनैर्लघु जातस्तृणादपि ।
तथापि प्राक्तनस्थित्या, विमलो मां विलोकते ॥२३९॥

શ્લોકાર્થ :-

સ્વજનો વડે હું બહિષ્કાર કરાયો, તૃણથી પણ હલકો થયો તોપણ પૂર્વની સ્થિતિથી વિમલ મને જુએ છે. ॥૨૩૯॥

શ્લોક :-

न विप्रियं दर्शयति, भाषते मूर्खभाषितैः ।
न शोच्यं भवता मित्र ! दुराराधो ह्ययं जनः ॥२४०॥

શ્લોકાર્થ :-

પિપ્રિય બતાવતો નથી, કહે છે, મૂર્ખભાષિત લોકો વડે, તારા વડે શોક કરવો જોઈએ નહિ, હિ=જે કારણથી, હે મિત્ર વામદેવ ! આ જન દુરારાધ છે=આ લોકો સમજાવી શકાય તેવા નથી. ।।૨૪૦।।

શ્લોક :-

दुष्टेऽपि मयि शिष्टत्वं, विमलो नैव यज्जहौ ।
छिन्दतोऽपि तरोश्छायां, प्रकृतिर्ददतो हि सा ।।२४१।।

શ્લોકાર્થ :-

દુષ્ટ પણ મારામાં વિમલે જે શિષ્ટપણું છોડ્યું નહિ. છાયાને આપતા, છેદાતા પણ વૃક્ષની તે પ્રકૃતિ છે. ।।૨૪૧।।

શ્લોક :-

सज्जनाः सज्जना एव, दुर्जना एव दुर्जनाः ।
विशदा न तमोव्यूहा, मलिना न विधोः कराः ।।२४२।।

શ્લોકાર્થ :-

સજ્જનો સજ્જન જ છે. દુર્જનો દુર્જન જ છે. અંધકારનો સમૂહ વિશદ નથી, ચંદ્રનાં કિરણો મલિન નથી.

ચંદ્રનાં કિરણો મલિન નથી એમ સજ્જનો સજ્જન જ છે. અંધકારનો સમૂહ વિશદ નથી, તેમ દુર્જનો દુર્જન જ છે. ।।૨૪૨।।

શ્લોક :-

खलतायास्तथा दृष्टिः, सज्जनेन बहिष्कृता ।
खलचेष्टां यथा नायं, पुरःस्थामपि पश्यति ।।२४३।।

શ્લોકાર્થ :-

સજ્જન વડે ખલતાની દષ્ટિ તે પ્રકારે બહિષ્કૃત કરાઈ, જે પ્રમાણે

આ=સજ્જન=સજ્જન એવો વિમલ, સન્મુખ રહેલી પણ ખલચેષ્ટા=વામદેવની ખલચેષ્ટા, જોતો નથી. ॥૨૪૩॥

શ્લોક :-

विमलेनाश्रित इति, स्नेहात् त्यक्तोऽप्यहं जनैः ।
मदन्वितोऽन्यदा प्राप्तो, विमलो जिनमन्दिरम् ॥२४४॥

શ્લોકાર્થ :-

લોકો વડે ત્યાગ કરાયેલો પણ હું, સ્નેહથી વિમલ વડે આશ્રિત છું, એથી અન્યદા મારાથી યુક્ત જિનમંદિરે આવ્યો. ॥૨૪૪॥

શ્લોક :-

स्तोतुं प्रावर्तताऽर्हन्तं, स विधायाखिलां क्रियाम् ।
अत्रान्तरे रत्नचूडः, संप्राप्तः खेचरान्वितः ॥२४५॥

શ્લોકાર્થ :-

અખિલ ક્રિયાને કરીને=ભગવાનની ભક્તિની અન્ય સર્વ ક્રિયાઓ કરીને તે=વિમલ, અરિહંતની સ્તુતિ કરવા માટે પ્રવૃત્ત થયો. એટલામાં ખેચરોથી અન્વિત રત્નચૂડ પ્રાપ્ત થયો=તે સ્થાનમાં આવ્યો. ॥૨૪૫॥

શ્લોક :-

आकर्ण्य सोऽथ मधुरां, विमलस्य स्तुतिध्वनिम् ।
सह स्त्रिया च खचरैश्चित्रन्यस्त इव स्थितः ॥२४६॥

શ્લોકાર્થ :-

હવે વિમલની મધુર સ્તુતિ ધ્વનિને સાંભળીને તે=રત્નચૂડ, સ્ત્રી અને ખેચરો સહિત ચિત્રન્યસ્ત=ચિત્રમાં સ્થાપેલાની જેમ સ્થિર રહ્યો. ॥૨૪૬॥

શ્લોક :-

अथ तुष्टाव विमलः, पश्यन्निव पुरःस्थितम् ।
उद्भिन्नपुलकोऽर्हन्तं, गम्भीरमधुरध्वनिः ॥२४७॥

શ્લોકાર્થ :-

હવે આગળમાં રહેલાની જેમ અરિહંતને જોતા, ઉદ્ભિન્ન પુલકવાળા=પુલકિત અંગવાળા, ગંભીર મધુર ધ્વનિવાળા વિમલે સ્તુતિ કરી. ।।૨૪૭।।

શ્લોક :-

नृत्यन्निव ध्यानलयैर्भृशं मज्जन्निवामृते ।
क्षालयन्निव कल्याणीभक्तिर्हर्षाश्रुभिर्मलम् ।।२४८।।

શ્લોકાર્થ :-

ધ્યાનલયથી જાણે નૃત્ય કરતા, અમૃતમાં જાણે ડૂબતા, કલ્યાણની ભક્તિવાળા, હર્ષના અશ્રુથી જાણે મલને ધોતા એવા વિમલે સ્તુતિ કરી, એ પ્રમાણે પૂર્વના શ્લોક સાથે સંબંધ છે. ।।૨૪૮।।

શ્લોક :-

पुण्याब्धिविस्तारकरः सुवृत्तः, पीयूषवर्षी तमसां विहन्ता ।
करोति मन्नेत्रचकोरकस्य, मुदं भवानिन्दुरिवोरुदीप्तिः ।।२४९।।

શ્લોકાર્થ :-

પુણ્યરૂપી સમુદ્રના વિસ્તારને કરનારા=ભગવાન પુણ્યરૂપી સમુદ્રના વિસ્તારને કરનારા, સુંદર આચારવાળા, અમૃતને વરસાવનારા=યોગ્ય જીવોમાં સન્માર્ગરૂપી અમૃતને વરસાવનારા, અંધકારને હણનારા જાણે ચંદ્રની મનોહર દીપ્તિ જેવા એવા તમે મારા નેત્રરૂપી ચકોરને આનંદ કરો છો. ।।૨૪૯।।

શ્લોક :-

भक्तिं चरीकर्ति विभो ! त्वदीया-माज्ञांबरीभर्ति च यो विशुद्धाम् ।
न संसरीसर्ति स तस्य नूनम्, पुरो नरीनर्ति महोदयश्रीः ।।२५०।।

શ્લોકાર્થ :-

હે વિભુ ! તમારી ભક્તિને જે અત્યંત કરે છે અને વિશુદ્ધ એવી

તમારી આજ્ઞાને જે અત્યંત ધારણ કરે છે, તે સંસારમાં વારંવાર ભટકતો નથી. ખરેખર તેની આગળ મહોદયશ્રીઃ અત્યંત નાચે છે. ।।૨૫૦।।

શ્લોક :-

न विस्मयो मोहमलिम्लुचो यत्, त्वद्ध्यानभाजो बहिरेति चित्तात् ।
पञ्चाननाधिष्ठितकाननात् किम्, शृगालबालो न पलायते वा ।।२५१।।

શ્લોકાર્થ :-

વિસ્મય નથી. જે તમારા ધ્યાનને ભજનારા જીવના ચિત્તથી મોહરૂપી ચોરટો બહિર્ જાય છે (તે વિસ્મય નથી). શું સિંહથી અધિષ્ઠિત જંગલથી શૃગાલનું બાળ=શિયાળનું બાળક પલાયન થતું નથી.

જેના ચિત્તમાં સિંહ જેવા પરમ ગુરુ વસેલા છે, તેના ચિત્તમાં આત્માના પારમાર્થિક સ્વરૂપના અજ્ઞાનરૂપ શૃગાલબાલ જેવો મોહરૂપી ચોરટો પલાયન થાય છે. **।।૨૫૧।।**

શ્લોક :-

प्रशान्तदृष्टिं स्थिरसन्निवेशाम्, विकारहीनामतिसुप्रसन्नाम् ।
न नाथ ! मुद्रामपि तीर्थिकास्तेऽनुकुर्वते क्वान्यगुणप्रवृत्तिः ।।२५२।।

શ્લોકાર્થ :-

હે નાથ ! પ્રશાંત દૃષ્ટિવાળી, સ્થિર સન્નિવેશવાળી, વિકારોથી હીન, અતિ સુપ્રસન્ન એવી તારી મુદ્રાને પણ તીર્થિકો=અન્ય દર્શનવાળા ઈશ્વરો, અનુકરણ કરતા નથી, અન્ય ગુણની પ્રવૃત્તિ ક્યાંથી હોય ?

તીર્થંકરોની પ્રતિમાની મુદ્રા જેવી પ્રશાંત દૃષ્ટિ આદિવાળી છે. તેવી તે તે દર્શનના ઇષ્ટદેવોની મુદ્રા નથી, તેથી તીર્થંકરો જેવા અપાય અપગમાદિ અન્ય ગુણોની પ્રવૃત્તિ તો તેઓમાં ક્યાંથી હોય ? **।।૨૫૨।।**

શ્લોક :-

जगद्धृतं येन दुराशयेन, सोऽपि त्वयाऽहन्यत मोहमल्लः ।
भानुः समुद्यन् प्रबलप्रतापः, सर्वंकषं किं न तमः प्रमार्ष्टि ? ।।२५३।।

શ્લોકાર્થ :-

જે દુરાશય વડે જગતને ધારણ કરાયું, તે મોહમલ્લ પણ તમારા વડે હણાયો, પ્રબલ પ્રતાપવાળો ઉદય પામતો સૂર્ય સર્વંકષ એવા અંધકારને= સર્વને દૃષ્ટિ અગોચર કરનાર અંધકારને, શું નાશ કરતો નથી.

ભગવાને દુરાશય એવા અજ્ઞાનરૂપી મોહમલ્લને નાશ કર્યો છે, જેમ પ્રબલ પ્રતાપવાળો સૂર્ય ગાઢ અંધકારનો નાશ કરે છે, તેથી "જ્ઞાનના પ્રબલ પ્રતાપના બળથી ભગવાને અજ્ઞાનરૂપી મોહનો નાશ કર્યો છે" એ સ્વરૂપે વિમલ ભગવાનની સ્તુતિ કરે છે, જેથી તેવો બળસંચય પોતાનામાં પ્રગટ થાય. **॥૨૫૩॥**

શ્લોક :-

त्वदाननेन्दुं जिनराज ! दृष्ट्वा, मनो मदीयं द्रवतीन्दुकान्तम् ।
शमामृतापूर्णगुणालवालैः, प्रवर्धतां त्वत्करुणालतान्तः ।।२५४।।

શ્લોકાર્થ :-

હે જિનરાજ ! તમારા મુખરૂપી ચંદ્રને જોઈને ઇન્દુકાંતરૂપ મન દ્રવે છે. તમારી કરુણાની લતાવાળું અંતઃકરણ=મારું મન, શમરૂપી અમૃતથી પૂર્ણ ગુણના ક્યારાઓથી પ્રવર્ધમાન પામો.

વિમલકુમારે પોતાનું મન ભગવાનના ગુણોને ઝીલે તેવું ઇન્દુકાંત જેવું બનાવ્યું છે, તેથી જેમ ચંદ્રને જોઈને ઇન્દુકાંત મણિ દ્રવે છે, તેમ ભગવાનના ગુણોને જોઈને વિમલકુમારનું મન તે તે ગુણોને અભિમુખ ગમન સ્વરૂપ દ્રવે છે અને ભગવાન શમરૂપી અમૃતના ગુણવાળા છે, તેઓના અવલંબનથી ભગવાનની જે પોતાના ઉપર કરુણા છે, તેનાથી પોતાના ચિત્તમાં ગુણવૃદ્ધિને અનુકૂળ જે લતા ઉત્પન્ન થઈ છે તે પ્રવૃદ્ધિને પામો. એ પ્રકારનો અભિલાષ વિમલકુમાર કરે છે. **॥૨૫૪॥**

શ્લોક :-

निहत्य मिथ्यात्वपिशाचमीश !, तव प्रसादात् पटुतां गतोऽस्मि ।
तथाऽपि तृष्णा छलयत्यहो मां, स्वामिन् ! पिशाची विनिवारयैनाम् ।।२५५।।

શ્લોકાર્થ :-

હે ઈશ્વર ! તમારા પ્રસાદથી મિથ્યાત્વરૂપી પિશાચને હણીને હું પટુતાને પામેલો છું તોપણ અહો, મને તૃષ્ણા પીડે છે, હે સ્વામી ! આ પિશાચીનું તમે નિવારણ કરો.

વિમલકુમાર ભગવાનને જોઈને ભગવાનના પ્રસાદથી વિપર્યાસનો નાશ કરી શક્યા. તેથી ભગવાનના પારમાર્થિક સ્વરૂપને જોનારી પટુબુદ્ધિને પ્રાપ્ત કરી અને જેઓને પરમગુરુનું પારમાર્થિક સ્વરૂપ સ્પષ્ટ દેખાતું હોય તેઓને વીતરાગતામાં જ સુખ દેખાય છે, અવીતરાગતામાં દુઃખ દેખાય છે. તેથી તેઓને બાહ્ય પદાર્થોમાં સંશ્લેષરૂપ તૃષ્ણા થાય નહિ, છતાં ચિર અભ્યસ્ત તૃષ્ણા હોવાથી પોતાને તૃષ્ણાનો પરિણામ સૂક્ષ્મ થતો દેખાય છે. તેથી ભગવાનને કહે છે કે પીડા કરનારી એવી આ તૃષ્ણારૂપી પિશાચીનું તમે વારણ કરો. એમ કહીને તૃષ્ણાના ઉચ્છેદનું સદ્વીર્ય વિમલકુમાર સંચય કરે છે. **॥૨૫૫॥**

શ્લોક :-

ममैकतस्त्वद्वचनानुवृत्ति-स्तथाऽन्यतः संसृतिपाशबन्धः ।
बद्धस्य मार्गे गमनं तदेतद् न शोभते त्याजय सर्वबन्धम् ।।२५६।।

શ્લોકાર્થ :-

એકબાજુથી તારા વચનની અનુવૃત્તિ મને છે. બીજી બાજુથી સંસારના પાશનો બંધ છે=સંસારના પરિભ્રમણના કારણીભૂત સંશ્લેષનો પરિણામ છે. બદ્ધ એવા મારું=સંસારના સંશ્લેષના પાશથી બદ્ધ એવા મારું, તે આ=માર્ગમાં ગમન=તમારા વચનના અનુસરણ દ્વારા મોક્ષપથમાં ગમન, શોભતું નથી, સર્વ બંધનનો ત્યાગ કરાવો=સર્વત્ર અસંશ્લેષવાળું ચિત્ત તમે મારામાં પ્રગટ કરો. ॥૨૫૬॥

શ્લોક :-

त्वं निर्घृणः कर्म चमूविनाशे, न मोहबन्धुः परवत् कदाऽपि ।
त्वद्भक्तमच्चित्तविनाशिभूरिभावारिघाते किमुपेक्षसे तत्।।२५७।।

શ્લોકાર્થ :-

શત્રુના નાશમાં તમે નિર્દય કર્મવાળા છો. પરની જેમ અન્ય દર્શનવાળાની જેમ ક્યારેય પણ મોહના બંધુ નથી, તે કારણથી તમારા ભક્ત એવા મારા ચિત્તના વિનાશને કરનારા ઘણા ભાવશત્રુઓના ઘાતમાં તમે કેમ ઉપેક્ષા કરો છો ?=ઉપેક્ષા કરો નહિ.

ભગવાન સાધનાકાળમાં પોતાના કષાયોરૂપી શત્રુઓના નાશમાં નિર્દય કર્મવાળા હતા, પરંતુ અન્ય દર્શનવાળા જેમ મોહને બંધુની જેમ પાલન કરે છે, તેમ તમે ક્યારેય પણ મોહનું બંધુની જેમ પાલન કર્યું નથી, તે કારણથી હે ભગવાન ! તમારા પ્રત્યે ભક્તિવાળા મારા ચિત્તમાં ઉત્તમ ચિત્તને નાશ કરનારા ઘણા ભાવશત્રુઓ વર્તે છે. તેના ઘાતમાં તમે કેમ ઉપેક્ષા કરો છો=જેમ તમે તમારા શત્રુઓનો ઘાત કર્યો, તેમ મારા ચિત્તમાં શત્રુઓનો ઘાત કરવામાં પણ તમે પ્રબળ નિમિત્ત થાઓ. એ પ્રકારે અભિલાષ કરીને વિમલકુમાર પોતાનું સત્ત્વ મોહનાશને અનુકૂળ ઉલ્લસિત કરે છે. **॥૨૫૭॥**

શ્લોક :-

सिक्तोऽस्मि सद्दर्शनतस्त्वयाऽहम्, द्रुमो विवेकैरथ पुष्पितोऽस्मि ।
गुणाश्रयैः पल्लवितोऽस्मि रागैः, कर्मक्षयात् तत् फलिनं कुरुष्व ।।२५८।।

શ્લોકાર્થ :-

વૃક્ષ એવો હું તમારા વડે સદ્દર્શનથી સિંચાયેલો છું અને વિવેકોથી પુષ્પિત છું, ગુણના આશ્રયવાળા રાગોથી પલ્લવિત છું, તે કારણથી કર્મના ક્ષયથી ફલવાળો મને કરો.

ભગવાનના પારમાર્થિક સ્વરૂપના દર્શનથી વિમલકુમારનું ચિત્તરૂપ વૃક્ષ ભગવાનના પારમાર્થિક ગુણોથી સિંચાયેલું છે, તેથી વિમલકુમારનું ચિત્ત વીતરાગતા તરફ જાય છે અને અનેક પ્રકારના ભેદજ્ઞાનરૂપ વિવેકો વડે તે વૃક્ષ પુષ્પિત થાય છે=દેહથી પોતે ભિન્ન છે, બાહ્ય વૈભવાદિથી પોતે ભિન્ન છે ઇત્યાદિ સમ્યગ્ સમાલોચનથી પ્રગટ થયેલા અસંશ્લેષની પરિણતિરૂપ અનેક વિવેકોથી પુષ્પિત છે. વળી, વિમલકુમારનું ચિત્ત ગુણના રાગવાળું છે, તેથી ગુણનો રાગ ગુણવૃદ્ધિ

કરીને વીતરાગગામી એવા ચિત્તરૂપી વૃક્ષને પલ્લવિત કરે છે. ફક્ત વીતરાગતારૂપ ફલ પ્રાપ્ત થયું નથી, તેથી ભગવાનને પ્રાર્થના કરતાં વિમલકુમાર કહે છે, કર્મના નાશથી તમે મારા ચિત્તરૂપી વૃક્ષને ફલવાળું કરો=વીતરાગતારૂપે પ્રગટ કરો. **॥૨૫૮॥**

શ્લોક :-

नरेन्द्रदेवेन्द्रविभूतयो यास्तवांह्रिभक्तेरनुषङ्गलभ्याः ।
न तासु लुब्धं मम चित्तमुच्चैर्मुख्ये फले धावति मोक्ष एव ।।२५९।।

શ્લોકાર્થ :-

તમારા ચરણની ભક્તિથી અનુષંગલભ્ય એવી જે નરેન્દ્ર-દેવેન્દ્રની વિભૂતિઓ છે, તેમાં મારું ચિત્ત અત્યંત લુબ્ધ નથી, મુખ્ય ફલ એવા મોક્ષમાં જ દોડે છે. ।।૨૫૯।।

શ્લોક :-

कथं समर्थोऽपि कषायलुप्तं, मां वीक्ष्य चित्ते करुणां न धत्से ?।
अमी कषायाः स्फुटपौरुषस्य, हुङ्कारमात्रेण तव म्रियन्ते ।।२६०।।

શ્લોકાર્થ :-

કષાયથી લુપ્ત એવા મને જોઈને સમર્થ પણ તમે ચિત્તમાં કરુણાને કેમ ધારણ કરતા નથી ? સ્પષ્ટ પૌરુષવાળા એવા તમારા હુંકારા માત્રથી આ કષાયો મરી જાય છે.

વિમલકુમાર પરમગુરુ સાથે પોતાની અભેદ બુદ્ધિને અત્યંત સ્થિર કરીને કહે છે કે કષાયોથી લુપ્ત એવા મને જોઈને આત્મામાં વર્તતો વીતરાગને અવલંબીને થયેલો વીતરાગભાવ તેને નાશ કરવામાં સમર્થ છે, છતાં ભગવાન તે પ્રકારે કરુણા કેમ કરતા નથી, જેથી તમારા અવલંબનથી મારા કષાયો નાશ પામે; કેમ કે સ્પષ્ટ પૌરુષવાળા એવા ભગવાનને અવલંબીને થયેલો હુંકારા માત્રરૂપ વીતરાગભાવને અનુકૂળ યત્નથી આ કષાયો મરે છે. આથી જ ક્ષપકશ્રેણીમાં ચડેલા મહાત્માઓના ચિત્તમાં વીતરાગના વચનનો હુંકારો ઉલ્લસિત થાય છે. જેથી તત્ક્ષણ સર્વ કષાયો મરે છે. **॥૨૬૦॥**

શ્લોક :-

किं कृत्रिमोऽस्ति त्वयि मेऽनुरागो, नाहं कृपायास्तव भाजनं यत् ।
निरीक्षितोऽहं कृपया त्वया तु, पिबामि कुम्भोद्भववद् भवाब्धिम् ।।२६१।।

શ્લોકાર્થ :-

શું તમારા વિશે મારો અનુરાગ કૃત્રિમ છે ? જે કારણથી હું તમારી કૃપાનું ભાજન નથી ? વળી કૃપાથી તમારા વડે જોવાયેલો હું ભવરૂપી સમુદ્રને કુંભના ઉદ્ભવની જેમ પીઉં.

વિમલકુમાર ભગવાનને સ્તુતિ કરતાં કહે છે કે મારો તમારામાં શું કૃત્રિમ અનુરાગ છે, જેથી તમારી કૃપાનું ભાજન થતો નથી=તમારા તુલ્ય વીતરાગ થવામાં મહાપરાક્રમ કરવા સમર્થ થતો નથી, એમ કહીને પોતાનું સદ્વીર્ય વીતરાગની કૃપાનું ભાજન કરવા ઉલ્લસિત કરે છે અને કહે છે કે કૃપાથી જો તમે મારા ઉપર જુઓ તો મારો ભવરૂપી સમુદ્ર કુંભ જેટલો પરિમિત બની જાય, જેથી તેટલા ભવરૂપી સમુદ્રને પીને ભવથી મુક્ત થાઉં=જો તમારી કૃપાથી મારામાં વીતરાગતા પ્રગટે તો અશેષ અઘાતિ કર્મના કારણે મારો ભવરૂપી સમુદ્ર કુંભ જેટલો બને તો હું તેને ભોગવીને ભવ મુક્ત થાઉં. **॥૨૬૧॥**

શ્લોક :-

कायः प्रणामैकरतस्तवायं, स्तोत्री गुणानां तव भारती मे ।
त्वय्येव लीनं हृदयं सदेति, स्वकिङ्करे किं कुरुषे न तोषम् ?।।२६२।।

શ્લોકાર્થ :-

તમારા પ્રણામમાં એકરત આ કાય છે, તમારા ગુણોની સ્તુતિ કરનારી મારી વાણી છે, તમારામાં જ સદા હૃદય લીન છે, એથી સ્વકિંકરમાં તોષ કેમ કરતા નથી ?

જેઓ જિનવચન અનુસાર અપ્રમાદપૂર્વક કાયાને પ્રવર્તાવે છે, તેઓની કાયા વીતરાગ થવાને અનુકૂળ યત્નમાં એકરત છે, જેઓ ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક ભગવાનના વચનથી નિયંત્રિત વચનપ્રયોગ કરે છે, તેઓની વાણી ભગવાનની સ્તુતિમાં લીન છે અને જેઓનું ચિત્ત સદા વીતરાગના ગુણોમાં

લીન છે, તેઓ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા છે, એવા કિંકરરૂપ મારા આત્મામાં તમે કેમ તોષ કરતા નથી ? એમ કહીને પરમગુરુના વચનને ચિત્તમાં અત્યંત ઉલ્લસિત કરવા દ્વારા વિમલકુમાર વીતરાગ થવાને અનુકૂળ વીર્ય ઉલ્લસિત કરે છે. **॥૨૬૨॥**

શ્લોક :-

माता पिता त्वं मम नायकश्चानौपाधिकस्त्वं जिन ! बान्धवो मे ।
फलं ततो भक्त्युचितं प्रदेहि, किमालजालैर्मम विप्रलापैः ।।२६३।।

શ્લોકાર્થ :-

તમે મારા માતા છો, પિતા છો, અનૌપાધિક નાયક છો. હે જિન ! મારા બાંધવ છો. તેથી ભક્તિને ઉચિત ફલને આપો. મારા અસંબદ્ધ પ્રલાપ વડે શું ?

ભગવાન પ્રત્યેની ભક્તિના અતિશયથી વિમલકુમાર ભગવાનને કહે છે. તમે જ મારા માતા-પિતા આદિ સ્વરૂપ, હિતકારી સ્વરૂપ છો. તેથી મારી ભક્તિને અનુરૂપ ઉચિત ફલ તમે આપો. **॥૨૬૩॥**

શ્લોક :-

इत्येवं विमलः स्तुत्वा, जिनं यावन्महाशयः ।
पञ्चाङ्गप्रणतिं चक्रे, ब्रह्माद्वैतानुभूतिभाग् ।।२६४।।
तावत् प्रादुरभूद् रत्नचूडः खेचरसंयुतः ।
स्तवनं वीतरागस्य, कृतं साध्वीति कीर्तयन् ।।२६५।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે જ્યાં સુધી મહાશય વિમલ જિનની સ્તુતિ કરીને બ્રહ્માદ્વૈતની અનુભૂતિને ભજનાર પંચાંગ પ્રણિપાતને કરે છે, ત્યાં સુધી વીતરાગનું સ્તવન સુંદર કરાયું, એ પ્રમાણે બોલતો ખેચરથી યુક્ત રત્નચૂડ પ્રગટ થયો.

ભગવાનના ગુણોમાં એકતાનવાળો હોવાથી વિમલકુમાર ઉત્તમ આશયવાળો

છે. બ્રહ્મ સ્વરૂપ ભગવાન સાથે ઉપયોગરૂપે એકત્વની અનુભૂતિ કરનાર છે. તે અવસ્થામાં ભગવાનને જ્યાં સુધી પ્રણિપાત કરે છે, ત્યાં સુધી રત્નચૂડ પ્રગટ થાય છે અને કહે છે કે સુંદર વીતરાગની ભક્તિ કરી. **॥૨૬૪-૨૬૫॥**

શ્લોક :-

धन्यस्त्वं कृतपुण्यस्त्वं, भक्तिर्यस्येदृशी जिने ।
भवात् त्वं मुक्त एवासि, निर्लेपः पद्मपत्रवत् ।।२६६।।

શ્લોકાર્થ :-

તું=વિમલકુમાર ધન્ય છે, તું કૃતપુણ્ય છો. જેને=જે વિમલકુમારને જિનમાં આવી ભક્તિ છે. પદ્મપત્રની જેમ નિર્લેપ ભવથી તું મુક્ત જ છો. ।।૨૬૬।।

શ્લોક :-

अभिनन्द्येति विमलं, जिनं भक्त्याऽभिवन्द्य सः ।
निषण्णो विमलाभ्यर्णे, विधिवच्छुद्धभूतले ।।२६७।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે વિમલને અભિનંદન આપીને ભક્તિથી જિનને વંદન કરીને તે=રત્નચૂડ, વિધિપૂર્વક શુદ્ધ ભૂતલમાં વિમલની પાસે બેઠો.

ભગવાન પ્રત્યેની ભક્તિવાળા અને વિમલના ગુણોથી આવર્જિત ચિત્તવાળા રત્નચૂડ શ્રાવકને ઉચિત યતનાપૂર્વક જીવહિંસા ન થાય તેવા શુદ્ધ ભૂતલમાં વિમલ પાસે બેસે છે. **॥૨૬૭॥**

શ્લોક :-

विधायोचितकर्तव्यं, निषण्णा चूतमञ्जरी ।
विद्याधरनरेन्द्राश्च, निषण्णा नतमौलयः ।।२६८।।

શ્લોકાર્થ :-

ઉચિત કર્તવ્યને કરીને=વિમલ સાથે ઉચિત સંભાષણરૂપ ઉચિત

કર્તવ્યને કરીને ચૂતમંજરી બેઠી અને વિદ્યાધર રાજાઓ નતમસ્તકે બેઠા=વિમલકુમાર પાસે બેઠા. ।।૨૬૮।।

શ્લોક :-

अथ पृष्टसुखोदन्तौ, संलापं तौ प्रचक्रतुः ।
रत्नचूडो जगौ कालविलम्बो यो ममाजनि ।।२६९।।
बुधाचार्यश्च नानीतो, यत् तत्र शृणु कारणम् ।
इतो गतोऽहं वैताढ्ये, दृष्टा माता शुचाऽर्दिता ।।२७०।।
पिता च मद्वियोगार्त्तो, मया संधीरितौ च तौ ।
गते दिने प्रमोदाढ्ये, शय्यायां निश्यहं स्थितः ।।२७१।।
ध्यायतः परमात्मानं, क्षीणकर्मसमुच्चयम् ।
आगता द्रव्यतो निद्रा, भावतो जागरस्य मे ।।२७२।।

શ્લોકાર્થ :-

હવે, પુછાયેલા સુખ ઉદંતવાળા તે બંનેએ=વિમલકુમાર અને રત્નચૂડે પરસ્પર એકબીજાની સુખશાતા આદિ ઉચિત પૃચ્છા કરી છે તેવા તે બંનેએ, સંલાપ શરૂ કર્યો. રત્નચૂડ બોલ્યો, જે મને કાલવિલંબન થયું અને જે કારણથી બુધાચાર્ય લવાયા નહિ તેમાં=કાલવિલંબન અને બુધાચાર્યને નહિ લાવવામાં, કારણને તું સાંભળ. અહીંથી હું વૈતાઢ્યમાં ગયો. માતા શોકથી આર્દિત જોવાઈ અને પિતા મારા વિયોગથી આર્ત હતા અને મારા વડે તે બંને=માતા-પિતા સંધીરણ કરાયાં=સ્વસ્થ કરાયાં. પ્રમોદથી યુક્ત દિવસ પૂરો થયે છતે=માતા-પિતાદિ સાથે ઉચિત પ્રવૃત્તિપૂર્વક દિવસ પૂરો થયે છતે ક્ષીણ કર્મના સમુચ્ચયવાળા પરમાત્માનું ધ્યાન કરતો હું રાત્રે શય્યામાં રહ્યો. ભાવથી જાગતા મને દ્રવ્યથી નિદ્રા આવી.

શય્યામાં સૂતેલા રત્નચૂડને સૂતી વખતે જે પરમાત્માના સ્વરૂપનું સ્મરણ થયું, તેના કારણે ઊંઘમાં પણ પરમગુરુ ભાવથી ચિત્ત સન્મુખ ઉપસ્થિત છે. તેથી ભાવથી આત્મહિતમાં રત્નચૂડ જાગૃત છે, કાયાથી નિદ્રા અવસ્થામાં છે. **।।૨૬૯થી ૨૭૨।।**

શ્લોક :-

उत्तिष्ठ कृतपुण्येति, गिरं शृण्वन्नहं ततः ।
विबुद्धः पुरतोऽद्राक्षं, देवता भास्वरत्विषः ।।२७३।।

શ્લોકાર્થ :-

કરાયેલા પુણ્યવાળો છે એથી ઊઠ, એ પ્રમાણે વાણીને સાંભળતો હું ત્યારપછી જાગ્યો. સન્મુખ ભાસ્વર સ્વરૂપવાળા દેવતાઓને જોયા. ।।૨૭૩।।

શ્લોક :-

ताः प्राहुः पूजनीयोऽसि, जैने धर्मे स्थिरोऽसि यत् ।
रोहिण्याद्या वयं विद्याः, पुण्याकृष्टास्तवागताः ।।२७४।।

શ્લોકાર્થ :-

તેઓ=દેવીઓ, બોલી. તું પૂજનીય છો જે કારણથી જૈન ધર્મમાં સ્થિર છો. તારા પુણ્યથી આકૃષ્ટ રોહિણી આદિ વિદ્યાઓ અમે આવી છીએ.

સામાન્યથી વિદ્યાધર ચક્રવર્તી પણ વિદ્યાઓની સાધના કરીને ચક્રવર્તી બને છે. પરંતુ રત્નચૂડનું ચિત્ત જૈનધર્મમાં અત્યંત સ્થિર છે તેથી જૈનધર્મ પ્રત્યે અનુરાગવાળી રોહિણી આદિ વિદ્યાઓ સાધના વગર સન્મુખ ઉપસ્થિત થઈ છે; કેમ કે જિનધર્મની ભક્તિને કારણે વિદ્યાની પ્રાપ્તિને અનુકૂળ પુણ્ય પ્રકર્ષવાળું થાય છે. **।।૨૭૪।।**

શ્લોક :-

सर्वाः पञ्चनमस्कारमन्त्रमाहात्म्ययन्त्रिताः ।
प्रवेशं ते करिष्यामः, शरीरे पुण्यपावने ।।२७५।।

શ્લોકાર્થ :-

પંચનમસ્કાર મંત્રના માહાત્મ્યથી યંત્રિત એવી અમે સર્વ રોહિણી આદિ વિદ્યાઓ તારા પુણ્ય પાવન શરીરમાં પ્રવેશ કરીશું. ।।૨૭૫।।

શ્લોક :-

भाव्यं चास्मत्प्रवेशेन, भवता चक्रवर्तिना ।
विद्याधरबलं चेदं, द्वारि तिष्ठति भृत्यवत् ।।२७६।।

શ્લોકાર્થ :-

અને અમારા પ્રવેશથી તારા વડે ચક્રવર્તી થવા યોગ્ય છે અને આ વિદ્યાધરબલ સેવકની જેમ દ્વારમાં રહે છે. ॥૨૭૬॥

શ્લોક :-

ततः प्रविश्य प्रणतं, तत् प्रातस्तूर्यनिस्वनैः ।
सह वैतालिकानां च, प्रसृता मधुरा गिरः ।।२७७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી વાજિંત્રોના ધ્વનિ સહિત નમેલા એવા તેનો=વિદ્યાધર બલનો, પ્રવેશ કરાવીને વૈતાલિકોની=રાજાને જગાડવા માટે મંગલ સ્તુતિ કરનાર ભાટ ચારણોની, મધુર વાણી પ્રસૃત થઈ. ॥૨૭૭॥

શ્લોક :-

तदाऽचिन्ति मया नूनमिदं धर्मस्य पाटवम् ।
अतर्कितोपनम्रा यद्, विद्याः सिद्धा ममाखिलाः ।।२७८।।

શ્લોકાર્થ :-

ત્યારે=દેવીઓ રત્નચૂડના શરીરમાં પ્રવેશ કરે છે અને વિદ્યાધર બલ અંદર પ્રવેશ કરે છે ત્યારે, મારા વડે વિચારાયું. ખરેખર ધર્મનું આ પાટવ છે=ધર્મનું આ શ્રેષ્ઠ ફળ છે. જે કારણથી અતર્કિત પ્રાપ્ત થયેલ અખિલ વિદ્યા મને સિદ્ધ થઈ. ॥૨૭૮॥

શ્લોક :-

हर्षस्थानं न चेदं मे, यद् विघ्नोऽयमुपस्थितः ।
विमलेन समं दीक्षाग्रहणं न भविष्यति ।।२७९।।

શ્લોકાર્થ :-

અને આ મને હર્ષનું સ્થાન નથી. જે કારણથી આ વિઘ્ન ઉપસ્થિત થયું. વિમલની સાથે દીક્ષા ગ્રહણ થશે નહિ. ॥૨૭૯॥

શ્લોક :-

उक्तो हेममयो बन्धः, पुण्यं पुण्यानुबन्ध्यपि ।
विद्याभृच्चक्रवर्तित्वमुक्तं मे चन्दनेन च ।।२८०।।

શ્લોકાર્થ :-

પુણ્યાનુબંધી પણ પુણ્ય સુવર્ણમય બંધન કહેવાયું છે અને ચંદન વડે=ચંદન નામના સિદ્ધપુત્ર વડે, મને વિદ્યાધર ચક્રવર્તીપણું કહેવાયું છે.

રત્નચૂડનું માનસ વિમલની સાથે દીક્ષા ગ્રહણને અભિમુખ હતું. તેથી ઉત્તમ ચિત્ત રત્ન સાથે ચક્રવર્તીપણું જે મળ્યું તે પુણ્યાનુબંધી પુણ્યનું ફળ હતું તોપણ તે સોનાની બેડી સ્વરૂપ તેને ભાસે છે. છતાં ચંદન નામના સિદ્ધપુત્રના વચન પ્રત્યે તેને સ્થિર વિશ્વાસ હતો. તે વિશેષ જ્ઞાનના બળથી પોતાને વિદ્યાધર ચક્રવર્તીપણું પ્રાપ્ત થશે, તેમ કહે છે માટે મારે સ્વીકારવું જોઈએ તેવી રત્નચૂડને બુદ્ધિ થાય છે. **॥૨૮૦॥**

શ્લોક :-

तन्मे का गतिरित्येवं, भृशं भावयतस्तनौ ।
विद्याः प्रविष्टा राज्ये चाभिषिक्तोऽहं नभश्चरैः ।।२८१।।

શ્લોકાર્થ :-

તે કારણથી=પુણ્યાનુબંધી પુણ્ય સોનાની બેડી જેવું છે અને ચંદનના વચનાનુસાર મારે વિદ્યાધર ચક્રવર્તી થવાનું છે તે કારણથી, મારી કઈ ગતિ છે ?=વિદ્યાધરચક્રવર્તીપણું સ્વીકાર્યા વિના મારે શું ઉપાય છે ? આ પ્રમાણે અત્યંત ભાવન કરતા શરીરમાં વિદ્યાઓ પ્રવેશ પામી અને વિદ્યાધરો વડે હું રાજ્યમાં અભિષેક કરાયો. ॥૨૮૧॥

શ્લોક :-

नवराज्योचितं कृत्यं, कुर्वतो मे कियत्स्वपि ।
ततो दिनेष्वतीतेषु, त्वदादेशो हृदि स्मृतः ।।२८२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી નવા રાજ્યને ઉચિત કૃત્યને કરતાં મારા કેટલાક પણ દિવસો અતીત થયે છતે તારો આદેશ=વિમલકુમારનું સૂચન, હૃદયમાં સ્મરણ થયું. ।।૨૮૨।।

શ્લોક :-

चिन्तितं च मया सूरिर्न बुधाख्यो गवेषितः ।
नानीतो विमलाभ्यर्णं, प्रमत्तत्वमहो मम ।।२८३।।

શ્લોકાર્થ :-

અને મારા વડે વિચારાયું. બુધ નામના સૂરિ ગવેષણા કરાયા નથી. વિમલ પાસે લવાયા નથી=બુધસૂરિ લવાયા નથી. અહો ! મારું પ્રમત્તપણું. ।।૨૮૩।।

શ્લોક :-

भ्रान्तो भूमण्डलं भूरि, ततोऽहं तं गवेषयन् ।
दृष्टश्चैकत्र नगरे, त्वद्वार्ता च निवेदिता ।।२८४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી હું તેમને=બુધસૂરિની ગવેષણા કરતો ઘણા ભૂમિમંડલમાં ભમ્યો અને એક નગરમાં જોવાયા=બુધસૂરિ જોવાયા અને તારી વાર્તા=વિમલકુમારની વાર્તા નિવેદન કરાઈ=બુધસૂરિને કહેવાઈ. ।।૨૮૪।।

શ્લોક :-

तेनोक्तं भद्र ! गच्छ त्वं, वदेदं विमलाय च ।
पश्चादेष्याम्यहमयं, हेतुस्तद्बन्धुबोधने ।।२८५।।

શ્લોકાર્થ :-

તેના વડે=બુધસૂરિ વડે કહેવાયું. હે ભદ્ર ! રત્નચૂડ ! તું જા અને વિમલને આ કહે=શું કહે તે ગુપ્ત રાખેલ છે એ વિમલને તું કહે. પાછળથી હું આવીશ. આ=જે વિમલને કહેવાનું બુધસૂરિએ કહ્યું એ, તેના બંધુના બોધનનો હેતુ છે. ॥૨૮૫॥

શ્લોક :-

प्रच्छन्नो रत्नचूडेन, विमलायोदितस्ततः ।
बुधाचार्यस्य संदेशः, स तु नाकर्णितो मया ॥२८६॥

શ્લોકાર્થ :-

ત્યારપછી રત્નચૂડ વડે પ્રચ્છન્ન રીતે=ગુપ્ત રીતે વિમલને બુધાચાર્યનો સંદેશ કહેવાયો. પરંતુ તે=બુધાચાર્યનો સંદેશ મારા વડે=વામદેવ વડે સંભળાયો નહિ. ॥૨૮૬॥

શ્લોક :-

रत्नचूडो जगावेवं, विलम्बोऽभून्ममाधुना ।
नानीतो बुधसूरिश्च, विमलः प्राह शोभनम् ॥२८७॥

શ્લોકાર્થ :-

રત્નચૂડ બોલ્યો. આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, મને વિલંબન થયું અને બુધસૂરિ લવાયા નહિ. વિમલ કહે છે, શોભન છે= તેં કર્યું તે સુંદર છે. ॥૨૮૭॥

શ્લોક :-

ततः प्रविष्टाः सर्वेऽपि, नगरे मोदपूरिताः ।
स्वस्थानं रत्नचूडोऽगात्, स्थित्वा द्वित्रांश्च वासरान् ॥२८८॥

શ્લોકાર્થ :-

ત્યારપછી સર્વ પણ આનંદથી પૂરિત નગરમાં પ્રવેશ્યા અને બે-ત્રણ દિવસ રહીને રત્નચૂડ સ્વસ્થાને ગયો. ॥૨૮૮॥

શ્લોક :-

विमलस्तत आरभ्य, मुक्तेरासन्नभावतः ।
तानवात् कर्मजालस्य, सद्भावाभ्यासपाटवात् ।।२८९।।
प्राबल्याज्जीववीर्यस्य, ज्ञानशुद्धेः शमोदयात् ।
राज्यश्रियं नाद्रियते, वपुर्भूषां करोति न ।।२९०।।
बन्धुरग्रामधर्मस्य, न च गन्धमपीच्छति ।
कालं नयति सद्ध्यानाद् विरक्तो भवचारकात् ।।२९१।।

શ્લોકાર્થ :-

ત્યારથી માંડીને મુક્તિનો આસન્નભાવ હોવાને કારણે, કર્મજાળ અલ્પ હોવાથી, સદ્અભ્યાસનું પટુપણું હોવાથી, જીવવીર્યનું પ્રાબલ્ય હોવાથી, જ્ઞાનશુદ્ધિને કારણે શમનો ઉદય હોવાથી, વિમલ રાજ્યની લક્ષ્મીને આશ્રય કરતો નથી, શરીરની ભૂષા કરતો નથી અને મનોહર એવો ગ્રામધર્મની ગંધને પણ ઈચ્છતો નથી. ભવચારકથી વિરક્ત સદ્ધ્યાનથી કાલને પસાર કરે છે.

વિમલકુમારનો સંશ્લેષનો પરિણામ નષ્ટપ્રાયઃ હતો. તેથી મુક્તિનો આસન્નભાવ હતો. વળી સંશ્લેષ આપાદક કર્મો અત્યંત ક્ષીણ થયેલાં હતાં. ઘણા ભવોનો સંયમનો અભ્યાસ હતો. વળી, વિવેકચક્ષુ પ્રગટ થયા પછી વિમલકુમારનું જીવવીર્ય તત્ત્વ સન્મુખ જવા માટે પ્રબલ પ્રવર્તતું હતું. આથી જ ભોગવિલાસથી વિમુખ થઈને ગૃહસ્થ અવસ્થામાં પણ રહેલ છે. જ્ઞાનની શુદ્ધિ પ્રગટ થઈ હોવાથી શમનો ઉદય વર્તતો હતો; કેમ કે સંસારના વાસ્તવિક સ્વરૂપને અને મોક્ષના વાસ્તવિક સ્વરૂપને જોઈ શકે તેવું નિર્મળ જ્ઞાન પ્રગટ થયું હોવાથી કષાયો શાંત વર્તતા હતા. તેથી ભોગવિલાસથી વિરક્ત થઈને મોહનાશને અનુકૂળ ઉત્તમ ધ્યાનમાં ચિત્ત વર્તે છે. **II૨૮૯થી ૨૯૧II**

શ્લોક :-

तं तथाविधमालोक्य, पित्रोश्चिन्तोदपद्यत ।
यदयं यौवनस्थोऽपि, विषयेषु न लीयते ।।२९२।।

શ્લોકાર્થ :-

તેને=વિમલકુમારને તેવા પ્રકારે જોઈને માતા-પિતાને ચિંતા ઉત્પન્ન થાય છે. જે કારણથી યૌવનમાં રહેલો પણ આ=વિમલ, વિષયમાં લીન થતો નથી. ॥૨૯૨॥

શ્લોક :-

तदेतदस्य चरितं, लोकातीतं विजृम्भते ।
मुनिवद् वर्तमानेऽस्मिन्, राज्यं निष्फलमावयोः ॥२९३॥

શ્લોકાર્થ :-

તે આનું=વિમલનું, લોકાતીત ચરિત્ર વિલસે છે. મુનિની જેમ આ વર્તમાન હોતે છતે આપણું રાજ્ય નિષ્ફળ છે. ॥૨૯૩॥

શ્લોક :-

विषयेषु कुमारोऽयं, तत् प्रवर्तिष्यते कथम् ? ।
स्वयमभ्यर्थनीयोऽयं, दाक्षिण्यान्मन्यते यथा ॥२९४॥

શ્લોકાર્થ :-

તે કારણથી=વિમલકુમાર નિર્લેપ રહે છે તેથી આપણું રાજ્ય નિષ્ફળ છે તે કારણથી, આ કુમાર વિષયોમાં કેવી રીતે પ્રવર્તશે ? સ્વયં અભ્યર્થનીય આ છે=વિમલકુમાર છે=જે રીતે દાક્ષિણ્યથી માને=વિમલકુમાર આપણી વાત માને. ॥૨૯૪॥

શ્લોક :-

इति सिद्धान्तयित्वा तौ, गतौ विमलसन्निधौ ।
ऊचतुश्च सुतासि त्वं, राज्यधूर्धरणक्षमः ॥२९५॥

શ્લોકાર્થ :-

આ પ્રમાણે નિર્ણય કરીને તે બંને=માતા-પિતા વિમલકુમાર પાસે ગયાં અને કહ્યું. હે પુત્ર ! રાજ્યધુરાના ધરણમાં તું સમર્થ છો. ॥૨૯૫॥

શ્લોક :-

कृतार्थयसि तारुण्यं, किं न तद्दारसंग्रहैः ।
भुङ्क्षे भोगान् न किं किंवा, न वर्द्धयसि सन्ततिम् ।।२९६।।

શ્લોકાર્થ :-

તે કારણથી=તું યૌવનમાં છો તે કારણથી, કેમ સ્ત્રીઓના સંગ્રહથી તારુણ્યને સફળ કરતો નથી ? કેમ ભોગોને ભોગવતો નથી ? કેમ સંતતિને વધારતો નથી=પુત્ર સંતતિને વધારતો નથી. ॥૨૯૬॥

શ્લોક :-

व्यचिन्ति विमलेनेदं, सूक्तमाभ्यां किलानयोः ।
उपायः प्रतिबोधस्य, भविष्यत्ययमेव हि ।।२९७।।

શ્લોકાર્થ :-

વિમલે વિચાર્યું. આમના વડે=માતા-પિતા વડે આ સુંદર કહેવાયું. ખરેખર આમના=માતા-પિતાના પ્રતિબોધનનો ઉપાય આ જ થશે. ॥૨૯૭॥

શ્લોક :-

ततो बभाषे विमलः, प्रमाणं पितृगीर्मम ।
किन्त्वेष मदभिप्रायः, पितृभ्यामवधार्यताम् ।।२९८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી વિમલ બોલ્યો. પિતાની વાણી મને પ્રમાણ છે. પરંતુ આ મારો અભિપ્રાય માતા-પિતા વડે અવધારણ કરાવ. ॥૨૯૮॥

શ્લોક :-

सुखं संपाद्य सर्वेषां, हत्वा दुःखं च दुःखिनाम् ।
सुन्दरं यत् स्वयं राज्यप्रभुत्वमनुभूयते ।।२९९।।

શ્લોકાર્થ :-

બધાને સુખ પ્રાપ્ત કરાવીને અને દુઃખીઓના દુઃખને હણીને સ્વયં રાજ્યનું પ્રભુત્વ જે અનુભવાય છે, તે સુંદર છે. ॥૨૯૯॥

શ્લોક :-

निराकुलः सुखं भुङ्क्ते, यस्तु लोकेषु दुःखिषु ।
प्रभुता तस्य का नाम, स हि कुक्षिंभरिर्मतः ।।३००।।

શ્લોકાર્થ :-

વળી, જે દુઃખિત લોકો હોતે છતે નિરાકુળ સુખને ભોગવે છે, તેની પ્રભુતા કઈ છે ?=તેની પ્રભુતા નથી. हि=જે કારણથી, તે કુક્ષિંભરી મનાયો છે=સ્વાર્થી મનાયો છે.

જે રાજા લોકોના દુઃખની ચિંતા કર્યા વગર ભોગો ભોગવે છે, તે સ્વાર્થી રાજા છે. એ પ્રકારે વિમલકુમાર માતા-પિતાને પોતાનો અભિપ્રાય બતાવે છે. **II૩૦૦II**

શ્લોક :-

दाहदीक्षागुरौ भीष्मे, तद् ग्रीष्मसमयेऽधुना ।
कुर्वन् तातामबयोराज्ञां, बन्धुवर्गेण संयुतः ।।३०१।।
समित्रः सदनारामे, मनोनन्दननामके ।
करोम्यहं राजलीलां, विलासैरुचितोचितैः ।।३०२।।

શ્લોકાર્થ :-

તે કારણથી=વિમલકુમારને બધાને સુખી કરીને રાજ્ય ભોગવવાની ઈચ્છા છે તે કારણથી, દાહદીક્ષામાં ગુરુ ભીષ્મ એવા ઉનાળાના સમયમાં હમણાં માતા-પિતાની આજ્ઞાને કરતો, બંધુવર્ગથી યુક્ત, મિત્રોથી સહિત મનોનંદન નામના સદનરૂપી ઉદ્યાનમાં રુચિત એવા ઉચિત વિલાસોથી રાજલીલાને હું કરું એ પ્રકારે વિમલકુમારે પોતાનો અભિપ્રાય માતા-પિતાને વ્યક્ત કર્યો. ।।૩૦૧-૩૦૨।।

શ્લોક :-

नियुज्यन्तां च पुरुषा, दुःखितानां गवेषकाः ।
समाहूय मया सार्धं, तेषां शर्मानुभाव्यताम् ।।३०३।।

શ્લોકાર્થ :-

અને દુઃખિતોના ગવેષક પુરુષો નિયોજન કરાઓ. બોલાવીને=દુઃખિત જીવોને બોલાવીને મારી સાથે તેઓને સુખનો અનુભવ કરાવો. ॥૩૦૩॥

શ્લોક :-

इमां पुत्रगिरं श्रुत्वा, मुदितौ पितरौ हृदि ।
ऊचतुश्च त्वया वत्स ! साधूक्तं गुरुवत्सल ! ।।३०४।।

શ્લોકાર્થ :-

આ પુત્રની વાણી સાંભળીને હૃદયમાં માતા-પિતા આનંદિત થયાં અને કહ્યું, હે વત્સ ! હે ગુરુવત્સલ !=માતા-પિતા પ્રત્યે ભક્તિવાળા ! તારા વડે સુંદર કહેવાયું. ॥૩૦૪॥

શ્લોક :-

राजाऽथाकारयत् सज्जं, छन्नं शीतगृहं घनैः ।
दलैरुपवनेऽब्जिन्या, हतघर्मदलैरिव ।।३०५।।

શ્લોકાર્થ :-

હણ્યો છે ગરમીનો દલ જેમણે એવા જાણે કમળોના ઉપવનમાં ઘનદલો વડે રાજાએ સજ્જ, પ્રચ્છન્ન એવું શીતગૃહ કરાવ્યું.

ઉનાળાના દિવસોમાં ગરમીનો તાપ ન સ્પર્શે એવું, ઉપવનમાં લોકોને અનુકૂળ બને તેવું સજ્જ અને તાપ આદિથી પ્રચ્છન્ન એવું શીતગૃહ રાજાએ કરાવ્યું. **॥૩૦૫॥**

શ્લોક :-

अभितः कदलीक्लृप्तशैत्यलीलोरुविभ्रमम् ।
वेष्टितं गृहनद्योघैरब्धिस्थद्वीपसन्निभम् ।।३०६।।

શ્લોકાર્થ :-

ચારેબાજુથી કદલીનાં વૃક્ષોથી વીંટળાયેલું, શૈત્યની લીલાનો ઊરુવિભ્રમ કરનારું, ગૃહનદના સમૂહથી વેષ્ટિત, સમુદ્રના મધ્યમાં રહેલા દ્વીપ જેવું શીતગૃહ રાજાએ કરાવ્યું એમ અન્વય છે. ॥૩૦૬॥

શ્લોક :-

लिप्तं चन्दनकर्पूरक्षोदैर्मोदैरिवाहृतैः ।
हृतघर्मयशोवल्लिमृणालोशिरराजितम् ।।३०७।।

શ્લોકાર્થ :-

જાણે ખેંચાયેલી સુગંધવાળાં ચંદન-કર્પૂરના ક્ષોદથી ચૂર્ણથી-ગારથી લેપાયેલું, ગરમીને હરી લેનાર યશોવલ્લી જેવા મૃણાલના ઉશીરથી શોભતું શીતગૃહ રાજા વડે કરાવાયું, એમ અન્વય છે. ।।૩૦૭।।

શ્લોક :-

कृतानि तत्र शिशिरैः, शयनीयानि पल्लवैः ।
मृदूनि सुखदान्युच्चैः, कल्पितान्यासनानि च ।।३०८।।

શ્લોકાર્થ :-

ત્યાં=શીતગૃહમાં, શિશિરો-પલ્લવો વડે શયનો કરાયાં અને સુખને દેનારાં મૃદુ આસનો સ્થાપન કરાયાં. ।।૩૦૮।।

શ્લોક :-

कुमारो विमलस्तत्र, सह लोकैः प्रवेशितः ।
स्थितोऽसौ तत्र लिप्ताङ्गः, सरसैश्चन्दनद्रवैः ।।३०९।।

શ્લોકાર્થ :-

ત્યાં=ઉદ્યાનમાં, લોકોની સાથે વિમલકુમાર પ્રવેશ કરાવાયો. ત્યાં= ઉદ્યાનમાં આ=વિમલકુમાર, સરસ એવાં ચંદનનાં દ્રવ્યોથી લિપ્ત અંગવાળો રહ્યો. ।।૩૦૯।।

શ્લોક :-

पाटलादामकलितो, गुण्डितश्चन्द्ररेणुना ।
मुक्तादामाभिरामश्रिर्मल्लिकापुष्पराजितः ।।३१०।।

શ્લોકાર્થ :-

ગુલાબની માળાઓથી કલિત, ચંદ્રરેણુથી ગુંડિત, મોતીઓની માળાઓથી સુંદર એવી શ્રી મલ્લિકાનાં પુષ્પોથી શોભતો વિમલકુમાર પ્રવેશ કરાવાયો. ||૩૧૦||

શ્લોક :-

वीज्यमानस्तालवृन्तैः, सूक्ष्मकोमलवस्त्रभृत् ।
हारविभ्राजितश्चारुताम्बूलारुणिताधरः ।।३११।।

શ્લોકાર્થ :-

તાલવૃંતો વડે વીંઝાતો, સૂક્ષ્મ-કોમલ વસ્ત્રવાળો, હારથી વિભ્રાજિત, સુંદર તાંબૂલથી રંગાયેલા હોઠવાળો વિમલકુમાર પ્રવેશ કરાવાયો એમ અન્વય છે. ||૩૧૧||

શ્લોક :-

मोदितः काकलीगीतैः, स्फीतैर्नृत्यैस्ततोत्सवः ।
ललनाविभ्रमोद्वेलरतिसागरमध्यगः ।।३१२।।

શ્લોકાર્થ :-

કાકલી ગીતોથી આનંદિત કરાયેલો, સ્ફીત નૃત્યોથી વિસ્તૃત ઉત્સવવાળો, સ્ત્રીઓના વિભ્રમથી ઉદ્વેલ કરાયો છે રતિનો સાગર એની મધ્યમાં રહેલો કુમાર પ્રવેશ કરાવાયો એમ અન્વય છે. ||૩૧૨||

શ્લોક :-

प्रमोदमर्पयन् पित्रोर्बन्धून् सिञ्चन्निवामृतैः ।
नेत्रयोर्जनयन् सर्वलोकानां कौमुदीमुदम् ।।३१३।।

શ્લોકાર્થ :-

માતા-પિતાને પ્રમોદને અર્પણ કરતો, અમૃતથી બાંધવોને જાણે સિંચન કરતો, સર્વ લોકોનાં નેત્રોને કૌમુદીના આનંદને ઉત્પન્ન કરતો વિમલકુમાર પ્રવેશ કરાવાયો એમ અન્વય છે. ||૩૧૩||

શ્લોક :-

नियुक्तपुरुषा दुःखदौर्गत्योपहतान् जनान् ।
प्रवेशयन्ति तत्रोच्चैस्तेषां दुःखं प्रणुद्यते ।।३१४।।

શ્લોકાર્થ :-

દુઃખદૌર્ગત્યથી ઉપહત લોકોને નિયુક્ત પુરુષો ત્યાં પ્રવેશ કરાવે છે. તેઓનાં=દુઃખી લોકોનાં દુઃખને અત્યંત દૂર કરે છે=વિમલકુમાર દૂર કરે છે. ॥૩૧૪॥

શ્લોક :-

इत्थं राज्ञि समाजे च, स्थिते संमदमेदुरे ।
केचिन्नियुक्तपुरुषाः, प्रविष्टाः शीतमन्दिरे ।।३१५।।

શ્લોકાર્થ :-

આ રીતે રાજાનો સમાજ=સમૂહ, સંમદમેદુર સ્થિત હોતે છતે=શિતલના આપાદક પદાર્થોને કારણે આનંદમાં સ્થિત હોતે છતે કેટલાક નિયુક્ત પુરુષો શીતમંદિરમાં પ્રવેશ્યા.

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે વિમલકુમાર સહિત રાજાના સર્વ લોકો આનંદપૂર્વક તે શીતગૃહમાં બેઠેલા હોતે છતે કેટલાક નિયુક્ત પુરુષો જેઓ દુઃખી લોકોની ગવેષણા માટે ગયેલા છે, તેઓએ શીતમંદિરમાં પ્રવેશ કર્યો. **॥૩૧૫॥**

શ્લોક :-

नरं संस्थाप्य तैरेका, दत्ता जवनिकाऽन्तरा ।
व्यजिज्ञपंस्ते नत्वैवं, देवादेशवशंवदैः ।।३१६।।
विचरद्भिर्महादुःखी, दृष्टोऽस्माभिरयं नरः ।
अत्रानीतोऽतिबीभत्स, इति च स्थापितोऽन्तरे ।।३१७।।

શ્લોકાર્થ :-

નરને સંસ્થાપિત કરીને તેઓ વડે=નિયુક્ત પુરુષો વડે વચમાં=વિમલ-

કુમાર રાજાદિ અને તે પુરુષની વચમાં જવનિકા અપાઈ=અંતપટ અપાઈ. નમીને તેઓએ આ પ્રમાણે જણાવ્યું=રાજાને જણાવ્યું. દેવના આદેશને વશ એવા વિચરતા અમારા વડે મહાદુઃખી એવો આ નર જોવાયો. અહીં લવાયો. અતિબીભત્સ છે એથી અંતરામાં સ્થાપિત કરાયો. ॥૩૧૬-૩૧૭॥

શ્લોક :-

तच्छ्रुत्वा धवलोर्वीशः, प्राह युष्माभिरीक्षितः ।
क्वायं कथं महादुःखी, तेष्वेकः प्राह चारुगीः ।।३१८।।

શ્લોકાર્થ :-

તેને સાંભળીને ધવલ રાજા બોલ્યો. તમારા વડે ક્યાં આ જોવાયો ? કેવી રીતે મહાદુઃખી છે ? તેઓમાં=નિયુક્ત પુરુષોમાં સુંદર વાણીવાળો એક પુરુષ બોલ્યો. ॥૩૧૮॥

શ્લોક :-

देवादेशाद् वयमितो, गता दुःखिदिदृक्षवः ।
नगरं सततानन्दं, दृष्ट्वा प्राप्ता महाटवीम् ।।३१९।।

શ્લોકાર્થ :-

દેવના આદેશથી દુઃખિત જીવોને જોવાની ઈચ્છાવાળા અમે અહીંથી ગયા: સતત આનંદવાળા એવા નગરને જોઈને મહાઅટવીને પામ્યા= મહાઅટવીમાં ગયા. ॥૩૧૯॥

શ્લોક :-

दूरात् तत्र नरो दृष्टो, मध्याह्नार्ककराग्निना ।
भूतले तप्तलोहाभे, पादत्राणोज्झितो व्रजन् ।।३२०।।

શ્લોકાર્થ :-

દૂરથી ત્યાં=મહાઅટવીમાં તપ્તલોહ જેવી ભૂમિમાં, પગરખાં વગર જતો, મધ્યાહ્નના સૂર્યનાં કિરણોના અગ્નિ વડે દંશાયેલો મનુષ્ય જોવાયો. ॥૩૨૦॥

શ્લોક :-

दूरादुच्चैरभिहितस्तिष्ठ भद्रेति तिष्ठत ।
यूयं स्थितोऽहमित्युक्त्वा, गन्तुं प्रववृते च सः ।।३२१।।

શ્લોકાર્થ :-

દૂરથી મોટેથી હે ભદ્ર ! ઊભો રહે એ પ્રમાણે કહેવાયું. તમે રહો ! હું સ્થિત છું, એ પ્રમાણે કહીને તે જવા માટે પ્રવૃત્ત થયો. ।।૩૨૧।।

શ્લોક :-

आनीतस्तरुमूलेऽसौ, बलाद् गत्वा मया ततः ।
दवदग्ध इव स्थाणुर्दृष्टः सर्वैः कृशोऽसितः ।।३२२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી જઈને બળાત્કારે મારા વડે આ=દુ:ખિત પુરુષ વૃક્ષની છાયાના મૂળમાં લવાયો. અગ્નિથી બળાયેલા વૃક્ષ જેવો, સર્વ બાજુથી કૃશ થયેલો કાળો આ પુરુષ જોવાયો. ।।૩૨૨।।

શ્લોક :-

क्षुधितस्तापवान् खिन्नः, पिपासाशोषिताधरः ।
क्षरत्स्वेदो गलत्कुष्ठलुलत्कृमिकुलाकुलः ।।३२३।।

શ્લોકાર્થ :-

અને ક્ષુધાવાળો, તાપવાળો, ખિન્ન, પિપાસાથી શોષિત હોઠવાળો, ઝરતા પ્રસ્વેદવાળો, ગળતા કોઢમાંથી નીકળતાં કૃમિના સમૂહથી આકુળ આ પુરુષ જોવાયો, એમ અન્વય છે. ।।૩૨૩।।

શ્લોક :-

शूलभृन्मुखभङ्गेन, दीर्घश्वासाज्ज्वरार्दितः ।
भग्ननेत्रो जराजीर्णः, शीर्णनासाकरक्रमः ।।३२४।।

શ્લોકાર્થ :-

મુખના ભંગથી શૂલને ધારણ કરનારો, દીર્ઘ શ્વાસ અને જ્વરથી પીડિત=દુઃખી, ભગ્ન નેત્રવાળો, જરાજીર્ણ, જીર્ણ થયેલા નાક અને હાથના સમૂહવાળો પુરુષ જોવાયો. ।।૩૨૪।।

શ્લોક :-

चीवरैर्जीर्णमलिनैरलाबुयुगलेन च ।
कम्बलेन सदण्डेन, युतो दारिद्र्यभाजनम् ।।३२५।।

શ્લોકાર્થ :-

જીર્ણ મલિન વસ્ત્રોથી, અલાબુના યુગલથી=તુંબડાની જોડથી અને દંડ સહિત કંબલથી યુક્ત દારિદ્ર્યનું ભાજન જોવાયો=પુરુષ જોવાયો, એમ અન્વય છે. ।।૩૨૫।।

શ્લોક :-

साक्षाद् ज्ञातोऽयमस्माभिर्नारको भूरिदुःखभूः ।
उक्तश्च भद्र ! मध्याह्ने, बंभ्रमीषि किमीदृशम् ।।३२६।।

શ્લોકાર્થ :-

અમારા વડે આ=પુરુષ, સાક્ષાત્ નારક ઘણાં દુઃખની ભૂમિ જ્ઞાત છે. અને કહેવાયું હે ભદ્ર ! મધ્યાહ્નમાં કેમ આ પ્રકારે તું ભમે છે ? ।।૩૨૬।।

શ્લોક :-

आश्रित्य शीतलच्छायां, न तिष्ठसि सुखेन किम् ? ।
प्राहासौ गुरुनिर्देशाद्, भ्रमामि स्ववशोऽस्मि न ? ।।३२७।।

શ્લોકાર્થ :-

શીતલ છાયાને આશ્રયીને સુખથી કેમ રહેતો નથી ? આ પુરુષ કહે છે – ગુરુ નિર્દેશથી હું ભમું છું, સ્વવશ નથી. ।।૩૨૭।।

શ્લોક :-

तदा चिन्तितमस्माभिरहो कष्टं महत्तरम् ।
इमां दशां गतस्यापि, पराधीनत्वमस्य यत् ।।३२८।।

શ્લોકાર્થ :-

ત્યારે અમારા વડે વિચારાયું. અહો ! મહત્તર કષ્ટ છે. જે કારણથી આ દશાને પામેલા પણ આનું પરાધીનપણું છે. ।।૩૨૮।।

શ્લોક :-

ततोऽभिहितमस्माभिर्गुरुः किं ते करिष्यति ।
प्राहासावृणिकाः सन्ति, ममाष्टौ यमसन्निभाः ।।३२९।।

શ્લોકાર્થ :-

તેથી અમારા વડે કહેવાયું. તારા ગુરુ શું કરશે ? તે કહે છે. યમ જેવા આઠ મારા લેણદારો છે. ।।૩૨૯।।

શ્લોક :-

ग्रन्थदानेन तेभ्यो मां, गुरुर्मे मोचयिष्यति ।
विचिन्तितं तदाऽस्माभिरिदं कष्टं महत्तमम् ।।३३०।।

શ્લોકાર્થ :-

તેઓથી ગ્રંથના દાન દ્વારા મને મારા ગુરુ મુકાવશે. ત્યારે અમારા વડે=નિયુક્ત પુરુષો વડે, આ વિચારાયું. મહત્તમ કષ્ટ છે. ।।૩૩૦।।

શ્લોક :-

यदीदृशदशस्यापि, दानिग्रहकदर्थना ।
तन्मोचनदुराशा चेत्यतो दुःखी परोऽस्तु कः ।।३३१।।

શ્લોકાર્થ :-

જે કારણથી આવા પ્રકારની દશાવાળાને પણ=આવા દુઃખી જીવને

પણ, લેણદારોના ગ્રહણની કદર્થના છે અને તેના મોચનની=લેણદારોના મોચનની ખોટી આશા છે. એથી આનાથી બીજો કોણ દુઃખી છે ?=આ જ મહાદુઃખી છે. ||૩૩૧||

શ્લોક :-

भाषितं च ततोऽस्माभिरेहि राजकुलेऽनघ ! ।
क्षणमोक्षो यथा ते स्याद्, दारिद्र्यं च विलीयते ।।३३२।।

શ્લોકાર્થ :-

અને તેથી=આ નરને તેવી ખરાબ દશામાં જોયો તેથી, અમારા વડે કહેવાયો. હે અનઘ ! તું રાજકુળમાં આવ ! જે પ્રમાણે તારો ક્ષણમાં મોક્ષ થાય અને તારું દારિદ્ર્ય વિલીન થાય. ||૩૩૨||

શ્લોક :-

प्राहासौ भवतां भद्राः !, कृतं मच्चिन्तयाऽनया ।
कदापि नैव मुच्येऽहं, मोचितो हि भवादृशैः ।।३३३।।

શ્લોકાર્થ :-

આ કહે છે=દરિદ્ર પુરુષ કહે છે. હે ભદ્રો ! મારી આ ચિંતા વડે તમારે સર્યું. તમારા વડે મુકાવાયેલો=મારું લેણું ચૂકવીને તમારા વડે મુકાવાયેલો હું ક્યારેય મુકાઈશ નહિ. ||૩૩૩||

શ્લોક :-

इत्युक्त्वाऽसौ द्रुतं गच्छन्नीतोऽस्माभिर्बलादिह ।
सोन्मादोऽयमिति ज्ञात्वा, राजशासनकारिभिः ।।३३४।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે કહીને અહીંથી શીઘ્ર જતો એવો આ પુરુષ 'આ ઉન્માદવાળો છે' એ પ્રમાણે જાણીને, રાજશાસનના કરનારા એવા અમારા વડે અહીં=રાજાની સન્મુખ, લવાયો. ||૩૩૪||

શ્લોક :-

ततो बभाषे धवलः, क्षितीशो मेऽतिकौतुकम् ।
पश्याम्येनं जवनिकां, तद् दूरीकुरुत द्रुतम् ।।३३५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ધવલ રાજા બોલ્યા, મને અતિકૌતુક છે. આને હું જોઉં તે કારણથી શીઘ્ર જવનિકાને=પડદાને દૂર કરો. ||૩૩૫||

શ્લોક :-

ततो जवनिकां ते द्रागपनिन्युर्निरीक्ष्य तम् ।
यथोक्तरूपं नृपतिः, ससमाजो विसिस्मि(ष्मि)ये ।।३३६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેઓએ=રાજપુરુષોએ, શીઘ્ર પડદાને દૂર કર્યો. યથોક્ત રૂપવાળા તેને જોઈને સમાજ સહિત રાજા વિસ્મય પામ્યો. ||૩૩૬||

શ્લોક :-

विमलस्तु सुधीर्दध्यौ, बुधाचार्यः स एष हि ।
अहो भगवतो लब्धिः, करुणाऽहो ममोपरि ।।३३७।।

શ્લોકાર્થ :-

વળી, સુંદર બુદ્ધિવાળા વિમલે વિચાર્યું. તે જ બુધાચાર્ય છે. અહો ! ભગવાનની લબ્ધિ ! અહો ! ભગવાનની મારા પર કરુણા. ||૩૩૭||

શ્લોક :-

अहो स्वसुखवैमुख्यमहो अन्यार्थनिष्ठता ।
अहो सौजन्यसारत्वमहो निर्व्याजबन्धुता ।।३३८।।

શ્લોકાર્થ :-

અહો ! સ્વસુખનું વૈમુખ્ય ! અહો ! અન્ય અર્થમાં નિષ્ઠતા. અહો !

સૌજન્યસારપણું. અહો નિર્વ્યાજબંધુતા=માયા વગર સહજભાવથી બંધુતા. ॥૩૩૮॥

શ્લોક :-

आह्लादाय यथा चन्द्रो, जीवितायं यथाऽमृतम् ।
तथा लोके स्वभावेन, परार्थः साधुसंगमः ।।३३९।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે ચંદ્ર આહ્લાદ માટે છે, જે પ્રમાણે અમૃત જીવિત માટે છે. તે પ્રમાણે લોકમાં સાધુનો સંગમ પર અર્થવાળો છે. ॥૩૩૯॥

શ્લોક :-

तदेष वैक्रियं रूपं, विधाय भगवानयम् ।
इहायातो महाभागो, बन्धून् बोधयितुं मम ।।३४०।।

શ્લોકાર્થ :-

તે કારણથી=આ વિબુધાચાર્ય છે તે કારણથી, આ ભગવાન= વિબુધાચાર્ય આ વૈક્રિય રૂપને કરીને મહાભાગ્યવાળા મારા બંધુઓને બોધ કરવા માટે અહીં આવ્યા છે. ॥૩૪૦॥

શ્લોક :-

अयं संदिष्टवान् रत्नचूडद्वारा हि मे पुरा ।
भिन्नरूपोऽहमेष्यामि, व्यक्तं वन्द्यस्त्वया च न ।।३४१।।

શ્લોકાર્થ :-

રત્નચૂડ દ્વારા મને પૂર્વમાં આમણે સૂચન કરેલું. હું ભિન્નરૂપવાળો આવીશ અને તારા વડે=વિમલકુમાર વડે વ્યક્ત વંદ્ય નથી=વ્યક્ત હું વંદન કરવા યોગ્ય નથી. ॥૩૪૧॥

શ્લોક :-

दुःखितान्वेषणं कार्यं, केवलं स्वार्थसिद्धये ।
इति संस्मृत्य विमलो, हृदा तस्मै नमोऽकरोत् ।।३४२।।

શ્લોકાર્થ :-

કેવલ સ્વાર્થસિદ્ધિ માટે=પોતાના જ્ઞાતિજનોને પ્રતિબોધ કરવારૂપ સ્વાર્થસિદ્ધિ માટે દુઃખિતોનું અન્વેષણ કરાવું જોઈએ એ પ્રમાણે સંસ્મરણ કરીને વિમલે હૈયાથી તેમને નમસ્કાર કર્યો. ॥૩૪૨॥

શ્લોક :-

दत्तस्तेनापि मनसा, धर्मलाभः सुखावहः ।
अन्तःशीतगृहं सोऽथ, राजभृत्यैः प्रवेशितः ।।३४३।।

શ્લોકાર્થ :-

તેના વડે પણ=બુધસૂરિ વડે પણ સુખને લાવનાર ધર્મલાભ મનથી અપાયો. હવે તે=દુઃખિત નર રાજપુરુષો વડે અંદરમાં શીતગૃહમાં પ્રવેશ કરાવાયો. ॥૩૪૩॥

શ્લોક :-

द्राट्कृत्य स निषण्णोऽथ, भूतले खेदनिःसहः ।
गलावलम्बितश्वासः, प्रवृत्तः प्रचलायितुम् ।।३४४।।

શ્લોકાર્થ :-

હવે ખેદને નહિ સહન કરનાર તે=દુઃખિત નર ધબ કરીને ભૂમિતલમાં બેઠો. ગળામાં અવલંબી રહેલો શ્વાસ જોરથી ચડવા માટે પ્રવૃત્ત થયો. ॥૩૪૪॥

શ્લોક :-

हसन्ति तादृशं प्रेक्ष्य, जनाः केचन तं परे ।
शोचन्ति केऽपि निन्दन्ति, केऽप्येवं ब्रुवते मिथः ।।३४५।।

શ્લોકાર્થ :-

તેવા પ્રકારના તેને જોઈને કેટલાક લોકો હસે છે, બીજા શોક કરે છે. કેટલાક નિંદા કરે છે, કેટલાક આ પ્રમાણે પરસ્પર બોલે છે. ॥૩૪૫॥

શ્લોક :-

दुःखी दीनस्तथा श्रान्तस्तृषितश्च बुभुक्षितः ।
आनीतोऽत्रैष किं वेत्ति, न किंचित् प्रचलायते ।।३४६।।

શ્લોકાર્થ :-

દુઃખી, દીન અને શ્રાંત થયેલો, તૃષાવાળો અને ભૂખ્યો અહીં આ લવાયો. શું જાણે છે ? કંઈ જાણતો નથી. કેવલ ઊંઘે છે. ||૩૪૬||

શ્લોક :-

तदाकर्ण्य वचस्तेन, क्रुद्धेन बुधसूरिणा ।
भाषितं भास्वरौ कृत्वा, दीपवन्नेत्रगोलकौ ।।३४७।।

શ્લોકાર્થ :-

તે વચન સાંભળીને ક્રોધ પામેલા એવા તે બુધસૂરિ વડે દીવાની જેમ બે નેત્રગોળાઓને ભાસ્વર કરીને કહેવાયું. ||૩૪૭||

શ્લોક :-

युष्मत्तोऽपि विरूपोऽहमाः पापा दुःखितोऽथवा ।
मां दुःखितं विरूपं च, यद् दृष्ट्वा हसथाधमाः ! ।।३४८।।

શ્લોકાર્થ :-

હે પાપીઓ ! તમારાથી પણ હું વિરૂપ છું અથવા દુઃખિત છું. જે કારણથી વિરૂપ અને દુઃખી એવા મને જોઈને હે અધમો ! તમે હસો છો.

સાધુ અત્યંત નિરવદ્ય ભાષા બોલે અને તે નિરવદ્ય ભાષા નિરવદ્ય અધ્યવસાયમાંથી ઉત્પન્ન થયેલી હોય છે. તેથી લોકોનો ઉપકાર આ પ્રકારનાં વચનથી જ થશે તેવો નિર્ણય કરીને યોગ્ય જીવોને સન્માર્ગ પ્રાપ્તિના વિશુદ્ધ અધ્યવસાયથી બુધસૂરિ લોકોને પોતાના પ્રત્યે હસતા જોઈને દેહનાં માત્ર બે જ નેત્રોને તેજસ્વી બનાવીને લોકોને કહે છે. તમે વિરૂપ છો. તમારાથી હું વિરૂપ છું. તમે દુઃખી છો, તમારાથી પણ દુઃખિત છું. તેમ માનીને તમે મારા પ્રત્યે

હસો નહિ. વસ્તુતઃ તમે મારાથી અધિક વિરૂપ અને દુઃખી છો. એ પ્રકારે બોધ કરાવવા અર્થે કઠોર ભાષામાં કહે છે. **॥૩૪૮॥**

શ્લોક :-

कृष्णाः क्षुधापिपासार्ताः, कुष्टिनः खेदविह्वलाः ।
ज्वरशूलजराग्रस्ताः, सोन्मादास्तापपीडिताः ।।३४९।।
यूयमेव परायत्ता, विकलाक्षा ऋणार्दिताः ।
यूयं च प्रचलायध्वं, नाहं भो बालिशा जनाः ! ।।३५०।।

શ્લોકાર્થ :-

કૃષ્ણ વર્ણવાળા, ક્ષુધાપિપાસાથી આર્ત, કુષ્ઠરોગવાળા, ખેદથી વિહ્વલ, જ્વર, શૂલવેદના, જરાથી ગ્રસ્ત, ઉન્માદ સહિત, તાપથી પીડિત તમે જ પરાધીન, ચક્ષુ વગરના, ઋણથી પીડિત છો અને હે બાલિશ જનો ! તમે જ ઊંઘો છો, હું નહિ. ॥૩૪૯-૩૫૦॥

શ્લોક :-

यूयं प्रविष्टा निःशङ्कं, भोः पापाः कालगह्वरे ।
येऽधुना हसथैवं मां, मुनिमुद्वीक्ष्य दुर्बलम् ।।३५१।।

શ્લોકાર્થ :-

હે પાપીઓ ! તમે કાલગહ્વરમાં=કાલગુફામાં નિઃશંક પ્રવિષ્ટ છો. જે હમણાં દુર્બલ મુનિ એવા મને જોઈને હસો છો. ॥૩૫૧॥

શ્લોક :-

दृष्ट्वा तौ भास्कराकारौ, ज्वलन्तावक्षिगोलकौ ।
विद्युदाभां च रसनां, श्रुत्वा च क्षोभिकां गिरम् ।।३५२।।
हनूमत्कोपनिर्दग्धलङ्कादुर्गस्थरक्षसाम् ।
अवस्थां ययुरास्थानस्थिताः प्रक्षुभिता नराः ।।३५३।।

શ્લોકાર્થ :-

જ્વલંત ભાસ્કર આકારવાળા તે બે અક્ષિગોલકોને જોઈને અને વિદ્યુત જેવી રસનાને=જીભને, જોઈને અને ક્ષોભ કરનારી વાણીને સાંભળીને આસ્થાનમાં રહેલા=તે સભામાં રહેલા, ક્ષુભિત નરો હનુમાનના કોપથી નિર્દગ્ધ લંકાના દુર્ગમાં રહેલા રાક્ષસોની અવસ્થાને પામ્યા. ।।૩૫૨-૩૫૩।।

શ્લોક :-

बभाषे धवलो राजा, तदेदं विमलं प्रति ।
कुमार ! मर्त्यमात्रोऽयं, नास्ति दुर्लक्षलक्षणः ।।३५४।।

શ્લોકાર્થ :-

તે કારણથી ધવલ રાજા વિમલ પ્રત્યે આ બોલ્યો. હે કુમાર ! આ= સન્મુખ રહેલ પુરુષ, દુર્લક્ષ લક્ષણવાળો મર્ત્યમાત્ર=મનુષ્ય માત્ર, નથી. ।।૩૫૪।।

શ્લોક :-

मलाविलं गलत्कान्ति, प्रागभूदस्य लोचनम् ।
मूषोत्तप्तसुवर्णाभमधुना तु विजृम्भते ।।३५५।।

શ્લોકાર્થ :-

હમણાં મલથી આવિલ, ગળતી કાંતિવાળા, આનાં=દુઃખિત નરનાં, પૂર્વમાં લોચનો હતાં. મૂષથી ઉત્તપ્ત સુવર્ણ જેવાં=ધાતુ ગાળવાની અનુકૂળ મૂષાથી તપાવેલા સુવર્ણ જેવાં લોચન વિલસે છે. ।।૩૫૫।।

શ્લોક :-

राहुग्रस्तेन्दुजातीयं, प्रागभूदस्य लोचनम् ।
देदीप्यतेऽधुना त्वेतत् तेजसा विश्वदाहिना ।।३५६।।

શ્લોકાર્થ :-

પૂર્વમાં આનાં=દુઃખિત નરનાં, લોચન રાહુથી ગ્રસ્ત ચંદ્રજાતીય હતાં. વળી, હમણાં વિશ્વદાહી એવા તેજથી આ=લોચન, દેદીપ્યમાન છે. ॥૩૫૬॥

શ્લોક :-

भारतीं पुष्करावर्तगर्जितप्रतिपन्थिनीम् ।
रणधीरमपि स्वान्तं, श्रुत्वाऽस्य मम कम्पते ।।३५७।।

શ્લોકાર્થ :-

આની=પ્રસ્તુત નરની, પુષ્કરાવર્તના મેઘથી ગર્જિતની પ્રતિપંથી-એવી વાણીને સાંભળીને રણધીર પણ મારું સ્વઅંતઃકરણ કંપે છે. ॥૩૫૭॥

શ્લોક :-

तच्छन्नो मुनिवेषेण, देवोऽयं कोऽपि लक्ष्यते ।
क्रुद्धं प्रसादयाम्येनं, यथा भस्मीकरोति न ।।३५८।।

શ્લોકાર્થ :-

તે કારણથી મુનિવેષથી છન્ન એવો આ દેવ કોઈપણ જણાય છે. ક્રુદ્ધ એવા આને હું પ્રસાદ કરું, જે પ્રમાણે ભસ્મ ન કરે. ॥૩૫૮॥

શ્લોક :-

प्रकृतौ स्थापितः श्रेयानन्तस्तेजोनिधिः खलु ।
कोपितोऽसौ वमत्यग्निं मथितारणिसन्निभः ।।३५९।।

શ્લોકાર્થ :-

ખરેખર અંતઃતેજોનિધિવાળો એવો આ પ્રકૃતિમાં સ્થાપિત શ્રેયઃકારી છે. મથિત અરણિ જેવો=મંથન કરાયેલા બે પત્થરના ગોળા જેવો કોપિત એવો આ અગ્નિને વમન કરે છે.

શ્લોક-૩૫૪થી અત્યાર સુધી કહ્યું એ પ્રમાણે ધવલ રાજાએ વિમલને કહ્યું. **॥૩૫૯॥**

શ્લોક :-

जगाद विमलः सत्यं, चारु तातेन निश्चितम् ।
भक्तिग्राह्यः प्रसाद्योऽयं, प्रणत्या विषमो भृशम् ।।३६०।।

શ્લોકાર્થ :-

વિમલ બોલ્યો. સત્ય છે, તાત વડે સુંદર નિશ્ચય કરાયો. અત્યંત વિષમ, ભક્તિગ્રાહ્ય આ=દુઃખિત નર, પ્રણતિથી=નમસ્કારથી, પ્રસાધ છે. ||૩૬૦||

શ્લોક :-

तच्छ्रुत्वा लोलकोटीरो, विलसत्करकुड्मलः ।
प्रणनाम मुनिं राजा, समाजश्चाखिलस्ततः ।।३६१।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને=વિમલકુમારનાં વચન સાંભળીને, ત્યારપછી લોલકોટીરવાળો=કંઈક ચપળ મુગુટવાળો, વિલાસ કરતા કરકુડમલવાળો રાજા અને અખિલ સમાજ=બધા લોકો મુનિને નમ્યા. ||૩૬૧||

શ્લોક :-

जगौ भूपः सहस्वैतज्जनानां बालचापलम् ।
कृत्वा प्रसादं प्रह्वस्य, देहि मे दिव्यदर्शनम् ।।३६२।।

શ્લોકાર્થ :-

રાજા બોલ્યો. લોકોનું આ બાલચાપલ=તમારી ચેષ્ટા જોઈને હસ્યા એ બાલચાપલ, તમે સહન કરો. નમેલા એવા મને પ્રસાદ કરીને દિવ્યદર્શન આપો. ||૩૬૨||

શ્લોક :-

इति विज्ञप्य तं राजा, यावद् भूयः समीक्षते ।
तावत् स ददृशे दीप्तः, साक्षादिव दिवाकरः ।।३६३।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે વિજ્ઞાપન કરીને જ્યાં સુધી તેને રાજા ફરી જુએ છે, ત્યાં સુધી તે=બુધસૂરિ, સાક્ષાત્ જાણે સૂર્ય જેવા દીપ્ત દેખાયા. ॥૩૬૩॥

શ્લોક :-

निविष्टः स्वर्णकमले, विनिद्रकमलेक्षणः ।
वदनेनोल्लसद्भासा, पूर्णिमेन्दुं विडम्बयन् ।।३६४।।

શ્લોકાર્થ :-

સ્વર્ણકમલમાં બેઠેલા, ખૂલેલા કમળ જેવી દૃષ્ટિવાળા, ઉલ્લાસ પામતી કાંતિવાળા, વદનથી પૂર્ણચંદ્રને વિડંબના કરતા તે સૂરિ જોવાયા, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૩૬૪॥

શ્લોક :-

वीक्ष्य तं तादृशं सर्वे, विस्मिताः सनृपा जनाः ।
परस्परमभाषन्त, भृशमुत्फुल्ललोचनाः ।।३६५।।
निस्तेजाः प्रागभूदेष, साम्प्रतं महसां निधिः ।
जगच्चमत्कारकरी, दैवीयं कामरूपता ।।३६६।।

શ્લોકાર્થ :-

તેવા પ્રકારના તેને=બુધસૂરિને, જોઈને રાજા સહિત સર્વ લોકો વિસ્મય પામ્યા. અત્યંત ઉત્ફુલ્લ લોચનવાળા, તે લોકો પરસ્પર બોલ્યા. શું બોલ્યા તે બતાવે છે. પૂર્વમાં આ નિસ્તેજ, હતા. હમણાં તેજના નિધિ છે. જગતને ચમત્કાર કરનારી દેવ સંબંધી કામરૂપતા છે. ॥૩૬૫-૩૬૬॥

શ્લોક :-

पप्रच्छाथ नृपो भालविन्यस्तकरकुड्मलः ।
कोऽसि त्वं भगवन् ! ब्रूहि, देवो वा दानवोऽथवा ।।३६७।।

શ્લોકાર્થ :-

હવે મસ્તકે જોડેલા હાથવાળા રાજાએ પૂછ્યું. હે ભગવન્ ! તમે કોણ છો ? કહો. દેવ છો અથવા દાનવ છો ? ।।૩૬૭।।

શ્લોક :-

मुनिः प्राह न देवोऽहं, नापि पार्थिव ! दानवः ।
यतिरस्मि यतित्वं हि, लिङ्गेनैवावगम्यते ।।३६८।।

શ્લોકાર્થ :-

મુનિ કહે છે, હે રાજા ! હું દેવ નથી. વળી દાનવ નથી. યતિ છું. हि= જે કારણથી, લિંગથી જ યતિપણું જણાય છે.

યતિલિંગમાં છું, એ લિંગથી જ મારું યતિપણું જણાય છે. **।।૩૬૮।।**

શ્લોક :-

भूमीन्द्रः प्राह यद्येवं, त्वया किमिति तत्कृतम् ।
इदानीमीदृशं रूपं, पूर्वं बीभत्सदर्शनम् ।।३६९।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે. જો આ પ્રમાણે છે=તમે યતિ છો એ પ્રમાણે છે, તો તમારા વડે કયા કારણથી હમણાં આવું રૂપ અને પૂર્વમાં બીભત્સ રૂપ કરાયું. ।।૩૬૯।।

શ્લોક :-

स्वदेहवर्तिनो दोषा, भवता केन हेतुना ।
प्रदर्शिताः कथं चाभूः, क्षणाद् दिव्याकृतिः पुनः ।।३७०।।

શ્લોકાર્થ :-

સ્વદેહવર્તી દોષો તમારા વડે કયા હેતુથી બતાવાયા ? વળી, ક્ષણથી દિવ્ય આકૃતિ કેવી રીતે થઈ ?

પૂર્વમાં પોતાનો દેહ અતિરોગિષ્ઠ ભાવવાળો હતો તેમ બતાવ્યું અને હમણાં ક્ષણમાં દિવ્ય આકૃતિ દેખાય છે, તે કઈ રીતે થઈ ? **॥૩૭૦॥**

શ્લોક :-

मुनिराह महाराज !, मया पूर्वं प्रदर्शितम् ।
बीभत्सरूपं जीवानां, बोधाय भववर्तिनाम् ।।३७१।।

શ્લોકાર્થ :-

મુનિ કહે છે, હે મહારાજ ! મારા વડે ભવવર્તી જીવોના બોધ માટે બીભત્સ રૂપ પૂર્વમાં બતાવેલું. ॥૩૭૧॥

શ્લોક :-

सर्वेऽपि तादृशा जीवाः, संसारोदरवर्तिनः ।
स्वस्वरूपं न जानन्ति, तथाऽपि हतबुद्धयः ।।३७२।।

શ્લોકાર્થ :-

સર્વ પણ સંસારઉદરવર્તી જીવો તેવા સ્વરૂપવાળા છે તોપણ હત-બુદ્ધિવાળા સ્વસ્વરૂપને જાણતા નથી.

સંસારઉદરવર્તી સર્વ જીવો જેવું મેં બીભત્સ સ્વરૂપ બતાવ્યું, તેવા સ્વરૂપવાળા છે તોપણ હતબુદ્ધિવાળા એવા તેઓ પોતાના વિકૃત સ્વરૂપને જાણતા નથી. **॥૩૭૨॥**

શ્લોક :-

अतस्तत्प्रतिबोधाय, तादृग् रूपं मया कृतम् ।
मुनिवेषधरं यच्च, कृतं तत्कारणं शृणु ।।३७३।।

શ્લોકાર્થ :-

આથી તેઓને પ્રતિબોધ કરવા માટે મારા વડે તેવું રૂપ કરાયું અને જે મુનિવેષને ધારણ કરનારું કરાયું=તેવું વિકૃત સ્વરૂપ પણ મુનિવેષને ધારણ કરનારું કરાયું, તેનું કારણ તું સાંભળ. ॥૩૭૩॥

શ્લોક :-

मुनयो धुतपापा ये, ते कृष्णास्तृट्क्षुधार्दिताः ।
कुष्ठिनोऽपि बहिर्ज्ञेयास्तत्त्वतो भूप ! सुन्दराः ।।३७४।।

શ્લોકાર્થ :-

મુનિઓ જે ધોયેલા પાપવાળા છે તેઓ કાળા વર્ણવાળા, તૃષા-ક્ષુધાથી આર્દિત, બહારથી કુષ્ઠ રોગવાળા પણ હે રાજા !, તત્ત્વથી સુંદર છે. ||૩૭૪||

શ્લોક :-

ये तु सद्धर्मविमुखा, गृहस्था भोगगृध्नवः ।
सुखिनोऽपि हि ते ज्ञेया, दुःखिनो रोगपीडिताः ।।३७५।।

શ્લોકાર્થ :-

જે વળી, સદ્ધર્મવિમુખ, ભોગમાં ગૃદ્ધિવાળા ગૃહસ્થો છે, સુખી પણ એવા તે રોગથી પીડિત દુઃખી જાણવા.

ભોગ, તૃષ્ણાદિ રોગથી પીડિત હોવાને કારણે દુઃખિત જાણવા. ||૩૭૫||

શ્લોક :-

गृहिणां कृष्णवर्णाद्या, दोषाः सन्ति यथाऽखिलाः ।
साधूनां च न सन्त्येते, तथा ते कीर्तयाम्यहम् ।।३७६।।

શ્લોકાર્થ :-

ગૃહસ્થોને કૃષ્ણ વર્ણાદિ અખિલ દોષો જે પ્રમાણે થાય છે અને સાધુઓને આ=કૃષ્ણ વર્ણાદિ દોષો નથી, તે પ્રકારે હું તને કહું છું. ||૩૭૬||

શ્લોક :-

उत्तप्तस्वर्णवर्णोऽपि बहिर्बुद्धिधनैर्जनः ।
पातकध्वान्तलिप्तोऽन्तः, कृष्णवर्णो निगद्यते ।।३७७।।

શ્લોકાર્થ :-

બહિર્=બહારથી બુદ્ધિ અને ધનથી તપ્ત સુવર્ણના વર્ણવાળો પણ= તેજસ્વી સુવર્ણ વર્ણવાળો પણ, લોક પાપના ધ્વાંતથી લિપ્ત અંતઃકરણવાળો કૃષ્ણ વર્ણવાળો કહેવાય છે.

જેઓ દેહના આકારથી સુંદર તેજસ્વી હોય, બુદ્ધિ અને ધનથી સંપન્ન હોય તેવો પણ લોક આરંભ-સમારંભની પરિણતિવાળો હોય તો કૃષ્ણ લેશ્યાવાળો હોવાથી કૃષ્ણ વર્ણવાળો કહેવાય છે. **॥૩૭૭॥**

શ્લોક :-

बहिरञ्जनवर्णोऽपि, स्वान्ते स्फटिकनिर्मलः ।
न कृष्णः प्रोच्यते प्राज्ञैर्गौर एवाभिधीयते ।।३७८।।

શ્લોકાર્થ :-

બહારથી કાળા વર્ણવાળો પણ સ્વઅંતઃકરણમાં સ્ફટિક જેવો નિર્મળ કૃષ્ણવર્ણવાળો પ્રાજ્ઞ વડે કહેવાતો નથી. ગૌર જ કહેવાય છે.

દેહથી ક્વચિત્ કાળા વર્ણવાળા મુનિ હોય તોપણ જેનું ચિત્ત વીતરાગતાના વચનથી વાસિત છે, તેથી સ્ફટિક જેવા નિર્મળ આત્માના ભાવોને સ્પર્શનારું છે, તે મહાત્મા શ્વેત વર્ણવાળા જ કહેવાય છે. **॥૩૭૮॥**

શ્લોક :-

साधुस्तत् कृष्णवर्णोऽपि, गौराङ्गो धर्मबद्धधीः ।
गृहस्थः स्वर्णवर्णोऽपि, कृष्णः पापपरायणः ।।३७९।।

શ્લોકાર્થ :-

તે કારણથી=ભાવથી કૃષ્ણ વર્ણવાળો કોણ છે અને શ્વેતવર્ણવાળો કોણ છે તે પૂર્વમાં બે શ્લોક દ્વારા બતાવ્યું તે કારણથી, કૃષ્ણ વર્ણવાળો સાધુ ધર્મમાં બદ્ધ બુદ્ધિવાળો=સ્ફટિક જેવા નિર્મળ આત્માના સ્વરૂપને પ્રગટ કરવામાં બદ્ધ બુદ્ધિવાળો, ગૌરાંગ છે. સુવર્ણ વર્ણવાળો પણ ગૃહસ્થ પાપપરાયણ કૃષ્ણ છે. ।।૩૭૯।।

શ્લોક :-

इममर्थमभिप्रेत्य, मयोक्तं शत्रुशातन ! ।

मूढा ! न कृष्णवर्णोऽहं, यूयमेव तथाविधाः ।।३८०।।

શ્લોકાર્થ :-

આ અભિપ્રાયને આશ્રયીને હે રાજા ! મારા વડે=બુધસૂરિ વડે, કહેવાયું. હે મૂઢ જીવો ! હું કૃષ્ણવર્ણવાળો નથી. તમે જ તેવા પ્રકારના છો=કૃષ્ણ વર્ણવાળા છો. ।।૩૮૦।।

શ્લોક :-

सा बुभुक्षा न विषयैस्तृप्तिर्याऽधिगतैरपि ।

तया बुभुक्षिताः सर्वे, भवचक्रनिवासिनः ।।३८१।।

શ્લોકાર્થ :-

પ્રાપ્ત થયેલા પણ વિષયોથી જે તૃપ્તિ નથી તે બુભુક્ષા છે. તેનાથી ભૂખવાળા સર્વ ભવચક્રનિવાસી જીવો છો. ।।૩૮૧।।

શ્લોક :-

ते हि यद्यपि दृश्यन्ते, तृप्तिभाजो भृतोदराः ।

ज्ञेयास्तथाऽपि तुच्छाशा, बुभुक्षाक्षामकुक्षयः ।।३८२।।

શ્લોકાર્થ :-

***हि=જે કારણથી, જોકે તે=ભવચક્રવાસી જીવો, તૃપ્તિને ભજનારા,* ભરાયેલા ઉદરવાળા દેખાય છે તોપણ તુચ્છ આશાવાળા ભૂખથી ક્ષીણ થયેલી કુક્ષિવાળા જાણવા.**

જેઓનું ચિત્ત અનિચ્છાની સાથે એક પ્રતિબંધવાળું નથી, તેઓને અનેક પ્રકારની ઇચ્છાઓમાંથી કોઈક ને કોઈક ઇચ્છાથી ભૂખ્યા શરીરવાળા છે તેમ કહેલ છે. **।।૩૮૨।।**

શ્લોક :-

साधवस्तु सदा तृप्ताः, प्रशमोद्गारमोदिताः ।
रिक्तोदरा अपि ज्ञेया, मुक्ता भावबुभुक्षया ।।३८३।।

શ્લોકાર્થ :-

ખાલી ઉદરવાળા પણ સાધુઓ સદા પ્રશમના ઉદ્ગારથી આનંદિત તૃપ્ત છે. ભાવબુભુક્ષાથી મુક્ત જાણવા.

જેમ તૃપ્ત પુરુષ તૃપ્તિના ઉદ્ગારો કાઢે છે, તેમ સાધુઓ જિનવચનથી ભાવિત થઈને સદા પ્રશમની વૃદ્ધિ કરે છે. તેથી પ્રશમના ઉદ્ગારથી જ આનંદિત છે અને બાહ્ય પદાર્થોની ઇચ્છારૂપ ભાવબુભુક્ષાથી મુક્ત છે; કેમ કે સદા અનિચ્છા સ્વરૂપ આત્માના ભાવથી આત્માને ભાવિત કરે છે. **॥૩૮૩॥**

શ્લોક :-

धृत्वा हेतुमिमं चित्ते, बुभुक्षापीडिता मया ।
प्रोक्ताः सर्वे जना राजंस्तृप्तश्चात्मा प्रकाशितः ।।३८४।।

શ્લોકાર્થ :-

આ હેતુને=શ્લોક-૩૮૨-૩૮૩માં કહ્યું એ હેતુને, ચિત્તમાં ધારણ કરીને મારા વડે સર્વ જીવો ક્ષુધાથી પીડિત કહેવાયા. હે રાજન્ ! આત્મા=મારો આત્મા, તૃપ્ત પ્રકાશિત કરાયો. ॥૩૮૪॥

શ્લોક :-

पिपासाऽनागतेष्विच्छा, भोगेषु नरनायक ! ।
स्तम्भनी ज्ञानजिह्वायाः, शमकण्ठस्य शोषणी ।।३८५।।

શ્લોકાર્થ :-

હે નરનાયક ! અનાગત એવા ભોગોમાં=નહિ પ્રાપ્ત થયેલા ભોગોમાં, ઈચ્છા જ્ઞાનજિહ્વાને સ્તંભન કરનારી, શમકંઠને શોષનારી પિપાસા છે.

સંસારી જીવોને પોતાના પુણ્ય અનુસાર જે ભોગો મળ્યા છે, તેનાથી અધિક

નહિ પામેલા ભોગો વિષયક ઇચ્છા વર્તે છે, તે પિપાસા છે અને જેમ પાણીની તૃષા અતિશય થઈ હોય તો જીભ સુકાવાને કારણે બોલવામાં પણ સ્ખલના પામે છે, તેમ જીવનું નિર્મળ મતિજ્ઞાન આત્માના નિરાકુળ સ્વભાવનું આસ્વાદન કરનાર છે તે રૂપ જ્ઞાનજિહ્વા સ્તંભન પામે છે-નિરાકુળ સ્વભાવમાં જવામાં અસમર્થ બને છે અને જેમ તૃષા કંઠને શોષે છે, તેમ સર્વ ભાવો પ્રત્યે શમભાવની પરિણતિરૂપ શમકંઠને આ ઇચ્છા શોષનારી છે. **॥૩૮૫॥**

શ્લોક :-

पिबन्तोऽप्युदकं स्वादु, तया सर्वे पिपासिताः ।
जैनधर्मबहिर्भूता, जना भवविवर्तिनः ।।३८६।।

શ્લોકાર્થ :-

જૈનધર્મથી બહિર્ભૂત ભવવિવર્તવાળા સર્વ જીવો સ્વાદુ પાણીને પીતાં પણ તેના વડે=ઇચ્છા નામની પિપાસા વડે, પિપાસિત છે.

જેઓને જૈનધર્મની પારમાર્થિક પ્રાપ્તિ થઈ નથી, તેવા સંસારી જીવોને સુખ જ બાહ્ય પદાર્થોમાં દેખાય છે. તેથી જે કંઈ મળે તેનાથી અધિક અધિક વિષયોની તેઓની ઇચ્છા સદા વર્તે છે. તેવા જીવો પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા સ્વાદુ જળને પીતા હોય તોપણ ભાવતૃષાથી સદા પિપાસિત છે. **॥૩૮૬॥**

શ્લોક :-

मुनयो भाविभोगेषु, निष्पिपासाः सदैव हि ।
तेनोक्तं निष्पिपासोऽहं, यूयं सर्वे तृषाऽर्दिताः ।।३८७।।

શ્લોકાર્થ :-

મુનિઓ ભાવિ ભોગોમાં સદા જ નિષ્પિપાસાવાળા છે. તે કારણથી કહેવાયું. હું નિષ્પિપાસાવાળો છું. તમે સર્વ તૃષાથી પીડિત છો. ॥૩૮૭॥

શ્લોક :-

कुष्ठं मिथ्यात्वमुर्वीश !, कुतर्ककृमिजन्मभूः ।
गलदास्तिक्यजम्बालमबालमतयो विदुः ।।३८८।।

શ્લોકાર્થ :-

હે ઉર્વીશ ! ગળતા આસ્તિક્યના જમ્બાલવાળું, કુતર્કરૂપી કૃમિઓના જન્મની ભૂમિ એવા મિથ્યાત્વને અબાલ મતિવાળા કુષ્ઠ કહે છે.

જેઓમાં વિશાળ મતિ છે, તેઓને જીવમાં વર્તતું મિથ્યાત્વ કુષ્ઠ જેવું જણાય છે. જેમ કુષ્ઠરોગવાળા દેહમાં કીડાઓ ઉત્પન્ન થાય છે, તેમ મિથ્યાત્વને કારણે જીવમાં કુતર્કોરૂપી કૃમિઓ જન્મે છે. વળી, જેમ ગળતો કુષ્ઠ રોગ સતત અશુચિમય પદાર્થને ગાળે છે, તેમ જીવમાં આસ્તિક્ય ગુણના સમૂહને ગાળનાર મિથ્યાત્વરૂપ કુષ્ઠ રોગ છે. તેથી ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધારૂપ આસ્તિક્ય મિથ્યાત્વને કારણે જીવમાંથી ગળી જાય છે. **॥૩૮૮॥**

શ્લોક :-

मार्गानुसारिणीं बुद्धिं, नासिकां नाशयत्यदः ।
कुरुते घर्घराव्यक्तघोषं जात्यादिमानतः ।।३८९।।

શ્લોકાર્થ :-

આ=મિથ્યાત્વ, માર્ગાનુસારી બુદ્ધિરૂપ નાસિકાનો નાશ કરે છે. જાત્યાદિ માનથી ઘર્ઘર અવાજથી વ્યક્ત એવા ઘોષને કરે છે.

જીવમાં વર્તતું મિથ્યાત્વ માર્ગાનુસારી બુદ્ધિનો નાશ કરે છે. જેમ ગળતો કુષ્ઠરોગ નાસિકાનો નાશ કરે છે. વળી, તેવા જીવો નસકોરાપૂર્વક ઊંઘનારા હોય છે, તેમ જેઓમાં મિથ્યાત્વ વર્તે છે તેઓ જાતિમદ, શ્રુતમદ, તપમદ આદિ કરીને વ્યક્ત પોતાની કષાયોની પરિણતિને પ્રગટ કરતા હોય છે, જે મિથ્યાત્વનું જ કાર્ય છે. **॥૩૮૯॥**

શ્લોક :-

शमसंवेगनिर्वेदकारुण्यानि च देहिनाम् ।
हस्तपादसमान्येतच्छाटयत्यनिवारितम् ।।३९०।।

શ્લોકાર્થ :-

અનિવારિત એવું આ=નિવારણ નહિ કરાયેલું એવું કુષ્ઠ જેવું મિથ્યાત્વ,

સંસારી જીવોના હસ્તપાદ સમાન શમ, સંવેગ, નિર્વેદ, કારુણ્યને નાશ કરે છે.

સંસારી જીવો હાથ-પગથી સર્વ પ્રવૃત્તિ કરે છે. તેમ યોગીઓ શમ, સંવેગ, નિર્વેદ, કારુણ્યથી સતત આત્મહિત અનુકૂળ પ્રવૃત્તિઓ કરે છે અને જેમ કુષ્ઠરોગ હાથ-પગનો વિનાશ કરે છે, તેમ નહિ નિવારણ કરાયેલું એવું મિથ્યાત્વ શમ, સંવેગ આદિ ભાવોનો નાશ કરનાર બને છે. જેથી યોગમાર્ગની પ્રવૃત્તિ કરવા યોગીઓ અસમર્થ બને છે. **॥૩૯૦॥**

શ્લોક :-

जैनो धर्मो न यैः स्पृष्टो, भावतस्ते हि जन्तवः ।
सर्वे मिथ्यात्वकुष्ठेन, नष्टाङ्गास्तेन सर्वथा ।।३९१।।

શ્લોકાર્થ :-

જેઓ વડે ભાવથી જૈનધર્મ સ્પર્શાયો નથી, તે સર્વ જીવો તે મિથ્યાત્વરૂપ કોઢથી સર્વથા નષ્ટ અંગવાળા છે.

દ્રવ્યથી જૈનધર્મની આચરણા કરતા હોય તોપણ સાત્ત્વિક માનસનગરમાં રહેલા વિવેકરૂપી પર્વતના અપ્રમત્ત શિખર ઉપર ચઢીને જેઓ મોહનો નાશ કરનારા થયા નથી, તેઓ ભાવથી જિનધર્મને સ્પર્શેલા નથી. તેઓ મિથ્યાત્વરૂપી કોઢથી નષ્ટ અંગવાળા છે. **॥૩૯૧॥**

શ્લોક :-

दृश्यन्ते मन्मथाकारास्ते यद्यपि बहिर्दृशा ।
क्षताङ्गाः कृमिजालेन, तथाऽपि परमार्थतः ।।३९२।।

શ્લોકાર્થ :-

જોકે બહિર્દષ્ટિથી તેઓ=ભાવથી જૈનધર્મ બહિર્ભૂત જીવો, કામદેવ જેવા આકારવાળા દેખાય છે તોપણ પરમાર્થથી કૃમિજાલથી ક્ષીણ જેવા અંગવાળા છે.

જીવ દેહસ્વરૂપ અને મતિજ્ઞાન સ્વરૂપ છે અને જેઓના મતિજ્ઞાનમાં ભાવથી

જૈનધર્મનો સ્પર્શ નથી, તેઓનો મતિજ્ઞાનનો પરિણામ પરમાર્થથી વિપર્યાસરૂપ કીડાઓથી નષ્ટ થયેલો છે અને પુણ્યના ઉદયથી ક્વચિત્ દેહ સુરૂપ હોય તોપણ ભાવથી તેઓ કુષ્ઠરોગવાળા છે. **॥૩૯૨॥**

શ્લોક :-

कुष्ठमेतन्मुनीनां तु, नास्ति सर्वाङ्गसुन्दराः ।
तेन ते कर्मदोषेण, बहिःकुष्ठान्विता अपि ।।३९३।।

શ્લોકાર્થ :-

વળી, મુનિઓને આ=મિથ્યાત્વરૂપ કુષ્ઠ નથી. તે કારણથી કર્મદોષથી બહિરંગ કુષ્ઠરોગથી અન્વિત પણ તેઓ=મુનિઓ, સર્વ અંગથી સુંદર છે.

કોઈક મુનિને કોઈક પ્રકારના કર્મના દોષને કારણે દેહમાં કુષ્ઠરોગ હોઈ શકે તોપણ મતિજ્ઞાનના ઉપયોગમાં તો તેઓને વીતરાગતા જ તત્ત્વ દેખાય છે અને વીતરાગતાને પ્રગટ કરવા અર્થે સર્વ ઉચિત આચરણાઓ દૃઢ પ્રણિધાનથી કરે છે. તેથી તેઓનો મતિજ્ઞાનનો ઉપયોગ સર્વ અંગથી સુંદર છે. **॥૩૯૩॥**

શ્લોક :-

प्रोक्तं मयेदमालोच्य, यूयं भोः कुष्ठिनो जनाः ।
सम्यक्त्वेन गरिष्ठात्मा, नाहं कुष्ठी कदाचन ।।३९४।।

શ્લોકાર્થ :-

આ આલોચન કરીને=પૂર્વના ત્રણ શ્લોકોમાં કહ્યું એ આલોચન કરીને, મારા વડે=બુધસૂરિ વડે, કહેવાયું. તમે લોકો કુષ્ઠરોગવાળા છો. સમ્યક્ત્વથી ગરિષ્ઠ આત્મા એવો હું ક્યારેય કુષ્ઠરોગવાળો નથી.

બુધસૂરિ નિર્મળ સમ્યક્ત્વથી ગરિષ્ઠ હતા અને યોગ્ય જીવોને વાસ્તવિક બોધ કરાવીને માર્ગમાં લાવવાના અર્થી હતા. તેથી જિનવચનાનુસાર યોગ્ય જીવોને બોધ કરાવવા અર્થે માનકષાય વગર પોતે નિર્મળ સમ્યક્ત્વથી ગરિષ્ઠ છે. એ પ્રકારના કથન દ્વારા પણ જીવોના હિતમાં પ્રવૃત્તિનો અધ્યવસાય જ પુષ્ટ કરે છે. પરંતુ સ્વઆત્મપ્રશંસા કરતા નથી. **॥૩૯૪॥**

શ્લોક :-

दुःखधूलिभृतो दीर्घो, विषमो दोषतस्करैः ।
करालविषयव्यालो, विच्छिन्नप्रशमोदकः ।।३९५।।
ज्ञानच्छायोज्झितो व्याप्तः, कामैः कण्टकसन्निभैः ।
क्रोधभूधरभूभग्नपान्थपुण्यपराक्रमः ।।३९६।।
खेदहेतुर्जिनैर्दृष्टो, भवोऽध्वा भावचक्षुषा ।
वहन्त्यत्र सदा जीवा, गृहीत्वा कर्मशम्बलम् ।।३९७।।

શ્લોકાર્થ :-

દુઃખરૂપી ધૂળથી ભરાયેલો, દીર્ઘ, દોષરૂપી તસ્કરોથી વિષમ, વિકરાલ વિષયરૂપી વાઘવાળો, વિચ્છિન્ન પ્રશમના ઉદકવાળો, જ્ઞાનછાયાથી રહિત, કંટક જેવા કામથી વ્યાપ્ત, ક્રોધરૂપી ભૂધરની ભૂમિમાં મગ્ન એવા પાન્થના પુણ્યના પરાક્રમવાળો=જે જીવોના ચિત્તમાં ક્રોધ વર્તે છે, તે ક્રોધ પર્વત જેવો છે અને તેના દ્વારા ભવમાર્ગની મુસાફરી કરનારા જીવોનું પુણ્યપરાક્રમ ભૂમિમાં દટાય છે તેથી ભૂમિમાં દટાયેલા મુસાફરોનું પુણ્યપરાક્રમ છે જેમાં એવો ભવરૂપી માર્ગ છે. જિનો વડે ભાવચક્ષુ દ્વારા ખેદહેતુ એવો ભવમાર્ગ જોવાયો છે. આમાં=ભવરૂપી માર્ગમાં, કર્મરૂપી શંબલને ગ્રહણ કરીને જીવો સદા ચાલે છે. ।।૩૯૫થી ૩૯૭।।

શ્લોક :-

कदाऽपि धर्मरहिता, न कुर्वन्त्युत्प्रयाणकम् ।
तेन संसारिणो जीवा, विज्ञेया खेदविह्वलाः ।।३९८।।

શ્લોકાર્થ :-

ક્યારે પણ ધર્મરહિત જીવો ઉત્પ્રયાણ કરતા નથી=ભવના ઉચ્છેદમાં યત્ન કરતા નથી. તેથી સંસારી જીવો ખેદવિહ્વલ જાણવા.

સંસારનો માર્ગ ચાર ગતિઓના પરિભ્રમણરૂપ હોવાથી જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિ દુઃખરૂપી ધૂળથી ભરાયેલો છે. વળી, અંત વગરનો હોવાથી

દીર્ઘ છે. વળી સંસારનો માર્ગ જીવમાં વર્તતા દોષરૂપી તસ્કરોથી વિષમ છે; કેમ કે જીવો દોષોને સેવીને પાપ બાંધીને નરકાદિની વિડંબના પામે છે. વળી, તે ભવમાર્ગ વિકરાળ, વિષયરૂપી વાઘવાળો છે=જીવમાં સતત વિષયોની ઇચ્છારૂપ વાઘ તેને ભરખવા તત્પર રહે છે. વળી, તે માર્ગમાં પ્રશમરૂપી જળનો અભાવ હોવાથી જીવો સદા તૃષાથી પીડાતા રહે છે. વળી સંસારી જીવોને આત્માના પારમાર્થિક સ્વરૂપના બોધનો અભાવ હોવાથી ભવમાર્ગ જ્ઞાનછાયાથી રહિત છે. આથી જ જેઓને આત્માના પારમાર્થિક સ્વરૂપનો બોધ થયો, તેઓ સુદેવ, સુમાનુષત્વને પામે છે, પરંતુ સંસારમાં ભટકનારા જીવોને જ્ઞાનની છાયા પ્રાપ્ત નહિ થયેલી હોવાથી દેવાદિ ભવોમાં આવે છે તોપણ કુદેવ, કુમાનુષત્વને જ પામે છે, તેથી બહિર્થી ભોગનાં સુખો મેળવે છે તોપણ અંતરંગ કષાયોની પીડાથી તેઓ પીડિત જ હોય છે. વળી, ભવમાર્ગ કાંટા જેવા પાંચ ઇન્દ્રિયોની કામનારૂપ કામોથી વ્યાપ્ત છે, તેથી જીવોને તે તે કામનારૂપી કંટકો સદા ખૂંચ્યા કરે છે. વળી ભવમાં વર્તતાં જીવોના ચિત્તમાં મોટા પર્વત જેવા ક્રોધ, દ્વેષ, ઇર્ષ્યા આદિ ભાવો વર્તે છે. તેનાથી તે જીવોનું પુણ્યને અનુકૂળ પરાક્રમ ભૂમિમાં મગ્ન થાય છે=તેઓમાં ગુણનાશને અનુકૂળ પુણ્યનું પરાક્રમ વિદ્યમાન હોવા છતાં ક્રોધાદિ ભાવોને કારણે ઉપયોગ રૂપે પ્રગટ થઈ શકતું નથી. તેથી શક્તિરૂપે માત્ર રહે છે. આથી જ પુણ્ય વગરના તે જીવો ભવમાં વિડંબના પામે છે. ભગવાને ભાવચક્ષુથી ભવમાર્ગને ખેદનો હેતુ જોયો છે. **॥૩૯૮॥**

શ્લોક :-

दृश्यन्ते शीतलच्छायाश्रिता यद्यपि गेहिनः ।
तथाऽपि तत्त्वतो ज्ञेया, धावन्तस्ते भवाध्वनि ।।३९९।।

શ્લોકાર્થ :-

જોકે શીતલ છાયામાં આશ્રિત ઘરમાં રહેનારા જીવો છે તોપણ તત્ત્વથી તેઓ ભવરૂપી માર્ગમાં દોડતા જાણવા.

કંઈક પુણ્યના ઉદયવાળા જીવો ઘરમાં વસનારા છે તેથી સૂર્યના તાપથી રહિત શીતલ છાયામાં રહેલા દેખાય છે તોપણ આત્માના નિરાકુલ સ્વભાવરૂપ શીતલ છાયામાં નહિ વસનારા હોવાથી ભાવથી કષાયોના પ્રવર્તનરૂપ ભવમાર્ગમાં તેઓ સતત દોડે છે. **॥૩૯૯॥**

શ્લોક :-

मुनयस्तु विवेकाद्रौ, सर्वदा जैनसत्पुरे ।
स्थिताश्चित्तसमाधानमण्डपे चन्द्रशीतले ।।४००।।

શ્લોકાર્થ :-

વળી, મુનિઓ વિવેકરૂપી પર્વત ઉપર જૈન સત્પુરમાં સર્વદા ચંદ્ર જેવા શીતલ ચિત્તસમાધાનમંડપમાં રહેલા છે. ॥૪૦૦॥

શ્લોક :-

निर्वृतास्ते महात्मानो, बहिः खेदं गता अपि ।
तत्त्वतः खेदनिर्मुक्ता, ज्ञेयाः क्षितिपुरन्दर ! ।।४०१।।

શ્લોકાર્થ :-

હે રાજા ! નિર્વૃત એવા તે મહાત્માઓ=શાંત એવા તે મહાત્માઓ, બાહ્યથી ખેદને પામેલા પણ તત્ત્વથી ખેદરહિત જાણવા.

મુનિઓ આત્માના નિરાકુળ સ્વભાવને અત્યંત ભાવન કરીને શાંત ચિત્તવાળા હોય છે, તેથી ક્વચિત્ ગમનાદિની પ્રવૃત્તિને કારણે દેહના ખેદને=શ્રમને, પામેલા હોય તોપણ ચિત્તથી ખેદ રહિત હોય છે. **॥૪૦૧॥**

શ્લોક :-

निदानमिदमाशय्य, मया पूर्वं निवेदितम् ।
अहं न खेदनिहतो, भवन्तः खेदविह्वलाः ।।४०२।।

શ્લોકાર્થ :-

આ કારણને આશ્રયીને મારા વડે પૂર્વમાં નિવેદન કરાયું. હું ખેદથી હણાયેલો નથી. તમે ખેદવિહ્વલ છો.

મુનિઓનું ચિત્ત સમાધાનવાળું છે, તેથી બાહ્ય સંયોગોકૃત ખેદ નથી. તેથી ખેદરહિત છે અને સંસારી જીવો અનેક પ્રકારની અનુકૂળતાના વચમાં પણ ચિત્ત બાહ્ય પદાર્થો પ્રત્યે સંશ્લેષવાળું હોવાથી અસ્થિર છે, તેથી ખેદથી વિહ્વલ છે. **॥૪૦૨॥**

શ્લોક :-

तृष्णाविवर्धको रागो, नाश्यो वैराग्यलङ्घनैः ।
कर्माजीर्णसमुत्थश्च, प्रोक्तो भावज्वरो बुधैः ।।४०३।।
तेन संसारिणः सर्वे, ज्वरग्रस्ता नराधिप ! ।
मुनीनां तु न गन्धोऽपि, रागस्य हृदि विद्यते ।।४०४।।

શ્લોકાર્થ :-

વૈરાગ્યના લાંઘણથી નાશ્ય તૃષ્ણાનો વિવર્ધક રાગ, કર્મઅજીર્ણથી ઉત્પન્ન થયેલો બુધો વડે ભાવજ્વર કહેવાયો છે. તે કારણથી=શ્લોક-૪૦૩માં બતાવ્યું તેવો ભાવજ્વર છે તે કારણથી, હે રાજા ! સર્વ સંસારી જીવો જ્વરગ્રસ્ત છે. વળી, મુનિના હૃદયમાં રાગની ગંધ પણ વર્તતી નથી.

સંસારી જીવોને જે દેહ, ધન આદિ પ્રત્યે રાગ છે તે તૃષ્ણાનો વર્ધક છે, વૈરાગ્ય દ્વારા નાશ થાય તેવો છે અને કર્મઅજીર્ણથી ઉત્પન્ન થયેલો છે. તેથી જેમ જ્વર તૃષાને વધારે છે, લાંઘણથી નાશ પામે છે અને અજીર્ણથી થાય છે, તેમ રાગરૂપી ભાવજ્વર તૃષ્ણાને વધારે છે. વૈરાગ્ય દ્વારા નાશ પામે છે અને કર્મઅજીર્ણથી ઉત્પન્ન થયેલ છે માટે ભાવજ્વર છે અને સંસારી જીવો ભાવજ્વરથી ગ્રસ્ત છે. જ્યારે મુનિઓને દેહમાત્રમાં પણ રાગ નથી. માત્ર અનિચ્છાની એક ઇચ્છા છે=વીતરાગતાની એક ઇચ્છા છે. તેથી જ્વર વગરના છે. **॥૪૦૩-૪૦૪॥**

શ્લોક :-

असातवेद्योदयतो, जातु जातज्वरा अपि ।
तेन ते विज्वरा ज्ञेया, ज्वरमूलप्रमाथिनः ।।४०५।।

શ્લોકાર્થ :-

તે કારણથી=રાગની ગંધ નથી તે કારણથી, ક્યારેક અશાતાવેદનીયના ઉદયથી થયેલા જ્વરવાળા પણ મુનિઓ જ્વરના મૂલને નાશ કરનારા જ્વરરહિત જાણવા.

મુનિઓ રાગનું મૂલ જે બાહ્ય સંગનો પરિણામ તેનું પ્રમર્થન કરનારા હોવાથી જ્વર વગરના છે. **॥૪૦૫॥**

શ્લોક :-

ईर्ष्या भूप ! महाशूलं, मुदितामुखभङ्गकृत् ।
विवेकहृदयोन्माथि, दयाश्वासनिरोधकम् ।।४०६।।

શ્લોકાર્થ :-

હે રાજા ! આનંદરૂપી મુખના ભંગને કરનાર, વિવેકરૂપી હૃદયનું ઉન્મથન કરનાર, દયારૂપી શ્વાસની નિરોધક ઈર્ષ્યા મહાશૂલ છે.

જેમ શૂલની વેદના મુખને મ્લાન કરનાર છે, હૃદયને વ્યાકુળ કરનાર છે અને મહાશૂલ વર્તતું હોય ત્યારે શ્વાસ પણ રોધ થાય છે, તેમ જીવમાં ઈર્ષ્યા પ્રગટે છે, ત્યારે બીજાના ગુણોને જોઈને પ્રમોદ કરવાના પરિણામનો ભંગ થાય છે. આથી જ સ્થૂલિભદ્રના ઉત્તમ ગુણની પ્રશંસા સાંભળીને પ્રમોદ થવાને બદલે સિંહગુફાવાસી આદિ જીવોને પ્રમોદરૂપી મુખનો ભંગ થયો. જેથી મિથ્યાત્વની પ્રાપ્તિ થઈ. વળી, ગુણોનો પક્ષપાત કરવો એ જીવનો વિવેક છે. જ્યારે ઈર્ષ્યા થાય છે ત્યારે હૃદયમાં વિવેક દૂર થાય છે. વળી, જીવને ગુણના પક્ષપાતરૂપ પોતાના ભાવપ્રાણની રક્ષણની દયા છે. તે દયાના શ્વાસનો રોધ કરનાર ઈર્ષ્યાનો પરિણામ છે. **||૪૦૬||**

શ્લોક :-

क्षमन्ते न परोल्लासमीर्ष्याशूलहता जनाः ।
तत् कुर्वन्ति परद्रोहाद् वक्रभङ्गं मुहुर्मुहुः ।।४०७।।

શ્લોકાર્થ :-

ઈર્ષ્યાશૂલથી હણાયેલા જીવો પરના ઉલ્લાસને=પરના ઉત્કર્ષને, સહન કરતા નથી. તે કારણથી વારંવાર પરદ્રોહથી મુખના ભંગને કરે છે. ||૪૦૭||

શ્લોક :-

तच्छूलं भवमूढानामस्ति न व्रतिनां पुनः ।
विनिवृत्ताः परद्रोहात् ते हि सर्वहितावहाः ।।४०८।।

શ્લોકાર્થ :-

તે શૂલ=ઈર્ષ્યારૂપી શૂલ, ભવ મૂઢ જીવોને છે. વળી, વ્રતીઓને= મુનિઓને, નથી. हि=જે કારણથી, પરદ્રોહથી વિનિવૃત્ત એવા તેઓ= મુનિઓ, સર્વ હિતને કરનારા છે=સર્વ જીવોના હિતને કરનારા છે. ।।૪૦૮।।

શ્લોક :-

एकाकारा सदा भूप ! जन्तवो भववर्तिनः ।
अनन्तदुःखदौर्गत्यवलीपलितपूरिताः ।।४०९।।

શ્લોકાર્થ :-

હે રાજા ! ભવવર્તી જીવો સદા એક આકારવાળા અનંત દુઃખના દૌર્ગત્યરૂપ વલીપલિતથી પૂરિત છે. ।।૪૦૯।।

શ્લોક :-

मुखरन्ध्रगलल्लालाहालाहलमृषोदितैः ।
आशायष्टिमवष्टभ्य, गच्छन्तोऽपि स्खलत्क्रमाः ।।४१०।।

શ્લોકાર્થ :-

મૃષા કથનોથી મુખનું છિદ્ર ગળતી લાળોવાળું હાલાહલ છે. આશારૂપી લાકડીને અવલંબીને જતાં પણ સ્ખલના પામતાં પગલાંવાળા છે.

શ્લોક-૩૪૯માં કહેલ કે જ્વર, શૂલ, જરાથી ગ્રસ્ત તમે છો. તેમાં જ્વર, શૂલ બતાવ્યું. હવે સંસારી જીવો જરાગ્રસ્ત કેમ છે તે બતાવે છે. જેમ જરાવાળા જીવના શરીરમાં કરચલીઓ પડેલી હોય છે, તેમ સંસારી જીવો અનંતકાળથી દુઃખદૌર્ગત્યને પ્રાપ્ત કરે છે, જે દેહ ઉપર પડેલી કરચલી જેવી જરાવસ્થા છે. વળી જરાવસ્થામાં મુખમાંથી લાળો પડે છે, તેમ સંસારી જીવો કષાયને વશ મૃષા બોલીને ઝેર જેવી લાળો કાઢતા હોય છે અને અનેક પ્રકારની ધનાદિની આશારૂપી લાકડીને લઈને સતત તે તે વ્યાપાર વગેરે કરતા હોય છે તોપણ લાકડીને લઈને ચાલતા વૃદ્ધ પુરુષની જેમ તેઓ પદે પદે સ્ખલના પામે છે આથી જ બધી આશાઓ અનુસાર તેઓ ધનાદિ પ્રાપ્ત કરી શકતા નથી. **।।૪૧૦।।**

શ્લોક :-

गलत्सत्तर्करदना, निष्ठीवन्तः पदे पदे ।
कर्मोदयकृतक्षोभलोभश्लेष्माभिपीडिताः ।।४११।।
जराजर्जरिता दीना, अनुकम्प्या महात्मनाम् ।
विवेकयौवनं प्राप्तं, दीक्षाभोगोचितं न तैः ।।४१२।।

શ્લોકાર્થ :-

ગળતા સત્તર્કરૂપી દાંતવાળા, પદે પદે થૂંકતા, કર્મના ઉદયથી કરાયેલા ક્ષોભરૂપ લોભના શ્લેષ્મથી અભિપીડિત, જરાથી જર્જરિત, દીન, મહાત્માઓને અનુકંપ્ય, દીક્ષાના આભોગને ઉચિત વિવેકયૌવન તેઓ વડે પ્રાપ્ત કરાયું નથી એવા ભવવર્તી જીવો એક આકારવાળા છે, એમ શ્લોક-૪૦૯ સાથે સંબંધ છે.

સંસારવર્તી જે જીવો છે, તેઓ ભાવદીક્ષાના ઉપયોગને ઉચિત વિવેકયૌવનને પામેલા નથી. તેઓ અનંતકાળથી સંસારમાં ભટકે છે અને સદા એક વૃદ્ધાવસ્થાને પામેલા છે અને વૃદ્ધાવસ્થામાં જેમ દાંતો હલે છે, તેમ સંસારી જીવોના ચિત્તમાં સત્તર્કો હંમેશાં ગળે છે. તેથી કુતર્કો કરીને તત્ત્વને અભિમુખ થતા નથી અને વૃદ્ધાવસ્થામાં જીવ વારંવાર જેમ થૂંકે છે, તેમ કુતર્કો કરીને સન્માર્ગને તેઓ સદા થૂંક્યા કરે છે. વળી, વૃદ્ધાવસ્થામાં જીવો શ્લેષ્મથી પીડિત હોય છે, તેમ સંસારી જીવોને કર્મના ઉદયકૃત ક્ષોભને કારણે સતત લોભનો પરિણામ વર્તે છે, તે શ્લેષ્મની પીડા જેવો છે. તેથી સદા સંસારી જીવો જરાજીર્ણ શરીરવાળા દીન છે. આથી જ કલ્યાણને જોનારા નથી અને મહાત્માને માટે અનુકંપ્ય છે. **॥૪૧૧-૪૧૨॥**

શ્લોક :-

अविद्याजन्म तैर्मूढैर्जरसैवातिलङ्घितम् ।
न विद्याजन्म ते प्राप्ता, न मृता भावमृत्युना ।।४१३।।

શ્લોકાર્થ :-

તે મૂઢ જીવો વડે=ભવમાર્ગમાં જનારા સંસારી જીવો વડે, જરાથી જ

અવિદ્યારૂપી જન્મ પૂર્ણ કરાયો. વિદ્યાજન્મ તેઓ પામ્યા નથી. ભાવમૃત્યુથી મર્યા નથી.

અનાદિકાળથી સંસારી જીવો અજ્ઞાનના જન્મવાળા છે અને તે જન્મ તેઓએ વૃદ્ધાવસ્થામાં જ પસાર કર્યો છે; કેમ કે અનાદિકાળથી તે જીવો અવિદ્યાવાળા જ છે. તેથી તેઓના જન્મનો પ્રારંભ નથી અને જે કંઈ જન્મ છે, તે જરાનાં સર્વ લક્ષણોથી યુક્ત છે. વળી, તે જીવો વિદ્યાજન્મને પામ્યા નથી. જેમ વિવેકયુક્ત મુનિઓ વિદ્યાજન્મને પામ્યા છે, તેમ અનંતકાળથી મૂઢતાથી સંસારમાં જીવનારા જીવોએ વિદ્યાજન્મ પ્રાપ્ત કર્યો નથી. વળી, જેઓએ વિદ્યાજન્મ પ્રાપ્ત કર્યો છે, તેવા મુનિઓ સંસારનો ક્ષય કરીને ભાવમૃત્યુથી મરે છે, તેમ અનાદિથી સંસારી જીવો વૃદ્ધ થવા છતાં ક્યારેય ભાવમૃત્યુથી મર્યા નથી. **॥૪૧૩॥**

શ્લોક :-

मुनिभिस्तु महाराज ! लब्धं विद्याऽभिधं जनुः ।
प्राप्तं विवेकतारुण्यं, बाल्यं नैवान्वभूयत ।।४१४।।

શ્લોકાર્થ :-

હે મહારાજ ! મુનિઓ વડે વિદ્યા નામનો જન્મ પ્રાપ્ત કરાયેલો છે. વિવેકતારુણ્ય પ્રાપ્ત થયું છે. બાલ્યને અનુભવતા નથી જ.

મુનિઓ પૂર્વના ભવમાં અવિદ્યાવાળા હતા. પરંતુ વર્તમાનના ભવમાં આત્માના વાસ્તવિક સ્વરૂપના જ્ઞાનરૂપ વિદ્યાજન્મને પામ્યા છે અને બાલ્ય અવસ્થાને અનુભવ્યા વગર વિવેકતારુણ્યને પામેલા છે. તેથી દેહાદિથી ભેદજ્ઞાનરૂપ વિવેકને અતિશય કરવા પ્રયત્ન કરે છે. **॥૪૧૪॥**

શ્લોક :-

अप्राप्य तरुणाः सन्तो, जरां संसारदीर्घताम् ।
तथैव ते मरिष्यन्ति, नोत्पत्स्यन्ते यथा पुनः ।।४१५।।

શ્લોકાર્થ :-

તરુણ છતાં=મુનિઓ તરુણ છતાં, સંસારની દીર્ઘતારૂપ જરાને પામ્યા

વગર તે પ્રકારે જ=તરુણ અવસ્થાને પામ્યા છે તે પ્રકારની તરુણ અવસ્થાથી જ, તેઓ મરશે. જે પ્રમાણે ફરી ઉત્પન્ન થશે નહિ=સંસારમાં ફરી જન્મ લેશે નહિ.

સામાન્ય રીતે તરુણ પુરુષો જરાને પામીને મરે છે. પરંતુ મુનિઓ વિવેકરૂપ તારુણ્યને પામ્યા પછી સદા વિવેકના બળથી મહાપરાક્રમ ફોરવીને તરુણ પુરુષની જેમ અંતરંગ શત્રુઓના નાશ માટે સતત યત્ન કરે છે અને અંતરંગ શત્રુઓ આઠ કર્મ છે. તેઓનો નાશ થવાથી તરુણ અવસ્થામાં રહેલા જ મુનિઓ મરશે. જે રીતે ફરી સંસાર અવસ્થા રૂપે ક્યારેય ઉત્પન્ન થશે નહિ. **॥૪૧૫॥**

શ્લોક :-

ज्वरशूलजराग्रस्ता, यूयं प्रोक्तास्ततो मया ।
ज्वरशूलजराहीनः, स्वस्य चात्मा प्रकाशितः ।।४१६।।

શ્લોકાર્થ :-

તેથી=શ્લોક-૪૦૩થી ૪૧૫ સુધી બતાવ્યું કે સંસારી જંતુઓ જ્વર, શૂલ, જરાગ્રસ્ત છે તેથી, તમે જ્વર, શૂલ, જરાથી ગ્રસ્ત મારા વડે કહેવાયા અને પોતાનો આત્મા જ્વર, શૂલ, જરાથી હીન પ્રકાશિત કરાયો.

સંસારી જીવો ભાવજ્વર, ભાવશૂલ અને ભાવજરાથી ગ્રસ્ત છે અને મુનિઓ ભાવજ્વર, ભાવશૂલ અને ભાવજરાથી હીન છે. આથી જ પરમ સ્વસ્થતાપૂર્વક પોતાના અંતરંગ શત્રુઓને નાશ કરવા માટે ભાવમૃત્યુ પ્રાપ્ત કરવા ઉદ્યમ કરી રહ્યા છે. **॥૪૧૬॥**

શ્લોક :-

कुर्वन्ति सदनुष्ठानं, न बुधैः प्रेरिता अपि ।
वारिता अपि कुर्वन्ति, पापानुष्ठानमादृताः ।।४१७।।

શ્લોકાર્થ :-

બુધોથી પ્રેરાયેલા પણ સદ્અનુષ્ઠાનને કરતા નથી. પાપઅનુષ્ઠાનને સેવતા, વારણ કરાયેલા પણ, કરે છે=પાપઅનુષ્ઠાનને કરે છે. ।।૪૧૭।।

શ્લોક :-

मूर्ध्नि मोहरजः क्षिप्त्वा, प्रलपन्ति यथा तथा ।
परिधानं त्रपां मुक्त्वा, कामनृत्यं वितन्वते ।।४१८।।

શ્લોકાર્થ :-

મસ્તક ઉપર મોહરજને નાંખીને યથાતથા પ્રલાપ કરે છે. લજ્જારૂપ પરિધાનને મૂકીને કામનૃત્યને વિસ્તારે છે. ।।૪૧૮।।

શ્લોક :-

गले वल्गन्ति पूतानां, तृष्णाविड्लिप्तपाणयः ।
प्रवदन्तु तथा धर्मं, यथा भोगान् लभामहे ।।४१९।।

શ્લોકાર્થ :-

તૃષ્ણાથી આવિડ્લિપ્ત હાથવાળા સંસારી જીવો પૂતોના=પવિત્ર જીવોના, ગળે વળગે છે. કઈ રીતે ગળે વળગે છે. તે કહે છે. તે પ્રમાણે ધર્મને કહો, જે પ્રમાણે ભોગોને અમે પ્રાપ્ત કરીએ. ।।૪૧૯।।

શ્લોક :-

इत्थं विचेष्टमाना हि, सर्वे संसारवर्तिनः ।
सोन्मादा नायमुन्मादः साधूनां भूप ! विद्यते ।।४२०।।

શ્લોકાર્થ :-

આ રીતે=શ્લોક-૪૧૭થી ૪૧૯માં કહ્યું એ રીતે, ચેષ્ટા કરતા સર્વ સંસારી જીવો ઉન્માદવાળા છે. હે રાજા ! સાધુઓને આ ઉન્માદ વિદ્યમાન નથી. ।।૪૨૦।।

શ્લોક :-

इदं कारणमाश्रित्य, मया पूर्वं निवेदितम् ।
सोन्मादा भो जना ! यूयं, नाहमुन्मादबाधितः ।।४२१।।

શ્લોકાર્થ :-

આ કારણને આશ્રયીને મારા વડે પૂર્વમાં નિવેદન કરાયું. હે જનો ! તમે ઉન્માદવાળા છો. હું ઉન્માદથી બાધિત નથી.

સંસારી જીવો કષાયોનું શમન કરીને સ્વાસ્થ્યના સુખનું કારણ બને તેવું સદ્અનુષ્ઠાન કરતા નથી. ક્વચિત્ બુધ પુરુષો પ્રેરણા કરે કે સંસારનાં અનુષ્ઠાનોથી વર્તમાનમાં ક્લેશો થાય છે, દુઃખની પરંપરા થાય છે અને સદ્અનુષ્ઠાનો વર્તમાનમાં ક્લેશને નાશ કરનારાં છે, સુખની પરંપરાનાં કારણ છે તોપણ તે સદ્અનુષ્ઠાન કરતા નથી અને પાપઅનુષ્ઠાન કરે છે. વળી, વિપર્યાસને ધારણ કરીને યથાતથા પ્રલાપ કરે છે. તત્ત્વને જોવામાં મૂઢ બુદ્ધિવાળા કામનૃત્યને કરે છે અને અતિ તૃષ્ણાવાળા હોવાથી મહાત્માઓને કહે છે કે તમે તેવો ધર્મ બતાવો કે જેથી અમને ભોગ પ્રાપ્ત થાય. આ સર્વ સંસારી જીવોનો ઉન્માદ છે. સાધુને તેવો ઉન્માદ નથી માટે બુધસૂરિએ કહેલું કે તમે ઉન્માદવાળા છો. હું ઉન્માદથી બાધિત નથી. **॥૪૨૧॥**

શ્લોક :-

कषायाख्यः सदा तापो, घोरः संसारवर्तिनाम् ।
धृतिहन्ता च्युतशमस्वेदक्लेदभयंकरः ।।४२२।।

શ્લોકાર્થ :-

ચ્યુત થયેલા શમરૂપ પરસેવાવાળો અને ક્લેદથી ભયંકર ધૃતિને હણનાર એવો કષાય નામનો ઘોર તાપ સંસારવર્તી જીવોને સદા છે. ॥૪૨૨॥

શ્લોક :-

दंदह्यन्ते हि ते तेन, लिप्ताङ्गाश्चन्दनैरपि ।
साधवस्तु सदा शान्ता, निस्तापास्तापसूदनाः ।।४२३।।

શ્લોકાર્થ :-

ચંદનોથી પણ લિપ્ત અંગવાળા તેઓ=સંસારવર્તી જીવો, તેનાથી= કષાયરૂપી તાપથી અત્યંત બળે છે. વળી, તાપને નાશ કરનારા નિસ્તાપવાળા સાધુઓ સદા શાંત છે. ॥૪૨૩॥

શ્લોક :-

बाह्यस्तापोऽपि नो तेषां, शमिनामुपतापकृत् ।
तत् तापपीडिता यूयं, प्रोक्ता नाहं तु तादृशः ।।४२४।।

શ્લોકાર્થ :-

શમી એવા તેઓને=સાધુઓને, બાહ્ય તાપ પણ=સૂર્ય આદિનો તાપ પણ ઉપતાપને કરનાર નથી. તે કારણથી તમે તાપપીડિત કહેવાયા. હું તેવો નથી.

સંસારી જીવોના ચિત્તમાં ઘોર એવો સંસારનો તાપ સદા વર્તે છે. તેથી સંસારી જીવો ક્યારેક ક્રોધાદિ કષાયવાળા દેખાય છે તો ક્યારેક ભોગાદિની ઇચ્છારૂપ લોભ કષાયવાળા દેખાય છે અને તે કષાય જીવની નિરાકુળ સ્વભાવમાં જે ધૃતિ છે તેને હણનાર છે. વળી, તે કષાયથી જીવો શમસુખથી ચ્યુત થાય છે. તેના કારણે જેમ બાહ્ય તાપથી પરસેવો અને દેહ ઉપર ક્લેદ થાય છે, તેમ જીવમાં ધનનાશ આદિનો પરસેવો અને ભોગમાં લિપ્સારૂપ ક્લેશના ભયને કરનાર તાપ છે. તેથી ચંદન આદિથી શીતલ દેહવાળા પણ તે જીવો સદા કષાયોથી બળે છે. વળી, સાધુઓ વીતરાગના વચનથી ભાવિત થઈને ઉચિત ક્રિયા દ્વારા કષાયોને નાશ કરનાર છે. વર્તમાનમાં અકષાયભાવમાં ચિત્ત વર્તે છે, તેથી નિસ્તાપવાળા છે. તેથી તેઓનું ચિત્ત સદા શાંતરસવાળું છે. તેથી ક્વચિત્ બાહ્ય તાપ પણ તેમને પ્રાપ્ત થાય તોપણ તેઓને તે બાહ્ય તાપ અંતરંગ તાપને કરનાર થતો નથી. **॥૪૨૪॥**

શ્લોક :-

इदं पुत्रकलत्रादि, निर्मितं भिन्नकर्मभिः ।
कुटुम्बमेकवृक्षस्य, पक्षिसंघातसन्निभम् ।।४२५।।
निःस्नेहं चञ्चलं तुच्छं, तथाऽपि हृदयप्रियम् ।
अज्ञातपरमार्थानां, बालानां प्रतिभासते ।।४२६।।

શ્લોકાર્થ :-

ભિન્ન કર્મો વડે=તે તે જીવોનાં પોતપોતાનાં કર્મો વડે નિર્મિત આ પુત્ર-

સ્ત્રી આદિ એક વૃક્ષના પક્ષીના સમૂહ જેવું=એક વૃક્ષ ઉપર રહેલા પક્ષીઓના સમૂહ જેવું નિઃસ્નેહ, ચપલ, તુચ્છ એવું કુટુંબ છે તોપણ અજ્ઞાત પરમાર્થવાળા બાલ જીવોને હૃદય પ્રિય ભાસે છે.

સંસારી જીવોનું કુટુંબ પરમાર્થથી તેની ગુણસંપત્તિ છે અને જે બાહ્ય કુટુંબ તેને કુટુંબ સ્વરૂપે દેખાય છે, તે તે જીવોના પોતપોતાનાં કર્મોથી નિર્માણ થયેલ કોઈ સ્ત્રીરૂપે છે, કોઈ પુત્રરૂપે છે અને જેમ કોઈ વૃક્ષ ઉપર રાતવાસો પક્ષીઓ કરે તેમ કોઈ પ્રકારનાં કર્મને વશ એક ભવ તેઓ એકઠા થયા છે અને મૃત્યુ પામીને ભિન્ન ભિન્ન સ્થાને ચાલ્યા જાય છે. વળી તે કુટુંબ આત્માને હિત કરનાર નથી. પોતાના તુચ્છ સ્વાર્થથી સ્નેહવાળું દેખાય છે. પરમાર્થથી નિઃસ્નેહ છે; કેમ કે જીવના ગુણો જ પરમાર્થથી હિતને કરનારા હોવાથી જીવનું સ્નેહી કુટુંબ છે. વળી, સંસારી જીવોનો રાગ પણ ચંચલ છે. તેથી તે કુટુંબ ચંચલ છે. આત્માથી ભિન્ન તે તે જીવો હોવાથી તુચ્છ છે તોપણ જેઓએ તે કુટુંબના પરમાર્થને જાણ્યું નથી, એવા જીવોને તે હૃદયપ્રિય જણાય છે. **॥૪૨૫-૪૨૬॥**

શ્લોક :-

क्लिश्यन्ते च तदर्थन्ते, स्वयं कर्मकरा इव ।
धनार्जनाय धावन्ति, मोहेनान्धा दिवानिशम् ।।४२७।।

શ્લોકાર્થ :-

અને તે કારણથી=અજ્ઞાત પરમાર્થવાળા જીવોને બાહ્ય કુટુંબ હૃદયપ્રિય જણાય છે તે કારણથી, નોકરની જેમ સ્વયં ક્લેશ કરે છે=તે કુટુંબના પાલન માટે ક્લેશ કરે છે, ઇચ્છે છે=તેવું કુટુંબ ઇચ્છે છે. મોહથી અંધ એવા દિવસ-રાત ધનઅર્જન માટે દોડે છે=તેઓના પાલન અર્થે ધનઅર્જન માટે દોડે છે. ॥૪૨૭॥

શ્લોક :-

विनिद्राः शेरते रात्रौ, भुञ्जतेऽपि सुखेन न ।
भ्रमन्ति पशुवच्छून्याः, पूरिता भूरिचिन्तया ।।४२८।।

શ્લોકાર્થ :-

રાત્રિમાં નિદ્રા વગરના ઊંઘે છે=કુટુંબની ચિંતાને કારણે રાતના સૂએ છે તોપણ સુખપૂર્વક નિદ્રાને લઈ શકતા નથી. સુખથી ભોગવતા પણ નથી. ઘણી ચિંતાઓથી પૂરિત પશુની જેમ શૂન્ય ભમે છે. ||૪૨૮||

શ્લોક :-

परायत्ताः कुटुम्बस्य, तत्त्वार्थं ते न जानते ।
यत् कुटुम्बार्थपापस्य, भोक्ष्येऽहं फलमेककः ।।४२९।।

શ્લોકાર્થ :-

પરાધીન એવા તેઓ કુટુંબના તત્ત્વાર્થને જાણતા નથી. જે કારણથી કુટુંબ માટે કરાયેલા પાપને એકલો હું ભોગવીશ.

કુટુંબના રાગથી પરાધીન થયેલા જીવો આ કુટુંબ કઈ રીતે મારા હિતનું પરમાર્થથી કારણ બને તેમ છે અને કઈ રીતે મારા અહિતનું કારણ બને તેમ છે, તેના પરમાર્થને જાણતા નથી. માત્ર તે કુટુંબના પોષણ માટે જે પાપો કરે છે તે પાપના ફળને પોતે એકલા ભોગવશે તે પણ તેમને દેખાતું નથી. પરમાર્થથી જેઓ સંસારમાં જન્મ્યા છે, વિવેકસંપન્ન છે તેઓ તે પ્રકારનાં કર્મથી પોતે કુટુંબરૂપે ભેગા થયા છે. તેથી હું તેઓનું તે પ્રકારે ઔચિત્યથી પાલન કરું કે જેથી તે કુટુંબના સભ્યો ક્લેશ ન પામે અને ધર્મપરાયણ બને. જેથી પરલોકમાં આત્મહિતને પ્રાપ્ત કરે. તે પરમાર્થથી જાણતા નથી પરંતુ તેઓ પ્રત્યેના રાગને વશ આરંભ-સમારંભ કરીને સ્વાર્થી એવા તે કુટુંબને પોષે છે અને તેના અર્થે કરાયેલા પાપના ફળને પોતે એકલો ભોગવનાર બને છે તે સંસારી જીવો જાણતા નથી. **||૪૨૯||**

શ્લોક :-

मातापित्रादिसम्बन्धो, मृगतृष्णोपमोऽखिलः ।
सन्तोषामृतसौख्यं कस्तात्त्विकं तेन हारयेत् ।।४३०।।

શ્લોકાર્થ :-

અખિલ માતા-પિતા આદિનો સંબંધ મૃગતૃષ્ણાની ઉપમાવાળો છે,

તેના વડે=તે સંબંધ પ્રત્યેના સ્નેહ વડે, કોણ તાત્ત્વિક એવા સંતોષ અમૃતના સુખને હારે ?

જીવ દેહથી પણ પૃથક્ છે. માતા-પિતાદિ સર્વથી પણ પૃથક્ છે. જીવનો પારમાર્થિક સંબંધ પોતાના સંતોષ સુખ સાથે છે. છતાં તૃષાતુર જીવને દૂરવર્તી ઝાંઝવાનું જળ તૃષાના શમનનો ઉપાય દેખાય છે, તેમ માતા-પિતાદિનો સંબંધ સ્વસ્થતાનું કારણ દેખાય છે. પરમાર્થથી તો અનિચ્છાના ઉપાયને સેવીને વીતરાગતા તરફ જનારા જીવોને જ સંતોષનું જે સુખ છે, તે જ પારમાર્થિક સુખ છે. **॥૪૩૦॥**

શ્લોક :-

कुटुम्बपञ्जरं त्यक्त्वा, ये त्वेवं भावनाभृतः ।
निष्क्रान्ता न परायत्तास्ते स्वाधीनसुखाब्धयः ।।४३१।।

શ્લોકાર્થ :-

વળી આ રીતે=શ્લોક-૪૨૫થી ૪૩૦માં કહ્યું એ રીતે, ભાવનાથી ભરાયેલા જેઓ કુટુંબરૂપી પાંજરાને છોડીને નીકળેલા પરાધીન નથી= કુટુંબના બંધનથી પરાધીન નથી, તેઓ સ્વાધીન સુખના સમુદ્ર છે. ।।૪૩૧।।

શ્લોક :-

गृहपाशविमुक्तानां, तेषां या गुर्वधीनता ।
सा ग्रीवाभरणं नैव, रज्जुराकर्षणी भवे ।।४३२।।

શ્લોકાર્થ :-

ગૃહપાશથી વિમુક્ત એવા તેઓની=સાધુઓની જે ગુરુઆધીનતા તે ગ્રીવાનું આભરણ છે. ભવમાં આકર્ષણ કરનાર રજ્જુ નથી જ.

સંસારી જીવોની સાથે જે કુટુંબનો સ્નેહ સંબંધ છે, તે સ્નેહથી તે તે કર્મો બાંધીને ભવમાં આકર્ષણ કરનાર રજ્જુ છે. જે સાધુઓ ગુણવાન ગુરુને પરતંત્ર થાય છે, તે ગુણવાન ગુરુ યોગ્ય શિષ્યને ઉચિત અનુશાસન આપીને ગુણવૃદ્ધિ કરાવે છે. તેથી ગુણવૃદ્ધિને અનુકૂળ યત્ન કરનારા તે મહાત્માની ગ્રીવાનું

આભરણ ગુરુની પરાધીનતા છે; કેમ કે તેનાથી જ તે મહાત્માની ગુણની શોભા વૃદ્ધિ પામે છે. **॥૪૩૨॥**

શ્લોક :-

यूयमुक्ताः परायत्ताः, संचिन्त्येदं स्वमानसे ।
स्वाधीनत्वं मया स्वस्य, वचोऽध्वपथिकीकृतम् ।।४३३।।

શ્લોકાર્થ :-

આને=શ્લોક-૪૩૨માં કહ્યું કે ગુરુની આધીનતા ગ્રીવાનું આભરણ છે એને, સ્વમાનસમાં વિચારીને મારા વડે તમે પરાયત્ત કહેવાયા=શ્લોક-૩૫૦માં કહેવાયા. સ્વના સ્વાધીનપણારૂપ વચન અધ્વપથિકીકૃત છે= ઈષ્ટસ્થાનમાં જવા માટે માર્ગમાં જાણનારાના આશ્રય કરવારૂપ હોવાથી સ્વાધીનપણું જ છે.

પોતાના ગુરુનું આધીનપણું કલ્યાણનું કારણ છે. સંસારનું કારણ નથી. જ્યારે સંસારી જીવોના કુટુંબનું આધીનપણું ભવમાં આકર્ષણ કરનાર રજ્જુ જેવું છે, તેથી સંસારી જીવો પરાધીન છે, એમ પૂર્વમાં કહેવાયું. વળી, પોતે ગુરુને આધીન હોવા છતાં હું પરાધીન નથી, એમ જે શ્લોક-૩૫૦માં કહ્યું એ સ્વાધીનની પ્રાપ્તિરૂપ મોક્ષમાર્ગમાં કરાયેલું ગુરુનું આધીનપણું એ પરમાર્થથી સ્વાધીનપણું જ છે; કેમ કે ઇષ્ટસ્થાનમાં જવા માટે ગુરુ આલંબનરૂપ છે અને ઇષ્ટસ્થાન એવો મોક્ષ સ્વાધીન છે, તેને આશ્રયીને હું સ્વાધીન છું, તેમ સૂરિએ કહેલ. **॥૪૩૩॥**

શ્લોક :-

पश्यन्ति नान्तः कामान्धाः, पश्यन्तोऽपि बहिर्दृशा ।
विकलाक्षास्ततस्ते स्युः, साधवस्तु न तादृशाः ।।४३४।।

શ્લોકાર્થ :-

બહિર્દષ્ટિથી જોતા પણ કામાંધ જીવો મૃત્યુને જોતા નથી=ભાવિમાં અનંત મૃત્યુની કદર્થના જોતા નથી. તેથી તેઓ=કામાંધ જીવો, ચક્ષુ

વગરના છે. વળી સાધુઓ તેવા નથી=મૃત્યુને જોનારા છે.

વિષયોમાં અંધ જીવો પોતાના મૃત્યુને અને ભાવિ દુર્ગતિઓની પરંપરાને જોતા નથી. માત્ર વિષયોમાં જ સુખ છે, તેટલું જ જુએ છે. તેથી તત્ત્વને જોનારી દૃષ્ટિ નહિ હોવાથી ચક્ષુ વગરના છે. વળી, સાધુઓ પોતાના મૃત્યુને જોનારા છે અને અનંત મૃત્યુને જોનારા છે અને મૃત્યુની કદર્થના અને ક્લેશની કદર્થનાના નિવારણનો ઉપાય જોનારા છે. તેથી સજ્જ અક્ષવાળા છે. **॥૪૩૪॥**

શ્લોક :-

सज्जाक्षा एव तद् ज्ञेया, नष्टबाह्यदृशोऽपि ते ।
विकलाक्षा मयेत्येते, प्रोक्ता नाहं तु तादृशः ।।४३५।।

શ્લોકાર્થ :-

તે કારણથી=સાધુઓ તેવા નથી એમ પૂર્વશ્લોકમાં કહ્યું તે કારણથી, નષ્ટબાહ્ય દૃષ્ટિવાળા પણ તેઓ=સાધુઓ સજ્જઅક્ષવાળા જ જાણવા. એથી મારા વડે આ=સંસારી જીવો, વિકલાક્ષ કહેવાયા. હું તેવો નથી. ॥૪૩૫॥

શ્લોક :-

ये चाष्टावृणिकाः प्रोक्ताः, कर्माण्यष्ट प्रतीहि तान् ।
दानग्रहणिकैर्लोकाः, कदर्थ्यन्ते हि तैर्भृशम् ।।४३६।।

શ્લોકાર્થ :-

અને જે આઠ લેણદારો કહેવાયા તેઓને આઠ કર્મો તું જાણ, દાન-ગ્રહણિક એવા તેઓ વડે=આઠ કર્મો વડે લોકો અત્યંત કદર્થના કરાય છે. ॥૪૩૬॥

શ્લોક :-

धार्यन्ते क्षुधिताः क्वापि, तिर्यग्भवचतुष्पथे ।
क्षिप्त्वा नरककारायां, पीड्यन्ते निष्कृपैः क्वचित् ।।४३७।।

શ્લોકાર્થ :-

ક્ષુધિત એવા લોકો કોઈક પણ તિર્યંચભવના ચતુષ્પથમાં ધારણ કરાય છે=લેણદાર એવા કર્મ વડે ધારણ કરાય છે. ક્વચિત્ નિષ્કરુણાવાળાં એવાં તે કર્મો વડે નરકરૂપી કારાવાસમાં નાંખીને પીડા કરાય છે.

પૂર્વના શ્લોકમાં કહ્યું એવાં આઠ કર્મો પોતાનું લેણું લેવા માટે જીવોને ભૂખ્યા તિર્યંચપથમાં ધારણ કરે છે અને ક્યારેક નરકમાં નાંખીને કારમી યાતના આપે છે. **॥૪૩૭॥**

શ્લોક :-

चिन्तापङ्के विलोठ्यन्ते, क्वचिदाहत्य पार्ष्णिना ।
पुण्याख्यो ह्रियते गेहोपस्करः क्वापि दुर्गतौ ।।४३८।।

શ્લોકાર્થ :-

ક્વચિત્ પાર્ષ્ણિથી હણીને લોકો ચિંતારૂપી કાદવમાં આળોટન કરાય છે. ક્યાં પણ દુર્ગતિમાં પુણ્ય નામનું ઘરનું રાચરચીલું હરણ કરાય છે.

જેમ લેણદાર તેનું દેવું ચૂકવવામાં ન આવે તો ગુસ્સે થઈને લાતો મારે છે, તેમ આઠ કર્મો જીવને કોઈ વિષમ સંયોગ ઉત્પન્ન કરીને ચિંતારૂપી કાદવમાં નાંખે છે. વળી, ક્યારેક લેણદાર આવીને દેવું ન ચૂકવાયું હોય તો ઘરની સામગ્રી લઈ જાય છે, તેમ જીવનાં તે પ્રકારનાં કર્મો દુર્ગતિમાં નાંખીને પુણ્ય વગરનો તેને કરે છે, જ્યાં તેને ખાવા-પીવાની ઉચિત સામગ્રી પણ પ્રાપ્ત થાય નહિ. **॥૪૩૮॥**

શ્લોક :-

साधूनां ते न बाधायै, शुद्धप्रायमृणं हि तैः ।
ग्रन्थेन गुरुदत्तेन, शोधयन्ति च ते सदा ।।४३९।।

શ્લોકાર્થ :-

સાધુને તે=આઠ કર્મો, બાધા માટે નથી. हि=જે કારણથી, તેઓ વડે ઋણ=દેવું શુદ્ધપ્રાય છે=પ્રાયઃ ચૂકવાયેલું છે અને તેઓ=સાધુઓ, ગુરુ

વડે અપાયેલા ગ્રંથથી=પ્રાયશ્ચિત્તરૂપી ધનથી સદા શોધન કરે છે=ઋણ ચૂકવે છે. ||૪૩૯||

શ્લોક :-

ऋणार्दितास्ततः प्रोक्ता, यूयं नाहं तु तादृशः ।
ऋणिका बाधका नैव, ऋणं शोधयतो हि मे ।।४४०।।

શ્લોકાર્થ :-

તેથી=શ્લોક-૪૩૭થી ૪૩૯ સુધીમાં કહ્યું તે પ્રમાણે આઠ કર્મો લેણદારો છે અને જીવને પીડે છે અને સાધુને પીડતા નથી, તેથી તમે ઋણથી આર્દિત કહેવાયા. વળી, હું તેવો નથી=ઋણથી આર્દિત નથી. हि=જે કારણથી, ઋણને શોધતા મને=ઋણને ચૂકવતા મને લેણદારો બાધિત નથી જ.

જીવો આઠ કર્મો બાંધીને કર્મોના દેવાદાર છે. તેથી તે કર્મો લેણદાર છે અને તેને લેણું ન ચૂકવવામાં આવે તો તે કર્મો તેને દુર્ગતિઓમાં પીડે છે. મનુષ્યભવમાં દરિદ્ર અવસ્થા પ્રાપ્ત કરાવે છે. સાધુને તે લેણદારરૂપ કર્મો બાધા માટે થતાં નથી; કેમ કે સાધુઓ તે કર્મોનું લેણું ચૂકવી દે છે. ક્વચિત્ સંયમજીવનમાં કોઈક સ્ખલના થાય તો ગુરુએ આપેલ પ્રાયશ્ચિત્ત દ્વારા તેનું શોધન કરે છે. તેથી દેવાથી પીડિત સાધુઓ નથી, પરંતુ સંસારી જીવો છે. આથી જ સાધુઓ જ્યાં સુધી સંસારમાં છે, ત્યાં સુધી સુદેવ, સુમાનુષત્વ પામે છે, સુખપૂર્વક જીવે છે. તેથી કર્મોકૃત કદર્થનાને પામતા નથી; કેમ કે સાધુઓ અનંતકાળમાં કરાયેલાં પાપોના પ્રાયશ્ચિત્તરૂપ જ પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે અને તે પ્રવ્રજ્યાથી અનંતકાળમાં કરાયેલાં પાપોનું શોધન કરે છે અને આ ભવમાં કોઈ સ્ખલના થઈ તો પ્રાયશ્ચિત્ત દ્વારા તેનું શોધન કરે છે. તેથી કર્મોનું લેણું ચૂકવીને સતત ઋણ મુક્ત થવા પ્રયત્ન કરી રહ્યા છે. **||૪૪૦||**

શ્લોક :-

क्रूरं कर्म भवो घोरो, रौद्रं रागादिमण्डलम् ।
जीवितं दृष्टनष्टं च, चलाः सर्वविभूतयः ।।४४१।।

प्रमादो देहिनां शत्रुर्देहोऽयं क्षणभङ्गुरः ।
जरामृत्यू करगतौ, भोगाः पर्यन्तदारुणाः ।।४४२।।
इत्यादिकमनालोच्य, कामभोगाशयौ क्रमौ ।
प्रसार्य ज्ञानतत्पात्रसंगनेत्रे निमील्य च ।।४४३।।
अविद्याशयने सर्वे, स्वपन्ति भवजन्तवः ।
महाघुरघुरारावं, कुर्वन्तः क्रोधचेष्टितैः ।।४४४।।

શ્લોકાર્થ :-

ક્રૂર કર્મ છે, ઘોર ભવ છે, રાગાદિનો સમૂહ રૌદ્ર છે, જીવન દૃષ્ટ-નષ્ટ છે=ક્ષણમાં દેખાય છે અને નાશ થાય છે, સર્વ વિભૂતિઓ ચલ છે, જીવોનો પ્રમાદ શત્રુ છે, આ દેહ=જીવોને પ્રાપ્ત થયેલું શરીર, ક્ષણભંગુર છે, જરા અને મૃત્યુ હાથમાં રહેલાં છે, ભોગો પર્યંતમાં દારુણ છે=ફલથી દારુણ છે. ઈત્યાદિકનું આલોચન કર્યા વગર કામ અને ભોગના આશયરૂપ બે ચરણોને પ્રસારીને જ્ઞાન અને તત્પાત્રના સંગરૂપ બે નેત્રોને=સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્જ્ઞાનના પાત્રવાળા સાથેના સંગમરૂપ બે નેત્રોને મીંચીને ક્રોધચેષ્ટાઓ વડે મહાઘુરઘુરારાવને કરતાં અવિધા નામના શયનમાં સર્વ ભવજંતુઓ સૂએ છે.

કર્મ ક્રૂર છે, ભવ ઘોર છે, રાગાદિનો સમૂહ રૌદ્ર છે, જીવન ક્ષણમાં નાશ થાય છે, સંસારનો સર્વ વૈભવ ચલ છે, આત્મહિત સાધવામાં કરાતો પ્રમાદ જીવનો પરમ શત્રુ છે, દેહ ક્ષણભંગુર છે, જરા-મૃત્યુ પ્રાપ્ત થવાની તૈયારીમાં છે, ભોગો ભોગકાળમાં મધુર છે, ફલથી ક્લિષ્ટકર્મની પ્રાપ્તિ દ્વારા દુર્ગતિઓમાં નાખે છે. ઇત્યાદિ અનુભવ અનુસાર દેખાતા પદાર્થોનું જેઓ સમ્યગ્ સમાલોચન કરતા નથી, ક્વચિત્ કંઈક ધર્મની પ્રવૃત્તિ કરતા હોય તોપણ પરમાર્થથી આત્માના હિતમાં યત્નશીલ નથી અને કામભોગની પરિણતિના વિચારોમાં જ યત્નશીલ રહે છે અને શાસ્ત્રવચનથી સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરવા યત્ન કરતાં નથી અને સમ્યગ્જ્ઞાનવાળા પુરુષોના સાંનિધ્યમાં રહીને પોતાના હિતને જાણવા સદા યત્ન કરતા નથી, તેઓમાં આત્માના હિત

વિષયક અજ્ઞાન સતત વર્તે છે. તેથી તેઓ મિથ્યાત્વરૂપી મોહની નિદ્રામાં સદા સૂતેલા છે અને તેઓ તે તે પ્રતિકૂળ સંયોગોમાં તે તે પ્રતિકૂળ ભાવોને પામીને ક્રોધ, અરતિ, દ્વેષ, ઈર્ષ્યા આદિ કરે છે. તેઓ ઊંઘમાં પણ ગાઢ અવસ્થાવાળા હોવાથી નસકોરાં બોલાવે છે. **॥૪૪૧થી ૪૪૪॥**

શ્લોક :-

शब्दैरपि न बुध्यन्ते, प्रदीर्घैस्ते विवेकिनाम् ।
बोधिता अपि कृच्छ्रेण, घूर्णन्ते मोहनिद्रया ।।४४५।।

શ્લોકાર્થ :-

વિવેકીઓના વિસ્તારવાળા શબ્દોથી પણ તેઓ=ભવજંતુઓ, બોધ પામતા નથી. અત્યંત મુશ્કેલીથી બોધ પામેલા પણ મોહનિદ્રાથી ઘૂર્ણે છે=ઝોકાં ખાય છે.

પૂર્વમાં કહ્યું એ રીતે કર્મો ક્રૂર છે ઇત્યાદિ પ્રાયઃ સંસારી જીવો ભાવન કરતા નથી. ક્વચિત્ કંઈક ધર્મને અભિમુખ થયા હોય તો તત્ત્વ સાંભળવા માટે વિવેકી પુરુષો પાસે આવે છે અને વિવેકી પુરુષો તે જીવોની યોગ્યતાને સન્મુખ રાખીને વિસ્તારથી કર્મો ક્રૂર છે ઇત્યાદિ તેઓને સમજાવે છે તોપણ તે શબ્દોનું તાત્પર્ય સદ્વીર્યને ઉલ્લસિત કરે તે રીતે તેમના હૈયાને સ્પર્શતું નથી. માત્ર શબ્દથી જ સાંભળીને સંતોષ પામે છે. ક્વચિત્ બુધ પુરુષોના ઘણા પ્રયત્નથી બોધ પામેલા હોય તોપણ પૂર્વના પ્રમાદ દોષને કારણે ફરી મોહનિદ્રાથી સૂઈ જાય છે. તેથી વર્તમાનના જીવનમાં જ કઈ રીતે ભોગ આદિ દ્વારા આનંદ પ્રાપ્ત કરવો તેમાં જ યત્નશીલ રહે છે. ધર્મની યત્કિંચિત્ પ્રવૃત્તિ કરીને મિથ્યા આશ્વાસન લે છે. તે મોહની નિદ્રા સ્વરૂપ જ છે. **॥૪૪૫॥**

શ્લોક :-

वल्गन्तोऽपि ततो ज्ञेया, गृहिणः प्रचलायिताः ।
मुनयस्तां विना निद्रां, सुप्ता अपि हि जाग्रति ।।४४६।।

શ્લોકાર્થ :-

તેથી=પૂર્વમાં કહ્યું તેવી મોહનિદ્રાવાળા ભવજંતુઓ છે, તેથી દોડતા

પણ ગૃહસ્થો ઊંઘે છે. તે નિદ્રા વગર=પૂર્વમાં કહ્યું એવી ભાવનિદ્રા વગર, મુનિઓ સૂતેલા પણ જાગે છે.

ક્રૂર કર્મો છે ઇત્યાદિ ભાવન કરીને જે સંસારી જીવો સતત આત્માને જાગૃત કરતા નથી, તેઓ સંસારની પ્રવૃત્તિઓમાં દોડતા હોય, ક્વચિત્ ધર્મનાં અનુષ્ઠાનો કરતા હોય તોપણ દુરંત સંસારથી આત્માના રક્ષણને અનુકૂળ જાગૃતિવાળા નથી. તેથી બેઠા બેઠા ઊંઘે જ છે. જ્યારે સાધુઓ સતત ભગવાનના વચનથી ભાવિત છે. સંસારના રૌદ્ર સ્વરૂપને યથાર્થ જાણનારા છે માટે ભગવાનના વચનનું દૃઢ અવલંબન લઈને સામાયિકના પરિણામની વૃદ્ધિમાં યત્નશીલ છે. તેઓ સામાયિકના પરિણામની વૃદ્ધિના અંગરૂપ કાયાથી સૂએ તોપણ ભાવથી જાગૃત જ રહે છે. તેથી મુનિઓ નિદ્રાવાળા નથી. ગૃહસ્થો જ નિદ્રાવાળા છે, તેમ કહેલ છે. **॥૪૪૬॥**

શ્લોક :-

स्वस्यान्येषां च पश्यन्ति, ते हि गत्यागती श्रुतैः ।
तद् यूयं प्रचलायध्वे, नाहमित्यास्थितं मया ।।४४७।।

શ્લોકાર્થ :-

તેઓ=સાધુઓ, શ્રુતથી=ભગવાનના વચનથી, પોતાની અને અન્યની ગતિ-આગતિને જુએ છે. તે કારણથી તમે ઊંઘો છો, હું નહિ. એ પ્રમાણે મારા વડે કહેવાયું.

સાધુઓ ભગવાનના વચનથી અત્યંત ભાવિત છે અને ભગવાનના વચનના બળથી પોતે કઈ ગતિમાંથી આવ્યા છે અને કઈ ગતિમાં જશે, એ પણ પોતાના વર્તમાન ભવની પરિણતિના બળથી જોઈ શકે છે અને અન્ય જીવોની તે તે પ્રકારની ચેષ્ટા અને પરિણતિના બળથી જોઈ શકે છે. તેથી સાધુઓ સદા જાગે છે; કેમ કે જાગતો માણસ કોઈના જવા-આવવાની સર્વ પ્રવૃત્તિઓ જોઈ શકે છે. **॥૪૪૭॥**

શ્લોક :-

दरिद्रा भूपते ! ज्ञेया, ये सद्धर्मविवर्जिताः ।
परप्रार्थनया बाढं, दीना विषयभिक्षवः ।।४४८।।

येषां तु भावरत्नानि, चित्तापवरके सदा ।
देदीप्यन्ते मुनिजनाः, स्वाधीना धनिनो हि ते ।।४४९।।

શ્લોકાર્થ :-

હે રાજા ! જે સદ્ધર્મવિવર્જિત છે, તેઓ દરિદ્ર જાણવા. પરપ્રાર્થનાથી= બાહ્ય ભોગસામગ્રીની ઈચ્છાથી, વિષયના ભિખારીઓ અત્યંત દીન જાણવા. વળી, જેઓના ચિત્તરૂપી ઓરડામાં સદા ભાવરત્નો દેદીપ્યમાન છે, સ્વઆધીન એવા તે મુનિજનો ધનવાળા છે.

જેઓના ચિત્તમાં જિનવચનાનુસાર વાસ્તવિક સ્વરૂપનું નિરીક્ષણ સદા વર્તે છે, મોક્ષનું પારમાર્થિક સ્વરૂપ, આત્માની નિર્દ્વંદ્વ અવસ્થા સદા સ્મૃતિમાં વર્તે છે, તેના ઉપાયભૂત સાધુઓની ઉત્તમ આચરણા કઈ રીતે નિર્દ્વંદ્વ અવસ્થા સાથે કારણરૂપે પ્રતિબદ્ધ છે, તેનું અવલોકન વર્તે છે. તેવા મુનિઓના ચિત્તરૂપી ઓરડામાં મોક્ષને અનુકૂળ એવા ઉત્તમ ભાવરૂપી રત્નો વર્તે છે. આથી જ તેવા મુનિઓ મોક્ષમાં ન જાય ત્યાં સુધી સુદેવ અને સુમાનુષ્યપણાને જ પામે છે. તેવા મુનિઓ સ્વાધીન એવા ઉત્તમ ગુણોરૂપી ધનથી ધનવાન છે. **॥૪૪૮-૪૪૯॥**

શ્લોક :-

ते स्वयं भुञ्जते वित्तं, जगत् पुष्णन्ति तेन च ।
अलाबुहस्ता अपि ते, विज्ञेयाः परमेश्वराः ।।४५०।।

શ્લોકાર્થ :-

તેઓ=સુસાધુઓ, સ્વયં ધનને ભોગવે છે અને તેનાથી=પોતાને પ્રાપ્ત થયેલાં ભાવરત્નોથી, જગતને પોષે છે. તુંબડાના હાથવાળા પણ તેઓ=સુસાધુઓ, પરમ ઐશ્વર્યવાળા જાણવા. ।।૪૫૦।।

શ્લોક :-

अनादिनिधनज्ञानधनोऽहं तद् भवादृशैः ।
स्वदारिद्र्यमनालोच्य, दरिद्रो भावितः कथम् ? ।।४५१।।

શ્લોકાર્થ :-

તે કારણથી=સાધુઓ પરમ ઐશ્વર્યવાળા છે તે કારણથી, અનાદિ નિધન જ્ઞાનધનવાળો હું પોતાના દારિદ્ર્યનું આલોચન કર્યા વગર તમારા જેવા વડે કેવી રીતે દરિદ્ર ભાવન કરાયો.

ધન આત્માને સ્વસ્થ અવસ્થા રાખવાનું કારણ છે. દરિદ્ર અવસ્થા જીવને વિહ્વળ અવસ્થાનું કારણ છે અને મુનિઓ અનાદિ અનિધન એવા જ્ઞાનરૂપી ધનવાળા છે; કેમ કે આત્મામાં રહેલું જ્ઞાનરૂપી ધન જ તેઓએ સ્વપરાક્રમ દ્વારા પ્રગટ કરેલું છે. જે અનાદિનું હતું અને જે ક્યારે નાશ ન પામે તેવું છે અને તેવું જ્ઞાન તત્ત્વના ભાવનથી મુનિઓને પ્રાપ્ત થયેલું છે અને તેવા જ્ઞાનથી દરિદ્ર સંસારી જીવો છે છતાં પોતાના દારિદ્ર્યનો વિચાર કર્યા વગર મહાત્માને તમે દરિદ્રરૂપે કેમ માન્યા એ પ્રકારે સૂરિ રાજાને કહે છે. **॥૪૫૧॥**

શ્લોક :-

मलिनोऽपि स विज्ञेयो, यः कर्ममलभारितः ।

मुद्रिताशुचिकुम्भाभः, क्षालितोऽपि बहिर्भृशम् ।।४५२।।

શ્લોકાર્થ :-

બહારથી અત્યંત ક્ષાલિત પણ મુદ્રિત અશુચિના કુંભ જેવો, જે કર્મમલથી ભારિત છે, મલિન પણ તે જાણવો.

સંસારી જીવોનું શરીર બહારથી ઢંકાયેલા અશુચિના કુંભ જેવું છે, તેથી તેના છિદ્રોમાંથી સતત અશુચિ નીકળે છે. છતાં વારંવાર કાયાને ધોઈને શુચિ બને છે. આમ છતાં ક્લિષ્ટ પરિણતિરૂપ કર્મમલથી તેઓ ભારિત છે. તેથી પરમાર્થથી એમનો આત્મા મલિન છે. **॥૪૫૨॥**

શ્લોક :-

हारतारकनाथांशुक्षीरनिर्मलमानसः ।

निर्मलस्तत्त्वतो ज्ञेयो, बहिर्मलधरोऽपि हि ।।४५३।।

શ્લોકાર્થ :-

હાર જેવા નિર્મળ માનસવાળો, તારા જેવા નિર્મળ માનસવાળો, નાથાંશુ જેવા નિર્મળ માનસવાળો, ક્ષીર જેવા નિર્મળ માનસવાળો બહારથી મલને ધારણ કરનાર પણ તત્ત્વથી નિર્મળ જાણવો.

જેઓનું મોતીના હાર આદિ જેવું નિર્મળ માનસ છે, તેઓ સદા સ્વ-પરની દયા કરનારા છે. આથી જ કોઈ જીવને પીડા કરતા નથી. કોઈના પ્રાણ નાશ કરતા નથી અને કોઈના કષાયનો ઉદ્રેક આદિ કરતા નથી. તેવા સુસાધુઓ દેહથી મલિન હોય તોપણ તત્ત્વથી નિર્મળ છે. **॥૪૫૩॥**

શ્લોક :-

भावमालिन्यमध्यात्वा, तदिदं स्वहृदि स्थितम् ।
हसितोऽहं जनैः केन, हेतुना मलभागिति ।।४५४।।

શ્લોકાર્થ :-

તે કારણથી=તત્ત્વથી નિર્મલ માનસવાળા નિર્મળ છે તે કારણથી, સ્વહૃદયમાં રહેલા આ ભાવમાલિન્યનો વિચાર કર્યા વગર=શ્લોક-૪૫૨માં બતાવેલા ભાવમાલિન્યનો વિચાર કર્યા વગર, કયા હેતુથી મલભાગ એ પ્રમાણે હું લોકો વડે હસાયો. ॥૪૫૪॥

શ્લોક :-

सुरासुरनरैः पूज्यो, धर्मी सौभाग्यवान् मुनिः ।
वदन्त्यधर्मभूयिष्ठं, दुर्भगं भावतो नरम् ।।४५५।।

શ્લોકાર્થ :-

સુર, અસુર અને મનુષ્યોથી પૂજ્ય, ધર્મી મુનિ, સૌભાગ્યવાન છે. અધર્મભૂયિષ્ઠ નરને ભાવથી દુર્ભગ કહે છે=વિવેકી પુરુષો કહે છે. ॥૪૫૫॥

શ્લોક :-

कृष्णपाक्षिकमूर्द्धन्यं, यं निन्दन्ति विवेकिनः ।
स दौर्भाग्यकरः प्राणी, तं स्तुवन्ति नराधमाः ।।४५६।।

શ્લોકાર્થ :-

વિવેકીઓ જે કૃષ્ણપાક્ષિક મૂર્ધન્યની નિંદા કરે છે, તે=કૃષ્ણપાક્ષિક મૂર્ધન્ય=દૌર્ભાગ્યકર પ્રાણી છે. તેને નરાધમો સ્તુતિ કરે છે. ।।૪૫૬।।

શ્લોક :-

शीलसौभाग्यपूर्णोऽपि, मुनिवेषेण धार्मिकः ।
केनाहं हेतुना लोकैर्निन्दितो दुर्भगाग्रिमैः ।।४५७।।

શ્લોકાર્થ :-

મુનિવેષથી ધાર્મિક, શીલસૌભાગ્યથી પૂર્ણ પણ હું દુર્ભગમાં અગ્રિમ એવા લોકો વડે કયા હેતુથી નિંદા કરાયો.

સાધુ દેવોથી પૂજાય છે, ધર્મી છે અને ગુણોથી પૂર્ણ હોવાથી સૌભાગ્યવાળા છે. વળી, જેઓ અધર્મી છે, તેઓ ભાવથી દુર્ભગ છે. આથી જ વિવેકવાળા જીવો અત્યંત કૃષ્ણપાક્ષિક જીવોની નિંદા કરે છે=આ કૃષ્ણપાક્ષિક જીવો ક્લિષ્ટ પરિણામને કારણે દીર્ઘ સંસારમાં ભટકનારા છે તેમ કહે છે અને તેવા પ્રાણીઓનું નામ પણ દૌર્ભાગ્યને કરનારું છે. તેમનાં દર્શન પણ દૌર્ભાગ્યને કરનારાં છે. છતાં પાપી જીવો તેઓના ઉત્તમ વૈભવને જોઈને સ્તુતિ કરે છે. જ્યારે મુનિવેષમાં રહેલા બુધસૂરિ શીલસૌભાગ્યથી પૂર્ણ છે, છતાં મૂર્ખ લોકો વડે પોતાના દુર્ભગપણાને જાણ્યા વગર, નિંદા કરાયા છે. આ પ્રકારે બુધસૂરિ રાજાને બોધ કરાવે છે. **।।૪૫૭।।**

શ્લોક :-

उक्तदोषान्विता लोका, राज्यभाजोऽपि दुःखिनः ।
अनाख्येयरसोल्लासनिमीलितदृशोऽपि हि ।।४५८।।

શ્લોકાર્થ :-

અનાખ્યેય રસના ઉલ્લાસથી નિમીલિત દષ્ટિવાળા પણ=પુણ્યની પ્રચુરતાને કારણે કહી ન શકાય તેવા બાહ્ય ભોગોના રસના ઉલ્લાસને કારણે તત્ત્વને જોવાની જેઓની દૃષ્ટિ બંધ થયેલી છે તેવા પણ, રાજ્યને ભોગવનારા પણ પૂર્વમાં કહેલા દોષોથી યુક્ત લોકો દુઃખી છે.

બુધસૂરિએ અતિ વિકૃત સ્વરૂપ બતાવીને અત્યાર સુધી વર્ણન કર્યું કે તે સર્વ ભાવદોષો સંસારી જીવોમાં છે, મારામાં નથી. તેવા દોષવાળા જીવો ક્વચિત્ ઉત્તમ ભોગસામગ્રીના બળથી ભોગવિલાસમાં રત હોય, રાજ્યને ભોગવતા હોય તોપણ દુઃખી છે; કેમ કે કષાયોરૂપ ભાવરોગોથી સતત પીડિત છે. **॥૪૫૮॥**

શ્લોક :-

व्याघ्रवक्त्रे प्रविष्टस्य, कराले तीक्ष्णदंष्ट्रया ।
मृगस्य यत् सुखं भूप !, तत् सुखं भववर्तिनाम् ।।४५९।।

શ્લોકાર્થ :-

હે રાજા ! વિકરાલ વાઘના મુખમાં પ્રવેશેલા મૃગને તીક્ષ્ણ દંષ્ટ્રથી=વાઘના દાંતના તીક્ષ્ણ દંષ્ટ્રથી, જે સુખ થાય તે ભવવર્તી જીવોનું સુખ છે.

સંસારી જીવોને ભોગકાળમાં જે સુખ થાય છે તે કષાયોના અનેક સંશ્લેષોથી યુક્ત હોવાથી જેમ વાઘના મુખમાં પ્રવેશેલા મૃગને સુખ નથી, તેમ ભવવર્તી જીવોને સુખ નથી. જેઓના કષાયો અલ્પ છે, અલ્પ-અલ્પતર થઈ રહ્યા છે, તેઓને જ ભોગથી પણ કંઈક પારમાર્થિક સુખનો અનુભવ થાય છે. **॥૪૫૯॥**

શ્લોક :-

यथा शोफस्य पुष्टत्वं, यथा वा वध्यमण्डनम् ।
सुखाभिमानजनितो, विलासो देहिनां तथा ।।४६०।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે સોજાનું પુષ્ટપણું છે. જે પ્રમાણે વધ્યપુરુષનું મંડન છે=વધ્ય સ્થાનમાં લઈ જતી વખતે શણગારાય છે, તે પ્રકારનો સંસારી જીવોનો સુખના અભિમાનજનિત વિલાસ છે.

કોઈ ક્ષીણ શરીરવાળા જીવના શરીર ઉપર સોજાઓ ચઢે ત્યારે તે પુષ્ટ દેખાય છે અથવા કોઈ અકાર્ય કરનારને વધ્યસ્થાનમાં લઈ જતી વખતે ગધેડા આદિ ઉપર બેસાડીને શણગારવામાં આવે છે, તેના જેવો સંસારી જીવોનો સુખના અભિમાનજનિત વિલાસ છે; કેમ કે અનેક પ્રકારના કષાયોથી નષ્ટપ્રાયઃ તેનું સુખ છે. **॥૪૬૦॥**

શ્લોક :-

अशक्नुवन्तो निर्गन्तुं, दुःखाशनिहता अपि ।
गृहिणो धर्मरहिता भूपते ! नारकोपमाः ।।४६१।।

શ્લોકાર્થ :-

દુઃખઅશનિથી હણાયેલા પણ નીકળવા માટે અસમર્થ=દુઃખરૂપી વજથી હણાયેલા પણ દુઃખથી નીકળવા માટે અસમર્થ, ધર્મરહિત ગૃહસ્થો હે રાજા ! નરકની ઉપમાવાળા છે. ।।૪૬૧।।

શ્લોક :-

सत्साधूनां तु नास्त्येव, क्षुद्रोपद्रवसंभवः ।
नष्टं मोहतमस्तेषां, ज्ञानोद्योतो व्यजृम्भत ।।४६२।।

શ્લોકાર્થ :-

વળી, સત્ સાધુઓને ક્ષુદ્ર ઉપદ્રવનો સંભવ નથી જ. તેઓનો મોહરૂપી અંધકાર નાશ પામેલો છે. જ્ઞાન ઉધત વિલસેલો છે.

જે સાધુઓ ત્રણ ગુપ્તિથી ગુપ્ત છે, તેઓના ચિત્તમાં સતત ઉપશમનું સુખ વૃદ્ધિ પામે છે. તેથી ચિત્તવૃત્તિમાં ક્ષુદ્ર ઉપદ્રવોનો સંભવ નથી. સુખ શું ચીજ છે અને દુઃખ શું ચીજ છે, તેના યથાર્થ સ્વરૂપને જોવામાં બાધક એવો મોહરૂપ અંધકાર તેઓનો નાશ થયેલો છે અને સિદ્ધતુલ્ય અવસ્થાની પ્રાપ્તિના મોક્ષમાર્ગને જોનારો જ્ઞાનનો ઉદ્યોત તેઓના ચિત્તમાં વિલસી રહ્યો છે. **।।૪૬૨।।**

શ્લોક :-

शमामृतं परिणतं, त्रुटिता भववल्लरी ।
धर्ममेघसमाधिश्च, स्थिरीभूतो महोदयः ।।४६३।।

શ્લોકાર્થ :-

શમરૂપી અમૃત પરિણત થયું છે, ભવની વેલડી તૂટેલી છે. ધર્મમેઘ સમાધિ અને મહોદય સ્થિરીભૂત છે. ।।૪૬૩।।

શ્લોક :-

सन्तोषदा धृतिः पत्नी, श्रद्धा चित्तप्रसादकृत् ।
सुखासिकाऽऽह्लादकरी, हिता विविदिषा सदा ।।४६४।।

શ્લોકાર્થ :-

સંતોષને દેનારી ધૃતિરૂપ પત્ની છે. શ્રદ્ધા ચિત્તના પ્રસાદને કરનારી છે. સુખાસિકા આહ્લાદને કરનારી છે. વિવિદિષા સદા હિતને કરનારી છે. ।।૪૬૪।।

શ્લોક :-

विज्ञप्तिः पाटवाधात्री, मेधा सद्बोधकारिणी ।
नैश्चिन्त्यकृदनुप्रेक्षा, मैत्री चित्तानुवर्तिनी ।।४६५।।

શ્લોકાર્થ :-

વિજ્ઞપ્તિ પટુધાત્રી છે. મેધા સદ્બોધને કરનારી છે. અનુપ્રેક્ષા નૈશ્ચિંત્યને=નિશ્ચિંતપણાને કરનારી છે. મૈત્રી ચિત્તને અનુવર્તન કરનારી છે. ।।૪૬૫।।

શ્લોક :-

करुणा वत्सलाऽऽकालं, मुदिताऽन्तःप्रसादकृत् ।
उपेक्षोद्वेगहन्त्री चेत्येष तेषां प्रियागणः ।।४६६।।

શ્લોકાર્થ :-

કરુણા આકાલ વત્સલ છે. મુદિતા=પ્રમોદભાવના, અંતઃકરણના પ્રસાદને કરનાર છે. ઉપેક્ષા ઉદ્વેગને હણનારી છે. આ તેઓનો=મુનિઓનો, સ્ત્રીઓનો ગણ છે. ।।૪૬૬।।

શ્લોક :-

इमाभिरनुरक्ताभिर्मोदमाना मुनीश्वराः ।
तिष्ठन्ति मग्ना संसारातीतशर्ममहोदधौ ।।४६७।।

શ્લોકાર્થ :-

અનુરક્ત એવી આ સ્ત્રીઓથી=શ્લોક-૪૬૪થી અત્યાર સુધી બતાવી એ સ્ત્રીઓથી, આનંદ પામતા મુનીશ્વરો સંસારથી અતીત એવા સુખરૂપી મહોદધિમાં મગ્ન રહે છે.

સાધુઓ કષાયોના શમનમાં સતત યત્ન કરનારા છે. તેથી તેઓના આત્મામાં શમરૂપી અમૃત પરિણત છે. માટે દેહમાં અમૃત પરિણમન પામે તો દેહનું સુખ વૃદ્ધિ પામે તેમ સાધુના મતિજ્ઞાનરૂપ ઉપયોગમાં કષાયોના શમનનું અમૃત પરિણમન પામેલું હોવાથી સુખ વધે છે. ભવને પ્રગટ કરનારી કષાયરૂપ વેલડી ત્રુટિત છે. ધર્મમેઘરૂપ સમાધિ સ્થિર થઈ રહી છે. જેના પ્રકર્ષથી ક્ષપકશ્રેણીને આસન્ન તેઓ વર્તે છે. સદ્ગતિઓની પ્રાપ્તિરૂપ મહોદય તેઓને સ્થિર થયેલો છે.

વળી, સાધુઓ ધૃતિ આદિ પત્નીઓ સાથે વિલાસ કરનારા છે. તેમાં મોક્ષમાર્ગમાં દૃઢ પ્રણિધાનરૂપ ધૃતિ છે. જેનાથી તે મહાત્મા સદ્અનુષ્ઠાન કરીને સંતોષ સુખની વૃદ્ધિ કરે છે; કેમ કે ધૃતિપૂર્વક કરાયેલ સદ્અનુષ્ઠાનો જીવને અનિચ્છાને અભિમુખ અભિમુખતર કરે છે. શ્રદ્ધા ચિત્તના પ્રસાદને કરનાર છે=મુનિને સ્થિરબોધ છે કે સામાયિકનો પરિણામ જ ક્રમસર વૃદ્ધિ પામીને વીતરાગતામાં જનાર છે. તેથી હું અપ્રમાદથી સામાયિકમાં યત્ન કરીશ તો સંસારનો ક્ષય થશે. આવો નિર્ણય હોવાથી સામાયિકને પ્રગટ કરવાની સ્થિર શ્રદ્ધા હોવાથી તેને અનુકૂળ યત્ન કરવામાં ચિત્તની પ્રસન્નતા વર્તે છે. સુખાસિકા આહ્લાદને કરનારી છે=શ્રદ્ધાપૂર્વક જેમ જેમ સાધુ સંયમનાં ઉચિત અનુષ્ઠાનો કરે છે, તેનાથી પોતાને અભિમત ભાવો પ્રગટે છે. તેનાથી ચિત્તમાં સુખાસિકા થાય છે અને તે સુખાસિકા મુનિના ચિત્તને આહ્લાદ કરે છે; કેમ કે પોતાને ઇષ્ટ એવી ક્ષપકશ્રેણી નજીક નજીકતર દેખાય છે.

વળી મુનિને સૂક્ષ્મ બોધ વર્તે છે, તેના બળથી જ વિશેષ વિશેષ બોધ કરવાની ઇચ્છા વર્તે છે. તેથી જ નિપુણતાપૂર્વક જિનવચનનાં સૂક્ષ્મ રહસ્યને જાણવા માટે મુનિ સદા પ્રયત્ન કરે છે. મુનિના ચિત્તમાં વર્તતી તે વિવિદિષા સદા મુનિના હિતને કરનારી છે; કેમ કે સૂક્ષ્મ બોધને પ્રાપ્ત કરાવીને ક્ષપકશ્રેણીને આસન્ન ઉત્તમ ચિત્તની પ્રાપ્તિ કરાવનાર છે. વળી કોઈ બાલકને પટુધાત્રી પાલન કરનાર હોય તો તે બાળકનો ઉચ્છેર સુંદર થાય છે. તેમ મુનિમાં

વિવિદિષાને કારણે જે વિશેષ વિશેષ પ્રકારનો સૂક્ષ્મબોધ થાય છે, તે વિજ્ઞપ્તિ પટુધાત્રી છે; કેમ કે સમિતિ-ગુપ્તિવાળા મુનિનું તે અતિશય અતિશય પાલન કરીને મુનિને સમિતિ-ગુપ્તિમાં જ અતિશયતા લાવે છે. મેધા સદ્બોધને કરનારી છે; કેમ કે મુનિની બુદ્ધિ ભગવાનના વચનના હાર્દને સ્પર્શવા માટે સતત પ્રવર્તે છે તે રૂપ મેધા ભગવાનના વચનના પારમાર્થિક બોધને કરાવનારી છે. અનુપ્રેક્ષા નિશ્ચયને કરનારી છે=ક્ષપકશ્રેણીને અનુકૂળ જીવવીર્યને ઉલ્લસિત કરવાની અનુપ્રેક્ષા ક્રિયાકાળમાં વર્તે છે અને જે અનુપ્રેક્ષાના બળથી મુનિને નિશ્ચય થાય છે કે આ રીતે અનુપ્રેક્ષાપૂર્વક સમિતિ-ગુપ્તિમાં યત્ન કરીશ તો અવશ્ય ક્ષપકશ્રેણીને અનુકૂળ મહાગુપ્તિનો પરિણામ પ્રાપ્ત થશે. વળી, મૈત્રી ચિત્તને અનુવર્તન કરનારી છે=બધા જીવો પ્રત્યે હિતની ચિંતાનો પરિણામ જીવને સ્વસ્થતામાં પ્રવર્તાવનાર છે. વળી, મુનિના ચિત્તમાં વર્તતી જીવોની કરુણા આકાલ વત્સલ છે; કેમ કે ચિત્તને દયાળુ કરે છે. તેથી સ્વસ્થતાના સુખને પ્રાપ્ત કરાવનાર છે.

વળી મુનિના ચિત્તમાં ગુણવાનને જોઈને પ્રમોદભાવના વર્તે છે. તે ચિત્તના પ્રસાદને કરનાર છે; કેમ કે ગુણોનો રાગ ગુણબાધક કર્મોનો ક્ષય કરીને ગુણને અનુકૂળ ઉત્તમ પ્રકૃતિ પ્રગટ કરે છે. ઉપેક્ષા ભાવના દ્વેષને હણનારી છે=સામાન્યથી જીવને અયોગ્ય જીવોને જોઈને દ્વેષ થાય છે. તેઓની અનુચિત પ્રવૃત્તિ પ્રત્યે દ્વેષ થાય છે. જેનાથી ચિત્તમાં કાલુષ્ય થાય છે. પરંતુ મુનિ ઉપેક્ષા ભાવનાથી ભાવિત હોવાને કારણે તેવા જીવોને જોઈને પણ મુનિને દ્વેષ થતો નથી. આ સર્વ ભાવોથી મુનિ સંસારનાં સુખો કરતાં અતિશય સુખરૂપી સમુદ્રમાં મગ્ન રહે છે. **॥૪૬૭॥**

શ્લોક :-

देहादपि स्वमात्मानं, तिष्ठन्ति प्रविविच्य ये ।
तेषां सुखं विजानातु, कः परोऽनुभवं विना ।।४६८।।

શ્લોકાર્થ :-

દેહથી પણ સ્વઆત્માનો વિભાગ કરીને જેઓ રહે છે, તેઓના સુખને અનુભવ વગર બીજો કોણ જાણે ?

આત્માથી ભિન્ન જગતના તમામ પદાર્થોનો સંગ જીવને ઉપદ્રવ કરનાર છે

અને જીવો તે ઉપદ્રવોનું શમન કરીને સુખને અનુભવનારા છે. તેથી તેઓને નિરાકુળ આત્માના સુખનો અનુભવ નથી. જ્યારે મુનિઓ તો જગતના સર્વ ભાવોથી પોતાના આત્માને પૃથગ્ માને છે. પરંતુ પોતાના દેહથી પણ પોતાના આત્માને પૃથગ્ માને છે. તેથી દેહના ઉપદ્રવોને શમાવવા માટે તેઓ યત્ન કરતા નથી. પરંતુ સર્વ બાહ્ય પદાર્થોથી જે પોતાનો પૃથગ્ ભાવ છે, તે અતિશય અતિશયતર કરીને ક્ષાયિકભાવરૂપે સ્થિર કરવા અર્થે યત્ન કરે છે અને તેના અંગરૂપે જ દેહનું પાલન કરે છે. તેથી દેહના પાલનથી પણ તેઓ કષાયોના શમનજન્ય વિશેષ સુખને પ્રાપ્ત કરે છે, જે નિર્દ્વંદ્વ અવસ્થાને અનુકૂળ ઉત્તમ સુખ છે અને જેઓને દ્વંદ્વ અવસ્થામાં જ સુખનો અનુભવ છે તેઓ મુનિના સુખને જાણવા અસમર્થ છે. **॥૪૬૮॥**

શ્લોક :-

कुमारी न यथा वेत्ति, सुखं दयितभोगजम् ।
न जानाति तथा लोको, योगिनां समतासुखम् ।।४६९।।

શ્લોકાર્થ :-

કુમારી સ્ત્રી જે પ્રમાણે પતિના ભોગથી થનારું સુખ જાણતી નથી, તે પ્રમાણે યોગીના સમતાસુખને લોક જાણતો નથી. ॥૪૬૯॥

શ્લોક :-

तदेवं सुखपूर्णोऽपि, निन्दितोऽहं मुधा जनैः ।
परमार्थमजानानैः, स्वसुखस्मयनाटितैः ।।४७०।।

શ્લોકાર્થ :-

આ રીતે સુખપૂર્ણ પણ હું પરમાર્થને નહિ જાણનારા, સ્વસુખના સ્મયથી નચાયેલા એવા લોકો વડે ફોગટ નિંદા કરાયો. ॥૪૭૦॥

શ્લોક :-

नृपतिः प्राह यद्येवं, भोगा दुःखं शमः सुखम् ।
नेदं प्रबुध्यते कस्मात्, तदेष निखिलो जनः ।।४७१।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે. જો આ રીતે ભોગો દુઃખ છે, શમ સુખ છે તો આ નિખિલજન કયા કારણથી આને=ભોગો દુઃખ છે અને શમ સુખ છે એને, જાણતો નથી ?

પૂર્વમાં બુધસૂરિએ વર્ણન કર્યું એ રીતે ભોગકાળમાં ઇચ્છા છે, શ્રમ છે તે સર્વ દુઃખ છે અને ઇચ્છાનું શમન જ સુખ છે. તેથી જેઓને અત્યંત ઇચ્છાનું શમન છે, તેમને અત્યંત સુખ છે. એ વસ્તુ સર્વજનને અનુભવ પ્રતીત છે તોપણ સંસારી જીવો કેમ જાણતા નથી. **॥૪૭૧॥**

શ્લોક :-

मुनिराह महामोहशैलूषेन विनाटितः ।
जनो न बुध्यते तत्त्वं, यथा स बठरो गुरुः ।।४७२।।

શ્લોકાર્થ :-

મુનિ કહે છે. મહામોહરૂપી શૈલૂષથી=નટથી, નચાવાયેલો લોક તત્ત્વને જાણતો નથી, જે પ્રમાણે તે બઠરગુરુ.

જીવમાં આત્માનો દેહાદિથી જે પારમાર્થિક ભેદ છે, તેના કારણે નિરાકુળ મતિજ્ઞાન સ્વરૂપ પોતાનો આત્મા છે, તેનું અજ્ઞાન વર્તે છે. તેથી દેહાદિથી પોતાને અભેદ બતાવનાર એવા મહામોહના પરિણામથી વિડંબના પામેલા જીવો શમસુખને જાણવા સમર્થ થતા નથી અને ભોગના ક્લેશને જાણવા સમર્થ થતા નથી. તેમાં બઠરગુરુનું દૃષ્ટાંત બતાવે છે. **॥૪૭૨॥**

શ્લોક :-

भूपः प्राह भदन्तासौ, को नाम बठरो गुरुः ।
कथं न बुबुधे तत्त्वं, तन्मे ब्रूहि महामुने ! ।।४७३।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે. હે ભદંત ! આ બઠરગુરુ કોણ છે ? કેવી રીતે તત્ત્વનો બોધ કરતા નથી ? હે મહામુનિ ! તે મને કહો. ।।૪૭૩।।

શ્લોક :-

मुनिराह महाराज !, सावधानमनाः शृणु ।
अलब्धमूलो विस्तीर्णो, ग्रामोऽस्त्येको मनोहरः ।।४७४।।

શ્લોકાર્થ :-

મુનિ કહે છે, હે મહારાજ ! સાવધાન મનવાળો તું સાંભળ. અલબ્ધ મૂલવાળું વિસ્તીર્ણ એક મનોહર ગ્રામ છે. ।।૪૭૪।।

શ્લોક :-

शिवायतनमस्त्येकं, तत्र रत्नौघपूरितम् ।
भृतं मनोज्ञैर्विविधैः, खण्डखाद्यकपानकैः ।।४७५।।

શ્લોકાર્થ :-

ત્યાં=ગામમાં, રત્નના સમૂહથી પૂરિત વિવિધ, મનોજ્ઞ, ખંડ, ખાદ્યક અને પાનકથી ભરાયેલું એક શિવાયતન છે. ।।૪૭૫।।

શ્લોક :-

धनधान्यहिरण्याढ्यं, वरचेलव्रजान्वितम् ।
सम्पूर्णोपस्करं शर्मसामग्रीधाम निर्मलम् ।।४७६।।

શ્લોકાર્થ :-

વળી તે શિવાયતન કેવું છે તે સ્પષ્ટ કરે છે. ધન, ધાન્ય, હિરણ્યથી યુક્ત, શ્રેષ્ઠ વસ્ત્રોના સમૂહથી અન્વિત, નિર્મલ સુખની સામગ્રીનું ધામ, સંપૂર્ણ ઉપસ્કારવાળું શિવાયતન છે. ।।૪૭૬।।

શ્લોક :-

तस्य सारगुरूर्नाम, शैवाचार्योऽस्ति नायकः ।
सकुटुम्बो वसंस्तत्र, स मत्तो वेत्ति नो हितम् ।।४७७।।

શ્લોકાર્થ :-

તેનો=તે શિવાયતનનો, નાયક સારગુરુ નામનો શૈવાચાર્ય છે. ત્યાં=તે

શિવાયતનમાં, કુટુંબ સહિત વસતો મત્ત એવો તે હિતને જાણતો નથી. ।।૪૭૭।।

શ્લોક :-

स्वकुटुम्बं न पुष्णाति, भवनर्द्धिं न पश्यति ।
ज्ञातोऽसौ तादृशो धूर्तैश्चौरैस्तद्ग्रामवासिभिः ।।४७८।।

શ્લોકાર્થ :-

સ્વકુટુંબને પોષતો નથી=સારગુરુ પોતાના અંતરંગ કુટુંબને પોષતો નથી. ભવનની ઋદ્ધિને જોતો નથી. તેવા પ્રકારનો આ=ભવનની ઋદ્ધિને નહિ જોનારો અને અંતરંગ કુટુંબને નહિ પોષનાર એવો આ સારગુરુ, તે ગ્રામમાં વસનારા ધૂર્ત ચોરો વડે જણાયો. ।।૪૭૮।।

શ્લોક :-

कृतं तैस्तेन भौतेन, सह सख्यं मनोऽनुगैः ।
ते चौराः प्रतिभासन्ते, प्रियास्तस्य हितावहाः ।।४७९।।

શ્લોકાર્થ :-

મનને અનુસરનારા એવા તેઓ વડે=તે ધૂર્ત ચોરો વડે, તે ભૌત સાથે મિત્રપણું કરાયું. તે ચોરો તેને=સારગુરુને, હિતાવહ પ્રિય ભાસે છે. ।।૪૭૯।।

શ્લોક :-

स्वकुटुम्बं परित्यज्य, तैः सार्धं विलसत्यसौ ।
माहेश्वरा निषेधन्ति, मा कृथाश्चौरसंगमम् ।।४८०।।

શ્લોકાર્થ :-

સ્વકુટુંબનો ત્યાગ કરીને આ=સારગુરુ, તેઓની સાથે વિલાસ કરે છે. માહેશ્વરો નિષેધ કરે છે. ચોરના સંગમને કર નહિ. ।।૪૮૦।।

શ્લોક :-

न मन्यते स तद्वाचं, ततो मूर्खमवेत्य तम् ।
ते सारगुरुरित्याख्यां, हत्वाऽऽहुर्बठरं गुरुम् ।।४८१।।

શ્લોકાર્થ :-

તેના વચનને=માહેશ્વરના વચનને, તે=સારગુરુ માનતો નથી. તેથી તેને=સારગુરુને મૂર્ખ જાણીને તેઓ=માહેશ્વરો, સારગુરુ એ પ્રમાણેના નામને હરણ કરીને બઠરગુરુ કહે છે. ।।૪૮૧।।

શ્લોક :-

चौरमित्रान्वितं ज्ञात्वा, स्वामिनं बठरं गुरुम् ।
सर्वे माहेश्वरास्तत् ते, विजहुर्देवमन्दिरम् ।।४८२।।

શ્લોકાર્થ :-

ચોર મિત્રોથી અન્વિત બઠરગુરુ એવા સ્વામીને જાણીને સર્વ માહેશ્વરોએ તે દેવમંદિરનો ત્યાગ કર્યો. ।।૪૮૨।।

શ્લોક :-

ततः सप्रसरैश्चौरैर्योगशक्त्याऽस्य वर्धितः ।
उन्मादो बाढमायत्तं, तत् कृतं शिवमन्दिरम् ।।४८३।।

શ્લોકાર્થ :-

તેથી=માહેશ્વરોએ દેવમંદિરનો ત્યાગ કર્યો તેથી, સપ્રસર એવા ચોરો વડે યોગશક્તિથી આનો=બઠરગુરુનો, ઉન્માદ વધારાયો. તે શિવમંદિર અત્યંત આધીન કરાયું. ।।૪૮૩।।

શ્લોક :-

मध्यापवरके धृत्वाऽभिभूतं तत्कुटुम्बकम् ।
मुद्रितं द्वारमेकोऽत्र, स्थापितस्तस्कराग्रणीः ।।४८४।।

શ્લોકાર્થ :-

અભિભૂત એવું તેનું કુટુંબ=બઠરગુરુનું કુટુંબ, મધ્ય અપવરકમાં ધારણ કરીને દ્વાર મુદ્રિત કરાયું. અહીં=તે દ્વારમાં, એક તસ્કર અગ્રણી સ્થાપિત કરાયો. ।।૪૮૪।।

શ્લોક :-

कृततालारवास्तस्याग्रस्तं नाटयन्त्यथ ।
गायन्ति ध्रुवकोच्चारैर्गीतं ते स्फीतमानसाः ।।४८५।।

શ્લોકાર્થ :-

હવે કૃતતાલારવવાળા ચોરટાઓ તેની અગ્રમાં=દ્વારમાં રહેલા ચોરટાના અગ્રમાં, તેને=બઠરગુરુને, નચાવે છે. સ્ફીત માનસવાળા એવા તે ચોરટાઓ ધ્રુવક એવા ઉચ્ચાર વડે ગીતને ગાય છે. ।।૪૮૫।।

શ્લોક :-

स्वकुटुम्बव्यतिकरं, बठरः स्वां विडम्बनाम् ।
हरणं भवनर्द्धेस्तद्वैरितां च न वेत्ति सः ।।४८६।।

શ્લોકાર્થ :-

તે બઠરગુરુ સ્વકુટુંબના વ્યતિકરને=પોતાનું કુટુંબ મધ્ય ઓરડામાં પુરાયેલું છે તે પ્રસંગને, પોતાની વિડંબનાને=આ ચોરટાઓ તસ્કર અગ્રણી પાસે પોતાને નચાવે છે એ રૂપ સ્વવિડંબનાને અને ભવનની ઋદ્ધિના હરણને અને તેની વૈરિતાને=ચોરટાઓની વૈરિતાને, જાણતો નથી. ।।૪૮૬।।

શ્લોક :-

दिवा रात्रौ च सन्तुष्टश्चौरमध्ये स नृत्यति ।
विपुलास्तत्र च ग्रामे, चत्वारः सन्ति पाटकाः ।।४८७।।

શ્લોકાર્થ :-

દિવસ-રાત સંતોષ પામેલો ચોરોની મધ્યમાં તે નાચે છે. તે ગામમાં ચાર મોટા પાડાઓ છે. ।।૪૮૭।।

શ્લોક :-

हीनहीनतरौ द्वौ द्वौ, श्रेष्ठश्रेष्ठतरौ तथा ।
क्षुधितो याचते भिक्षामथासौ बठरो गुरुः ।।४८८।।

શ્લોકાર્થ :-

હીનહીનતર બે છે અને શ્રેષ્ઠ શ્રેષ્ઠતર બે છે. ક્ષુધિત થયેલો આ બઠરગુરુ ભિક્ષાને માંગે છે. ॥૪૮૮॥

શ્લોક :-

ततस्तैरर्पितं तस्य, तस्करैर्घटकर्परम् ।
भिक्षामटेत्यभिहितो, मषीपुण्ड्रकचर्चितः ॥४८९॥

શ્લોકાર્થ :-

તેથી=બઠરગુરુ ભિક્ષા યાચે છે તેથી, તે ચોરટાઓ વડે તેને ઘટકર્પર=ઘટનું ઠીકરું, અપાયું. મષીપુંડ્રકથી ચર્ચિત એવો બઠરગુરુ કહેવાયેલો=ચોરટાઓ વડે કહેવાયેલો, ભિક્ષા માટે ભમે છે. ॥૪૮૯॥

શ્લોક :-

भिक्षार्थी तद्युतोऽथागात्, स हीनतरपाटकम् ।
नर्तितोऽनुगृहं तत्र, कृततालारवैश्च तैः ॥४९०॥

શ્લોકાર્થ :-

હવે ભિક્ષાનો અર્થી એવો તે=બઠરગુરુ, તેનાથી યુક્ત=ઘટના કર્પરથી યુક્ત, હીનતર પાટકમાં ગયો. ત્યાં=હીનતર પાટકમાં, દરેક ઘરમાં કરાયેલા તાલારવવાળા એવા તેઓ વડે=ચોરટાઓ વડે, નચાવાયો. ॥૪૯૦॥

શ્લોક :-

तत्संज्ञितैः षिड्गलोकैस्तत्रासौ ताडितो भृशम् ।
यष्टिमुष्टिमहालोष्टुप्रहारैरतिदारुणैः ॥४९१॥

શ્લોકાર્થ :-

તેનાથી સંજ્ઞિત ષિડ્ગ લોકો વડે=ચોરટાઓથી પ્રેરણા કરાયેલ પરમાધામી વડે, ત્યાં=હીનતર પાડામાં, આ=બઠરગુરુ, અતિ દારુણ એવા યષ્ટિ, મુષ્ટિ, મહા ઢેફાના પ્રહારોથી અત્યંત તાડન કરાયો. ॥૪૯૧॥

શ્લોક :-

अनुभूय महादुःखं, निर्गतः पाटकात् ततः ।
भिक्षाविवर्जितो भग्नकर्परस्तस्करैः सह ।।४९२।।

શ્લોકાર્થ :-

મહાદુઃખ અનુભવીને ત્યારપછી ભિક્ષાવર્જિત, ભગ્ન થયેલા કર્પરવાળો તસ્કરો સાથે પાડાથી નીકળ્યો. ।।૪૯૨।।

શ્લોક :-

तैः शरावं ततो दत्तमानीतो हीनपाटके ।
भिक्षां न लेभे तत्रापि, बद्ध्वा षिड्गजनैर्धृतः ।।४९३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેઓ વડે=ચોરટાઓ વડે, શરાવ=શકોરું અપાયું. હીન-પાટકમાં લવાયો. ત્યાં પણ=હીન પાડામાં પણ, ભિક્ષા મેળવી નહિ. ખરાબ લોકો વડે બાંધીને ધારણ કરાયો. ।।૪૯૩।।

શ્લોક :-

ततः शरावके भग्ने, नीतस्तैः श्रेष्ठपाटके ।
दत्त्वा ताम्रमयपात्रं, भिक्षां तत्राश्नुतेऽल्पिकाम् ।।४९४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી શરાવક ભગ્ન થયે છતે તેઓ વડે=ચોરટાઓ વડે, શ્રેષ્ઠ પાટકમાં લઈ જવાયો. તામ્રમય પાત્રને આપીને ત્યાં=શ્રેષ્ઠ પાડામાં, અલ્પ ભિક્ષા ખાય છે. ।।૪૯૪।।

શ્લોક :-

षिड्गैर्देवगृहस्वामी, तत्रापि स कदर्थ्यते ।
नीतो भग्ने ताम्रपात्रे, स श्रेष्ठतरपाटके ।।४९५।।

શ્લોકાર્થ :-

ખરાબ લોકો વડે દેવગૃહનો સ્વામી તે=બઠરગુરુ, ત્યાં પણ=શ્રેષ્ઠ પાડામાં, પણ કદર્થના કરાય છે. તામ્રપાત્ર ભગ્ન થયે છતે તે=બઠરગુરુ, શ્રેષ્ઠતર પાટકમાં લઈ જવાયો. ॥૪૯૫॥

શ્લોક :-

राजतं भाजनं दत्तं, तत्रासौ लभतेऽद्भुताम् ।
भिक्षां सुसंस्कृतां स्वामी, कृतस्तैर्धूर्ततस्करैः ॥४९६॥

શ્લોકાર્થ :-

ચાંદીનું ભાજન અપાયું. તે ધૂર્ત તસ્કરો વડે સ્વામી કરાયેલો આ=બઠરગુરુ, ત્યાં=શ્રેષ્ઠતર પાડામાં, અદ્ભુત સુસંસ્કૃત ભિક્ષાને મેળવે છે. ॥૪૯૬॥

શ્લોક :-

तं भौतं नाटयन्त्येवं, पाटकेषु पुनः पुनः ।
तेषु ते तस्करास्तालारवगानपरायणाः ॥४९७॥

શ્લોકાર્થ :-

આ રીતે તાલઆરવગાનપરાયણ એવા તે તસ્કરો તે પાડાઓમાં તે ભૌતને=બઠરગુરુને ફરી ફરી નચાવે છે. ॥૪૯૭॥

શ્લોક :-

भिक्षामात्रेण तुष्टात्मा, स तु तां स्वविडम्बनाम् ।
न वेत्ति द्वेष्टि च स्तेनदोषौघकथकं जनम् ॥४९८॥

શ્લોકાર્થ :-

ભિક્ષામાત્રથી તુષ્ટ સ્વરૂપવાળો તે=બઠરગુરુ, વળી તે સ્વવિડંબનાને જાણતો નથી અને ચોરના દોષસમૂહના કથકજનનો દ્વેષ કરે છે. ॥૪૯૮॥

શ્લોક :-

राजन् ! प्रदर्शितस्तुभ्यं, स एष बठरो गुरुः ।
येनायं सदृशो लोको, न वेत्ति स्वहिताहितम् ।।४९९।।

શ્લોકાર્થ :-

હે રાજા ! તે બઠરગુરુ તને બતાવાયો. જેની સાથે સદૃશ આલોક છે=સંસારવર્તી જીવો છે. તે સ્વહિતાહિતને જાણતા નથી. ||૪૯૯||

શ્લોક :-

भूपं भावार्थजिज्ञासुं, ज्ञात्वेत्युपनिनाय च ।
सूरिर्ग्रामोऽत्र संसारः, सदाऽविचलितस्थितिः ।।५००।।

શ્લોકાર્થ :-

અને ભાવાર્થના જિજ્ઞાસુ રાજાને જાણીને=પ્રસ્તુત દૃષ્ટાંતના ભાવાર્થના જિજ્ઞાસુ રાજાને જાણીને, સૂરિએ ઉપનય કર્યો. અહીં=પ્રસ્તુત દૃષ્ટાંતમાં સદા અવિચલિત સ્થિતિવાળો સંસાર ગ્રામ છે. ||૫૦૦||

શ્લોક :-

विज्ञेयं जीवलोकस्य, स्वरूपं शिवमन्दिरम् ।
संभृतं सुखसामग्र्या, भावरत्नौघपूरितम् ।।५०१।।

શ્લોકાર્થ :-

ભાવરત્નના સમૂહથી પૂરિત સુખસામગ્રીથી ભરાયેલું જીવલોકનું સ્વરૂપ શિવમંદિર જાણવું. ||૫૦૧||

શ્લોક :-

भौताचार्यश्च तत्स्वामी, जीवः स्वाभाविका गुणाः ।
कुटुम्बं तस्य विज्ञेयं, हितकारि मनोहरम् ।।५०२।।

શ્લોકાર્થ :-

અને ભૌતાચાર્ય તેનો સ્વામી જીવ છે=તે શિવમંદિરનો સ્વામી જીવ છે. સ્વાભાવિક ગુણો તેનું=જીવનું મનોહર હિતકારી કુટુંબ જાણવું. ॥૫૦૨॥

શ્લોક :-

उन्मत्तः कर्मयोगेन, लोको नाद्रियते च तत् ।
भावरत्नभृतं वेत्ति, रूपं स्वाभाविकं च न ।।५०३।।

શ્લોકાર્થ :-

કર્મના યોગથી ઉન્મત્ત લોક તેને=કુટુંબને, આદર કરતો નથી અને ભાવરત્નથી ભરાયેલું સ્વાભાવિક રૂપ જાણતો નથી.

સંસારી જીવો કર્મને કારણે અને તેમાં પણ મોહનીય કર્મના ઉદયથી ઉન્માદવાળા છે. તેથી પોતાનું સ્વાભાવિક કુટુંબ જે ગુણો સ્વરૂપ છે, તેનો આદર કરતા નથી અને બાહ્ય કુટુંબનો આદર કરે છે અને ભાવરત્નો જેવા આત્માના સ્વાભાવિક ગુણોરૂપ પોતાનું સ્વરૂપ છે જે જીવને અત્યંત સુખકારી છે, તેને જાણતા નથી. તેથી બાહ્ય પુદ્ગલના પરિણામરૂપ રત્નોને સંચય કરવા પ્રયત્ન કરે છે. **॥૫૦૩॥**

શ્લોક :-

चौरा रागादयो दोषा, धूर्ता लोकस्य वञ्चकाः ।
तेन मित्रीकृताः कर्मोन्मादं संवर्धयन्ति ते ।।५०४।।

શ્લોકાર્થ :-

રાગાદિ દોષો ધૂર્ત ચોરો લોકના વંચક છે. તેની સાથે મિત્રતા કરાયેલા તેઓ=રાગાદિ ચોરો, કર્મના ઉન્માદનું સંવર્ધન કરે છે.

સંસારી જીવો રાગાદિને જ પોતાના ઇષ્ટનાં સાધન માનીને તેની સાથે મિત્રતા કરે છે. તેનાથી કર્મનો ઉન્માદ વધે છે. **॥૫૦૪॥**

શ્લોક :-

तस्य रूपं वशीकृत्य, क्षिप्त्वाऽन्तस्तत्कुटुम्बकम् ।
मुद्रयन्ति मनोद्वारं, सद्यस्ते नाट्यविद्यया ।।५०५।।

શ્લોકાર્થ :-

તેના રૂપને=સંસારી જીવના સ્વાભાવિક રૂપને, વશ કરીને તેના કુટુંબને અંદરમાં નાંખીને તેઓ=રાગાદિ ચોરો, નાટ્યવિદ્યાથી શીઘ્ર મનોદ્વારને મુદ્રિત કરે છે.

જીવમાં મૂઢતા આપાદક કર્મો પ્રચુર હોય છે ત્યારે જીવને પોતાનું સ્વરૂપ જ સુખરૂપ છે તેમ દેખાતું નથી અને તેના ગુણોરૂપ કુટુંબને મૂઢતા આપાદક કર્મો મનરૂપી દ્વારથી મુદ્રિત કરે છે=તેના મનનું દ્વાર તે પ્રકારનું રાગાદિ વશ કરે છે જેથી તેઓનું રાગાદિ સ્વરૂપ મન પોતાના પારમાર્થિક સ્વરૂપને જોવા સમર્થ બનતું નથી. **॥૫૦૫॥**

શ્લોક :-

अथ स्वाभाविकं रूपं, मुषित्वा तस्य मन्दिरम् ।
महामोहं बृहद्धूर्तं, चक्रुस्तत्र महीपतिम् ।।५०६।।

શ્લોકાર્થ :-

હવે સ્વાભાવિક રૂપવાળા તેના મંદિરને=સંસારી જીવના શિવમંદિરને લૂંટીને મોટા ધૂર્ત એવા મહામોહને તેનો મહીપતિ કરે છે.

જીવના સ્વાભાવિક રૂપનો નાશ કરીને કષાયો મહામોહરૂપી મોટા ધૂર્તને તે જીવની ગુણસંપત્તિનો સ્વામી બનાવે છે. **॥૫૦૬॥**

શ્લોક :-

लोकं तस्याग्रतो हृष्टाः, सोन्मादं नाटयन्ति ते ।
श्रूयते तत्कलकलो, गीततालारवोद्धतः ।।५०७।।

શ્લોકાર્થ :-

હર્ષિત થયેલા એવા તે ચોરો તેની આગળ=મહામોહની આગળ, ઉન્માદવાળા લોકને નચાવે છે. ગીત, તાલના અવાજથી ઉદ્ધત તેનો= ચોરોનો, કલકલ સંભળાય છે.

રાગાદિ કષાયો જીવને મહામોહની સન્મુખ નચાવે છે. તેથી સંસારી જીવો

મહામોહના પરમ સેવક બને છે અને જીવની પરિણતિમાં કષાયોનો કલકલ સતત સંભળાય છે. **॥૫૦૭॥**

શ્લોક :-

माहेश्वरास्तु ते ज्ञेयाः, प्रबुद्धा ये जिनागमे ।
लोकस्य वारयन्त्येते, रागादिस्तेनसंगतिम् ।।५०८।।

શ્લોકાર્થ :-

વળી, જેઓ જિનાગમમાં પ્રબુદ્ધ છે, તેઓ માહેશ્વર જાણવા. તેઓ= માહેશ્વરો, લોકની રાગાદિ ચોરો સાથેની સંગતિને વારે છે. ।।૫૦૮।।

શ્લોક :-

हितं न मन्यते वाक्यं, स तून्मादेन विह्वलः ।
तत् तैः सारगुरुः प्रोक्तः, सोऽज्ञत्वाद् बठरो गुरुः ।।५०९।।

શ્લોકાર્થ :-

ઉન્માદથી વિહ્વળ એવો તે=લોક, હિતવાક્યને=માહેશ્વરોના હિત-વચનને, માનતો નથી. તે કારણથી તેઓ વડે=માહેશ્વરો વડે, તે અજ્ઞપણું હોવાને કારણે સારગુરુ બઠરગુરુ કહેવાયો. ।।૫૦૯।।

શ્લોક :-

जैनमाहेश्वरैस्तस्य, त्यक्तं च शिवमन्दिरम् ।
रागादिचौरवशगं, लोकभौतमवेत्य तम् ।।५१०।।

શ્લોકાર્થ :-

અને જૈનમાહેશ્વરો વડે રાગાદિ ચોરના વશમાં રહેલા તે લોકભૌતને જાણીને તેનું શિવમંદિર ત્યાગ કરાયું.

જે જીવો અતિ રાગાદિ ચોરને વશ છે, તેઓને ઉપદેશકો ઉપદેશ આપવાની પ્રવૃત્તિનો ત્યાગ કરે છે; કેમ કે ઉપદેશ માટે તે અયોગ્ય છે. **॥૫૧૦॥**

શ્લોક :-

भिक्षां तं याचमानं च, भोगाकाङ्क्षाक्षुधातुरम् ।
रागादयो भवग्रामे, भ्रामयन्ति मदोद्धताः ।।५११।।

શ્લોકાર્થ :-

અને ભિક્ષાની યાચના કરતા, ભોગની આકાંક્ષાથી ક્ષુધાતુર એવા તેને મદઉદ્ધત એવા રાગાદિ ભવગ્રામમાં ભમાડે છે.

સંસારી જીવો બાહ્ય પદાર્થોના ભોગની આકાંક્ષાવાળા છે. તેથી ભોગસામગ્રીની કે માનસન્માનની ઇચ્છાઓ કરે છે. ત્યારે ભવભ્રમણના કારણીભૂત કર્મો બાંધીને ભવનગરમાં તેઓ ભટકે છે. **।।૫૧૧।।**

શ્લોક :-

तिर्यग्नारकमानुष्यदेवसम्बन्धिनो भवाः ।
चत्वारः पाटकास्तत्र, प्रोक्तरूपाः प्रकीर्तिताः ।।५१२।।

શ્લોકાર્થ :-

ત્યાં=ભવગ્રામમાં, તિર્યંચ, નારક, મનુષ્ય, દેવ સંબંધી ભવો પૂર્વમાં કહેવાયેલા સ્વરૂપવાળા ચાર પાડાઓ કહેવાયા છે. ।।૫૧૨।।

શ્લોક :-

कर्परं च शरावं च, ताम्रं राजतमेव च ।
कीर्तितं तत् तदायुष्कं, लोकभौतस्य भाजनम् ।।५१३।।

શ્લોકાર્થ :-

કર્પર, શરાવ, તામ્ર અને રજત એવું તે તેનું આયુષ્યક રૂપ લોકભૌતનું ભાજન કહેવાયું છે. ।।૫૧૩।।

શ્લોક :-

तत्र पापमषीलिप्तो, नरकायुष्ककर्परे ।
दीनोऽसौ याचते भोगभिक्षां नरकपाटके ।।५१४।।

શ્લોકાર્થ :-

તે નરક આયુષ્યરૂપી કર્પરમાં પાપરૂપી મષીથી લિપ્ત દીન એવો આ લોક નરકપાટકમાં ભોગભિક્ષાની યાચના કરે છે. ।।૫૧૪।।

શ્લોક :-

न तत्र लभते भिक्षां, रागादिस्तेनसंज्ञितैः ।
घोरैर्नरकपालैश्च, षिड्गतुल्यैः प्रपीड्यते ।।५१५।।

શ્લોકાર્થ :-

ત્યાં=નરકપાટકમાં, ભિક્ષાને મેળવતો નથી અને રાગાદિ ચોરોથી પ્રેરણા કરાયેલ ખરાબ લોકો તુલ્ય ઘોર નરકપાલો વડે પીડા કરાય છે. ।।૫૧૫।।

શ્લોક :-

अनन्ततीव्रदुःखौघमनुभूय ततः पुनः ।
आयुष्ककर्परे भग्ने, निर्गच्छेच्चौरवेष्टितः ।।५१६।।

શ્લોકાર્થ :-

અનંત તીવ્ર દુઃખના સમૂહને અનુભવીને ત્યારપછી વળી આયુષ્ય રૂપી કર્પર ભગ્ન થયે છતે ચોરોથી વીંટળાયેલો લોક નીકળે છે=નરકના પાડામાંથી નીકળે છે. ।।૫૧૬।।

શ્લોક :-

पर्यटेदथ भिक्षार्थी, तिर्यग्जन्मनि पाटके ।
तत्रापि नाश्नुते भोगान्, बाध्यते च क्षुदादिभिः ।।५१७।।

શ્લોકાર્થ :-

હવે, ભિક્ષાનો અર્થી લોક તિર્યંચ જન્મરૂપ પાડામાં ભટકે છે. ત્યાં પણ=તિર્યંચના ભવમાં પણ ભોગોને પ્રાપ્ત કરતો નથી અને ક્ષુધાદિથી બાધા પામે છે. ।।૫૧૭।।

શ્લોક :-

निष्ठिते तिर्यगायुष्के, मानुष्यकमवाप्नुयात् ।
पुण्यच्छायालवात् तत्र, लभते भोगभोजनम् ।।५१८।।

શ્લોકાર્થ :-

તિર્યંચ આયુષ્ય પૂરું થયે છતે મનુષ્ય આયુષ્યને પ્રાપ્ત કરે છે. ત્યાં=મનુષ્યભવમાં, પુણ્ય છાયાના લવથી=ભોગની પ્રાપ્તિના આપાદક પુણ્યરૂપ છાયાના લવથી, ભોગના ભોજનને પ્રાપ્ત કરે છે=ભોગસામગ્રીને પ્રાપ્ત કરે છે. ।।૫૧૮।।

શ્લોક :-

तत्राप्युपद्रवैस्तैस्तैः, पीड्यते धूर्तसन्निभैः ।
ताम्रपात्रे नरायुष्के, भग्ने गच्छेत् सुरालयम् ।।५१९।।

શ્લોકાર્થ :-

ત્યાં પણ=મનુષ્યભવમાં પણ ધૂર્ત જેવા તે તે ઉપદ્રવોથી પીડાય છે. તામ્રપાત્રરૂપ મનુષ્ય આયુષ્ય ભગ્ન થયે છતે સુરાલયમાં જાય છે. ।।૫૧૯।।

શ્લોક :-

बिभ्राणो राजताकारममरायुष्कभाजनम् ।
तत्र पुण्यमहाच्छायो, लभते भोगभोजनम् ।।५२०।।

શ્લોકાર્થ :-

ચાંદીના આકારવાળા દેવ આયુષ્યરૂપ ભાજનને ધારણ કરતો લોક ત્યાં=દેવલોકમાં, પુણ્યની મહાછાયાવાળા ભોગરૂપ ભોજનને પ્રાપ્ત કરે છે. ।।૫૨૦।।

શ્લોક :-

एवं लोको भवग्रामे, बंभ्रमीति पुनः पुनः ।
उन्मत्तस्तस्कराधीनो, हसन् गायन् रुदन् भृशम् ।।५२१।।

શ્લોકાર્થ :-

આ રીતે ઉન્મત્ત એવો લોક તસ્કરને આધીન હસતો, ગાતો, અત્યંત રુદન કરતો ભવગ્રામમાં ફરી ફરી ભમે છે.

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે જીવ જ્યારે દેવલોકમાં જાય છે ત્યારે હસે છે, ગાય છે કે મનુષ્યભવમાં હોય ત્યારે કંઈક પુણ્યશાળી હોય તો કંઈક હસે છે, ગાય છે અને પુણ્યહીન હોય તો રુદન કરે છે અને નરક અને તિર્યંચમાં અત્યંત રડતો હોય છે. **॥૫૨૧॥**

શ્લોક :-

भिक्षालवं समासाद्य, तुच्छं वैषयिकं सुखम् ।
भौतवत् सुखमानी स, स्वां न वेत्ति विडम्बनाम् ।।५२२।।

શ્લોકાર્થ :-

તુચ્છ વૈષયિક સુખરૂપ ભિક્ષાલવને પામીને સુખ માની એવો તે= લોકભૌતની જેમ પોતાની વિડંબનાને જાણતો નથી. ।।૫૨૨।।

શ્લોક :-

भ्रंशितो यैर्महैश्वर्यात्, कुटुम्बाच्च वियोजितः ।
हितांस्तानेव रागादीन्, लोकोऽयं वेत्ति बान्धवान् ।।५२३।।

શ્લોકાર્થ :-

જેઓ વડે=રાગાદિ વડે, મહેશ્વરથી ભ્રંશિત કરાયો અને કુટુંબથી વિયોજિત કરાયો એવો આ લોક તે જ રાગાદિને હિતને કરનારા બાંધવો જાણે છે.

જીવમાં જ્યારે પ્રચુર રાગાદિ હોય છે, ત્યારે તે રાગાદિને કારણે જ સન્માર્ગ બતાવનારા ઉપદેશકોથી તે ભ્રંશિત થાય છે. અંતરંગ ગુણસંપત્તિરૂપ કુટુંબથી રહિત થાય છે. તેથી જ બાહ્ય કુટુંબ ને બાહ્ય ભોગસામગ્રી પ્રત્યે રાગ કરીને તે રાગ કરાવનારા પરિણામોને જ હિતકારી જાણે છે. **॥૫૨૩॥**

શ્લોક :-

भिक्षाप्रायानिमान् लब्ध्वा, विषयान् प्रभुताच्युतः ।
तथा नृत्यति मूढात्मा, यथाऽसौ बठरो गुरुः ।।५२४।।

શ્લોકાર્થ :-

ભિક્ષાપ્રાય એવા આ વિષયોને પામીને પ્રભુતાથી ચ્યુત થયેલો=પોતાના આત્મા ઉપર પોતાની જે પ્રભુતા છે તેનાથી રહિત થયેલો, મૂઢાત્મા તે પ્રમાણે નાચે છે, જે પ્રમાણે આ બઠરગુરુ. ।।૫૨૪।।

શ્લોક :-

धरणीनाथ ! तेनेदं, लोकस्तत्त्वं न मन्यते ।
दुःखाब्धिमध्यपतितः, सुखित्वमभिमन्यते ।।५२५।।

શ્લોકાર્થ :-

હે ધરણીનાથ રાજા ! તે કારણથી આ લોક તત્ત્વને માનતો નથી. દુઃખરૂપી સમુદ્રની મધ્યમાં પડેલો સુખીપણાને માને છે. ।।૫૨૫।।

શ્લોક :-

बभाषे धवलः क्ष्माभृत्, तदुन्मत्ता भृशं वयम् ।
लुप्तं रागादिभिश्चौरैः, स्वरूपं शिवमन्दिरम् ।।५२६।।

શ્લોકાર્થ :-

ધવલ નામનો રાજા બોલ્યો. તે કારણથી અમે અત્યંત ઉન્મત્ત છીએ. રાગાદિ ચોરો વડે શિવમંદિરનું સ્વરૂપ લુપ્ત કરાયું છે. ।।૫૨૬।।

શ્લોક :-

पर्यटामो भवग्रामे, नष्टभावकुटुम्बकाः ।
सुदुर्लभा भोगभिक्षा, तुष्टास्तल्लवलाभतः ।।५२७।।

શ્લોકાર્થ :-

નષ્ટભાવ કુટુંબવાળા અમે ભવગ્રામમાં ભટકીએ છીએ. ભોગભિક્ષા

સુદુર્લભ છે. તેના લવલાભથી=થોડી ભિક્ષાની પ્રાપ્તિથી તોષવાળા છીએ. ।।૫૨૭।।

શ્લોક :-

मग्ना दुःखोदधावस्मात्, कथं मोक्षो भविष्यति ।
सूरिराह तथा जातं, तस्य वार्तान्तरं यथा ।।५२८।।
तैरुपद्रूयमानं तं, संप्रेक्ष्य बठरं गुरुम् ।
महामाहेश्वरस्याभूत्, तस्यैकस्य कृपोपरि ।।५२९।।

શ્લોકાર્થ :-

દુઃખરૂપી સમુદ્રમાં મગ્ન છીએ. આનાથી=દુઃખરૂપ સમુદ્રથી, કેવી રીતે મોક્ષ થશે ? સૂરિ કહે છે. તેનું=બઠરગુરુનું તે પ્રકારે=આગળમાં બતાવે છે તે પ્રકારે, વાર્તાંતર થયું. જે પ્રકારે તેઓથી=રાગાદિ ચોરોથી, ઉપદ્રવ પામતા તે બઠરગુરુને જોઈને એક મહામહેશ્વરને તેના ઉપર કૃપા થઈ. ।।૫૨૮-૫૨૯।।

શ્લોક :-

पृष्टस्तेन महावैद्यस्ततस्तदुपदेशतः ।
आत्तोपकरणो रात्रौ, गतोऽसौ शिवमन्दिरम् ।।५३०।।

શ્લોકાર્થ :-

તેના વડે=મહામાહેશ્વર વડે, મહાવૈધ પુછાયા. ત્યારપછી તેના ઉપદેશથી=મહાવૈધના ઉપદેશથી ગ્રહણ કરાયેલા ઉપકરણવાળો આ= મહામાહેશ્વર શિવમંદિરમાં રાત્રે ગયો.

કોઈક જૈનધર્મને પામેલ માહેશ્વર મહાવૈદ્ય એવા ભગવાનના વચનનું સમાલોચન કરે છે, તે મહાવૈદ્યને પૂછવા તુલ્ય છે. વળી, ભગવાનના વચનનો ઉપદેશ છે કે જે જીવોનાં કર્મો હળવાં થયાં છે તેઓને ભવનું યથાર્થ સ્વરૂપ કહેવામાં આવે ત્યારે તેઓ તત્ત્વના જિજ્ઞાસુ થાય છે. તેથી ભગવાનના વચનનું અવલંબન લઈને તે માહેશ્વર ઉપકરણો ગ્રહણ કરીને રાત્રે શિવમંદિરમાં જાય છે=તે જીવ

તત્ત્વની જિજ્ઞાસાવાળો હોય છે, ત્યારે તેનાં કર્મો કંઈક ઊંઘતાં હોય છે, તે વખતે કઈ રીતે તેને ઉપદેશ આપવો કે તેને તત્ત્વની પ્રાપ્તિ થાય તે પ્રકારે સમાલોચન કરીને તે જીવ પાસે તત્ત્વ કહેવાને અભિમુખ ગુરુ થાય છે. તે ઉપકરણ ગ્રહણ કરીને રાત્રે શિવમંદિરમાં ગમન તુલ્ય છે. **॥૫૩૦॥**

શ્લોક :-

नाटयित्वाऽथ तं सुप्ता, बहुवेलं मलिम्लुचाः ।
प्रस्तावं तं समासाद्य, तेन दीपः स्फुटीकृतः ।।५३१।।

શ્લોકાર્થ :-

હવે, તેને=બઠરગુરુને, બહુવેળા નચાવીને ચોરો સૂતા તે પ્રસ્તાવને પામીને=રાગાદિ ચોરો સૂતા તે પ્રસ્તાવને પામીને, તેના વડે=રાત્રિ વેળાએ શિવમંદિરમાં ગયેલા માહેશ્વર વડે, દીવો પ્રગટ કરાયો.

તે જીવને ઘણા ભવોમાં નચાવીને કંઈક કર્મો હળવાં થાય છે ત્યારે ચોરટા જેવાં તે રાગાદિ કર્મો ઊંઘતાં હોય છે. તે નિમિત્તને પામીને તે ઉપદેશક એવા માહેશ્વર તે જીવને તત્ત્વનો બોધ થાય તેવો દીવો પ્રગટ કરે છે. **॥૫૩૧॥**

શ્લોક :-

भवितव्यतयाऽपश्यत्, खिन्नस्तं बठरो गुरुः ।
ययाचेऽम्बु ददौ तस्य, स ततस्तत्त्वरोचकम् ।।५३२।।

શ્લોકાર્થ :-

ખિન્ન થયેલા બઠરગુરુએ=સંસારમાં પરિભ્રમણથી ખિન્ન થયેલા બઠરગુરુએ, ભવિતવ્યતાને કારણે=તત્ત્વને અભિમુખ થાય તેવી ભવિતવ્યતાને કારણે, તેને જોયો=માહેશ્વરને જોયો. પાણીની યાચના કરી=વિષયોની તૃષા શાંત થાય તેવા પાણીની યાચના કરી. ત્યારપછી= પાણીની યાચના કરી ત્યારપછી, તેણે=માહેશ્વરે, તેને=બઠરગુરુને, તત્ત્વરોચક પાણી આપ્યું.

બઠરગુરુ સંસારના પરિભ્રમણથી કંઈક ખેદ પામેલો, તેથી તત્ત્વને અભિમુખ થયેલ. તેથી જ કંઈક ધર્મ કરવાને અભિમુખ માનસવાળો થાય છે અને તે

જીવની તેવી જ ભવિતવ્યતા છે કે જેથી તત્ત્વને બતાવનારા ઋષિનું તેને દર્શન થયું અને સંસારના પરિભ્રમણથી ખિન્ન થયેલ હોવાને કારણે તે જીવ તત્ત્વ શું છે, તે પ્રકારની જિજ્ઞાસાથી માહેશ્વર પાસે પાણી માંગે છે અને તે માહેશ્વર પણ તે જીવની યોગ્યતા જાણીને કહે છે કે જગતમાં જીવ-અજીવ નામનાં બે તત્ત્વો છે. જીવમાં કષાય અને યોગની પરિણતિરૂપ બે આશ્રવના પરિણામો છે. જેનાથી કર્મબંધ થાય છે. જેના ફળ સ્વરૂપે ચાર ગતિઓનું પરિભ્રમણ છે. આશ્રવના રોધ સ્વરૂપ સંવર છે, જેનાથી નિર્જરા થાય છે અને દેશથી આશ્રવનો રોધ કરવાને કારણે જે અન્ય આશ્રવ અંશ છે, તે પુણ્યબંધનું કારણ બને છે. તેનાથી સદ્‌ગતિઓ મળે છે અને સંપૂર્ણ આશ્રવ અંશના રોધથી સર્વ કર્મનો નાશ થાય છે, જેનાથી મોક્ષ મળે છે. આ પ્રકારે તત્ત્વની રુચિરૂપ શીતળ જળ તે માહેશ્વર તે બઠરગુરુને આપે છે. **॥૫૩૨॥**

શ્લોક :-

तत्पानान्नष्ट उन्मादो, नैर्मल्यं चेतना गता ।
धूर्ताश्चौरास्तेन दृष्टा, वज्रं माहेश्वरो ददौ ॥५३३॥

શ્લોકાર્થ :-

તેના પાનથી ઉન્માદ નાશ પામ્યો, ચેતના નિર્મળતાને પામી. તેના વડે=બઠરગુરુ વડે, ધૂર્ત ચોરો જોવાયા. માહેશ્વરે વજ આપ્યું. ॥૫૩૩॥

શ્લોક :-

तदा च–
जगौ च वैरिणस्तेऽमी, तदेतेन निपातय ।
वज्रेण तेन ते चौरा, अथोत्थायाखिला हताः ॥५३४॥

શ્લોકાર્થ :-

અને ત્યારે=વજ આપ્યું ત્યારે, કહ્યું. તે આ વૈરીને=ચોરટાઓને, આ=વજ દ્વારા, તું હણ. હવે તેના વડે=બઠરગુરુ વડે, ઊઠીને તે બધા ચોરો વજ વડે હણાયા. ॥૫૩૪॥

શ્લોક :-

उद्घाटितः स्फुरद्धामा, चित्तापवरकस्ततः ।

कुटुम्बं स्वं स्फुटीभूतमुदभूद् रत्नसंचयः ।।५३५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=ચોરો હણાયા ત્યારપછી, સ્ફુરત્ ધામવાળો=રત્નોના તેજથી સ્ફુરાયમાન થતો ચિત્તરૂપી ઓરડો ઉઘાડાયો. સ્વકુટુંબ સ્પષ્ટ થયું. રત્નોનો સંચય પ્રગટ થયો. ।।૫૩૫।।

શ્લોક :-

दृष्टाऽखिला स्वसद्मश्रीरभूत् सारगुरुस्ततः ।

परित्यज्य भवग्रामं, गतः शिवमठेऽथ सः ।।५३६।।

શ્લોકાર્થ :-

અખિલ સ્વઘરની લક્ષ્મી જોવાઈ. ત્યારપછી સારગુરુ થયો. હવે ભવગ્રામનો ત્યાગ કરીને તે=સારગુરુ, શિવમઠમાં ગયો. ।।૫૩૬।।

શ્લોક :-

भूपः प्राह नियोज्येयं, कथमत्र जने कथा ? ।

गुरुर्जगौ महामाहेश्वरो धर्मप्रबोधकृत् ।।५३७।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે. આ જનમાં આ કથા કઈ રીતે નિયોજન કરવી. ગુરુ બોલ્યા. ધર્મના પ્રબોધને કરનાર મહામાહેશ્વર જાણવા.

જીવમાં ધર્મના પારમાર્થિક સ્વરૂપને પ્રગટ કરનાર મહામાહેશ્વર જાણવા. **।।૫૩૭।।**

શ્લોક :-

लोकभौतं भवग्रामे, दृष्ट्वा रागादिपीडितम् ।

भिक्षामात्रेण सन्तुष्टमुन्मत्तं च कृपापरः ।।५३८।।

શ્લોકાર્થ :-

ભવગ્રામમાં=ચાર ગતિના પરિભ્રમણરૂપ ભવમાં, રાગાદિથી પીડિત, ભિક્ષામાત્રથી સંતુષ્ટ=બાહ્ય ભોગસામગ્રી માત્રથી સંતુષ્ટ, ઉન્મત્ત=પોતાના પારમાર્થિક સ્વરૂપને જોવામાં અસમર્થ હોવાથી ઉન્માદવાળા, લોકભૌતને જોઈને કૃપામાં તત્પર ધર્મના પ્રબોધકર મહામાહેશ્વર જાણવા એમ અન્વય છે. ॥૫૩૮॥

શ્લોક :-

अस्माद् दुःखात् कथं मोक्षः, स्यादस्येति विचिन्तयन् ।
जिनवैद्योपदेशेन, तद्धिताय प्रवर्तते ।।५३९।।

શ્લોકાર્થ :-

આ દુઃખથી=ભવગ્રામમાં ચોરટાઓથી જે વિડંબના થઈ એ દુઃખથી, આનો=લોકભૌતનો કેવી રીતે મોક્ષ થાય, એ પ્રમાણે વિચાર કરતા જિનરૂપી વૈદ્યના ઉપદેશથી તેના હિત માટે=લોકભૌતના હિત માટે, પ્રવર્તે છે=મહામાહેશ્વર પ્રવર્તે છે. ॥૫૩૯॥

શ્લોક :-

रागादिषु प्रसुप्तेषु, क्षयोपशमभावतः ।
तत्स्वरूपे दीपयति, ज्ञानदीपं शिवाश्रये ।।५४०।।

શ્લોકાર્થ :-

ક્ષયોપશમભાવથી રાગાદિ પ્રસુપ્ત થયે છતે=લોકભૌતના ચિત્તમાં કષાયોની મંદતાને કારણે તત્ત્વને જોવાને અભિમુખ કંઈક ક્ષયોપશમભાવ થવાને કારણે તેની ચિત્તવૃત્તિમાં રાગાદિ ચોરટાઓ સૂતે છતે, તેના સ્વરૂપના વિષયમાં=લોકભૌતના પારમાર્થિક સ્વરૂપના વિષયમાં, જ્ઞાનરૂપી દીવો શિવાશ્રયમાં પ્રગટ કરે છે.

જીવના શિવ જેવા સ્વરૂપના વિષયમાં બોધ કરાવવા અર્થે તે લોકભૌતને માહેશ્વર આત્માના પારમાર્થિક સ્વરૂપનો બોધ થાય તેવો જ્ઞાનદીપક પ્રગટ કરે છે. **॥૫૪૦॥**

શ્લોક :-

सम्यक्त्वं पाययत्यम्बु, दत्ते च चरणाशनिम् ।
रागादितस्करगणं, लोकस्तेन निहन्ति च ।।५४१।।

શ્લોકાર્થ :-

સમ્યક્ત્વરૂપી પાણી પિવડાવે છે. ચરણરૂપી વજ્ર આપે છે અને તેનાથી=વજ્રથી, લોક રાગાદિ તસ્કરગણને હણે છે. ।।૫૪૧।।

શ્લોક :-

ततस्तस्य विशालः स्यान्निर्मलः कुशलाशयः ।
क्षीयन्ते प्राच्यकर्माणि, बध्यन्ते नूतनानि न ।।५४२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેને=લોકને, વિશાળ નિર્મલ કુશલ આશય થાય છે. પ્રાચ્ય કર્મો નાશ પામે છે. નવાં કર્મો બંધાતાં નથી.

જીવ વજ્રથી રાગાદિનો નાશ કરે તેના કારણે આત્માના હિતવિષયક જીવને કુશલ આશય થાય છે અને તેના કારણે નિર્લેપ ચિત્તવાળા એવા તે જીવનાં પ્રાચ્ય કર્મો ક્ષય પામે છે અને બંધના કારણભૂત સંશ્લેષ નહિ હોવાને કારણે નવાં કર્મો બંધાતાં નથી. **।।૫૪૨।।**

શ્લોક :-

याति दुश्चरितावेशः, प्रभवत्यप्रमत्तता ।
मिथ्याविकल्पाः शाम्यन्ति, समाधिश्च प्रवर्धते ।।५४३।।

શ્લોકાર્થ :-

દુશ્ચરિત્રનો આવેશ જાય છે=જીવને પૂર્વમાં જે દુશ્ચરિત્રનો આવેશ હતો તે દૂર થાય છે. અપ્રમત્તતા પ્રભવ પામે છે=શત્રુને નાશ કરવાના વિષયમાં અપ્રમાદભાવ પ્રભવ પામે છે. મિથ્યાવિકલ્પો શાંત થાય છે=બાહ્ય પદાર્થોના શુભ-અશુભભાવો પ્રમાણે જે સંસારી જીવો શુભ-અશુભ વિકલ્પો

કરે છે, તેવા મિથ્યાવિકલ્પો શાંત થાય છે અને સમાધિ વધે છે=ચિત્ત શમભાવમાં અવસ્થાન પામવાથી સ્વસ્થતારૂપ સમાધિ વધે છે. ।।૫૪૩।।

શ્લોક :-

उद्घाटयत्येष ततश्चित्तापवरकं निजम् ।
स्वाभाविककुटुम्बं च, ज्ञानालोकेन पश्यति ।।५४४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી આ=જીવ, પોતાનો ચિત્તરૂપી ઓરડો ઉઘાડે છે અને સ્વાભાવિક કુટુંબને જ્ઞાનરૂપી પ્રકાશથી જુએ છે. ।।૫૪૪।।

શ્લોક :-

जिहासति भवग्रामं, निःसङ्गानन्दवांस्ततः ।
शाटं सूक्ष्माणवो यान्ति, रूक्षतां तस्य गच्छतः ।।५४५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=પોતાના જ્ઞાનરૂપી પ્રકાશથી સ્વાભાવિક કુટુંબને જુએ છે, ત્યારપછી નિઃસંગતાના આનંદવાળો જીવ ભવગ્રામનો ત્યાગ કરે છે. રુક્ષતાને પામતા તેના=જીવના, સૂક્ષ્મ અણુઓ શાટને પામે છે=જીવના જે કર્મપરમાણુઓ છે તે નિઃસંગતાના પરિણામને કારણે રુક્ષતાને પામે છે અને રુક્ષતાને પામેલા હોવાથી જીવની પૃથગ્તાને પામે છે. ।।૫૪૫।।

શ્લોક :-

चिन्ता व्यावर्तते योगो, जृम्भते ध्यानसंगतः ।
अपूर्वकरणं याति, महासामायिकस्ततः ।।५४६।।

શ્લોકાર્થ :-

ચિંતા વ્યાવર્તન પામે છે=સંગનો પરિણામ નહિ હોવાથી બાહ્ય પદાર્થોને આશ્રયીને વિચારણા વ્યાવર્તન પામે છે. ધ્યાનસંગત યોગ ઉલ્લસિત થાય છે=આત્માના નિરાકુળ સ્વભાવમાં એકાગ્રતાથી યુક્ત એવો

મોક્ષને અનુકૂળ પરિણતિરૂપ યોગ ઉલ્લસિત થાય છે. ત્યારપછી મહાસામાયિકવાળો લોક અપૂર્વકરણને પામે છે.

ધ્યાનસંગત યોગ પ્રગટ થયા પછી આત્માની પ્રકૃતિરૂપ મહાસામાયિકને પ્રાપ્ત કરવાને અભિમુખ થયેલો જીવ ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરે છે. **॥૫૪૬॥**

શ્લોક :-

निहत्य क्षपकश्रेण्या, घातिकर्म जिनो भवन् ।
अनुगृह्णाति जगतीं, समुद्घातं ततो व्रजेत् ।।५४७।।

શ્લોકાર્થ :-

ક્ષપકશ્રેણીથી ઘાતિકર્મને હણીને જિન થતો જગતને અનુગ્રહ કરે છે. ત્યારપછી સમુદ્ઘાતને પામે છે. ॥૫૪૭॥

શ્લોક :-

कर्मचक्रं समीकृत्य, ततो योगान्निरुध्य च ।
समारोहति शैलेशीं, सर्वकर्मक्षयावहाम् ।।५४८।।

શ્લોકાર્થ :-

કર્મચક્રને સમાન કરીને અને ત્યારપછી યોગોને=મન, વચન, કાયાના યોગોને, નિરોધ કરીને સર્વકર્મના ક્ષયને લાવનાર શૈલેશીને આરોહણ કરે છે. ॥૫૪૮॥

શ્લોક :-

त्यक्त्वा ततो भवग्रामं, स्वाभाविककुटुम्बयुग् ।
गतः शिवालयमठे, सदाऽऽस्ते सुखनिर्भरः ।।५४९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ભવગ્રામનો ત્યાગ કરીને સ્વાભાવિક કુટુંબવાળો શિવાલય મઠમાં ગયેલો સદા સુખનિર્ભર રહે છે. ॥૫૪૯॥

શ્લોક :-

अनेन हेतुना प्रोक्तमभूत् सारगुरोर्यथा ।

वार्तान्तरं तथा चेत् स्यात्, दुःखं न क्षीयते तथा ।।५५०।।

શ્લોકાર્થ :-

આ હેતુથી=પૂર્વમાં કહ્યું એ પ્રમાણે જીવ સારગુરુ બને છે, ત્યારે મોક્ષમાં જાય છે એ હેતુથી, સારગુરુનું જે પ્રમાણે વાર્તાંતર કહેવાયું=શ્લોક-૫૨૮થી અત્યાર સુધી વાર્તાંતર કહેવાયું, તે પ્રમાણે જો થાય=આપણામાં તે પ્રમાણે વાર્તાંતર થાય, તો અમારું દુઃખ તે પ્રમાણે ક્ષય પામે=જે પ્રમાણે તે સારગુરુનું ચારગતિના પરિભ્રમણનું દુઃખ ક્ષય પામ્યું તેમ આપણું ક્ષય પામે. ।।૫૫૦।।

શ્લોક :-

इदं श्रुत्वा मुनेर्वाक्यं हृष्टा राजान्विता जनाः ।

प्राहुश्च त्वां प्रपन्नानां, वृत्तान्तोऽयं न दुर्लभः ।।५५१।।

શ્લોકાર્થ :-

મુનિનું આ વાક્ય સાંભળીને રાજાથી અન્વિત લોકો હર્ષિત થયા અને બોલ્યા. તમને પામેલા અમોને આ વૃત્તાંત દુર્લભ નથી.

સારગુરુને જે પ્રમાણે વાર્તાંતર થયું તે પ્રમાણે અમને આ વૃત્તાંત દુર્લભ નથી. **।।૫૫૧।।**

શ્લોક :-

आज्ञाप्यतामिदानीं च, यदस्माभिर्विधीयते ।

मुनिराह भवद्भिस्तत्, क्रियतां यत् कृतं मया ।।५५२।।

શ્લોકાર્થ :-

અને હમણાં આજ્ઞા કરો. જે અમારા વડે કરાય છે. મુનિ કહે છે તે તમારા વડે કરાવ, જે મારા વડે કરાયું. ।।૫૫૨।।

શ્લોક :-

निर्विण्णेन भवग्रामाद्, दीक्षा भवनिबर्हणी ।
मया गृहीता सा ग्राह्या, भवद्भिः सुखमिच्छुभिः ।।५५३।।

શ્લોકાર્થ :-

ભવગ્રામથી નિર્વેદ પામેલા મારા વડે ભવના ઉચ્છેદને કરનારી દીક્ષા ગ્રહણ કરાઈ. તે સુખના ઈચ્છુ એવા તમારા વડે ગ્રહણ કરાવી જોઈએ. ।।૫૫૩।।

શ્લોક :-

नृपः प्राह वयं नाथ, त्वया यत्नेन बोधिताः ।
भवांस्तु बोधितः केन, स्वयंबुद्धोऽसि वा वद ।।५५४।।

શ્લોકાર્થ :-

રાજા કહે છે, હે નાથ ! તમારા વડે યત્નથી અમે બોધ કરાયા. વળી, તમે કોના વડે બોધ કરાવાયા અથવા સ્વયંબુદ્ધ છો, કહો. ।।૫૫૪।।

શ્લોક :-

सूरिराह महाराज ! लघुतायै स्ववर्णनम् ।
ब्रुवे तथाऽपि सद्भूतं, त्वत्कुतूहलपूर्तये ।।५५५।।

શ્લોકાર્થ :-

સૂરિ કહે છે, હે મહારાજ ! સ્વવર્ણન લઘુતા માટે છે તોપણ તારા કુતૂહલની પૂર્તિ માટે હું કહું છું.

સાધુને માટે પોતાના જીવનનું વર્ણન કરવું ઉચિત નથી તોપણ રાજાના ચિત્તના સંતોષ અર્થે સદ્ભૂત વસ્તુને હું કહું છું એમ ગુરુ કહે છે. **।।૫૫૫।।**

શ્લોક :-

अस्तीह कौतुकैः पूर्णं, पुरं नाम्ना धरातलम् ।
राजा शुभविपाकोऽस्ति, तत्र तेजोदिवाकरः ।।५५६।।

શ્લોકાર્થ :-

અહીં=સંસારમાં, કૌતુકોથી પૂર્ણ ધરાતલ નામનું નગર છે. ત્યાં=ધરાતલ નગરમાં, તેજનો દિવાકર શુભવિપાક નામનો રાજા છે.

જીવમાં વર્તતાં શુભકર્મનો વિપાક એ જીવના હિતનું કારણ હોવાથી તેજનો દિવાકર એવો રાજા છે. **॥૫૫૬॥**

શ્લોક :-

साधुता सुन्दरी तस्य, पुण्यसिंहस्थितौ दरी ।
तयोः सुतो बुधो जातो, विलसद्बुद्धिपाटवः ।।५५७।।

શ્લોકાર્થ :-

તેની=શુભવિપાકની, પુણ્યરૂપે સિંહની સ્થિતિમાં દરી રૂપ=ગુફારૂપ, એવી સાધુતા સુંદરી છે. તે બંનેનો વિલાસ પામતી બુદ્ધિના પાટવવાળો બુધ નામનો પુત્ર થયો.

જે જીવમાં શુભકર્મનો વિપાક છે અને તેની પ્રકૃતિ અત્યંત ઉચિત કરવારૂપ સાધુતાવાળી છે, તે જીવમાં પુણ્યરૂપ સિંહ હંમેશાં વસનાર છે અને શુભકર્મનો વિપાક અને સાધુતાનો યોગ થવાથી જીવ વિલાસ પામતી ઔત્પાતી આદિ ચાર બુદ્ધિઓમાં પટુ બને છે. તેથી બુધ થયો. **॥૫૫૭॥**

શ્લોક :-

क्रमेण वर्धमानोऽसौ, बभूव गुणरत्नभूः ।
शीलेनालंकृतश्चारुरूपेण मकरध्वजः ।।५५८।।

શ્લોકાર્થ :-

ક્રમથી વધતો આ ગુણરત્નની ભૂમિ થયો. શીલથી અલંકૃત થયો. સુંદર રૂપથી મકરધ્વજ થયો. ॥૫૫૮॥

શ્લોક :-

भ्राता शुभविपाकस्य, महाऽनर्थकरः परः ।
तथाऽशुभविपाकोऽस्ति, देवी तस्यास्त्यसाधुता ।।५५९।।

શ્લોકાર્થ :-

શુભવિપાકનો મહાઅનર્થ કરનાર બીજો ભાઈ તે પ્રકારે અશુભવિપાક છે. તેની અસાધુતા દેવી છે. ।।૫૫૯।।

શ્લોક :-

ताभ्यां विषाङ्कुरः क्रूरो, मन्दो नाम सुतोऽजनि ।
गुणहीनोऽपि मदवान्, वर्धमानो बभूव सः ।।५६०।।

શ્લોકાર્થ :-

તે બંને દ્વારા વિષના અંકુર જેવો ક્રૂર મંદ નામનો પુત્ર થયો. ગુણહીન પણ મદવાળો તે વર્ધમાન થયો.

જીવના અશુભ વિપાકોરૂપ કર્મો છે અને અશુભ વિપાકવાળા જીવમાં અસાધુતાની પરિણતિ છે. તેનાથી વિષના અંકુર જેવો બુદ્ધિથી મંદ ક્રૂર જીવ થાય છે. તેથી ગુણથી હીન હોવા છતાં પણ મદવાળો તે વયથી વધે છે. **।।૫૬૦।।**

શ્લોક :-

पितृव्यपुत्रभावेन, मैत्र्यभूद् बुधमन्दयोः ।
सर्वत्र सहितावेव, स्वैरं विचरतः स्म तौ ।।५६१।।

શ્લોકાર્થ :-

કાકાના પુત્રના ભાવથી બુધની અને મંદની મૈત્રી થઈ. સર્વત્ર સહિત જ એવા તે બંને સ્વેચ્છાએ વિચરતા હતા. ।।૫૬૧।।

શ્લોક :-

इतश्च धीषणा नाम, पुरेऽस्त्यमलमानसे ।
शुभाभिप्रायभूपस्य, जयन्तीव सुता हरेः ।।५६२।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ અમલમાનસ નામના નગરમાં શુભ અભિપ્રાય રાજાની હરિની જયંતીની જેમ ધીષણા નામની પુત્રી છે. ।।૫૬૨।।

શ્લોક :-

बुधेन परिणीता सा, गृहायाता स्वयंवरा ।
मनोरथौघैः सुषुवे, विचाराख्यः सुतस्तया ।।५६३।।

શ્લોકાર્થ :-

બુધ વડે સ્વયંવરા ઘરમાં આવેલી તે=ધીષણા, પરણાઈ. મનોરથોના સમૂહથી તેણી વડે=ધીષણા વડે, વિચાર નામનો પુત્ર ઉત્પન્ન થયો. ।।૫૬૩।।

શ્લોક :-

अन्यदा बुधमन्दाभ्यां, ददृशे भालपर्वतः ।
विलसद्भ्यां निजक्षेत्रे, सानुस्थकबरीवनः ।।५६४।।

શ્લોકાર્થ :-

અન્યદા નિજક્ષેત્રમાં વિલાસ કરતાં બુધ અને મંદ દ્વારા સાનુસ્થ કબરીવનવાળો ભાલપર્વત જોવાયો અર્થાત્ બુધ અને મંદ દ્વારા પોતાના દેહવર્તી ભાલનું સ્થાન જોવાયું. ।।૫૬૪।।

શ્લોક :-

तस्याधस्ताद् गता दूरं, दृष्टा नासा महागुहा ।
तत्रापवरकद्वन्द्वं, दृष्टं भूयोऽन्धकारभृत् ।।५६५।।

શ્લોકાર્થ :-

તેની નીચે ગયેલા દૂરમાં નાસા નામની મહાગુફા જોવાઈ. ત્યાં ઘણા અંધકારને ધારણ કરનાર બે ઓરડા જોવાયા અર્થાત્ કપાળની નીચે દેહવર્તી નાસિકા જોવાઈ. ।।૫૬૫।।

શ્લોક :-

इत्थमाश्चर्ययुतयोः, पश्यतोर्बुधमन्दयोः ।
गुहातो निर्गता नारी, काचित् पवनचञ्चला ।।५६६।।

શ્લોકાર્થ :-

આ રીતે=પૂર્વમાં કહ્યું એ પ્રમાણે ભાલપર્વત, નાસારૂપ મહાગુફા અને તેના બે ઓરડા જોવાયા એ રીતે, આશ્ચર્યથી યુક્ત જોતા બુધ અને મંદની ગુફાથી કોઈક પવનચંચલ નારી નીકળી.

ઘ્રાણની પરિણતિરૂપ નારી નીકળી. જે જીવને ઘ્રાણેન્દ્રિયની ઉત્સુકતા કરાવે તેવી પવનચંચલ છે. **॥૫૬૬॥**

શ્લોક :-

दर्शयन्ती पुरः प्रीतिं, सा कृत्वा प्रणतिं तयोः ।
जगौ साधुकृतं नाथौ, युवाभ्यां यदिहागतम् ।।५६७।।

શ્લોકાર્થ :-

તે=ગુફામાંથી નીકળેલી નારી, તે બેને પ્રણામ કરીને સન્મુખ પ્રીતિને બતાવતી બોલી. હે નાથ ! તમારા બંને દ્વારા સુંદર કરાયું. જે કારણથી અહીં અવાયું. ।।૫૬૭।।

શ્લોક :-

मन्दस्तां कोमलोल्लापैः, सस्नेहं समभाषत ।
का त्वं बाले ! किमर्थं वा, वसस्यत्र गुहाऽन्तरे ।।५६८।।

શ્લોકાર્થ :-

કોમલ ઉલ્લાપો સાથે સ્નેહપૂર્વક મંદે તેણીને કહ્યું. હે બાલા ! તું કોણ છો અથવા કયા પ્રયોજનથી આ ગુફાંતરમાં વસે છે અર્થાત્ નાસિકામાં વસે છે. ।।૫૬૮।।

શ્લોક :-

श्रुत्वा तद्वचनं मूर्च्छां, प्राप सा शोकपीडिता ।
किमेतदिति पृष्टा च, स्वस्थीभूताऽऽह तं प्रति ।।५६९।।

શ્લોકાર્થ :-

તેના વચનને સાંભળીને તે=નારી, શોકપીડિત મૂર્ચ્છાને પામી અને આ શું છે ? એ પ્રમાણે પુછાયેલી=પોતાના વચનથી તેને મૂર્ચ્છા આવી એ શું છે એ પ્રમાણે પુછાયેલી, સ્વસ્થીભૂત નારી તેના પ્રત્યે=મંદ પ્રત્યે કહે છે. ।।૫૬૯।।

શ્લોક :-

युवयोर्विस्मृतिर्नाथ !, मम शोकस्य कारणम् ।
अहं भुजङ्गता नाम, युवयोः परिचारिका ।।५७०।।

શ્લોકાર્થ :-

હે નાથ ! તમારી બેની વિસ્મૃતિ મારા શોકનું કારણ છે. હું ભુજંગતા નામની તમારા બેની પરિચારિકા છું.

ઘ્રાણેન્દ્રિયમાં સંશ્લેષની પરિણતિરૂપ ભુજંગતા ઘ્રાણેન્દ્રિયની પરિચારિકા છે. વળી ઘ્રાણ પ્રત્યેના ઇષ્ટ પદાર્થો પ્રત્યે પક્ષપાત કરાવીને આત્મામાં વિકારોનું વિષ ફેલાવે છે, તેથી તેનું ભુજંગતા નામ છે. **।।૫૭૦।।**

શ્લોક :-

अहं भवद्भ्यामेवास्यां, गुहायां स्थापिता पुरा ।
अस्यां हि घ्राणनामाऽस्ति, वयस्यो युवयोः प्रियः ।।५७१।।

શ્લોકાર્થ :-

હું તમારા બંને દ્વારા જ આ ગુફામાં પૂર્વમાં સ્થાપન કરાયેલી. આમાં= નાસિકામાં, ઘ્રાણ નામનો તમારા બંનેનો પ્રિય મિત્ર છે અર્થાત્ ઘ્રાણેન્દ્રિય નામનો પ્રિય મિત્ર છે. ।।૫૭૧।।

શ્લોક :-

तिष्ठामि भवदादेशात्, तस्याहं परिचारिका ।
संगतं चिरकालीनं, युवयोः सह तेन हि ।।५७२।।

શ્લોકાર્થ :-

તમારા આદેશથી તેની પરિચારિકા=ઘ્રાણની પરિચારિકા, હું રહું છું. તે કારણથી તમારા બંને સાથે ચિરકાલીન સંગત છે=ચીરકાલનો મારો સંબંધ છે. ।।૫૭૨।।

શ્લોક :-

पुरेऽसंव्यवहाराख्ये, स्थितिः प्राग् युवयोरभूत् ।
एकाक्षाख्ये गतौ कर्मपरिणामाज्ञया ततः ।।५७३।।

શ્લોકાર્થ :-

અસંવ્યવહાર નામના પુરમાં તમારા બેની પૂર્વમાં સ્થિતિ હતી. ત્યારપછી કર્મપરિણામની આજ્ઞાથી એકાક્ષ નગરમાં તમે બંને ગયા. ।।૫૭૩।।

શ્લોક :-

विकलाक्षे ततः प्राप्तौ, तत्रास्ते पाटकत्रयम् ।
द्वितीयपाटके तत्र, त्रीन्द्रियाख्ये यदा स्थितौ ।।५७४।।
दत्तेयं वां गुहा कर्मपरिणामेन भूभुजा ।
तदा तत्र प्रसन्नेन, घ्राणाख्यश्च कृतः सुहृत् ।।५७५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી વિકલાક્ષમાં તમે બંને પામ્યા. ત્યાં=વિકલાક્ષમાં, પાટકત્રય છે, ત્યાં=વિકલાક્ષનગરમાં, તેઈન્દ્રિયરૂપ બીજા પાડામાં જ્યારે તમે બંને રહ્યા, ત્યારે પ્રસન્ન એવા કર્મપરિણામ રાજા વડે ત્યાં=તેઈન્દ્રિયરૂપ બીજા પાડામાં, તમને બંનેને આ ગુફા=નાસારૂપ ગુફા, અપાઈ અને ઘ્રાણ નામનો મિત્ર કરાયો. ।।૫૭૪-૫૭૫।।

શ્લોક :-

स्थानेषु तादृशेष्वेष, ततः प्रभृति वां हितः ।
अन्वागतो युवाभ्यां च, गुहास्थः परिलालितः ।।५७६।।

શ્લોકાર્થ :-

ત્યારથી માંડીને=તેઈન્દ્રિયમાં તમે આવ્યા ત્યારથી માંડીને, તેવા સ્થાનોમાં=તેઈન્દ્રિય આદિ ભવોમાં, આ તમારા બેનું હિત અને તમારા બંનેને અનુસરતો ગુફામાં રહેલો ઘ્રાણ પરિપાલન કરાયો. ।।૫૭૬।।

શ્લોક :-

आगताभ्यां विशेषेण, लालितो नृगतिं पुरीम् ।
अहं भुजङ्गताऽऽख्या च, कृताऽस्य परिचारिका ।।५७७।।

શ્લોકાર્થ :-

મનુષ્યનગરીમાં આવેલા તમારા બંને વડે વિશેષથી લાલન કરાયો= વિશેષથી ઘ્રાણ લાલન કરાયો અને ભુજંગતા નામની હું આની પરિચારિકા કરાઈ.

જીવ મનુષ્યગતિમાં આવે છે ત્યારે ઘ્રાણેન્દ્રિયને અત્યંત વશ વર્તે છે અને તેના સંશ્લેષરૂપ ભુજંગતાને ઘ્રાણેન્દ્રિયની પરિચારિકા કરે છે. જેથી ઘ્રાણેન્દ્રિયની તૃપ્તિનો અનુભવ જાણે પોતાને તૃપ્તિનો અનુભવ થાય છે, તેવો ભ્રમ વર્તે છે. ।।૫૭૭।।

શ્લોક :-

तदेवं चिरसम्बद्धौ, कुरुथो गजमीलिकाम् ।
युवां यत् स्यात् ततोऽन्यत् किं, परं मे शोककारणम् ।।५७८।।

શ્લોકાર્થ :-

આ રીતે ચિરસંબંધવાળા તમે બંને ગજમીલિકાને=આંખમીંચામણાને, જે કારણથી કરો છો, તેનાથી અન્ય મારા અત્યંત શોકનું કારણ શું થાય ? ।।૫૭૮।।

શ્લોક :-

युवाभ्यां प्राक्तनस्थित्या, तद् धार्या प्रेमपद्धतिः ।
इति श्रुत्वा बुधो दध्यौ, धूर्तेयं न हितावहा ।।५७९।।

શ્લોકાર્થ :-

તે કારણથી=તમારી ઉપેક્ષાથી હું શોકાતુર છું તે કારણથી, તમારા બંને દ્વારા પૂર્વની સ્થિતિથી પ્રેમપદ્ધતિ ધારણ કરવી જોઈએ=અત્યાર સુધી જે રીતે મારી સાથે પ્રેમ રાખ્યો છે, એ રીતે પ્રેમ રાખવો જોઈએ. આ સાંભળીને=ભુજંગતાનાં આ વચનો સાંભળીને, બુધે વિચાર્યું. આ ધૂર્ત છે, હિતાવહ નથી. ।।૫૭૯।।

શ્લોક :-

ईषत् स्मितं सलज्जं च, कुलस्त्री मृदु भाषते ।
इयं च बृहदाटोपा, वितनोति विपर्ययम् ।।५८०।।

શ્લોકાર્થ :-

ઈષત્ સ્મિતવાળું, લજ્જાવાળું, મૃદુ, કુલસ્ત્રી બોલે છે અને આ=ભુજંગતા, મોટા આટોપવાળી વિપર્યયને કરે છે. ।।૫૮૦।।

શ્લોક :-

इत्युपेक्षापरस्तस्यां, बुधो नोत्तरमप्यदात् ।
स्नेहक्रीतोऽभवत् तस्याः, साक्षान्मन्दस्तु किंकरः ।।५८१।।

શ્લોકાર્થ :-

એથી તેમાં=ભુજંગતામાં, ઉપેક્ષાપર=ઉપેક્ષામાં તત્પર એવો, બુધ ઉત્તર પણ આપતો નથી. તેણીના સ્નેહથી ખરીદાયેલો મંદ વળી સાક્ષાત્ કિંકર થયો.

બુધને ભુજંગતા કુલીન સ્ત્રી નથી તેવું જણાવાથી તેની ઉપેક્ષા કરે છે અને ઉત્તર પણ આપતો નથી; કેમ કે બુધ પુરુષને પોતાની સમતાની પરિણતિ જ કુલીન સ્ત્રી દેખાય છે. આત્માની વિકારની પરિણતિ કુલટા જેવી દેખાય છે. તેથી સ્નેહપૂર્વક તેને ઉત્તર આપવા માટે પણ અભિમુખ પરિણામ બુધને થતો નથી અને મંદ જીવોને ઘ્રાણના વિકારો જ સ્નેહનું કારણ દેખાય છે. તેથી તેની કિંકરતાને સ્વીકારે છે. **।।૫૮૧।।**

શ્લોક :-

ऊचे च किं करोम्येष, ततः प्राह भुजङ्गता ।
सेव्यः सुहृत् त्वया गन्धलुब्धबुद्धिरयं सदा ।।५८२।।

શ્લોકાર્થ :-

અને બોલ્યો=મંદ બોલ્યો. આ હું શું કરું=તને પ્રિય એવું હું શું કરું ? તેથી ભુજંગતા કહે છે. તારા વડે=મંદ વડે, ગંધમાં લુબ્ધ બુદ્ધિવાળો આ=ઘ્રાણ, મિત્ર સદા સેવવા યોગ્ય છે. ।।૫૮૨।।

શ્લોક :-

चन्दनागुरुकर्पूरकस्तूर्यादि सुगन्धि यत् ।
तद् रोचतेऽस्य नामापि, दुर्गन्धस्य न रोचते ।।५८३।।

શ્લોકાર્થ :-

ચંદન, અગુરુ, કર્પૂર, કસ્તૂરી આદિ જે સુગંધિ છે તે આને=ઘ્રાણને, રુચે છે. દુર્ગંધનું નામ પણ રુચતું નથી. ।।૫૮૩।।

શ્લોક :-

इष्टोपनत्याऽनिष्टस्य, दूरतश्च निवारणात् ।
घ्राणेन लालितेनेह, तद् भावि भवतो सुखम् ।।५८४।।

શ્લોકાર્થ :-

તે કારણથી=ઘ્રાણને સુગંધ ગમે છે, દુર્ગંધ ગમતી નથી તે કારણથી, ઈષ્ટની ઉપનતિ વડે=સુગંધી પદાર્થોને ગ્રહણ કરવા વડે અને દૂરથી અનિષ્ટના નિવારણથી લાલિત થયેલા ઘ્રાણ વડે અહીં=સંસારમાં, તમને બંનેને સુખ થશે. ।।૫૮૪।।

શ્લોક :-

मन्दः प्राह करोम्येवं, तिष्ठ भद्रे ! निराकुला ।
साऽपि तद्वचसा तुष्टा, दधौ मौनं बुधः पुनः ।।५८५।।

શ્લોકાર્થ :-

મંદ કહે છે – આ રીતે હું કરું છું. હે ભદ્રા ! ભુજંગતા તું નિરાકુલ રહે. તે પણ=ભુજંગતા પણ, તેના વચનથી=મંદના વચનથી, તોષ પામી. વળી બુધ પુરુષે મૌન ધારણ કર્યું. ।।૫૮૫।।

શ્લોક :-

दध्यौ च क्षेत्रमेतन्मे, शैलश्चेयं महागुहा ।
घ्राणोऽप्यस्यां स्थितः पाल्यो, मम नास्त्यत्र संशयः ।।५८६।।

શ્લોકાર્થ :-

અને વિચાર્યું=બુધ પુરુષે વિચાર્યું. આ મારું ક્ષેત્ર છે=મારો દેહ મારું ક્ષેત્ર છે. શૈલ=ભાલપર્વત, મારો છે. આ મહાગુફા=બે નાસારૂપ મહાગુફા, મારી છે. આમાં રહેલો ઘ્રાણ પણ મને પાલ્ય છે=પાલન કરવા યોગ્ય છે, એમાં સંશય નથી. ।।૫૮૬।।

શ્લોક :-

अस्या नार्या गिरा कार्यं, केवलं नास्य लालनम् ।
आक्षेत्रमोक्षं कार्याऽस्य, धारणा लोकयात्रया ।।५८७।।

શ્લોકાર્થ :-

આ નારીની=ભુજંગતા નારીની, વાણીથી કેવલ આનું લાલન કરવું જોઈએ નહિ=ઘ્રાણનું લાલન કરવું જોઈએ નહિ. ક્ષેત્રના મોક્ષ સુધી=દેહના અભાવ સુધી, આની=ઘ્રાણની, લોકયાત્રાથી ધારણા કરવી જોઈએ. ।।૫૮૭।।

શ્લોક :-

इति निश्चित्य तं घ्राणं, पालयन्नपि नो बुधः ।
दोषौघैर्युज्यते कीर्तिं, लभते शुद्धमार्गतः ।।५८८।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે નિર્ણય કરીને તે ઘ્રાણને પાલન કરતો પણ બુધ દોષના સમૂહથી યોજાતો નથી. શુદ્ધ માર્ગથી કીર્તિને પામે છે.

ઘ્રાણેન્દ્રિયને વશ નહિ હોવાથી ઘ્રાણેન્દ્રિયનું પાલન કરવા છતાં પણ સંશ્લેષ કૃત અનર્થોને બુધ પ્રાપ્ત કરતો નથી અને શુદ્ધ માર્ગથી ઘ્રાણનું પાલન કરતો કીર્તિને પામે છે. **॥૫૮૮॥**

શ્લોક :-

मन्दस्तु लालयन् घ्राणं, पुरस्कृत्य भुजङ्गताम् ।
लोल्यात् तंतम्यते बाढं, सुगन्धिद्रव्यसंग्रहैः ।।५८९।।

શ્લોકાર્થ :-

વળી, મંદ ભુજંગતાને આગળ કરીને ઘ્રાણને લાલન કરતો સુગંધી દ્રવ્યના સંગ્રહોથી ગાઢ લોલ્યને કારણે વારંવાર તાપને પામે છે. ।।૫૮૯।।

શ્લોક :-

शंकापिशाच्या दुर्गन्धं जिहीर्षंश्च निहन्यते ।
धृतिसौख्यं न लभते, हस्यते च विवेकिभिः ।।५९०।।

શ્લોકાર્થ :-

અને દુર્ગંધને છોડવાની ઈચ્છાવાળો શંકારૂપી પિશાચિનીથી હણાય છે. ધૃતિના સૌખ્યને પામતો નથી. વિવેકીઓ દ્વારા હસાય છે.

મંદને ઘ્રાણેન્દ્રિયની ગાઢ આસક્તિ હોવાને કારણે દુર્ગંધથી અત્યંત વ્યાકુળતા થાય છે. તેથી કોઈ પ્રવૃત્તિ કરવામાં ત્યાં દુર્ગંધ હશે ઇત્યાદિ શંકારૂપી પિશાચિનીથી હણાય છે. અલ્પ પણ ક્યાંય દુર્ગંધ આવે તો તે સ્વસ્થતાના સુખને પામતો નથી પરંતુ સતત દુર્ગંધથી વ્યાકુળ થાય છે અને વિવેકીઓથી હસાય છે. **॥૫૯૦॥**

શ્લોક :-

इतश्च प्राप्ततारुण्यो, विचारो लीलया गतः ।
गेहाद् देशदिदृक्षुः स, दृष्ट्वाऽऽयातोऽखिलां भुवम् ।।५९१।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ પ્રાપ્ત તારુણ્યવાળો લીલા વડે દેશને જોવાની ઈચ્છાવાળો વિચાર ઘરથી ગયો. અખિલ ભૂમિને જોઈને તે=વિચાર, આવ્યો.

બુધ પુરુષમાં ધિષણાના યોગથી તત્ત્વને જોવાને અનુકૂળ વિચાર પ્રગટે છે અને તે વિચાર જ્યારે કંઈક પક્વ બને છે ત્યારે જગતના પદાર્થોની વ્યવસ્થા જોવા માટે અભિલાષવાળો થાય છે ત્યારે બુધ પુરુષનો વિચાર નામનો પુત્ર જગતના અવલોકન માટે ગયો અને જગતનું અવલોકન કરીને ઘરે આવે છે. **॥૫૯૧॥**

શ્લોક :-

हृदि प्रहृष्टौ धिषणाबुधौ तस्मिन् समागते ।
मुदितं राजभवनं, कृतस्तस्यागमोत्सवः ।।५९२।।

શ્લોકાર્થ :-

તે આવ્યે છતે=વિચાર આવ્યે છતે, ધિષણા અને બુધ હૃદયમાં હર્ષિત થયાં. રાજભવન મુદિત થયું. તેના આગમનનો ઉત્સવ કરાયો. ।।૫૯૨।।

શ્લોક :-

आकर्ण्य घ्राणसम्बन्धं, संजातं बुधमन्दयोः ।
रहसि स्वीयपितरं, संस्थाप्य स इदं जगौ ।।५९३।।

શ્લોકાર્થ :-

બુધ અને મંદને થયેલા ઘ્રાણના સંબંધને સાંભળીને પોતાના પિતાને એકાંતમાં સ્થાપન કરીને તે=વિચાર, આ પ્રમાણે બોલ્યો. ।।૫૯૩।।

શ્લોક :-

वयस्यो घ्राणनामाऽयं, न युक्तो दुष्टधृष्टधीः ।
यदहं भवचक्रेऽगां, गतो देशदिदृक्षया ।।५९४।।

શ્લોકાર્થ :-

ઘ્રાણ નામનો આ મિત્ર દુષ્ટ ધૃષ્ટ બુદ્ધિવાળો યુક્ત નથી. જે કારણથી દેશને જોવાની ઈચ્છાથી ગયેલો એવો હું=વિચાર ભવચક્રમાં ગયો. ।।૫૯૪।।

શ્લોક :-

राजमार्गे मम दृशोस्तत्रैका योषिदागता ।
मद्दर्शनात् सा मुदिता, मयूरीव घनागमात् ।।५९५।।

શ્લોકાર્થ :-

તે રાજમાર્ગમાં=ભવચક્રના રાજમાર્ગમાં, મારી દૃષ્ટિથી એક સ્ત્રી પ્રાપ્ત થઈ. વાદળાના આગમનથી મયૂરીની જેમ મારા દર્શનથી તે=સ્ત્રી, આનંદિત થઈ. ।।૫૯૫।।

શ્લોક :-

ममापि प्रमदो दृष्ट्वा, तामभूदनिवारितः ।
कुतस्त्योऽसीति पृष्टोऽहं, ततो दत्ताशिषा तया ।।५९६।।

શ્લોકાર્થ :-

તેણીને જોઈને મને પણ અનિવારિત પ્રમદ=હર્ષ થયો. ત્યારપછી આપેલ છે આશિષ જેણીએ એવી તેણી વડે ક્યાંથી આવ્યો છે, એ પ્રમાણે હું=વિચાર, પુછાયો.

બુધ પુરુષનો વિચાર ભવચક્ર નગરને જોવા પ્રવર્તે છે, ત્યારે તેનાથી જે તેને બોધ થાય છે, તેનાથી તેને જણાય છે કે આ ઘ્રાણ મિત્ર કરવાયોગ્ય નથી. ભવચક્ર નગરમાં બુધ પુરુષને વિચાર દ્વારા શું જણાય છે તે સ્પષ્ટ કરતાં કહે છે. માર્ગાનુસારિતારૂપ એક સ્ત્રી તેને દેખાય છે અને વિચારને જોઈને માર્ગાનુસારિતા ખુશ થાય છે અને વિચારને પણ માર્ગાનુસારિતાને જોઈને પ્રમોદ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે બુધ પુરુષો સંસારનું તે રીતે અવલોકન કરે છે કે જેથી તેઓને સર્વજ્ઞના વચનાનુસાર તત્ત્વનો બોધ થાય છે તે માર્ગાનુસારિતા છે. માર્ગાનુસારિતા અને બુધ પુરુષનો વિચાર એ બંને પરસ્પર અત્યંત પ્રીતિવાળાં હોય છે. તેથી બુધ પુરુષનો વિચાર હંમેશાં માર્ગાનુસારિતાને અનુસરે છે અને માર્ગાનુસારિતા પણ બુધના વિચારને અત્યંત નિર્મળ કરે છે. તેની સાથે વિચારને પ્રીતિનો યોગ થયો અને માર્ગાનુસારિતાએ પૂછ્યું, તું ક્યાંથી આવ્યો છે ? તેના ઉત્તરરૂપે આગળનો શ્લોક બતાવે છે. **।।૫૯૬।।**

શ્લોક :-

मयोक्तं बुधराजस्य, पुत्रोऽहं धिषणात्मजः ।
देशान् दिदृक्षुरायातो, धरातलपुरादिह ।।५९७।।

શ્લોકાર્થ :-

મારા વડે=વિચાર વડે, કહેવાયું. બુધ રાજનો અને ધિષણાનો હું પુત્ર છું. દેશોને જોવાની ઈચ્છાથી અહીં ધરાતલ નગરથી આવ્યો છું=વિચાર સંસારના વાસ્તવિક સ્વરૂપને જોવાની ઈચ્છાથી જ્યાં માર્ગાનુસારિતા છે ત્યાં આવેલ છે. ।।૫૯૭।।

શ્લોક :-

हर्षाश्रुपूर्णनयना, श्रुत्वेदं साऽङ्गनाऽवदत् ।
आदावेव मनोनेत्रैर्वत्स ! त्वं विदितोऽसि मे ।।५९८।।

શ્લોકાર્થ :-

હર્ષના અશ્રુથી પૂર્ણ નયનવાળી તે સ્ત્રી આ સાંભળીને બોલી=વિચારે કહ્યું એ સાંભળીને બોલી, હે વત્સ ! આદિમાં જ મન અને નેત્રથી તું મને વિદિત છો. ।।૫૯૮।।

શ્લોક :-

मया त्वं बालको मुक्तस्तन्मां वेत्सि विशिष्य न ।
मार्गानुसारिताऽऽख्याऽहं, मातुः प्रियसखी तव ।।५९९।।

શ્લોકાર્થ :-

મારા વડે તું બાલક મુકાયેલો. તે કારણથી મને વિશેષથી તું જાણતો નથી. હું તારી માતાની પ્રિય સખી માર્ગાનુસારિતા નામવાળી છું.

જીવના જિનવચનાનુસાર સંસારના અવલોકનના વિચારને જોઈને માર્ગાનુસારિતાને પ્રીતિ થાય છે. તેથી મન અને નેત્રની પ્રીતિથી જ માર્ગાનુસારિતા વિચારને સ્વજનની જેમ જાણે છે અને વિચાર દ્વારા ધિષણાનો પુત્ર છે, તેમ જાણ્યું ત્યારે કહે છે કે હું ધિષણાની પ્રિય સખી છું, તેથી ફલિત થાય કે જીવોમાં

બુદ્ધિ છે અને માર્ગાનુસારિતાવાળી છે, તેઓને ધિષણારૂપ બુદ્ધિ અને માર્ગાનુસારિતા વચ્ચે પ્રીતિ વર્તે છે અને બુધ પુરુષનો વિચાર હજી પક્વ થયો ન હતો, ત્યારે માર્ગાનુસારિતા તેને મૂકીને અન્યત્ર ગયેલી અને જ્યારે તે વિચાર પક્વ થયો ત્યારે માર્ગાનુસારિતા સાથે તે વિચારનો યોગ થયો. **॥૫૯૯॥**

શ્લોક :-

तव माता मम प्राणाः, पिता ते जीविताधिकः ।
तयोरेवाहमादेशाद्, देशान् द्रष्टुं विनिर्गता ।।६००।।
जातमात्रे त्वयि सुते, भागिनेयोऽसि तेन मे ।
सर्वस्वं परमात्मा च, किं किं त्वं मे न वर्तसे ।।६०१।।

શ્લોકાર્થ :-

તારી માતા મારા પ્રાણ છે=વિચારની માતા ધિષણા માર્ગાનુસારિતાના પ્રાણ છે, તારો પિતા જીવિતથી અધિક છે=વિચારનો પિતા બુધ જીવિતથી અધિક છે. તે બંનેના જ આદેશથી પુત્રરૂપે જન્મ માત્ર થયે છતે, હું દેશોને જોવા માટે નીકળેલી, તે કારણથી તું મારો ભાણેજ છો, સર્વસ્વ છો, પરમાત્મા છો, શું શું તું મારો વર્તતો નથી ?

વિચારને માર્ગાનુસારિતા સાથે યોગ થાય છે ત્યારે તે કહે છે કે ધિષણા મારો પ્રાણ છે. તેથી જે જીવમાં બુદ્ધિમત્તા છે, તે માર્ગાનુસારિતાને જિવાડે છે, શેષ જીવો બુદ્ધિધન હોય તોપણ માર્ગાનુસારી નહિ હોવાથી ધિષણાવાળા નથી; કેમ કે શુભ અભિપ્રાયની પુત્રી ધિષણા છે અને શુભ અભિપ્રાય જેનામાં વર્તતો હોય તે પુરુષ હંમેશાં અતીન્દ્રિય પદાર્થોને જિનવચન અનુસાર અને સ્યાદ્વાદની મર્યાદાથી જાણવા યત્ન કરે છે. તે જ માર્ગાનુસારિતા છે. વળી, બુધ માર્ગાનુસારિતા માટે જીવિતથી અધિક છે; કેમ કે શુભ વિપાક અને સાધુતાથી બુધ પુરુષ થાય છે અને તેવા જીવોમાં હંમેશાં અવશ્ય માર્ગાનુસારિતા વર્તે છે અને બુધ પુરુષ અને ધિષણાના વચનથી જ માર્ગાનુસારિતા ભવચક્રને જોવા માટે પ્રવર્તે છે અને વિચાર માર્ગાનુસારિતા સાથે કૌટુંબિક સંબંધવાળો છે અને માર્ગાનુસારિતા માટે વિચાર સર્વસ્વરૂપ છે, પરમાત્મા રૂપ છે; કેમ કે વિચારથી માર્ગાનુસારિતા ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પરમાત્મા ભાવને પ્રાપ્ત કરે છે. **॥૬૦૦-૬૦૧॥**

શ્લોક :-

कृतं चारु यदायातो, देशदर्शनकाम्यया ।
देशाटनं किल ज्ञानपूःकपाटविपाटनम् ।।६०२।।

શ્લોકાર્થ :-

સુંદર કરાયું=માર્ગાનુસારિતા વિચારને કહે છે, જે કારણથી દેશદર્શનની કામનાથી આવ્યો=વિચાર અહીં દેશદર્શનની કામનાથી આવ્યો, ખરેખર દેશાટન જ્ઞાનરૂપી પવિત્ર કપાટનું ઉઘાટ છે.

બુધ પુરુષનો વિચાર માર્ગાનુસારી બુદ્ધિથી દેશાટન કરે તો તેના આત્મામાં રહેલ જ્ઞાનરૂપ પવિત્ર કપાટ જે કર્મથી બંધ છે તે ઊઘડે છે, તેથી તે મહાત્માને જિનવચનાનુસાર મોક્ષમાર્ગ અને સંસારમાર્ગ ક્રમસર સૂક્ષ્મ, સૂક્ષ્મતર દેખાય છે. **II૬૦૨II**

શ્લોક :-

तच्च चारुतरं वत्स !, भवचक्रे यदागतः ।
अत्र दृष्टेऽखिलं दृष्टमिदं सर्वाद्भुतास्पदम् ।।६०३।।

શ્લોકાર્થ :-

હે વત્સ ! તે સુંદરતર છે, જે કારણથી ભવચક્રમાં તું આવ્યો, અહીં જોવાયે છતે=ભવચક્રમાં જોવાયે છતે, સર્વ અદ્‌ભુતનું સ્થાન એવું આ અખિલ જોવાયું.

માર્ગાનુસારિતા વિચારને કહે છે. કઈ રીતે આ ભવચક્ર વર્તે છે, તે જોવામાં સર્વ અદ્‌ભુત વસ્તુનો બોધ થાય છે માટે વિચાર ભવચક્રને જોવા માટે આવ્યો છે, તે સુંદરતર છે. **II૬૦૩II**

શ્લોક :-

धन्याऽस्मि च यया दृष्टस्त्वं हृत्कुमुदचन्द्रमाः ।
मयाऽप्युक्तं कृतार्थोऽस्मि, मीलितोऽहं यदम्बया ।।६०४।।

શ્લોકાર્થ :-

હું ધન્ય છું, જેણી વડે હૃદયરૂપ કમળને ખીલવવા માટે ચંદ્ર જેવો તું જોવાયો, મારા વડે પણ=વિચાર વડે પણ, કહેવાયું. હું કૃતાર્થ છું, જે કારણથી અમ્બા સાથે હું મીલિત થયો.

વિચારની પ્રાપ્તિથી માર્ગાનુસારિતા ખીલે છે અને માર્ગાનુસારિતાના બળથી વિચાર ખીલે છે, તેથી તે બંને પરસ્પરના યોગથી કૃતાર્થતાનો અનુભવ કરે છે. **॥૬૦૪॥**

શ્લોક :-

दर्शयत्वधुनाऽम्बा मे, निखिलं भवचक्रकम् ।
साऽपि तद् बाढमित्युक्त्वा, सवृत्तान्तमदर्शयत् ।।६०५।।

શ્લોકાર્થ :-

હવે માતા મને નિખિલ ભવચક્ર બતાવો, તેણીએ પણ=માર્ગાનુસારિતાએ પણ, 'સુંદર' એ પ્રમાણે કહીને સર્વ વૃત્તાંત બતાવ્યું. ॥૬૦૫॥

શ્લોક :-

अथैकमत्र मया दृष्टं, पुरं तत्र महानगः ।
निविष्टं शिखरे तस्य, रमणीये परं पुरम् ।।६०६।।

શ્લોકાર્થ :-

હવે અહીં=ભવચક્રમાં, એક નગર મારા વડે જોવાયું, ત્યાં=તે નગરમાં, મોટો પર્વત છે, તેના રમણીય શિખરમાં બીજું નગર રહેલું છે. ॥૬૦૬॥

શ્લોક :-

ततो मयोक्तं किं नाम, पुरमेतदधःस्थितम् ।
किंनामाऽयं गिरिर्मातः !, शिखरे किं परं पुरम् ।।६०७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મારા વડે કહેવાયું, કયા નામવાળું આ નીચેનું નગર

છે, હે માતા ! કયા નામવાળો આ પર્વત છે. વળી શિખરમાં કયું નગર છે ? ॥૬૦૭॥

શ્લોક :-

मार्गानुसारिता प्राह, पुरं सात्त्विकमानसम् ।
इदमत्रातितुङ्गोऽयं, विवेकवरपर्वतः ।।६०८।।

શ્લોકાર્થ :-

માર્ગાનુસારિતા કહે છે. સાત્ત્વિક માનસ નામનું આ નગર છે. અહીં=સાત્ત્વિક માનસ નગરમાં, અતિ ઊંચો એવો આ વિવેકવર પર્વત છે. ॥૬૦૮॥

શ્લોક :-

विख्यातं शिखरं चेदमप्रमत्तत्वनामकम् ।
इदं जैनपुरं तत्र, स्थित्याऽप्युच्चं गुणैरिव ।।६०९।।

શ્લોકાર્થ :-

અને અપ્રમત્તત્વ નામનું પ્રસિદ્ધ શિખર છે, ત્યાં=શિખરમાં, જેમ ગુણો વડે ઊંચું છે તેમ સ્થિતિથી પણ આ જૈનપુર ઊંચું છે.

જિન થવા માટે યત્નશીલ જીવો જ્યાં વસે છે તે જૈનપુર છે અને તેઓ આત્મા દેહાદિથી ભિન્ન છે તેવા વિવેકવાળા છે. તેથી વિવેકપર્વત ઉપર જૈનપુર રહેલું છે અને જિન થવા માટે અપ્રમાદથી યત્ન કરનારા છે. તેથી અપ્રમત્તત્વ નામના શિખર ઉપર જૈનપુર રહેલું છે. **॥૬૦૯॥**

શ્લોક :-

इदं वदन्त्यामेवास्यां, पुरुषैर्वेष्टितो मया ।
दृष्ट एको नीयमानो, राजपुत्रः शरक्षतः ।।६१०।।

શ્લોકાર્થ :-

આને=પૂર્વમાં કહ્યું એને, બોલતી એવી માર્ગાનુસારિતા હોતે છતે

જ, મારા વડે પુરુષોથી વીંટળાયેલો, બાણોથી હણાયેલો લઈ જવાતો એક રાજપુત્ર જોવાયો. ||૬૧૦||

શ્લોક :-

ततो मयोक्तमम्बैष, कः कथं च शरैः क्षतः ।
कुत्र वा नीयते केऽमी, लग्नाश्च परिचारकाः ।।६११।।

શ્લોકાર્થ :-

તેથી મારા વડે=વિચાર વડે, કહેવાયું, હે અંબા ! આ કોણ છે અને કઈ રીતે બાણોથી હણાયો અથવા ક્યાં લઈ જવાય છે અને વીંટળાયેલા કોણ આ પરિચારકો છે ? ||૬૧૧||

શ્લોક :-

मार्गानुसारिता प्राह, राजतेऽत्र महागिरौ ।
राजा चारित्रधर्माख्यो, यतिधर्मश्च तत्सुतः ।।६१२।।

શ્લોકાર્થ :-

માર્ગાનુસારિતા કહે છે, આ મહાગિરિમાં ચારિત્રધર્મ નામનો રાજા શોભે છે અને તેનો પુત્ર યતિધર્મ છે. ||૬૧૨||

શ્લોક :-

संयमो नाम तस्यायं, पुरुषः पौरुषाधिकः ।
गतोऽस्त्रैः क्वचिदेकाकी, महामोहादिभिः क्षतः ।।६१३।।

શ્લોકાર્થ :-

તેનો આ સંયમ નામનો પૌરુષ અધિક પુરુષ છે=અધિક પુરુષાર્થવાળો પુરુષ છે, ક્યારેક એકાકી ગયેલો અસ્ત્રોથી મહામોહાદિ વડે હણાયો=સંયમ નામનો પુરુષ હણાયો. ||૬૧૩||

શ્લોક :-

नेष्यन्तीमं स्वभवने, रणभूमेः पदातयः ।
तिष्ठन्त्यस्य पुरे जैने, बहवः खलु बान्धवाः ।।६१४।।

શ્લોકાર્થ :-

આને=સંયમ નામના પુરુષને, રણભૂમિથી પદાતીઓ સ્વભવનમાં લઈ જાય છે, આના=સંયમના, ઘણા બાંધવો જૈનનગરમાં રહે છે. ॥૬૧૪॥

શ્લોક :-

मयोक्तं द्रष्टुमिच्छामि, भाव्यत्र यदतः परम् ।
नीत्वा मां शैलशिखरे, सर्वं मातः ! प्रदर्शय ॥६१५॥

શ્લોકાર્થ :-

મારા વડે=વિચાર વડે, કહેવાયું, આમાં=સંયમ નામના પુરુષના વિષયમાં, હવે પછી જે થનારું છે, તેને જોવા માટે ઇચ્છું છું. હે માતા ! મને શૈલશિખરમાં લઈ જઈને સર્વ તું બતાવ. ॥૬૧૫॥

શ્લોક :-

मां निनाय पुरं जैनं, ततो मार्गानुसारिता ।
तत्र चित्तसमाधानमण्डपे ददृशे नृपः ॥६१६॥

શ્લોકાર્થ :-

ત્યારપછી માર્ગાનુસારિતા મને જૈનનગરમાં લઈ ગઈ, ત્યાં=જૈન-નગરમાં, ચિત્તસમાધાન મંડપમાં રાજા થયો. ॥૬૧૬॥

શ્લોક :-

मोहाद्यैर्निहतं दृष्ट्वा, संयमं तत्र चागतम् ।
केचिन्मुञ्चन्ति हुङ्कारान्, केचित् खिद्यन्ति रोषणाः ॥६१७॥

શ્લોકાર્થ :-

મોહાદિથી હણાયેલો અને ત્યાં=ચિત્તસમાધાન મંડપમાં, આવેલા સંયમને જોઈને કેટલાક=ચારિત્રધર્મના કેટલાક સેનાનીઓ, હુંકારાને મૂકે છે, કેટલાક રોષવાળા ખેદ પામે છે. ॥૬૧૭॥

શ્લોક :-

भुजमास्फोटयन्त्यन्ये, परे भ्रकुटिभीषणाः ।
जायन्ते केऽपि रक्ताङ्गाः, परेऽसिधृतदृष्टयः ।।६१८।।

શ્લોકાર્થ :-

અન્ય કેટલાક સેનાનીઓ ભુજાને આસ્ફોટન કરે છે, બીજા ભ્રૂકુટિથી ભીષણ થાય છે, કેટલાક રક્ત અંગવાળા થાય છે, તલવાર ઉપર ધારણ કરાયેલી દૃષ્ટિવાળા બીજા થાય છે. ||૬૧૮||

શ્લોક :-

केचित् प्रवृत्ताट्टहासाः, केचिदूर्जितगर्जिताः ।
केचित् कराहतभुवः, केऽपि साक्षात् कृशानवः ।।६१९।।

શ્લોકાર્થ :-

કેટલાક પ્રવૃત્તાટ્ટહાસ્યવાળા થાય છે, કેટલાક ઊર્જિત ગર્જનાવાળા થાય છે, કેટલાક હાથથી હણાયેલી ભૂમિવાળા થાય છે, કેટલાક સાક્ષાત્ અગ્નિ બને છે. ||૬૧૯||

શ્લોક :-

तादृशं क्षुभितं प्रेक्ष्य, निखिलं राजमण्डलम् ।
चारित्रधर्मराजेन्द्रं, सद्बोधो नीतिवज्जगौ ।।६२०।।

શ્લોકાર્થ :-

તે પ્રકારના ક્ષુભિત નિખિલ રાજમંડલને જોઈને ચારિત્રધર્મ રાજેન્દ્રને નીતિવાળો સદ્બોધ બોલ્યો. ||૬૨૦||

શ્લોક :-

धीराणां युज्यते नायं, संभ्रमः कातरोचितः ।
तदेते विनिवार्यन्तां, देव ! क्षुब्धाब्धिसन्निभाः ।।६२१।।

શ્લોકાર્થ :-

ધીર પુરુષોને કાયરને ઉચિત એવો આ સંભ્રમ ઘટતો નથી, હે દેવ ! ચારિત્રધર્મ ! તે કારણથી ક્ષુબ્ધ થયેલા સમુદ્ર જેવા આ લોકો શાંત કરાવાઓ. ।।૬૨૧।।

શ્લોક :-

भावः परीक्ष्यतामेषामथेङ्गितनिवारिताः ।
चारित्रधर्मराजेन, ते सर्वे मौनमास्थिताः ।।६२२।।

શ્લોકાર્થ :-

હવે આમનો=ચારિત્રધર્મના અન્ય સૈનિક આદિનો, ભાવ પરીક્ષા કરાઓ. (આ પ્રમાણે સદ્બોધે કહ્યે છતે) ચારિત્રધર્મરાજા વડે ઈશારાથી નિવારણ કરાયેલા તે સર્વ=ચારિત્રધર્મના અન્ય રાજાઓ, મૌન રહ્યા. ।।૬૨૨।।

શ્લોક :-

स्वं स्वं विवक्षितं ब्रूतेत्युक्ताश्च पृथिवीभुजा ।
नृपा जगुर्योद्धुकामास्त्यागशौचानृतादयः ।।६२३।।

શ્લોકાર્થ :-

અને સ્વસ્વ વિવક્ષિત બોલો. એ પ્રમાણે રાજા વડે કહેવાયા= ચારિત્રધર્મના અન્ય રાજાઓ જે યુદ્ધ માટે તત્પર થયેલા તે ચારિત્રધર્મ રાજા વડે કહેવાયા. યુદ્ધ કરવાની ઈચ્છાવાળા ત્યાગ, શૌચ, અનૃતાદિ રાજાઓ બોલ્યા. ।।૬૨૩।।

શ્લોક :-

विलम्बोऽद्यापि नो युक्तः, संयमाभिभवे विभोः ।
सिंहः किं स्ववनोन्माथिगजघाते विलम्बते ? ।।६२४।।

શ્લોકાર્થ :-

સંયમનો અભિભવ થયે છતે હજી પણ વિભુનો=ચારિત્રધર્મનો, વિલંબ

યુક્ત નથી. પોતાના વનને ઉન્મથન કરનાર ગજના ઘાતમાં સિંહ શું વિલંબન કરે ? અર્થાત્ કરે નહિ. ॥૬૨૪॥

શ્લોક :-

वृद्धिकृद् विषवृक्षाणामपराधक्षमा द्विषाम् ।
तेषां वीर्यकुठारेण, च्छेदनं हितकारणम् ।।६२५।।

શ્લોકાર્થ :-

શત્રુઓના અપરાધની ક્ષમા=મહામોહના અપરાધની ક્ષમા, વિષવૃક્ષોની વૃદ્ધિને કરનાર છે. વીર્યકુઠાર દ્વારા તેઓનું છેદન હિતનું કારણ છે. ॥૬૨૫॥

શ્લોક :-

उल्लासोऽगलितेषु स्यादभ्रेष्विव रवित्विषाम् ।
कृतम्लानिषु नास्माकं, महामोहादिशत्रुषु ।।६२६।।

શ્લોકાર્થ :-

નહીં ગળેલાં અભ્ર હોતે છતે=નહીં ગળેલાં વાદળાં હોતે છતે, જેમ સૂર્યનાં કિરણોનો ઉલ્લાસ થતો નથી. તેમ કરેલા મ્લાનિવાળા, મહામોહાદિ શત્રુઓ હોતે છતે=કરેલી છે મ્લાનિ ચારિત્રસેનાની જેમણે એવા મહામોહાદિ શત્રુઓ હોતે છતે, અમારો ઉલ્લાસ થતો નથી.

કૃતમ્લાનિવાળા મહામોહાદિ શત્રુઓ ગળ્યે છતે જ અમે સ્વસ્થતાથી બેસી શકીએ છીએ. એથી એનો સામનો કરવો જોઈએ. ॥૬૨૬॥

શ્લોક :-

कारणं देवपादानामनिच्छैव द्विषां स्थितौ ।
निद्रयैव मृगारातेः, करिक्रीडा वने भवेत् ।।६२७।।

શ્લોકાર્થ :-

દેવપાદોની=ચારિત્રધર્મની, અનિચ્છા જ શત્રુઓની સ્થિતિમાં=

મહામોહાદિ શત્રુઓની સ્થિતિમાં, કારણ છે. સિંહની નિદ્રાથી જ વનમાં હાથીની ક્રીડા હોય છે.

શૌચાદિ ધર્મો ચારિત્રધર્મને કહે છે કે ચારિત્રધર્મને શત્રુનો સામનો કરવાની અનિચ્છા છે, તેથી ચિત્તમાં શત્રુઓની સ્થિતિ છે. જેમ સિંહ નિદ્રામાં હોય ત્યારે વનમાં હાથી ક્રીડા કરે છે. **॥૬૨૭॥**

શ્લોક :-

अलं वैरिचमूं हन्तुमेकैकोऽपि भटस्तव ।
एकोऽपि पूरः क्षुब्धाब्धेः, प्लावयत्येव काननम् ।।६२८।।

શ્લોકાર્થ :-

એક એક પણ તમારો ભટ=ચારિત્રધર્મનો તમારો એક એક પણ સૈનિક, શત્રુની સેનાને હણવા માટે સમર્થ છે. ક્ષોભ પામેલા સમુદ્રનો એક પણ પૂર જંગલને પ્લાવિત કરે છે.

ચારિત્રધર્મનો એક પણ સૈનિક ઉત્સાહપૂર્વક મોહ સામે યુદ્ધભૂમિમાં પડે તો આખી મોહની સેનાનો નાશ કરવા સમર્થ બને છે. આથી જ એક ક્ષમાના અવલંબનથી અનંતા મહાત્માઓ ક્ષપકશ્રેણીને પામીને મોક્ષને પામ્યા. **॥૬૨૮॥**

શ્લોક :-

क्रोधकण्डूं रिपुतरुस्कन्धेष्वपनिनीषताम् ।
त्वदुपेक्षाऽङ्कुशोऽस्माकं, द्विपानां प्रतिबन्धकः ।।६२९।।

શ્લોકાર્થ :-

શત્રુરૂપી વૃક્ષોના સ્કંધોમાં ક્રોધરૂપી ખણજને દૂર કરવાની ઈચ્છાવાળા હાથીરૂપ અમોને તમારી ઉપેક્ષા પ્રતિબંધક અંકુશ છે.

સંયમનો નાશ જોઈને સત્યાદિ ધર્મોને ક્રોધ ચઢેલો છે, તેથી શત્રુઓનો નાશ કરવામાં અભિલાષવાળા છે, છતાં ચારિત્રધર્મ શત્રુના નાશમાં ઉપેક્ષા કરે છે. તેથી અમારી પ્રવૃત્તિમાં ચારિત્રધર્મની ઉપેક્ષા પ્રતિબંધક છે એમ સત્યાદિ કહે છે. અર્થાત્ જે જીવમાં વર્તતા સંયમને મહામોહની સેનાએ જર્જરિત કર્યો છે તે

જીવમાં સંયમનો પરિણામ શિથિલ છે તેથી ચારિત્રની અન્ય પરિણતિઓ પણ મોહનાશ કરવા સમર્થ થતી નથી, એમ સત્યાદિ ધર્મ કહે છે. **॥૬૨૯॥**

શ્લોક :-

द्विषद्भिरभिभूतानां, निष्फलं देव ! नोऽधुना ।
छन्नस्यान्तर्ज्वलत्तेजः कृशानोरिव भस्मना ।।६३०।।

શ્લોકાર્થ :-

હે દેવ ! શત્રુઓથી અભિભૂત થયેલા એવા અમારો કોપ હમણાં નિષ્ફલ છે. જેમ ભસ્મથી ઢંકાયેલ અગ્નિનું અંતરંગ બળતું તેજ નિષ્ફળ છે. ॥૬૩૦॥

શ્લોક :-

प्रेक्ष्य तान् रणकण्डूलानेवं भूपान् स भूपतिः ।
गतो गुह्यसभां, मन्त्रिमहत्तमसमन्वितः ।।६३१।।

શ્લોકાર્થ :-

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, રણની ખણજવાળા તે રાજાઓને જોઈને તે રાજા=ચારિત્રધર્મ નામનો રાજા, મંત્રી મહત્તમ સહિત=સદ્બોધ અને સમ્યગ્દર્શન સહિત, ગુહ્યસભામાં ગયો. ॥૬૩૧॥

શ્લોક :-

मदन्विताऽगात् तत्रापि, छन्ना मार्गानुसारिता ।
पृष्टौ राज्ञोचितं कार्यमथ मन्त्रिमहत्तमौ ।।६३२।।

શ્લોકાર્થ :-

ત્યાં પણ=રાજાની ગુહ્યસભામાં પણ, મારાથી અન્વિત પ્રચ્છન્ન માર્ગાનુસારિતા ગઈ. હવે રાજા વડે મંત્રી અને મહત્તમ ઉચિત કાર્યને પુછાયા.

રાજાએ સદ્બોધને અને સમ્યગ્દર્શનને આ પ્રસંગમાં શું કરવું ઉચિત છે એ કાર્ય પૂછ્યું. **॥૬૩૨॥**

શ્લોક :-

महत्तमोऽवदत् तत्र, सम्यग्दर्शननामकः ।
उक्तं त्यागादिधीरैर्यत् तत्क्रियैवाधुनोचिता ।।६३३।।

શ્લોકાર્થ :-

ત્યાં=રાજાના પ્રશ્નમાં, સમ્યગ્દર્શન નામનો મહત્તમ બોલ્યો. ત્યાગાદિ ધીર પુરુષો વડે જે કહેવાયું તે ક્રિયા જ=યુદ્ધની ક્રિયા જ, હમણાં ઉચિત છે.

જીવમાં વર્તતો સમ્યગ્દર્શનનો પરિણામ મોહની સામે યુદ્ધ કરવું જોઈએ, એ પ્રકારે જ દેખાડે છે. **॥૬૩૩॥**

શ્લોક :-

विनाऽपमानकृद्ध्वंसं, न स्यात् तेजस्विनः सुखम् ।
नाग्निः प्रज्वालयत्युच्चैराक्रामन्तं क्रमेण किम् ।।६३४।।

શ્લોકાર્થ :-

અપમાન કરનારાઓના નાશ વગર તેજસ્વીઓને સુખ થતું નથી. શું ક્રમથી આક્રમણ કરતાને અગ્નિ અત્યંત બાળતો નથી ? બાળે જ છે.

સમ્યગ્દર્શન ચારિત્રધર્મરાજાને કહે છે. મહામોહાદિએ આપણા સંયમને જર્જરિત કરીને આપણું અપમાન કરેલું છે. તેથી અપમાન કરનારા એવા મહામોહાદિના નાશ વગર આપણને સુખ નથી. જેમ અગ્નિ પાસે ક્રમથી જલનું આક્રમણ થતું હોય તો તે અગ્નિ પાણીને બાળે છે, તેમ મહામોહ પણ આપણા ઉપર ક્રમથી હુમલો કરે છે. એક સાથે હુમલો કરીને સર્વનો નાશ કરતો નથી. તેથી તે નબળો છે માટે આપણે તેનો નાશ કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ. **॥૬૩૪॥**

શ્લોક :-

तस्याजननिरेवास्तु, योऽरिदग्धोऽपि जीवति ।
स निन्द्यः सर्वलोकानां, स लघुः पवनादपि ।।६३५।।

શ્લોકાર્થ :-

જે શત્રુથી બળેલો પણ જીવે છે, તેનો અજન્મ જ હો. તે=શત્રુથી બળેલો પણ જીવે છે તે, સર્વ લોકોને નિંદ્ય છે. તે પવનથી પણ લઘુ છે.

સમ્યગ્દર્શન તત્ત્વના પક્ષપાત સ્વરૂપ છે. તેથી જીવને શત્રુનો સામનો કરવો જોઈએ તે જ પદાર્થને અનેક દૃષ્ટિથી સ્પષ્ટ કરે છે. **॥૬૩૫॥**

શ્લોક :-

एकारिरपि वीर्याढ्यः, समुत्थाय जिगीषति ।
अत्ययुक्तं तव स्थातुं, यस्यानन्ताः किलारयः ।।६३६।।

શ્લોકાર્થ :-

એક શત્રુવાળો પણ વીર્યની દૃઢતાવાળો ઊઠીને જીતવાની ઈચ્છા કરે છે. જેના ખરેખર અનંતા શત્રુઓ છે એવા તને=ચારિત્ર રાજાને, બેસવું અતિ અયુક્ત છે.

કોઈ દૃઢ વીર્યવાળો હોય અને તેનો એક માત્ર શત્રુ વિદ્યમાન હોય તોપણ તે પુરુષ તે શત્રુને જીતવા યત્ન કરે છે જ્યારે ચારિત્રધર્મના તો વિવક્ષી જીવમાં અત્યારે ઘણા શત્રુઓ વર્તે છે માટે તેનો નાશ કરવા માટે યત્ન કરવો જોઈએ એમ તે જીવમાં વર્તતું સમ્યગ્દર્શન કહે છે. **॥૬૩૬॥**

શ્લોક :-

तदरिध्वान्तसंघातं, विनिर्द्धूयोदयी भव ।
राजार्केत्यभिधायासौ, विरराम महत्तमः ।।६३७।।

શ્લોકાર્થ :-

તે કારણથી=પૂર્વશ્લોકમાં કહ્યું કે જેના ઘણા શત્રુઓ હોય તેણે બેસી રહેવું યુક્ત નથી તે કારણથી, હે રાજારૂપી સૂર્ય ! શત્રુરૂપી અંધકારના સમૂહને નાશ કરીને તું ઉદયી થા. એ પ્રમાણે કહીને આ મહત્તમ=સમ્યગ્દર્શન, વિરામ પામ્યો. ॥૬૩૭॥

શ્લોક :-

चारित्रधर्मराजोऽथ, पप्रच्छ सचिवाग्रिमम् ।
सद्बोधं किमिह न्याय्यं, कर्तुं वैरिपराभवे ।।६३८।।

શ્લોકાર્થ :-

હવે=શ્લોક-૬૩૩થી ૬૩૭ સુધી સમ્યગ્દર્શન પોતાનો અભિપ્રાય બતાવીને વિરામ પામ્યો. હવે, ચારિત્રધર્મરાજાએ સચિવ અગ્રિમ એવા સદ્બોધ મંત્રીને પૂછ્યું. અહીં=સમ્યગ્દર્શનના કથનના વિષયમાં, વૈરિ-પરાભવ વિષયક શું કરવું ઉચિત છે ? ।।૬૩૮।।

શ્લોક :-

स प्राह देव ! नो युक्तमन्यथा प्रतिभाषितुम् ।
अस्मिन्महत्तमेनेत्थं, ममाद्रेरिव भाषिते ।।६३९।।
तथाऽपि त्वत्कृपानुन्नः, किंचिदेनं प्रतिब्रुवे ।
इति विज्ञप्य राजानं, स जगाद महत्तमम् ।।६४०।।

શ્લોકાર્થ :-

તે=સદ્બોધ મંત્રી, કહે છે. હે દેવ ! મહત્તમ એવા સમ્યગ્દર્શન વડે પર્વતની જેમ આ પ્રકારે આ કહેવાયે છતે=પૂર્વમાં કહ્યું એ પ્રમાણે કહેવાયે છતે, મને અન્યથા કહેવું યુક્ત નથી. તોપણ તમારી કૃપાથી પ્રેરાયેલો કંઈક આને=સમ્યગ્દર્શનને, વિરુદ્ધ કહું છું. એ પ્રમાણે રાજાને વિજ્ઞાપન કરીને તે મહત્તમને બોલ્યો. ।।૬૩૯-૬૪૦।।

શ્લોક :-

दक्षोऽसि स्वामिभक्तोऽसि, धुर्यस्तेजस्विनामसि ।
वचो येनेदृशं प्रोक्तं, गुरुणाऽपि हि दुर्वचम् ।।६४१।।

શ્લોકાર્થ :-

દક્ષ છો, સ્વામિભક્ત છો, તેજસ્વીઓમાં મોખરે છો. જે કારણથી

ગુરુ વડે પણ દુર્વચ=ગુરુ વડે પણ ન કહી શકાય, એવા પ્રકારનું વચન કહેવાયું. ॥૬૪૧॥

શ્લોક :-

द्विषामभिभवः सत्यं, दुःसहो मानिकेसरिन् ! ।
सत्यं मोहादयो वध्याः, सत्यं पूर्णं बलं च नः ॥६४२॥

શ્લોકાર્થ :-

હે માનકેસરી સમ્યગ્દર્શન ! શત્રુઓનો અભિભવ સત્ય દુઃસહ છે. સત્ય=ખરેખર, મોહાદિ વધ્ય છે અને અમારું પૂર્ણ બલ સત્ય છે. ॥૬૪૨॥

શ્લોક :-

प्रस्तावः केवलमिहापेक्षणीयो जिगीषता ।
प्रस्तावं फलदं प्राहुर्नीतिपौरुषयोर्बुधाः ॥६४३॥

શ્લોકાર્થ :-

કેવલ જીતવાની ઈચ્છાવાળા પુરુષ વડે અહીં=મોહનો સામનો કરવાની ઈચ્છામાં, પ્રસ્તાવ અપેક્ષણીય છે. નીતિ અને પૌરુષમાં બુધ પુરુષો પ્રસ્તાવ ફલ દેનાર કહે છે. ॥૬૪૩॥

શ્લોક :-

स्थानं यानं तथा सन्धिर्विग्रहश्च परैः सह ।
संश्रयो द्वैधभावश्च, षड्गुणाः परिकीर्तिताः ॥६४४॥

શ્લોકાર્થ :-

સ્થાન, યાન અને પરની સાથે સંધિ અને વિગ્રહ, સંશ્રય અને દ્વૈધભાવ છ ગુણો કહેવાયા છે. ॥૬૪૪॥

શ્લોક :-

उपायः कर्मसंरम्भे, विभागो देशकालयोः ।
पुरुषद्रव्यसम्पच्च, प्रतिकारस्तथाऽऽपदाम् ॥६४५॥

શ્લોકાર્થ :-

કર્મસંરંભમાં ઉપાય=કર્મના આરંભમાં ઉપાય, દેશકાલનો વિભાગ, પુરુષ અને દ્રવ્યની સંપત્તિ અને આપત્તિઓનો પ્રતિકાર. ।।૬૪૫।।

શ્લોક :-

पञ्चमी कार्यसिद्धिश्च, स्मृतमित्यङ्गपञ्चकम् ।
सामदानभेददण्डा, उपायाः परिकीर्तिताः ।।६४६।।

શ્લોકાર્થ :-

પાંચમી કાર્યસિદ્ધિ એ પ્રકારે અંગપંચક કહેવાયું છે. સામ, દાન, ભેદ, દંડ ઉપાયો કહેવાયા છે. ।।૬૪૬।।

શ્લોક :-

प्रभुत्वोत्साहमन्त्राख्याः, प्रोक्तास्तिस्रश्च शक्तयः ।
मित्रकाञ्चनभूमीनां, लाभाः सिद्धित्रयं ततः ।।६४७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી પ્રભુત્વ, ઉત્સાહ, મંત્ર નામની ત્રણ શક્તિઓ કહેવાઈ છે. મિત્ર, કાંચન, ભૂમિના લાભો સિદ્ધિત્રય છે. ।।૬૪૭।।

શ્લોક :-

आन्वीक्षिकी त्रयी वार्ता, दण्डनीतिस्तथाऽपरा ।
विद्याश्चतस्रो भूपानां, फलवत्यः स्वगोचरे ।।६४८।।

શ્લોકાર્થ :-

આન્વીક્ષિકી ત્રણની વાર્તા અને અપર દંડનીતિ, રાજાઓના સ્વગોચરમાં ફલવાળી ચાર વિદ્યા છે. ।।૬૪૮।।

શ્લોક :-

नीतिसारमिदं ज्ञेयं, राज्ञा भावार्थसंयुतम् ।
विना भावं तु विज्ञानमन्धस्यादर्शसन्निभम् ।।६४९।।

શ્લોકાર્થ :-

આ નીતિસાર ભાવાર્થસંયુત રાજા વડે જાણવું જોઈએ. વળી ભાવના વિજ્ઞાન વગર અંધના દર્પણ જેવું છે.

અંધને દર્પણ મૂકવાથી કંઈ દેખાતું નથી, તેમ ભાવને જાણ્યા વગર યુદ્ધમાં પ્રવૃત્તિ કરવાથી ઇષ્ટ ફલ પ્રાપ્ત થશે, તેવું દેખાતું નથી. **॥૬૪૯॥**

શ્લોક :-

भावानभिज्ञोऽसाध्येऽपि, प्रवर्तेत हि वस्तुनि ।
ततो हास्यो भवेल्लोके, समूलश्च विनश्यति ।।६५०।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, ભાવને નહિ જાણનારો પુરુષ અસાધ્ય વસ્તુમાં પણ પ્રવર્તે, તેથી લોકમાં હાસ્ય બને અને મૂલ સહિત વિનાશને પામે છે. ॥૬૫૦॥

શ્લોક :-

इदं च सर्वं युद्धस्य, मूलनष्टं प्रयोजनम् ।
फलवांस्तावकोत्साहः, कथं तत्र भविष्यति ।।६५१।।

શ્લોકાર્થ :-

યુદ્ધનું આ સર્વ પ્રયોજન=શ્લોક-૬૪૩થી ૬૫૦ સુધી કહ્યું એ સર્વ પ્રયોજન, મૂલનષ્ટ છે. તમારો ઉત્સાહ ત્યાં=યુદ્ધના જયમાં કેવી રીતે ફલવાન થશે ?

સદ્બોધ મંત્રી સમ્યગ્દર્શનને કહે છે, તમારો યુદ્ધનો જે ઉત્સાહ છે તે ફલવાન થઈ શકશે નહિ; કેમ કે પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રસ્તાવ પ્રસ્તુત પ્રસંગમાં મૂલથી નષ્ટ છે. કેમ મૂલથી નષ્ટ છે તે સ્વયં આગળ બતાવે છે. **॥૬૫૧॥**

શ્લોક :-

वयं महारयस्ते च, भवचक्रपुरं तथा ।
स कर्मपरिणामो राट्, सा च चित्तमहाटवी ।।६५२।।

यस्यायत्तमिदं सर्वं, भवजन्तोः स वेत्ति न ।
नामाप्यस्मादृशां किन्तु, मोहादीन् बहु मन्यते ।।६५३।।

શ્લોકાર્થ :-

આપણે=સદ્બોધ આદિ આપણે, તે મહાશત્રુઓ=મહામોહાદિ શત્રુઓ અને ભવચક્ર નગર, તે કર્મપરિણામ રાજા અને તે ચિત્તરૂપી મહાટવી જે ભવજંતુને આધીન છે એ સર્વને તે=ભવજંતુ, જાણતો નથી. અમારા જેવાના નામને પણ=સદ્બોધ આદિ જેવાના નામને પણ, જાણતો નથી, પરંતુ મહામોહાદિને બહુ માને છે. ।।૬૫૨-૬૫૩।।

શ્લોક :-

यत्राधिकः पक्षपातो, बलेऽस्य विजयेत तत् ।
तत् तेनानादृतानां नो, युक्ता गजनिमीलिका ।।६५४।।

શ્લોકાર્થ :-

જે બલમાં આને=ભવજંતુને, અધિક પક્ષપાત છે તે વિજય પામે છે. તે કારણથી તેના વડે=ભવજંતુ વડે, અનાદર પામેલા એવા અમોને ગજનિમીલિકા યુક્ત છે=આંખ મીંચામણાં યુક્ત છે.

સમ્યગ્દર્શનને સદ્બોધ કહે છે કે અત્યારે લડવાનો પ્રસ્તાવ નથી. તેથી તમારો લડવાનો ઉત્સાહ બલવાન થશે નહિ; કેમ કે ભવજંતુને આધીન જ આપણે છીએ. મહામોહાદિ છે. આથી ભવજંતુ આપણને સ્થાન આપે તો આપણે જીવીએ છીએ અને મહામોહાદિને સ્થાન આપે તો તેઓ જીવે છે. ભવચક્ર પણ તેને આધીન છે. આથી જ જીવ જ્યારે ભવચક્ર પ્રત્યે ઉદ્વેગવાળો થાય છે, ત્યારે સુખપૂર્વક મોક્ષમાં જાય છે; કેમ કે તીવ્ર સંવેગથી ભવચક્રના કારણનો ઉચ્છેદ કરીને સંસારનો અંત કરે છે. તે કર્મપરિણામ રાજા પણ જીવના અધ્યવસાય પ્રમાણે ચાલે છે. તે ચિત્તરૂપી અટવી પણ સુંદર બને છે કે અસુંદર બને છે તે જીવના પ્રયત્નને આધીન છે. આવો ભવજંતુ સદ્બોધ આદિ આપણાં નામોને પણ જાણતો નથી અને મોહને બહુ માને છે. તેથી તેનો જ્યાં પક્ષપાત હોય તે વિજય પામે છે, માટે સદ્બોધ કહે છે – આપણે યુદ્ધનો વિચાર કરવો ઉચિત નથી, પરંતુ ઉપેક્ષા કરવી ઉચિત છે. **।।૬૫૪।।**

શ્લોક :-

प्रदीपा इव विद्वांसः, संकुचन्ति प्रवृद्धये ।
तैलपूरमिव प्राप्य, प्रस्तावनयविस्तरम् ।।६५५।।

શ્લોકાર્થ :-

પ્રદીપની જેમ વિદ્વાનો તેલ પૂરવાની જેમ પ્રસ્તાવનયના વિસ્તારને પ્રાપ્ત કરીને પ્રવૃદ્ધિ માટે સંકુચિત રહે છે.

પ્રદીપ તેલ પૂરવાનો પ્રસ્તાવ ન હોય ત્યાં સુધી સંકુચિત થઈને રહે છે અને તેલ પૂરવાના પ્રસ્તાવને પામીને પ્રવૃદ્ધિને પામે છે, તેમ વિદ્વાનો પ્રસ્તાવ ન હોય ત્યારે શત્રુનો સામનો કરવાનો છોડીને સંકુચિત થઈને બેસે છે અને પ્રસ્તાવ નયવિસ્તારને પ્રાપ્ત કરે છે, ત્યારે શત્રુ સામે યુદ્ધ કરવા તત્પર થાય છે. **॥૬૫૫॥**

શ્લોક :-

नश्यतोऽपि न दक्षस्य, न्यूनं भवति पौरुषम् ।
मेषो ह्यपसरत्येव, प्रतिमेषजिघांसया ।।६५६।।

શ્લોકાર્થ :-

ભાગતા પણ દક્ષનું પુરુષપણું ન્યૂન થતું નથી. हि=જે કારણથી, મેષ=બકરો, પ્રતિમેષને મારવાની ઇચ્છાથી પાછળ જાય જ છે.

દક્ષ પુરુષ શત્રુનું બળ અધિક જુએ ત્યારે સામનો કરવાનું છોડીને નાસી જાય તોપણ પુરુષાર્થ હણાતો નથી; કેમ કે જેમ બકરો બીજા બકરાને નાશ કરવા અર્થે પાછો હટીને સંયોગ પ્રમાણે તેના ઉપર તરાપ મારે છે. તેમ આપણે પણ અત્યારે પીછેહઠ કરીને અવસરે મહામોહ ઉપર તરાપ મારશું, તેમાં આપણો પુરુષાર્થ નાશ પામશે નહિ. **॥૬૫૬॥**

શ્લોક :-

महत्तमो जगावार्य !, सोऽस्मान् विज्ञास्यते न वा ।
उपस्थिताश्च रिपवः, स्वस्थैः स्थेयं कथं ततः ।।६५७।।

શ્લોકાર્થ :-

મહત્તમ=સમ્યગ્દર્શન, બોલ્યો. હે આર્ય ! સદ્બોધ ! તે=સંસારી જીવ, અમને જાણશે કે નહિ ? અને ઉપસ્થિત શત્રુઓ છે. તેથી કેવી રીતે સ્વસ્થ એવા અમારા વડે રહેવાય=અમે સ્વસ્થ રહી શકીએ નહિ.

સમ્યગ્દર્શન સદ્બોધને કહે છે. સંસારી જીવ આપણને જાણશે ત્યારે યુદ્ધ કરવું જોઈએ, તેમ તમે કહ્યું. પણ તે આપણને જાણશે કે નહિ તે નક્કી થતું નથી અને મહામોહાદિ શત્રુઓ ઉપસ્થિત છે, તેથી સ્વસ્થ કઈ રીતે રહી શકાય=રહી શકાય નહિ. **॥૬૫૭॥**

શ્લોક :-

प्राह मन्त्री मा त्वरिष्ठाः, कालसाध्ये प्रयोजने ।
बलद्वये समानोऽस्ति, स कर्मपरिणामराट् ।।६५८।।

શ્લોકાર્થ :-

મંત્રી=સદ્બોધ મંત્રી, કહે છે. કાલસાધ્ય પ્રયોજનમાં ઉતાવળ કર નહિ. તે કર્મપરિણામ રાજા બલદ્વયમાં સમાન છે=ચારિત્રનું સૈન્ય અને મહામોહનું સૈન્ય એ રૂપ બલદ્વયમાં સમાન છે.

કર્મપરિણામ રાજાને ચારિત્ર પ્રત્યે પક્ષપાત નથી કે મહામોહ પ્રત્યે પક્ષપાત નથી. પરંતુ જ્યારે જીવ જે પક્ષમાં વર્તે તેને તે સહાય કરે તેમ છે. **॥૬૫૮॥**

શ્લોક :-

भवजन्तुस्तदायत्तः, कदाचित् तेन बोधितः ।
स करिष्यति नः पक्षं, हनिष्यामो रिपूंस्तदा ।।६५९।।

શ્લોકાર્થ :-

તેને આધીન=કર્મપરિણામ રાજાને આધીન, એવો ભવજંતુ ક્યારેક તેના વડે=કર્મપરિણામ રાજા વડે, બોધ પમાડાયેલો તે અમારો પક્ષપાત કરશે, ત્યારે શત્રુઓને આપણે હણશું.

ભવજંતુ સંસાર અવસ્થામાં કર્મને આધીન છે. જ્યારે જીવના ક્ષયોપશમ

ભાવવાળાં કર્મો થાય છે, ત્યારે તેનાથી બોધ પમાડેલો જીવ સદ્બોધ આદિનો પક્ષપાત કરે છે. ત્યારે સદ્બોધ કહે છે, આપણે શત્રુને હણશું. **॥૬૫૯॥**

શ્લોક :-

तेन कालविलम्बोऽत्र, रोचते मे प्रयोजने ।

अप्रस्तावनिशा तेजोभानोर्नाभ्युदयावहा ।।६६०।।

શ્લોકાર્થ :-

તે કારણથી=જ્યારે ભવજંતુ આપણો પક્ષપાત કરશે ત્યારે આપણે શત્રુનો નાશ કરશું તે કારણથી, આમાં=શત્રુના નાશ કરવાના વિષયમાં, કાળનો વિલંબન મારા પ્રયોજનમાં=સદ્બોધના પ્રયોજનમાં, રુચે છે. અપ્રસ્તાવવાળી રાત્રિ=જવાને અભિમુખ નહિ થયેલી રાત્રિ, તેજવાળા સૂર્યના અભ્યુદયને લાવનારી થતી નથી.

જેમ રાત્રિનો પ્રારંભ થયો હોય ત્યારે વૃદ્ધિને અભિમુખ છે, નાશને અભિમુખ નથી. તેથી સૂર્યના અભ્યુદયને લાવનારી તે રાત્રિ નથી. પરંતુ સૂર્યોદયને નજીકની રાત્રિ નાશને અભિમુખ પ્રસ્તાવવાળી છે, તેથી સૂર્યના અભ્યુદયને લાવનારી બને છે, તેમ અત્યારે મહામોહનું સામ્રાજ્ય વૃદ્ધિને અભિમુખ છે. તે વખતે સૂર્ય જેવા એવા સદ્બોધ આદિ આપણો અભ્યુદયનો સમય નથી. પરંતુ જીવમાં મહામોહનો જવાનો કાળ આવશે ત્યારે જીવ આપણી સન્મુખ થશે ત્યાં સુધી આપણે કાળવિલંબન કરવું ઉચિત છે એમ સદ્બોધ કહે છે. **॥૬૬૦॥**

શ્લોક :-

महत्तमो जगौ तर्हि, दूतस्तेषां प्रहीयताम् ।

दूतेन भर्त्सितास्ते यन्मर्यादां व्यतियन्ति न ।।६६१।।

શ્લોકાર્થ :-

મહત્તમ=સમ્યગ્દર્શન, બોલ્યો. તો તેઓને દૂત મોકલાવો. દૂતથી ભર્ત્સિત એવા=તિરસ્કાર કરાયેલા એવા, તેઓ=મહામોહાદિ, જે કારણથી મર્યાદાનો વ્યતિક્રમ કરતા નથી.

સદ્‌બોધને સમ્યગ્દર્શન કહે છે કે અત્યારે યુદ્ધનો પ્રસ્તાવ નથી તોપણ આપણે દૂતને મોકલીને તે મહામોહાદિને જણાવીએ કે તમે અમારા સંયમને જે રીતે જર્જરિત કર્યો છે તે ઉચિત નથી. હવે આવું કૃત્ય કરશો તો અમારા સ્વામી સહન કરશે નહિ. આ પ્રકારે નિર્ભર્ત્સના કરાયેલા મહામોહાદિ ફરી આપણા ઉપર ઉપદ્રવ કરશે નહિ. એમ સમ્યગ્દર્શન કહે છે. **||૬૬૧||**

શ્લોક :-

सचिवः प्राह न प्रेष्यो, दूतः स्थेयं तु निश्चलैः ।
महत्तमो जगौ केयमतिभीतिर्भवादृशाम् ।।६६२।।

શ્લોકાર્થ :-

સચિવ=મંત્રી એવો સદ્‌બોધ કહે છે. દૂત મોકલવા યોગ્ય નથી, પરંતુ નિશ્ચલથી રહેવું જોઈએ. મહત્તમ=સમ્યગ્દર્શન, બોલ્યો. તમારો= સદ્‌બોધનો, આ અત્યંત ભય શું છે ? ||૬૬૨||

શ્લોક :-

दण्डपूर्वश्च यदि ते, दूतस्तेषु न रोचते ।
प्रेष्यतां सामपूर्वस्तन्मिथःसन्धिविधौ पटुः ।।६६३।।

શ્લોકાર્થ :-

જો તને=સદ્‌બોધને, તેઓમાં=મહામોહમાં, દંડપૂર્વક દૂત રુચતો નથી= દૂત મોકલવો રુચતો નથી, તો પરસ્પર સંધિની વિધિમાં પટુ એવો સામપૂર્વક દૂત મોકલાવો. ||૬૬૩||

શ્લોક :-

सद्बोधोऽथ जगौ साम, क्रुद्धे कलहवृद्धिकृत् ।
उद्गिरत्यग्निमेवोच्चैस्तप्तलोहे धृतं पयः ।।६६४।।

શ્લોકાર્થ :-

હવે સદ્‌બોધ બોલ્યો. ક્રોધ પામેલામાં=ક્રોધ પામેલા એવા મહામોહાદિમાં,

સામ કલહવૃદ્ધિને કરનાર છે. તપાવેલા લોઢા ઉપર ધારણ કરાયેલું પયસ્ અત્યંત અગ્નિને વધારે છે.

સદ્બોધ કહે છે. સામનીતિથી પણ દૂતને મોકલવો ઉચિત નથી. **॥૬૬૪॥**

શ્લોક :-

फलेन ज्ञायतामेतद्, यद्वा दूतः प्रहीयताम् ।
ज्ञात्वा ततश्च तद्भावं, कार्यं कार्यं यथारुचि ।।६६५।।

શ્લોકાર્થ :-

અથવા આને ફલથી જાણો=ક્રુદ્ધમાં સામનીતિ કલહની વૃદ્ધિને કરનાર છે એને ફલથી જાણો. અથવા દૂતને મોકલાવો અને તેનાથી=દૂતને મોકલવાથી, તેના ભાવને જાણીને=મહામોહના ભાવને જાણીને, યથારુચિ કાર્ય કરવું જોઈએ=તમારી રુચિ અનુસાર યુદ્ધ કરવું કે ન કરવું તે રૂપ કાર્ય કરવું જોઈએ. ।।૬૬૫।।

શ્લોક :-

इदं चारित्रधर्मस्य, संलग्नं वचनं हृदि ।
प्रेषितः सत्यदूतोऽथ, महामोहबले गतः ।।६६६।।

શ્લોકાર્થ :-

ચારિત્રધર્મના હૃદયમાં આ વચન રુચ્યું=શ્લોક-૬૬૫માં સદ્બોધે કહ્યું એ વચન રુચ્યું. હવે સત્ય નામનો દૂત મોકલ્યો. મહામોહના સૈન્યમાં ગયો. ।।૬૬૬।।

શ્લોક :-

मया सह गता तत्र, साऽपि मार्गानुसारिता ।
प्रमत्तता नदीतीरे, चित्तविक्षेपमण्डपे ।।६६७।।
महामोहनृपस्याग्रे, स्थित्वा दूतो जगाद सः ।
चित्तवृत्तिमहाटव्या, भवजन्तुः किल प्रभुः ।।६६८।।

શ્લોકાર્થ :-

મારી સાથે=વિચાર સાથે, તે પણ માર્ગાનુસારિતા ત્યાં=મહામોહના બલમાં, ગઈ. પ્રમત્તતા નદીના તીર ઉપર ચિત્તવિક્ષેપ મંડપમાં મહામોહ રાજાની અગ્રમાં રહીને તે દૂત બોલ્યો=સત્ય નામનો દૂત બોલ્યો. ખરેખર ચિત્તવૃત્તિ મહાટવીનો ભવજંતુ પ્રભુ છે. ||૬૬૭-૬૬૮||

શ્લોક :-

बहिरङ्गान्तरङ्गाणां, पुराणां भूभुजामपि ।
स एवेशः स नस्तुल्यः, को विरोधस्ततो मिथः ।।६६९।।

શ્લોકાર્થ :-

બહિરંગ અને અંતરંગ નગરોના રાજાઓનો પણ તે જ સ્વામી છે. તે આપણા બંનેને તુલ્ય છે. તેથી પરસ્પર શું વિરોધ છે ? ||૬૬૯||

શ્લોક :-

स्वामिभक्ताः क्षयं भृत्या, न स्वपक्षस्य कुर्वते ।
दृढं भवतु नः प्रेम, युष्माभिः सह तन्नृप ! ।।६७०।।

શ્લોકાર્થ :-

સ્વામિભક્ત એવા ભૃત્યો=સેવકો, સ્વપક્ષનો ક્ષય કરતા નથી. તે કારણથી હે રાજા ! તમારી સાથે અમારો પ્રેમ દૃઢ થાવ.

આ પ્રકારે સામનીતિથી સત્ય નામનો દૂત મહામોહને સમાધાન કરવા વિજ્ઞપ્તિ કરે છે. **||૬૭૦||**

શ્લોક :-

सत्योदितमिदं श्रुत्वा, महामोहसभास्थिताः ।
क्रोधान्धा जगदुः सर्वे, समं भ्रकुटिभीषणाः ।।६७१।।

શ્લોકાર્થ :-

સત્ય વડે કહેવાયેલું આ સાંભળીને મહામોહની સભામાં રહેલા ક્રોધથી અંધ ભ્રૃકુટિથી ભીષણ થયેલા સર્વે બોલ્યા. ||૬૭૧||

શ્લોક :-

स्वामी नो भवजन्तुर्यत्, तदुक्तं दुष्ट ! केन ते ।
पातालेऽपि गतानां वो, न त्राणमनया गिरा ।।६७२।।

શ્લોકાર્થ :-

હે દુષ્ટ ! જે કારણથી ભવજંતુ અમારો સ્વામી છે, તે તમારો ક્યા હેતુથી કહેવાયો ? પાતાલમાં પણ ગયેલા તમારો આ વાણીથી ત્રાણ નથી.

સત્ય દૂતે મહામોહને સામનીતિથી સમાધાન કરવા કહ્યું. તેનાથી કુપિત થયેલા મહામોહના સર્વ રાજાઓ એકસાથે સત્યને કહે છે. ભવજંતુ ચારિત્રના સૈન્યનો સ્વામી છે એમ તમે કેમ કહ્યું ? વસ્તુતઃ ભવજંતુ અમારો સ્વામી છે, તમારો નથી; કેમ કે અનાદિથી અમને જ સેવે છે માટે તમે પાતાલમાં છુપાઈ જશો તોપણ આ અનુચિત વચન બોલ્યા છો, તેનાથી તમારું રક્ષણ થશે નહિ. **॥૬૭૨॥**

શ્લોક :-

आलजालप्रलापिंस्तद्, व्रज दूताधम ! द्रुतम् ।
सज्जा भवत सर्वेऽपि, वयं योद्धुं समागताः ।।६७३।।

શ્લોકાર્થ :-

તે કારણથી=પાતાલમાં પણ ગયેલા તમારું રક્ષણ નથી તે કારણથી, આલજાલ પ્રલાપી એવા હે દૂત અધમ ! શીઘ્ર જા. સર્વ પણ સજ્જ થાઓ. અમે યુદ્ધ માટે આવીએ છીએ. ।।૬૭૩।।

શ્લોક :-

दूतस्य तर्जनामेवं, कृत्वा ते प्रस्थिताः क्रुधा ।
महामोहं पुरस्कृत्य, सर्वेऽपि कवचावृताः ।।६७४।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે દૂતને તર્જના કરીને ક્રોધ પામેલા મહામોહને આગળ કરીને સર્વ પણ કવચથી આવૃત થયેલા તેઓ=મહામોહના અન્ય રાજાઓ પ્રસ્થિત થયા. ।।૬૭૪।।

શ્લોક :-

सत्येनापि प्रभोः सर्वा, तेषां चेष्टा निवेदिता ।
दृष्ट्वाऽऽयातां मोहचमूम्, तेन सज्जीकृतं बलम् ।।६७५।।
आयोधनं तयोर्लग्नं, दारुणं, सैन्ययोर्द्वयोः ।
चित्तवृत्तिमहाटव्यां, मिथःप्रथितसंभ्रमम् ।।६७६।।

શ્લોકાર્થ :-

સત્ય વડે પણ પ્રભુને=ચારિત્રધર્મરાજાને, તેઓની સર્વ ચેષ્ટા નિવેદન કરાઈ=મહામોહાદિની સર્વ ચેષ્ટા નિવેદન કરાઈ. આવેલા મહામોહની સેનાને જોઈને તેના વડે=ચારિત્રધર્મરાજા વડે બળ સજ્જ કરાયું. તે બે સૈન્યનું=મહામોહ અને ચારિત્રધર્મના સૈન્યનું, ચિત્તવૃત્તિ મહાઅટવીમાં પરસ્પર પ્રથિત સંભ્રમવાળું દારુણ યુદ્ધ શરૂ થયું. ।।૬૭૫-૬૭૬।।

શ્લોક :-

ततास्त्रतडिदुद्योतं, रजःक्षेपोत्थदुर्दिनम् ।
घनागमसमं भूरि, तूर्यौघोर्जितगर्जितम् ।।६७७।। युग्मम् ।।

શ્લોકાર્થ :-

દિવ્ય અસ્ત્રોની વીજળીના ઉદ્યોતવાળું, રજના ક્ષેપથી ઉત્થિત ધૂંધળા દિવસવાળું, અત્યંત ઘન આગમ જેવું, તૂર્યના સમૂહના ઉર્જિતના કારણે ગર્જિત થયેલું યુદ્ધ શરૂ થયું, એમ આગળ સાથે અન્વય છે. ।।૬૭૭।।

શ્લોક :-

पाटयन्तः परानीकं, महामोहभटाः स्फुटम् ।
उद्वेल्लितास्तत्र यमा, बहुरूपा इवागताः ।।६७८।।

શ્લોકાર્થ :-

પરના સૈન્યને સ્પષ્ટ રીતે પાડતા મહામોહના ભટો ત્યાં ઉદ્વેલિત થયેલા યમના બહુરૂપો જેવા આવ્યા. ।।૬૭૮।।

શ્લોક :-

हतवाजिरथव्रातं, दलिताखिलवारणम् ।
चारित्रधर्मराजस्य, चकम्पेऽथाखिलं बलम् ।।६७९।।
जितोऽरिभिस्ततो नंष्ट्वा, स्वस्थानं स गतो द्रुतम् ।
लीनः स्थितोऽरिसेना तु, स्थिता रुद्ध्वा मदोद्धता ।।६८०।।

શ્લોકાર્થ :-

હણાયેલા ઘોડા અને રથના સમૂહવાળું, દલિત થયેલા અખિલ હાથીવાળું, ચારિત્રધર્મરાજાનું અખિલ બળ હવે કાંપવા લાગ્યું. તેથી= મહામોહના હુમલાથી ચારિત્રધર્મનું સૈન્ય કાંપવા લાગ્યું તેથી, શત્રુઓથી જિતાયું. નાસીને સ્વસ્થાનમાં તે=ચારિત્રધર્મરાજા શીઘ્ર ગયો. લીન રહ્યો=પોતાના સ્થાનમાં છુપાઈને રહ્યો. વળી, મદથી ઉદ્ધત એવી શત્રુની સેના રોધીને રહી. ||૬૭૯-૬૮૦||

ભાવાર્થ :-

શુભકર્મોનો વિપાક અને જીવમાં થયેલી સાધુતા તે બેથી જીવ બુધરૂપે જન્મે છે. ત્યારપછી તેનામાં ધીષણાનો=બુદ્ધિનો યોગ થાય છે. તેના કારણે તેને તત્ત્વને જોવાને અનુકૂળ વિચાર પ્રગટે છે અને તે વિચાર પણ જિનવચન અનુસાર તત્ત્વને જોવામાં પ્રવર્તતો હોવાથી માર્ગાનુસારિતાવાળો હોય છે. તેથી તે માર્ગાનુસારી વિચાર ભવચક્રનું અવલોકન કરવા પ્રવર્તે છે. તે વખતે તેઓને અંતરંગ દુનિયામાં સાત્ત્વિક માનસ નગર દેખાય છે. જે જીવને કંઈક ઉચિત પ્રવૃત્તિ સ્વરૂપ છે. જેમ થયેલા પાપનો પશ્ચાત્તાપ કે આત્મહિત અર્થે ઉચિત પ્રવૃત્તિ કરવાનો પરિણામ તે સાત્ત્વિક માનસ સ્વરૂપ છે. આ પ્રકારના જે કોઈ સામાન્ય લોકમાં સંમત શુભભાવો છે, તે સર્વ સાત્ત્વિક માનસ સ્વરૂપ છે.

વળી તે સાત્ત્વિક માનસવાળા જીવો ક્યારેક સાત્ત્વિક માનસવાળા હોય છે અને ક્યારેક કષાયોને વશ અસાત્ત્વિક માનસવાળા પણ હોય છે. વળી, જેઓનું પ્રચુર પ્રમાણમાં સાત્ત્વિક માનસ છે, છતાં મિથ્યાત્વ ગાઢ છે, તેઓ વિવેક પર્વતથી દૂર છે અને જેઓમાં મિથ્યાત્વ મંદ થયું છે, તેઓ વિવેક પર્વતને

આસન્ન છે કે વિવેક પર્વતને પ્રાપ્ત થયેલા છે અને વિવેક એ છે કે પોતાનો આત્મા દેહ, ધન, બાહ્ય વૈભવ સર્વથી પૃથક છે અને મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ છે. વળી, જીવ બાહ્ય પદાર્થોના સંશ્લેષને કારણે જ ક્લેશને પામે છે અને બાહ્ય પદાર્થોમાં અસંશ્લેષ પ્રાપ્ત થાય તો અક્લેશતાને પ્રાપ્ત કરે છે. આવો જે બોધ તે વિવેક પર્વત છે.

વળી તેવો બોધ થયા પછી જેઓ બાહ્ય પદાર્થોના સંશ્લેષનો પરિહાર કરીને જિન થવાના કૃતનિશ્ચયવાળા છે, તેઓ અપ્રમત્ત શિખર ઉપર રહેનારા છે અને તે અપ્રમત્ત શિખર ઉપર જૈનપુર છે. જેમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર અને સુસાધુઓ વસનારા છે. તેવું જૈનપુર માર્ગાનુસારી સહિત વિચારને દેખાય છે.

તે જૈનપુરમાં કોઈક ચારિત્ર પરિણતિવાળા મહાત્માને જર્જરિત અવસ્થાવાળા લઈને આવતાં ચારિત્રના સૈન્યને વિચાર અને માર્ગાનુસારિતા જુએ છે=કોઈક સાધુ ભાવથી ચારિત્રી છે અને તેના ચિત્તમાં દશ પ્રકારના યતિધર્મરૂપ સંયમના પરિણામો વર્તી રહ્યા છે. કોઈક પ્રમાદને વશ તે સાધુ સમુદાયમાં હોવા છતાં સારણાવારણાદિના અભાવને કારણે કે કોઈક નિમિત્તથી એકાકી થયા અને મહામોહના પરિણામથી તેમનો સંયમનો પરિણામ અત્યંત ઘવાય છે અર્થાત્ સંયમ નાશ થયું નથી, પરંતુ સંયમમાં મોટો અતિચાર થયો છે. તે સ્થિતિમાં ચારિત્રધર્મના સૈનિકો તે સંયમને ચારિત્રધર્મની સન્મુખ લઈ આવે છે અને તે ચારિત્રધર્મરાજા ચિત્તસમાધાન મંડપમાં રહેલ છે. તેથી જીવમાં વર્તતો ચારિત્રનો પરિણામ જગતના સર્વ ભાવોથી સમાધાનને પામેલો છે. માત્ર વીતરાગભાવ થવાને અભિમુખવાળો થયેલ છે, તેવી પરિણતિમાં ચારિત્રધર્મરાજા બેઠેલ છે. ત્યાં ચારિત્રધર્મ જીવની નિર્લેપ પરિણતિ સ્વરૂપ છે અને તે અહિંસા આદિ પાંચ મહાવ્રતો, તપ, ક્ષમા, માર્દવ, આર્જવ, નિરિહતા પરિણામ તે દશ પ્રકારના યતિધર્મ સ્વરૂપ છે. આ દશ પ્રકારના યતિધર્મમાંથી તે મહાત્માનું સંયમ અતિ મ્લાન થયું છે. તે સ્થિતિને જોઈને તે મહાત્મામાં વર્તતા ત્યાગ, શૌચ આદિ ધર્મો અત્યંત ઉગ્ર બને છે અને કહે છે કે મહામોહનો અવશ્ય સામનો કરવો જોઈએ. તેથી એ ફલિત થાય કે તે જીવમાં ત્યાગ-શૌચાદિ ધર્મો મોહનાશને અનુકૂળ પ્રવર્તે છે, છતાં સંયમ ધર્મ જર્જરિત થવાના કારણે મહાપરાક્રમ કરીને મહામોહનો વિશેષથી નાશ કરવો જોઈએ, તેવા પરિણામો તે મહાત્માના ચિત્તમાં થાય છે,

તોપણ તે જીવમાં વર્તતો સદ્બોધ સૂક્ષ્મ વિચારણા કરનાર છે અને વિચારે છે કે આ જીવ અત્યારે નિમિત્તો પ્રમાણે ભાવ કરવાને અભિમુખ પરિણતિવાળો છે. તેથી મહામોહ સામે યુદ્ધ કરવા સત્યાદિ સમર્થ નથી. ચારિત્રધર્મ પણ સમર્થ નથી; કેમ કે જીવનું વલણ અત્યંત ચારિત્રને અભિમુખ થાય તો જ મહામોહ સામે યુદ્ધ કરવું ચારિત્રધર્મ માટે ઉચિત છે.

વસ્તુતઃ તે સાધુને કંઈક તત્ત્વ દેખાય છે તોપણ નિમિત્તો પ્રમાણે ભાવ કરવાને અત્યંત અભિમુખ પરિણામવાળા છે માટે તે સાધુમાં વર્તતો સદ્બોધ મંત્રી યુદ્ધ કરવાનો નિષેધ કરે છે અને ત્યાગાદિને કહે છે કે ઉતાવળા ન થાવ. તેથી ચારિત્રધર્મ સમ્યગ્દર્શન અને સદ્બોધ મંત્રીને કોઈક ગુપ્ત સ્થાનમાં લઈ જઈને મસલત કરે છે અને તે જોવા માટે માર્ગાનુસારિતા અને વિચાર પણ ત્યાં પ્રવર્તે છે. ચારિત્રધર્મરાજાએ સમ્યગ્દર્શનને પૂછ્યું, શું કરવું ઉચિત છે. તેથી તે જીવમાં વર્તતો સમ્યગ્દર્શનનો પરિણામ તે જ દેખાડે છે કે મહામોહની સામે યુદ્ધ કરવું જોઈએ; કેમ કે સમ્યગ્દર્શન અપ્રમાદથી શત્રુનો નાશ કરવો ઉચિત છે, તેવી જોનારી દૃષ્ટિ છે.

વળી સમ્યગ્દર્શનને સદ્બોધ મંત્રી કહે છે. સમ્યગ્દર્શનને સ્વામી પ્રત્યે ભક્તિ છે, યુદ્ધ કરવાની તત્પરતા છે તે સર્વ સુંદર છે. પરંતુ યુદ્ધનો પ્રસ્તાવ શું છે, તેનો વિચાર કરવો આવશ્યક છે અર્થાત્ ભગવાનના વચનાનુસાર તત્ત્વને જોનાર સદ્બોધ મંત્રીને જણાય છે કે જ્યારે જીવનું વલણ જ પ્રમાદને અભિમુખ છે, ત્યારે યુદ્ધ કરવાથી કંઈ ફળ આવે નહિ; કેમ કે પ્રમાદી જીવો તપ-ત્યાગાદિ ઉચિત ક્રિયાઓ દ્વારા પણ કષાયોને જ પોષે છે અને કષાયને અભિમુખ વર્તમાનમાં તે સાધુ છે, તેથી તપ-સંયમાદિની ક્રિયા પણ મહામોહને જીતવા સમર્થ નથી. આથી યુદ્ધ કરવાનો નિષેધ સદ્બોધ મંત્રી કહે છે.

વળી સમ્યગ્દર્શન કહે છે કે યુદ્ધ ન કરીએ તોપણ શત્રુનો હુમલો ન થાય તે રીતે દંડનીતિપૂર્વક મહામોહને શિક્ષા આપવી જોઈએ. સદ્બોધ મંત્રી કહે છે કે તેમ કરવાથી મહામોહ અધિક કુપિત થશે. તેથી એ ફલિત થાય કે જીવનું વલણ જ્યારે કષાયને અતિ અભિમુખ હોય ત્યારે મહામોહનો સામનો કરવા માટે કઠોર આચરણા કરે તોપણ તે કઠોર આચરણાથી પણ તેનું ચિત્ત હંમેશાં

કષાયોને અભિમુખ જ વર્તે છે. તેથી દંડનીતિનો ત્યાગ કરીને સામનીતિથી મહામોહને શાંત કરવાનો વિચાર સમ્યગ્દર્શનને થાય છે, ત્યારે પણ સદ્બોધ કહે છે કે ક્રોધી એવા શત્રુમાં સામનીતિ પણ કલહને કરનાર થાય છે માટે કાળક્ષેપ કરવો જ ઉચિત છે. તેથી એ પ્રાપ્ત થાય કે જ્યારે જીવ મોહને અભિમુખ હોય તે વખતે તેના કષાયો ચારિત્રને અભિમુખ નથી. તેથી સરળ ઉપાયથી પણ મોહને શાંત કરવા યત્ન કરવામાં આવે તોપણ મોહ શાંત થાય તેમ નથી. છતાં મંત્રીએ કહ્યું કે સામનીતિથી યત્ન કરીને શું ફળ આવે છે, તે તમે જુઓ. તેથી ચારિત્રધર્મરાજાને તે વચન રુચ્યું અને સત્ય નામના દૂતને મહામોહ પાસે મોકલે છે અને મહામોહ પ્રમત્તતા નદીના તીરમાં ચિત્તવિક્ષેપ મંડપમાં રહેલ છે. ત્યાં સત્ય નામનો દૂત આવીને સામનીતિથી મહામોહને કલહ નિવારણ માટે કહે છે. જેનાથી મહામોહનું સૈન્ય અત્યંત ક્ષુભિત થયું અને યુદ્ધ કરવા આવ્યું. યુદ્ધમાં ચારિત્રના સૈન્યનો વિનાશ કરીને ચારિત્ર રાજાને પોતાના સ્થાનમાં અવરોધ કરીને બેસાડી દે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જીવ સ્વયં પ્રમાદને અભિમુખ હોય ત્યારે તે જીવ તપ-ત્યાગની અન્ય જે કોઈ આચરણા કરે તે સર્વ દ્વારા પણ તેના વલણ અનુસાર કષાયોને અભિમુખ તે પ્રયત્ન કરે છે. જેથી તેનું ચારિત્ર ક્રમસર નાશ પામે છે અને મહામોહની જ વૃદ્ધિ થાય છે. તેથી મહામોહનો પરિણામ જ પુષ્ટ પુષ્ટતર થાય છે. આથી જ ચૌદ પૂર્વધર એવા સિંહ મુનિનું વર્ણન ઉપમિતિમાં બતાવ્યું ત્યારે તે સિંહ મુનિ શિષ્યો આદિને ભણાવે છે. સન્માર્ગનો ઉપદેશ આદિ આપે છે તે સર્વ દ્વારા માનકષાયને પોષીને નિગોદમાં જાય છે. તેથી જ્યાં સુધી જીવ સંયમને અભિમુખ બને નહિ ત્યાં સુધી કાલક્ષેપ કરીને તેના ચિત્તને સંયમને અભિમુખ કરવા યત્ન કરવો જોઈએ. **॥૬૦૬થી ૬૮૦॥**

શ્લોક :-

महामोहनरेन्द्रस्य, राज्यं परिणतं ततः ।
मार्गानुसारिता प्राह, दृष्टं वत्स ! कुतूहलम् ।।६८१।।

શ્લોકાર્થ :-

તેથી=ચારિત્રધર્મરાજા મહામોહાદિ સેનાથી ઘેરાયો તેથી, મહામોહ

રાજાને રાજ્ય પરિણત થયું. માર્ગાનુસારિતા કહે છે, હે વત્સ ! વિચાર ! કુતૂહલ જોયું. ।।૬૮૧।।

શ્લોક :-

दृष्टं मयोक्तं किन्त्वत्र, ज्ञातुमिच्छामि कारणम् ।
सा प्राह जगतीं जेतुं, रागकेसरिमन्त्रिणा ।।६८२।।
मानुषाणि नियुक्तानि, पञ्चात्मीयानि कुत्रचित् ।
जितानीह पुरा तानि, सन्तोषेण महस्विना ।।६८३।।

શ્લોકાર્થ :-

મારા વડે=વિચાર વડે, કહેવાયું. જોવાયું=કુતૂહલ જોવાયું. પરંતુ અહીં= મહામોહ અને ચારિત્રના યુદ્ધમાં, કારણને જાણવા હું ઈચ્છું છું. તે= માર્ગાનુસારિતા, કહે છે. જગતને જીતવા માટે રાગકેસરી મંત્રી વડે પોતાના પાંચ મનુષ્યો નિયુક્ત કરાયા. અહીં=ભવચક્રમાં, પૂર્વમાં મહસ્વી એવા સંતોષ વડે કોઈક સ્થાનમાં તેઓ=પાંચ મનુષ્યો જિતાયા=તેજસ્વી એવા સંતોષ વડે જિતાયા.

બુધ પુરુષનો વિચાર માર્ગાનુસારી પ્રજ્ઞા દ્વારા ચારિત્રધર્મ અને મહામોહનું થયેલું યુદ્ધ જોઈને તેનું કારણ જાણવા યત્ન કરે છે અને માર્ગાનુસારી પ્રજ્ઞાથી તેને દેખાય છે કે રાગકેસરી મંત્રીએ જગતને જીતવા માટે આ પાંચ મનુષ્યો નિયોજન કર્યા છે અને તે મનુષ્યો કોઈક જીવમાં તેજસ્વી એવા સંતોષ વડે જિતાયા. તેથી તે જીવ મુક્તિને પામે છે. **।।૬૮૨-૬૮૩।।**

શ્લોક :-

चारित्रधर्मनृपतेस्तन्त्रपालेन लीलया ।
कलहस्तन्निमित्तोऽयं, जातोऽमीषां परस्परम् ।।६८४।।

શ્લોકાર્થ :-

કેવા પ્રકારના સંતોષના સ્વરૂપથી જિતાયા ? એથી કહે છે. ચારિત્રધર્મ-રાજાના તંત્રપાલ એવા સંતોષથી લીલાપૂર્વક પાંચ મનુષ્ય જિતાયા, એમ

પૂર્વશ્લોક સાથે સંબંધ છે. તેના નિમિત્તવાળો=સંતોષે પાંચ મનુષ્યોને જીત્યા તેના નિમિત્તવાળો, આમનો=ચારિત્ર અને મહામોહનો, પરસ્પર કલહ થયો. ।।૬૮૪।।

શ્લોક :-

स्पर्शनं रसना घ्राणं, दृष्टिः श्रोत्रं तथा परम् ।
एतानि पञ्च निघ्नन्ति, मानुषाणि जगद्धितम् ।।६८५।।

શ્લોકાર્થ :-

સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને છેલ્લું શ્રોત્ર આ પાંચ મનુષ્યો જગતના હિતને નાશ કરે છે.

માર્ગાનુસારિતા વિચારને કહે છે કે ચારિત્રધર્મના રાજ્યનું તંત્ર સંભાળનાર સંતોષ નામનો સેનાપતિ છે અને તેણે લીલાપૂર્વક સ્પર્શન આદિ પાંચેને કોઈક સ્થાને જીત્યા છે, તેના કારણે મહામોહ અને ચારિત્રધર્મ વચ્ચે કલહ ચાલે છે અને સ્પર્શન આદિ પાંચે જગતનાં હિતનો નાશ કરનારા છે, તેથી જગતનાં જીવોની વિડંબના થાય છે. તેનાથી રક્ષણ કરવા અર્થે કેટલાક જીવોમાં અનિચ્છાના પરિણામરૂપ સંતોષે પાંચે ઇન્દ્રિયોનો જય કર્યો છે. **।।૬૮૫।।**

શ્લોક :-

ततो मयोक्तं पूर्णं मे, देशदर्शनकौतुकम् ।
अथाहं स्वगृहे यामि, तयोक्तं वत्स ! गम्यताम् ।।६८६।।

શ્લોકાર્થ :-

તેથી=માર્ગાનુસારિતાએ યુદ્ધનું કારણ સ્પષ્ટ કર્યું તેથી, મારા વડે=વિચાર વડે, કહેવાયું. મારું દેશદર્શનનું કૌતુક પૂર્ણ થયું. હવે હું=વિચાર, સ્વઘરમાં=બુધપુરુષ પાસે, જાઉં છું. તેણી વડે=માર્ગાનુસારિતા વડે, કહેવાયું. હે વત્સ ! જાવ. ।।૬૮૬।।

શ્લોક :-

अहमप्यागमिष्यामि, वेगात् तत्र तवान्तिके ।
ततोऽहमागतो गेहे, तद् घ्राणोऽयं न सुन्दरः ।।६८७।।

શ્લોકાર્થ :-

હું પણ ત્યાં=જ્યાં તું જાય છે ત્યાં, તારી પાસે વેગથી આવીશ. ત્યારપછી=માર્ગાનુસારિતા સાથે આ પ્રમાણે વાત થઈ ત્યારપછી, હું= વિચાર, ઘરે આવ્યો. તેથી=પૂર્વમાં કહ્યું કે આ પાંચ મનુષ્યો જગતનું હિત નથી, એમ માર્ગાનુસારિતાએ કહ્યું છે તદ્અંતર્ગત ઘ્રાણ છે, તેથી આ ઘ્રાણ સુંદર નથી. એમ વિચાર બુધને કહે છે. ॥૬૮૭॥

શ્લોક :-

मानुषाणां तृतीयोऽयं, रागकेसरिमन्त्रिणः ।
जगत्प्रतारणपटुः, पर्यटत्यतिनिर्घृणः ।।६८८।।

શ્લોકાર્થ :-

રાગકેસરી મંત્રીના મનુષ્યોનો ત્રીજો આ=ઘ્રાણ જગતને ઠગવા માટે પટુ, અતિ નિર્ઘૃણ ભટકે છે.

જીવના રાગના પરિણામથી ઉત્થિત થયેલો ઘ્રાણનો પરિણામ તે તે વિષયો પ્રત્યે રાગ કરીને અને પ્રતિકૂળ વિષયો પ્રત્યે દ્વેષ કરીને જગતના જીવોને ક્લેશ કરાવનાર છે. **॥૬૮૮॥**

શ્લોક :-

इत्थं बुधाय बौधेये, निवेदयति सत्वरम् ।
मार्गानुसारिताऽऽयाता, तया तद्गीः समर्थिता ।।६८९।।

શ્લોકાર્થ :-

આ રીતે બુધને બૌધેય નિવેદન કર્યે છતે=બુદ્ધિ સંબંધી વિચારે નિવેદન કર્યે છતે, શીઘ્ર માર્ગાનુસારિતા આવી. તેણી વડે તેની વાણી= વિચારની વાણી, સમર્થન કરાઈ.

વિચારે પોતાના પિતા બુધને કહ્યું કે જગતને પ્રતારણમાં પટુ આ ત્રીજો રાગકેસરીનો મનુષ્ય છે. તે વખતે તે વિચાર સાથે જીવમાં માર્ગાનુસારી બુદ્ધિ ઉલ્લસિત થાય છે તે વિચારના કથનનું સમર્થન કરે છે. **॥૬૮૯॥**

શ્લોક :-

घ्राणं बुधस्ततोऽनर्थकारणं जेतुमैहत ।

इतो भुजंगतानुन्नो, गन्धो(मन्दो) घ्राणमलालयत् ।।६९०।।

શ્લોકાર્થ :-

તેથી=ઘ્રાણ અનર્થકારી છે એમ માર્ગાનુસારિતાએ સમર્થન કર્યું તેથી, બુધ પુરુષે અનર્થના કારણ એવા ઘ્રાણને જીતવા માટે ઈચ્છા કરી. આ બાજુ ભુજંગતાથી પ્રેરાયેલા એવા મંદે ઘ્રાણનું લાલન કર્યું.

બુધને માર્ગાનુસારિબુદ્ધિના બળથી બોધ થયો કે સુગંધી પદાર્થો પ્રત્યેના આકર્ષણથી જીવમાં વિહ્વળતા થાય છે, જે અનર્થનું કારણ છે. તેથી ઘ્રાણને જીતીને સમભાવની પરિણતિમાં ઉદ્યમ કરવો જોઈએ તેવી ઇચ્છા બુધે કરી. આ બાજુ બુધ સાથે તેનો પિતરાઈ ભાઈ મંદ ભુજંગતાથી પ્રેરાય છે. તેથી ઘ્રાણેન્દ્રિયને લાલન કરે છે. **II૬૯૦II**

શ્લોક :-

लीलावत्याः सुगन्धानामन्यदाऽन्वेषकः सदा ।

स देवराजभार्याया, भगिन्या भवने गतः ।।६९१।।

શ્લોકાર્થ :-

અન્યદા સદા સુગંધોનો અન્વેષક એવો તે=મંદ, દેવરાજાની ભાર્યાની ભગિની એવી લીલાવતીના ભવનમાં ગયો. II૬૯૧II

શ્લોક :-

सपत्नीपुत्रघातार्थं, गन्धयोगस्तया कृतः ।

मारणात्मा क्षणे तस्मिन्, लालाविषकरम्बितः ।।६९२।।

શ્લોકાર્થ :-

પત્ની સહિત પુત્રના ઘાત માટે લાલાવિષથી કરમ્બિત મારણ સ્વરૂપ ગંધયોગ તે ક્ષણમાં=જે ક્ષણમાં મંદ તેના ભવનમાં ગયો તે ક્ષણમાં, તેણી વડે=લીલાવતી વડે, કરાયો.

દેવરાજાની પત્નીની બહેન લીલાવતી છે અને તેણીને પોતાના પુત્ર અને પુત્રવધૂ પ્રત્યે દ્વેષ છે. તેથી તેઓને મારવા અર્થે જે ક્ષણમાં મંદ સુગંધને ગ્રહણ કરવા અર્થે તેના ઘરમાં જાય છે, તે વખતે વિષકરમ્બિત ગંધયોગ કરેલ. **॥૬૯૨॥**

શ્લોક :-

तां गन्धपुटिकां द्वारे, मुक्त्वा साऽन्तर्गृहं गता ।

दृष्ट्वा तत्रागतो मन्दस्तां चकाराशु मुत्कलाम् ।।६९३।।

શ્લોકાર્થ :-

તે ગંધપુટિકાને દ્વારમાં મૂકીને તે=લીલાવતી, અંતર્ગૃહમાં ગઈ. ત્યાં આવેલા મંદે તેને જોઈને=ગંધપુટિકાને જોઈને, શીઘ્ર ઉઘાડી. ॥૬૯૩॥

શ્લોક :-

ददौ घ्राणाय तान् गन्धांस्ततोऽसौ प्रलयं गतः ।

तां घ्राणदुष्टतां दृष्ट्वा, विरक्तो नितरां बुधः ।।६९४।।

શ્લોકાર્થ :-

તે ગંધોને ઘ્રાણને આપી=સૂંઘી. તેથી આ=મંદ, મૃત્યુને પામ્યો. તે ઘ્રાણની દુષ્ટતાને જોઈને બુધ અત્યંત વિરક્ત થયો.

ગંધનું પ્રત્યક્ષ ફળ અનર્થકારી છે માટે ગંધ પ્રત્યેના પક્ષપાતનો પરિણામ અહિતરૂપ છે એ પ્રકારનો બોધ બુધને અત્યંત સ્પષ્ટ થાય છે. **॥૬૯૪॥**

શ્લોક :-

तेन शिष्टात्मना पृष्टा, ततो मार्गानुसारिता ।

कथं हेयो मया घ्राणः, साऽऽह हित्वा भुजङ्गताम् ।।६९५।।

तिष्ठ त्वं साधुमध्यस्थो, दोषायेत्थमयं न ते ।

बुधेनापि कृतं सर्वं, तद्वचो हितकृत् तथा ।।६९६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=બુધ પુરુષ વિરક્ત થયો ત્યારપછી, તેનાથી પ્રેરણા

કરાયેલા એવા તેના વડે=મંદના મૃત્યુથી પ્રેરણા કરાયેલા એવા બુધ વડે, માર્ગાનુસારિતા પુછાઈ. કેવી રીતે મારા વડે=બુધ વડે, ઘ્રાણ હેય થાય ? તે=માર્ગાનુસારિતા, કહે છે. ભુજંગતાને છોડીને=ઘ્રાણની આસક્તિને છોડીને, તું સાધુના મધ્યમાં રહે. આ રીતે=આ સહિતના ત્યાગપૂર્વક સાધુના મધ્યમાં રહે એ રીતે, આ=ઘ્રાણ, તને દોષ માટે નથી. બુધ વડે પણ હિતકારી તેનું વચન=માર્ગાનુસારીનું વચન, સર્વ તે પ્રમાણે કરાયું.

જે પ્રમાણે માર્ગાનુસારિતાએ કહ્યું એ પ્રમાણે બુધ વડે કરાયું. **॥૬૯૫-૬૯૬॥**

શ્લોક :-

ततो गृहीतदीक्षोऽसौ, परिज्ञातागमः शुचिः ।
आचार्यैः स्वपदे भूरिलब्धिपात्रं निवेशितः ।।६९७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ગૃહીત દીક્ષાવાળા, પરિજ્ઞાત આગમવાળા, શુચિ=પવિત્ર, ભૂરિ લબ્ધિપાત્રવાળા આ=બુધ, આચાર્ય વડે સ્વપદમાં નિવેશિત કરાયા.

માર્ગાનુસારિતાથી પ્રેરાઈને બુધે દીક્ષા ગ્રહણ કરી. શાસ્ત્રો ભણીને આગમના પારગામી થયા. સમભાવની પરિણતિથી પવિત્ર થયા. ઘણી લબ્ધિઓના પાત્ર થયા. તેથી ગુરુએ તેમને આચાર્યપદ આપ્યું. **॥૬૯૭॥**

શ્લોક :-

स एषोऽहं बुधाचार्यो, भवद्बोधविधित्सया ।
एकाकीह गुणस्वच्छं, गच्छं त्यक्त्वा समागतः ।।६९८।।

શ્લોકાર્થ :-

તે આ હું બુધાચાર્ય તમને બોધ કરાવવાની ઈચ્છાથી ગુણથી સ્વચ્છ એવા ગચ્છને છોડીને એકાકી અહીં=તમારી સન્મુખ, આવ્યો. ॥૬૯૮॥

શ્લોક :-

अयं वैराग्यहेतुर्मे, जातो युष्मादृशामपि ।
इदं संपद्यते सर्वं, पश्यथ ज्ञानचक्षुषा ।।६९९।।

શ્લોકાર્થ :-

આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, મારા વૈરાગ્યનો હેતુ થયો. તમારા જેવાનો પણ આ સર્વ=પૂર્વમાં વર્ણન કર્યું એ સર્વ, થાય છે=વૈરાગ્યનો હેતુ થાય છે. જ્ઞાનચક્ષુથી જુઓ.

પૂર્વમાં વર્ણન કર્યું એ સર્વને શ્રુતની તત્ત્વને જોનારી દૃષ્ટિથી જુઓ તો તમોને પણ તે કથન વૈરાગ્યનો હેતુ થશે. **॥૬૯૯॥**

શ્લોક :-

जन्ममृत्युजराव्याधिबाधितोऽयं भवोऽखिलः ।
इदमेवाभयस्थानं, भूप ! जैनेन्द्रशासनम् ।।७००।।

શ્લોકાર્થ :-

જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિથી બાધિત અખિલ એવો આ ભવ છે. હે રાજા ! આ જ જૈનેન્દ્ર શાસન અભયનું સ્થાન છે.

સંસારની સર્વ બાધાઓની વિડંબનાઓથી રક્ષણનું સ્થાન જિનવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ છે. **॥૭૦૦॥**

શ્લોક :-

युज्यते क्षणमप्येकं, धीर ! तन्न विलम्बितुम् ।
हीयतां भोगगरलं, पीयतां प्रशमामृतम् ।।७०१।।

શ્લોકાર્થ :-

તે કારણથી હે ધીર રાજા ! એક ક્ષણ પણ વિલંબન કરવું યુક્ત નથી. ભોગરૂપી ઝેરનો ત્યાગ કરો. પ્રશમરૂપી અમૃતનું પાન કરો.

પાંચ ઇન્દ્રિયોનો સંવર કરીને જિનવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ દ્વારા કષાયોના શમનરૂપ પ્રશમ પરિણતિને પ્રાપ્ત કરો. **॥૭૦૧॥**

શ્લોક :-

ततो धवलराजेन, सर्वे साकूतमीक्षिताः ।
लोकाः प्रोक्ताश्च संलग्नं, कीदृशं भवतां वचः ।।७०२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=આ પ્રમાણે આચાર્યે કહ્યું ત્યારપછી, ધવલ રાજા વડે સાકૂત=ચોક્કસ ઈરાદાપૂર્વક, સર્વ લોકો જોવાયા અને કહેવાયા – તમોને કેવા પ્રકારનું વચન સંલગ્ન થયું ?

તમોને આચાર્યનું વચન કેવા પ્રકારનું સ્પર્શ્યું છે એ પ્રકારે ધવલ રાજા લોકોને પૂછે છે. **॥૭૦૨॥**

શ્લોક :-

प्रोचुस्तेऽनेन वचसा, जीविताः सुधया वयम् ।
क्रियतां तूर्णमादिष्टं, धर्मस्य त्वरिता गतिः ।।७०३।।

શ્લોકાર્થ :-

તેઓ બોલ્યા=લોકો બોલ્યા. આ વચન દ્વારા અમૃતથી અમે જીવિત કરાયા. આદિષ્ટ=આચાર્ય વડે શ્લોક-૭૦૧માં આદિષ્ટ, શીઘ્ર કરાઓ. ધર્મની ત્વરિતા ગતિ છે.

લોકોના હૈયાને પણ આચાર્યનું વચન સ્પર્શેલું હોવાથી લોકો કહે છે, ભોગોનો ત્યાગ કરીને પ્રશમ અમૃતમાં ઉદ્યમ કરવો જોઈએ. ધર્મમાં વિલંબન ઉચિત નથી. **॥૭૦૩॥**

શ્લોક :-

तदाकर्ण्य परं हर्षं, राजेन्द्रः प्राप पूतधीः ।
राज्याभिषेकमाधातुं, प्रोवाच विमलं ततः ।।७०४।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને=લોકોનાં વચન સાંભળીને, પવિત્ર બુદ્ધિ એવો રાજા

પરમ હર્ષને પામ્યો. તેથી વિમલને રાજ્યાભિષેક ગ્રહણ કરવા માટે બોલ્યો. ||૭૦૪||

શ્લોક :-

पुत्र ! गृह्णाम्यहं दीक्षां, त्वं राज्यमनुपालय ।
विमलः प्राह किं चित्ते, वल्लभोऽहं तवास्मि न ।।७०५।।

શ્લોકાર્થ :-

હે પુત્ર વિમલ ! હું દીક્ષા ગ્રહણ કરું છું. તું રાજ્યનું અનુપાલન કર. વિમલ કહે છે. શું તમારા ચિત્તમાં હું વલ્લભ નથી ? ||૭૦૫||

શ્લોક :-

यत् स्वयं यासि निर्वाणे, मां स्थापयसि संसृतौ ।
गले राज्यशिलाक्षेपस्ताताऽयं मे न युज्यते ।।७०६।।

શ્લોકાર્થ :-

જે કારણથી સ્વયં નિર્વાણમાં જાઓ છો. મને સંસારમાં સ્થાપન કરો છો. હે પિતા ! ગળામાં આ રાજ્યની શિલાનો ક્ષેપ મને ઘટતો નથી. ||૭૦૬||

શ્લોક :-

तच्छ्रुत्वाऽतितरां तुष्टः, प्रोचे न त्वां त्यजाम्यहम् ।
राज्ये ततश्च संस्थाप्य, पुत्रकं कमलाभिधम् ।।७०७।।
दिनान्यष्ट विधायोच्चैर्जिनपूजां महोदयाम् ।
प्रदाय च महादानं, शुभे काले समाहितः ।।७०८।।
सबान्धवः सपत्नीको, विमलेन समं नृपः ।
सपौरलोको निष्क्रान्तः, सम्यक्त्वं जगृहुः परे ।।७०९।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને=વિમલકુમારે ધવલ રાજાને શ્લોક-૭૦૬ પ્રમાણે કહ્યું તે

સાંભળીને, અત્યંત તુષ્ટ થયેલો રાજા બોલ્યો. તને હું ત્યાગ કરતો નથી. ત્યારપછી રાજ્યમાં કમલ નામના પુત્રને સ્થાપન કરીને આઠ દિવસો મહોદયવાળી જિનપૂજાને અત્યંત કરીને અને મહાદાનને આપીને શુભ કાલમાં સમાધાનને પામેલો=સંસારથી હવે સર્યું એ પ્રકારના સમાધાનને પામેલો, બાંધવો સહિત, પત્ની સહિત, વિમલ સાથે, નગરલોક સાથે, રાજા નિષ્કાંત થયો=સંયમ ગ્રહણ કર્યું. બીજાઓએ=જેઓએ દીક્ષા ગ્રહણ ન કરી, તેઓએ સમ્યક્ત્વ ગ્રહણ કર્યું. ॥૭૦૭થી ૭૦૯॥

શ્લોક :-

वामदेवस्य मम तु, प्रबोधो न तदाऽप्यभूत् ।
ज्ञातो धूर्तो मया सूरिरसौ बहुलिकास्पृशा ।।७१०।।

શ્લોકાર્થ :-

વળી, વામદેવ એવા મને=અનુસુંદર ચક્રવર્તીના જીવને, ત્યારે પણ= પૂર્વમાં તો બોધ થયો નહિ, પરંતુ બુધસૂરિએ આ પ્રકારે ઉપદેશ આપ્યો ત્યારે પણ, પ્રબોધ થયો નહિ. બહુલિકાને સ્પર્શનાર એવા મારા વડે= માયાથી યુક્ત એવા વામદેવ વડે, આ સૂરિ ધૂર્ત જણાયા. ॥૭૧૦॥

શ્લોક :-

राजादीनां मया दीक्षाऽवसरे चेति चिन्तितम् ।
मुनिः सिद्धेन्द्रजालोऽयं, लोकान् सर्वानवञ्चयत् ।।७११।।

શ્લોકાર્થ :-

રાજાદિના દીક્ષા અવસરે સિદ્ધ ઈન્દ્રજાલ એવા આ મુનિએ સર્વ લોકોને ઠગ્યા. એ પ્રમાણે મારા વડે=વામદેવ વડે, વિચારાયું. ॥૭૧૧॥

શ્લોક :-

ग्राहयिष्यति तेनैतानेष दीक्षां वशीकृतान् ।
विमलोऽपि वयस्यो मे, मां नेष्यति बलात् सह ।।७१२।।

શ્લોકાર્થ :-

તે કારણથી=સિદ્ધ ઈંદ્રજાલવાળા છે તે કારણથી, આ=સૂરિ, વશીકૃત એવા આ લોકોને દીક્ષા ગ્રહણ કરાવશે. મારો મિત્ર વિમલ પણ મને બલાત્કારે સાથે લઈ જશે. ।।૭૧૨।।

શ્લોક :-

तदादौ वञ्चयाम्येनमिति ध्यात्वा पलायितः ।
सर्वत्रान्वेषितो दीक्षादिनेऽहं विमलेन च ।।७१३।।

શ્લોકાર્થ :-

તે કારણથી=વિમલ મને બલાત્કારે દીક્ષામાં લઈ જશે તે કારણથી, આદિમાં=તે બલાત્કાર કરે તેના પૂર્વમાં, આને=વિમલને, હું ઠગું એ પ્રમાણે વિચારીને પલાયન થયો=વામદેવ પલાયન થયો અને દીક્ષા-દિવસમાં વિમલ વડે હું સર્વત્ર અન્વેષણ કરાયો. ।।૭૧૩।।

શ્લોક :-

अदृष्ट्वा मां बुधाचार्यः, पृष्टः क्वागात् सुहृत् स मे ।
ज्ञानवान् स च निःशेषं, तस्मै मच्चरितं जगौ ।।७१४।।

શ્લોકાર્થ :-

મને નહિ જોઈને બુધાચાર્ય પુછાયા. મારો તે મિત્ર ક્યાં ગયો ? જ્ઞાનવાન એવા તેમણે=બુધસૂરિએ તેને=વિમલને મારું નિઃશેષ ચરિત્ર કહ્યું. ।।૭૧૪।।

શ્લોક :-

विमलोऽभिदधे तत् किं, न भव्योऽयं शठाशयः ।
सूरिः प्रोवाच नाभव्यः, प्रकृत्या सुन्दरो ह्ययम् ।।७१५।।

શ્લોકાર્થ :-

તે કારણથી=બુધાચાર્યે વામદેવનું નિઃશેષ ચરિત્ર કહ્યું તે કારણથી, વિમલ બોલ્યો. શઠાશય એવો આ=વામદેવ, શું ભવ્ય નથી ? સૂરિ

બોલ્યા. અભવ્ય નથી. हि=જે કારણથી, આ=વામદેવ, પ્રકૃતિથી સુંદર છે. ॥૭૧૫॥

શ્લોક :-

दोषः सर्वोऽपि चैतस्य, भगिनीभ्रातृसङ्गतः ।
मायाऽऽख्याऽस्ति भगिन्यस्य, भ्राता च स्तेयनामकः ।।७१६।।

શ્લોકાર્થ :-

અને સર્વ પણ દોષ આના=વામદેવના, ભગિની-ભ્રાતૃના સંગથી છે=માયા અને સ્તેયના સંગથી છે. માયા નામની આની ભગિની છે અને સ્તેય નામનો ભાઈ છે. ॥૭૧૬॥

શ્લોક :-

तद्वशोऽयं पुरा चक्रे, रत्नस्य हरणादिकम् ।
विमलः प्राह तत्त्यागस्वास्थ्यं प्राप्स्यत्ययं कदा ।।७१७।।

શ્લોકાર્થ :-

તેના વશવાળા એવા આણે=માયા અને સ્તેયના વશવાળા એવા વામદેવે, પૂર્વમાં રત્નના હરણાદિને કર્યું. વિમલ કહે છે, તેના ત્યાગના સ્વાસ્થ્યને=ભગિની અને ભાઈના ત્યાગના સ્વાસ્થ્યને, આ=વામદેવ, ક્યારે પ્રાપ્ત કરશે ? ॥૭૧૭॥

શ્લોક :-

सूरिराह गते भूरिकाले ताभ्यां वियोक्ष्यते ।
ऋजुताऽस्तेयते कन्ये, प्राप्य रुच्याशयादसौ ।।७१८।।

શ્લોકાર્થ :-

સૂરિ કહે છે. ઘણો કાલ ગયે છતે રુચિના આશયથી ઋજુતા અને અસ્તેયતા નામની બે કન્યાઓને પ્રાપ્ત કરીને આ=વામદેવ, તે બંને દ્વારા=માયા અને સ્તેય દ્વારા, વિયોજનને પામશે. ॥૭૧૮॥

શ્લોક :-

तच्छ्रुत्वा विमलेनाहमयोग्यत्वादुपेक्षितः ।
प्राप्तोऽथ काञ्चनपुरे, दृष्टश्च सरलो वणिग् ।।७१९।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને=સૂરિ પાસેથી મારી અયોગ્યતાને સાંભળીને, વિમલ વડે હું=વામદેવ, અયોગ્યપણું હોવાથી ઉપેક્ષા કરાયો. હવે કાંચનપુરમાં પ્રાપ્ત થયો. વામદેવ પ્રાપ્ત થયો અને સરલ વણિકને જોયો. ॥૭૧૯॥

શ્લોક :-

गतस्तस्यापणे तत्र, दीप्तिं बहुलिका ययौ ।
कृतं तत्पादपतनं, चक्षुर्मोदाश्रुणा भृतम् ।।७२०।।

શ્લોકાર્થ :-

ત્યાં=સરલ વણિકને જોયો, ત્યાં તેની દુકાનમાં ગયો. બહુલિકા=માયા દીપ્તિને પામી=વામદેવમાં માયાનો પરિણામ ઉલ્લસિત થયો. તેના પાદમાં પતન કરાયું=સરલ વણિકના ચરણમાં નમસ્કાર કરાયો. ચક્ષુ હર્ષનાં આંસુથી ભરાયું.

વામદેવનો પરિણામ થવાથી સરલ વણિકને ઠગવા અર્થે તેના પગમાં પડે છે અને જાણે પૂર્વપરિચિત હોય તેમ હર્ષની અભિવ્યક્તિ કરે છે. **॥૭૨૦॥**

શ્લોક :-

उक्तं मया च दृष्ट्वा त्वां, जनकस्य स्मराम्यहम् ।
पुत्र एवास्यपुत्रस्य, त्वं ममेति जगाद सः ।।७२१।।

શ્લોકાર્થ :-

અને મારા વડે=વામદેવ વડે, કહેવાયું. તમને જોઈને હું જનકનું સ્મરણ કરું છું=સરલ વણિકને જોઈને હું પિતાનું સ્મરણ કરું છું. અપુત્ર એવા મારો તું પુત્ર જ છો, એ પ્રમાણે તે=સરલ વણિક બોલ્યો. ॥૭૨૧॥

શ્લોક :-

नीतोऽहं स्वगृहे तेन, बन्धुमत्याः समर्पितः ।
स्वभार्यायास्तया स्नानभोजनादि च कारितः ।।७२२।।

શ્લોકાર્થ :-

તેના વડે=સરલ વણિક વડે, હું=વામદેવ, પોતાના ઘરમાં લઈ જવાયો. સ્વભાર્યા એવી બંધુમતીને સમર્પિત કરાયો અને તેણી વડે=બંધુમતી વડે, સ્નાન, ભોજનાદિ કરાવાયો. ।।૭૨૨।।

શ્લોક :-

पृष्टश्च नामगोत्रादि, मया सर्वं निवेदितम् ।
सजातीयोऽयमित्युच्चैर्मुदितः सरलो हृदि ।।७२३।।

શ્લોકાર્થ :-

અને નામગોત્રાદિ પુછાયો. મારા વડે સર્વ નિવેદન કરાયું. સજાતીય આ છે=શ્રેષ્ઠીપુત્ર આ છે તેથી સજાતીય આ છે, એ પ્રમાણે સરલ હૃદયમાં અત્યંત આનંદ પામ્યો. ।।૭૨૩।।

શ્લોક :-

- जगौ बन्धुमतीं भार्ये !, धात्रा नूनमपुत्रयोः ।
पुत्रोऽयमावयोर्दत्तो, वृद्धत्वपरिपालकः ।।७२४।।

શ્લોકાર્થ :-

બંધુમતીને કહ્યું. હે ભાર્યા ! અપુત્રવાળા એવા આપણા બંનેને ખરેખર ભાગ્ય વડે વૃદ્ધત્વનો પરિપાલક આ પુત્ર અપાયો. ।।૭૨૪।।

શ્લોક :-

तच्छ्रुत्वा बन्धुमत्याप, मुदं मय्येव मन्दिरम् ।
सरलेन च निःक्षिप्तं, हट्टस्थं दर्शितं धनम् ।।७२५।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને=સરલનાં તે વચન સાંભળીને, બંધુમતી પ્રમોદને પામી અને મારામાં જ સરલ વડે મંદિર નિઃક્ષિપ્ત કરાયું=ઘર સોંપાયું. હટ્ટમાં રહેલું ધન બતાવાયું. ॥૭૨૫॥

શ્લોક :-

हट्ट एव स शेते च, मद्युक्तो धनमूर्च्छया ।
अन्यदा तिष्ठतोर्गेहे, सन्ध्यायामावयोः सुखम् ।।७२६।।
सरलप्रियमित्रस्य, बन्धुलस्य समाययौ ।
गृहादाह्वायकस्तेन, प्रोक्तं चेदं सुहृद्वचः ।।७२७।।

શ્લોકાર્થ :-

અને હટ્ટમાં=દુકાનમાં જ, તે=સરલ, મારાથી યુક્ત ધનમૂર્છાથી સૂએ છે. અન્યદા સંધ્યાવેળાએ સુખપૂર્વક ઘરમાં રહેલા અમે બંને હોતે છતે=સરલ અને વામદેવ ઘરમાં રહેલ હોતે છતે, સરલના પ્રિય મિત્ર બંધુલના ઘરથી બોલાવનાર માણસ આવ્યો. તેના વડે=તે આવનાર માણસ વડે, મિત્રનું આ વચન કહેવાયું. ॥૭૨૬-૭૨૭॥

શ્લોક :-

यथाऽद्य मद्गृहे षष्ठीजागरस्य महोत्सवः ।
सुतस्यास्ति तदागत्य, वस्तव्यं भवता ध्रुवम् ।।७२८।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે આજે મારા ઘરે=બંધુલના ઘરે, પુત્રના ષષ્ઠીજાગરનો મહોત્સવ છે તે કારણથી તારા વડે=સરલ વડે, આવીને ધ્રુવ વસવું જોઈએ. ॥૭૨૮॥

શ્લોક :-

ततोऽहं सरलेनोक्तो, याम्यहं बन्धुलालये ।
दुस्त्यजो मित्रनिर्बन्धस्तत् त्वं गत्वाऽऽपणे वस ।।७२९।।

શ્લોકાર્થ :-

તેથી=બંધુલ મિત્રના માણસે ષષ્ઠીજાગરણના પ્રસંગે તેના ઘરે આવવાનું કહ્યું તેથી, હું=વામદેવ, સરલ વડે કહેવાયો. બંધુલના આલયમાં=બંધુલ મિત્રના નિવાસમાં, હું જાઉં છું. મિત્રનો આગ્રહ દુસ્ત્યજ્ય છે, તે કારણથી તું=વામદેવ, આપણમાં જઈને=દુકાનમાં જઈને, વસ. ॥૭૨૯॥

શ્લોક :-

मयोक्तं गमनेनालं, हट्टे तातोज्झितस्य मे ।
अम्बायाः पादमूलेऽहं, वत्स्याम्यद्याविशङ्कितः ॥७३०॥

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું=વામદેવ વડે કહેવાયું. હટ્ટમાં તાતથી રહિત એવા મારા ગમનથી સર્યું. માતાના પાદમૂલમાં આજે અવિશંકિત એવો હું વસીશ. ॥૭૩૦॥

શ્લોક :-

ततोऽहो स्नेहसारोऽयमिति संचिन्तयन् हृदि ।
एवं भवत्विति वदन्, मुदितः सरलो गतः ॥७३१॥

શ્લોકાર્થ :-

તેથી=વામદેવે આ પ્રમાણે કહ્યું તેથી, અહો સ્નેહસાર આ છે=વામદેવ છે, એ પ્રમાણે હૃદયમાં વિચારતો એ પ્રમાણે થાવ=માતા પાસે તું રહે એ પ્રમાણે થાવ, એમ બોલતો આનંદ પામેલો સરલ ગયો. ॥૭૩૧॥

શ્લોક :-

स्थितो गृहेऽहं रात्रौ च, स्तेयवीर्यविजृम्भितम् ।
अर्धरात्रे गतो हट्टं, हर्तुमन्तःस्थितं धनम् ॥७३२॥

શ્લોકાર્થ :-

અને હું ઘરે રહ્યો. અને રાત્રિમાં ચોરીનું વીર્ય ઉલ્લસિત થયું. અર્ધરાત્રિમાં અંદરનું ધન હરણ કરવા માટે હટ્ટમાં ગયો. ॥૭૩૨॥

શ્લોક :-

दृष्टश्चोद्घाटयन् हट्टमागतैः दाण्डपाशिकैः ।
मुक्तस्तैः प्रत्यभिज्ञाय, किं करोमीति चिन्तिभिः ।।७३३।।

શ્લોકાર્થ :-

આવેલા દંડપાશિકો વડે હટ્ટને ખોલતો જોવાયો. જાણીને=સરલનો હું પુત્ર છું એ પ્રમાણે જાણીને, હું શું કરું છું એ પ્રમાણે વિચારતા તેઓ વડે મુકાયો. ।।૭૩૩।।

શ્લોક :-

तदन्तर्धनमुत्खातं, मयोद्घाट्यापणं ततः ।
तस्यैव पश्चाद्भूभागे, निखातं चापणस्य तत् ।।७३४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મારા વડે=વામદેવ વડે, દુકાનને ખોલીને તે અંતર્ધન ખોલાયું. તે જ=આપણના=દુકાનના, પશ્ચાદ્ ભૂમિભાગમાં તે=ખોદીને કાઢેલું ધન, દટાયું. ।।૭૩૪।।

શ્લોક :-

रात्रौ विभातप्रायायां, कृतो हाहारवो महान् ।
मिलितो नागरो लोकः, संप्राप्तः सरलोऽपि च ।।७३५।।

શ્લોકાર્થ :-

વિભાતપ્રાય રાત્રિમાં=સવારના પહોરમાં, મહાન હાહારવ કરાયો= વામદેવ દ્વારા મોટો કોલાહલ કરાયો. નાગર લોક મળ્યો. સરલ પણ પ્રાપ્ત થયો અર્થાત્ સરલ પણ પોતાની દુકાને આવ્યો. ।।૭૩૫।।

શ્લોક :-

आविर्बभूवुः प्रच्छन्नाः, स्थिता ये दाण्डपाशिकाः ।
सरलः प्राह किं जातं, मयोक्तं मुषितं धनम् ।।७३६।।

શ્લોકાર્થ :-

પ્રચ્છન્ન રહેલા તે દંડપાશિકો આવિર્ભાવ પામ્યા=ત્યાં આવ્યા. સરલ કહે છે. શું થયું ? મારા વડે=વામદેવ વડે, કહેવાયું. ધન ચોરાયું. ।।૭૩૬।।

શ્લોક :-

सोऽवक् त्वया कथं ज्ञातं, मयोक्तं त्वां विनाऽधृतिः ।
इहागां रात्रिशेषेऽहं, दृष्टमेतत् तदेदृशम् ।।७३७।।

શ્લોકાર્થ :-

તે=સરલ, બોલ્યો કેવી રીતે તારા વડે જણાયું ? મારા વડે=વામદેવ વડે કહેવાયું. તમારા વગર અધૃતિવાળો એવો હું અહીં=દુકાનમાં, રાત્રિશેષમાં આવ્યો. ત્યારે આ આવા પ્રકારનું જોવાયું=આપણું ધન ચોરાયું છે એ પ્રમાણે જોવાયું. ।।૭૩૭।।

શ્લોક :-

दध्युः श्रुत्वेत्यदो दाण्डपाशिकास्तस्करो ह्ययम् ।
अस्याहो वञ्चनाशक्तिरहो विश्रम्भघातिता ।।७३८।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે આ સાંભળીને=વામદેવે સરલને જે ખુલાસો કર્યો એ પ્રમાણે સાંભળીને, દંડપાશિકોએ વિચાર્યું, આ ચોર છે. અહો આની વંચનાશક્તિ; અહો વિશ્વાસની ઘાતિતા. ।।૭૩૮।।

શ્લોક :-

ततस्ते जगदुः श्रेष्ठिन् !, चित्ते भव निराकुलः ।
लब्धोऽस्ति चौर इति तैः, साकूतमहमीक्षितः ।।७३९।।

શ્લોકાર્થ :-

તેથી=દંડપાશિકોએ આ ચોર છે એમ નક્કી કર્યું તેથી, તેઓ બોલ્યા. હે શ્રેષ્ઠી ! ચિત્તમાં તું નિરાકુલ થા. ચોર પ્રાપ્ત થયો છે, એ પ્રમાણે તેઓ વડે=દંડપાશિકો વડે, ઈરાદાપૂર્વક હું જોવાયો. ।।૭૩૯।।

શ્લોક :-

जातं ततो मम भयं, ग्रहीष्यामः सलोप्त्रकम् ।
इत्यालोच्य गतास्तावत्, प्रचण्डा दाण्डपाशिकाः ।।७४०।।

શ્લોકાર્થ :-

તેથી=મારી સામે ઈરાદાપૂર્વક દંડપાશિકોએ જોયું તેથી, મને ભય થયો. ચોરીના માલ સહિત અમે ગ્રહણ કરશું=ચોરને ગ્રહણ કરશું, એ પ્રમાણે આલોચન કરીને પ્રચંડ દંડપાશિકો ગયા. II૭૪૦II

શ્લોક :-

लङ्घितं तद्दिनं भूरिविकल्पाकुलितस्य मे ।
गच्छन् रात्रौ धनं हृत्वा, गृहीतो दाण्डपाशिकैः ।।७४१।।

શ્લોકાર્થ :-

ઘણા વિકલ્પોથી આકુલિત તે દિવસ મારો પસાર થયો. રાત્રિમાં ધનને હરણ કરીને જતો દંડપાશિકો વડે ગ્રહણ કરાયો. II૭૪૧II

શ્લોક :-

जातः कोलाहलो लोको, मिलितो नागरोऽखिलः ।
रिपुसूदनराज्ञोऽग्रे, नीतोऽहं दाण्डपाशिकैः ।।७४२।।

શ્લોકાર્થ :-

કોલાહલ થયો. અખિલ નાગર લોક ભેગા થયા. દંડપાશિકો વડે હું=વામદેવ, રિપુસૂદન રાજાની આગળ લઈ જવાયો. II૭૪૨II

શ્લોક :-

तेन वध्यतयाऽऽज्ञप्तः, सरलोऽथ समागतः ।
पतित्वा पादयो राज्ञः, प्राह मेऽसौ प्रियः सुतः ।।७४३।।

શ્લોકાર્થ :-

તેના વડે=રાજા વડે, વધ્યપણાથી આજ્ઞા કરાઈ. હવે સરલ આવ્યો. રાજાના પગમાં પડીને બોલ્યો. મારો આ પ્રિય પુત્ર છે. ||૭૪૩||

શ્લોક :-

मुच्यतां कृपया तन्मे, सर्वस्वं गृह्यतामिदम् ।
मुक्तस्ततोऽहं राज्ञा तत्, सरलस्यार्पितं धनम् ।।७४४।।

શ્લોકાર્થ :-

તે કારણથી=આ મારો પ્રિય પુત્ર છે તે કારણથી, કૃપાથી મુકાવો. મારું આ સર્વસ્વ=ચોરીને જે રત્નો લઈ જતો હતો તે સર્વસ્વ, ગ્રહણ કરો. તેથી રાજા વડે હું મુકાયો. સરલને તે ધન અપાયું. ||૭૪૪||

શ્લોક :-

उक्तं हितार्थिना चेदं, पुत्रोऽयं तव तिष्ठतु ।
मदभ्यर्णे तव गृहे, न युक्तोऽयं विषाङ्कुरः ।।७४५।।

શ્લોકાર્થ :-

હિતાર્થી એવા રાજા વડે આ કહેવાયું. તારો આ પુત્ર મારી પાસે રહો. વિષાંકુર એવો આ તારા ઘરમાં યુક્ત નથી. ||૭૪૫||

શ્લોક :-

दुश्चेष्टितैः पराभूतो, नष्टः पुण्योदयोऽथ मे ।
श्रेष्ठिना प्रतिपन्नं तद्, वचनं भूपतेस्तदा ।।७४६।।

શ્લોકાર્થ :-

હવે દુષ્ટચેષ્ટાઓથી પરાભવ પામેલો મારો પુણ્યોદય નાશ પામ્યો. શ્રેષ્ઠી વડે ત્યારે રાજાનું તે વચન સ્વીકારાયું=વામદેવ મારા ઘરે રહો એ વચન સ્વીકારાયું. ||૭૪૬||

શ્લોક :-

स्थितो धिक्कारनिहतो, दीनोऽहं राजमन्दिरे ।
शान्ते बहुलिकास्तेये, राजदण्डभयान्मम ।।७४७।।

શ્લોકાર્થ :-

ધિક્કારથી હણાયેલો દીન એવો હું રાજમંદિરમાં રહ્યો. મારી બહુલિકા અને સ્તેય રાજદંડના ભયથી શાંત થયાં. ||૭૪૭||

શ્લોક :-

तथाऽपि सर्वकार्येषु, लोको मां परिशङ्कते ।
मय्येवान्यकृतं चौर्यं, दत्ते प्रत्येति नो वचः ।।७४८।।

શ્લોકાર્થ :-

તોપણ સર્વ કાર્યોમાં લોક મારી શંકા કરે છે. અન્યકૃત ચૌર્યને મારામાં જ આપે છે=મેં ચોરી કરી છે એમ જ માને છે. વચનનો વિશ્વાસ કરતા નથી=વામદેવ કહે મેં કર્યું નથી તોપણ લોક તે વચનનો વિશ્વાસ કરતા નથી. ||૭૪૮||

શ્લોક :-

विद्यासिद्धेन केनापि, राज्ञः श्रीगृहमन्यदा ।
मुषितं नैव स ज्ञातो, दोषो मय्येव सोऽर्पितः ।।७४९।।

શ્લોકાર્થ :-

કોઈક પણ વિદ્યાસિદ્ધ વડે અન્યદા રાજાનું શ્રીગૃહ=રાજાના ધનનો ખજાનો, ચોરાયો. તે=વિદ્યાસિદ્ધ જણાયો જ નહિ. મારામાં જ તે દોષ અર્પિત કરાયો. ||૭૪૯||

શ્લોક :-

ततोऽहं गाढरुष्टेन, राज्ञा बाढं कदर्थितः ।
सरलस्याऽपि वचनं, नादृतं तीव्रतेजसा ।।७५०।।

શ્લોકાર્થ :-

તેથી ગાઢ રુષ્ટ એવા રાજા વડે અત્યંત હું કદર્થિત કરાયો. તીવ્ર તેજવાળા રાજા વડે સરલનું પણ વચન સ્વીકારાયું નહિ. ॥૭૫૦॥

શ્લોક :-

उल्लम्बितोऽहं विरटन्, जीर्णा प्राग्गुटिका मम ।
भवितव्यतया दत्ता, गुटिकाऽभिनवा ततः ॥७५१॥

શ્લોકાર્થ :-

હું રડતો ઉલ્લમ્બિત કરાયો=ફાંસીએ ચઢાવાયો. મારી પૂર્વભવની ગુટિકા જીર્ણ થઈ. ત્યારપછી ભવિતવ્યતા વડે નવી ગુટિકા અપાઈ. ॥૭૫૧॥

શ્લોક :-

गतः पापनिवासायां, नगर्यामन्त्यपाटके ।
तत्रानुभूय दुःखानि, गुटिकान्तरलाभतः ॥७५२॥
पञ्चाक्षपशुसंस्थाने, पुरे गत्वा गतस्ततः ।
मुक्त्वाऽसंव्यवहाराख्यं, सर्वेषु नगरेष्वहम् ॥७५३॥

શ્લોકાર્થ :-

પાપનિવાસ નગરીના અંત્યપાટકમાં=સાતમી નરકમાં, હું ગયો. ત્યાં=સાતમી નરકમાં, દુઃખોને અનુભવીને ગુટિકાઅંતરના લાભથી=નરકભવની ગુટિકાથી અન્ય ભવની ગુટિકાના લાભથી, પંચાક્ષ પશુસંસ્થાન નગરમાં જઈને ત્યારપછી અસંવ્યવહાર નગરને છોડીને સર્વ નગરોમાં હું ગયો. ॥૭૫૨-૭૫૩॥

શ્લોક :-

प्राप्तो बहुलिकादोषात्, तीर्यक्स्त्रीत्वमनन्तशः ।
ताभ्यां मे स्तेयमायाभ्यां, स्थाने स्थाने न किं कृतम् ॥७५४॥

શ્લોકાર્થ :-

બહુલિકાના દોષથી તિર્યંચ સ્ત્રીપણું અનંતી વખત પ્રાપ્ત થયું. તે સ્તેય અને માયા દ્વારા મને સ્થાને સ્થાને શું ન કરાયું ? અર્થાત્ ઘણી કદર્થના કરાઈ. ।।૭૫૪।।

શ્લોક :-

निगदति भवजन्तावित्यदो धीविशाला,
समुदितभवभीतिश्चिन्तयामास चित्ते ।
अहह भुवि दुरन्तः स्तेयमायाविकार-
स्त्यजति तदपि नैते बोधहीनो मनुष्यः ।।७५५।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે આ ભવજંતુએ કહેતે છતે=પ્રસ્તુત પ્રસ્તાવમાં વર્ણન કર્યું એ પ્રમાણે આ ભવજંતુએ કહેતે છતે, ઉલ્લસિત થયેલા ભવના ભયવાળી એવી ધીવિશાલા=પ્રજ્ઞાવિશાલા, ચિત્તમાં વિચારે છે. અરેરે ! ભૂમિમાં સ્તેય-માયાના વિકારો દુરંત છે=ખરાબ અંતવાળા છે તોપણ બોધહીન એવો મનુષ્ય આ બેને=સ્તેય અને માયાને, છોડતો નથી. ।।૭૫૫।।

શ્લોક :-

कथमयमनुभूतानन्तजन्मप्रतानः,
प्रभवति गुटिका कास्त्री किमस्य प्रतीपा ।
किमिदमखिलमन्तर्ग्राममित्राद्यनेनो-
दितमिति हृदि भव्यो विस्मितस्तिष्ठति स्म ।।७५६।।

શ્લોકાર્થ :-

આ=અનુસુંદર ચક્વર્તી, અનંત જન્મના વિસ્તારવાળો કેવી રીતે છે ? કઈ ગુટિકા પ્રભવ પામે છે ? આની=અનુસુંદરની, દરેક સ્થાને કઈ સ્ત્રી છે ? આ અખિલ અંતર્ગ્રામ મિત્ર આદિ શું આના વડે કહેવાયું=

અનુસુંદર વડે કહેવાયું ? એ પ્રમાણે હૃદયમાં વિસ્મય પામેલો ભવ્ય રહ્યો.

શ્લોક-૭૫૫માં કહ્યું એ પ્રમાણે પ્રજ્ઞાવિશાલાએ ભવજંતુનું સર્વ સ્વરૂપ સાંભળીને ચોરી અને માયાની દુરંતતાનો વિચાર કરે છે. જેથી તેને સંવેગ ઉત્પન્ન થાય છે. જ્યારે ભવ્ય પુરુષને તે સર્વ કથનનું તાત્પર્ય સ્પષ્ટ થતું નથી; કેમ કે આ અનુસુંદર ચોરી કરીને આવેલ છે, દંડપાશિકો તેને વધસ્થાને લઈ જાય છે અને સુલલિતાએ તેને પૂછેલું કે તેં શું ચોરી કરી છે ? તેના ઉત્તરરૂપે અનુસુંદર પોતાના અનુભવેલા અનંતભવોનો વિસ્તાર કહે છે. દરેક ભવમાં ભવિતવ્યતા તેને તે તે ભવની ગુટિકા આપે છે, તેમ કહે છે. વળી, પ્રસંગે પ્રસંગે અંતરંગ ગામો અને મિત્રાદિનું કથન કરે છે, તે સર્વ તે ચોરીના કથન સાથે એકવાક્યતાથી જોડી નહિ શકવાને કારણે ભવ્ય પુરુષ વડે વિસ્મયથી વિચારાય છે કે આ શું કહે છે ? **॥૭૫૬॥**

શ્લોક :-

कलयति मुखरागाद्धीविशालैनमर्थम्,
रहसि तदिदमस्याः प्रश्नयिष्यामि पश्चात् ।
इति मनसि स दध्यावागमो वेत्ति सर्वम्,
सदसि सुललिता तु स्मेरनेत्रा शृणोति ।।७५७।।

શ્લોકાર્થ :-

આ અર્થને પ્રજ્ઞાવિશાલા જાણે છે. તે કારણથી આણીને=પ્રજ્ઞાવિશાલાને, આ=અનુસુંદર ચક્રવર્તીના કથનના તાત્પર્યને, એકાંતમાં પાછળથી પૂછીશ, એ પ્રમાણે મુખરાગથી મનમાં તેણે=ભવ્ય પુરુષે, વિચાર કર્યો. અથવા આગમ=સદાગમ નામના ગુરુ સર્વને જાણે છે. વળી, સુલલિતા સભામાં વિસ્મય નેત્રવાળી સાંભળે છે. ।।૭૫૭।।

શ્લોક :-

संसारिजीवेनो(जीवो)चेऽथ, प्रोक्तोऽहं निजभार्यया ।
त्वयाऽऽर्यपुत्र ! गन्तव्यमानन्दनगरेऽधुना ।।७५८।।

શ્લોકાર્થ :-

હવે સંસારી જીવ વડે કહેવાયું. હું=સંસારી જીવ, નિજ ભાર્યા વડે=ભવિતવ્યતા વડે, કહેવાયો. હે આર્યપુત્ર ! તારા વડે હવે આનંદનગરમાં જવા યોગ્ય છે. ||૭૫૮||

શ્લોક :-

तुष्टाऽस्मि त्वयि दत्तोऽयं, सुहृत् पुण्योदयश्च ते ।
सहायः सागरश्चायं, मूढतारागनन्दनः ।।७५९।।

શ્લોકાર્થ :-

તારામાં હું તુષ્ટ છું. આ પુણ્યોદય મિત્ર છે. મૂઢતાનો અને રાગનો પુત્ર આ સાગર તારો સહાય છે.

કોઈક ભવમાં અથડાતા, કુટાતા સંસારી જીવનાં કર્મો અલ્પ થયાં. તેથી તેની ભવિતવ્યતા તુષ્ટ થઈ અને અલ્પ કષાયને કારણે પુણ્ય બંધાયું. તેથી પુણ્યોદય મિત્રની પ્રાપ્તિ ભવિતવ્યતાએ કરાવી. છતાં મૂઢતા અને રાગનો પુત્ર લોભ તેનામાં પ્રચુર છે. તેની સહાયતાથી ભવિતવ્યતા તેને બીજા ભવમાં મોકલે છે. **||૭૫૯||**

શ્લોક :-

तद्वचः प्रतिपद्याहं, गुटिकां प्राप्य तादृशीम् ।
आनन्दनगरे ताभ्यां, सहितो गन्तुमुद्यतः ।।७६०।।

શ્લોકાર્થ :-

તેનું વચન સ્વીકારીને=ભવિતવ્યતાનું વચન સ્વીકારીને, તેવી ગુટિકાને પ્રાપ્ત કરીને=શ્લોક-૭૫૯માં બતાવ્યું તેવા સ્વરૂપવાળી ગુટિકાને પ્રાપ્ત કરીને, તે બંને સાથે=પુણ્યોદય અને સાગર સાથે, આનંદનગરમાં જવા માટે ઉદ્યત થયો. ||૭૬૦||

શ્લોક :-

इति सपदि निशम्य घ्राणदौर्जन्यवार्ता-
मपि च निचितगूढस्तेयमायाविपाकम् ।
य इह निभृतचित्तः स्यात् स्वतत्त्वप्रबुद्धः,
स भुवि शुचियशःश्रीभोगसौभाग्यमेति ।।७६१।।

इति श्रीवैराग्यकल्पलतायां मायास्तेयघ्राणेन्द्रियविपाकवर्णनो
नाम षष्ठः स्तबकः ।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે સભામાં ઘ્રાણનાં દૌર્જન્યની વાર્તાને પણ અને નિચય કરાયેલા ગૂઢ સ્તેય અને માયાના વિપાકને સાંભળીને જે=જે જીવ, અહીં=સંસારમાં, નિભૃત ચિત્તવાળો, સ્વતત્ત્વપ્રબુદ્ધ થાય=કથાના હાર્દથી વાસિત થયેલા ચિત્તવાળો અને આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણીને પ્રબુદ્ધ થાય, તે જગતમાં સુંદર યશની લક્ષ્મીના સૌભાગ્યને પ્રાપ્ત કરે છે. ।।૭૬૧।।

આ પ્રમાણે શ્રીવૈરાગ્યકલ્પલતા ગ્રંથમાં માયા-સ્તેય-ઘ્રાણેન્દ્રિયવિપાકવર્ણન
નામનો છઠ્ઠો સ્તબક સમાપ્ત થયો.

અનુસંધાન : વૈરાગ્યકલ્પલતા ભાગ-૭ (સાતમો સ્તબક)

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

આશ્રવ અને અનુબંધ	૧૩✽
ચારિત્રાચાર	૩૬
ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ)	૧૯૦
પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા	૨૫

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

Is Jaina Order Independent Religion or Denomination ?	૫૮
Status of religion in modern Nation State theory	૬૪
અનેકાંતવાદ	૯
કર્મવાદ કર્ણિકા	૫
કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)	૧૫૭
કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય	૪૯
ગૃહજિનાલય મહામંગલકારી	૮૫
ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ	૧૨
ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ)	૧૮૯
ચિત્તવૃત્તિ	૧૧
ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)	૨૮
જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?	૫૬
જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)	૫૭
દર્શનાચાર	૭
ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧	૫૫
પ્રશ્નોત્તરી	૧૦
પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)	૪૨
ભાગવતી પ્રવ્રજ્યા પરિચય	૧૫

✽ જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ)	૧૮૮
ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)	૨૧
ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)	૨૪
મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી)	૧૭૯
મનોવિજય અને આત્મશુદ્ધિ	૧૪
યોગદૃષ્ટિસમુચ્ચય	૪
લોકોત્તર દાનધર્મ 'અનુકંપા'	૩૩
શાસન સ્થાપના	૮
શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)	૨૭
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો	૩
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)	૩૫
શ્રી ઉપધાન માર્ગોપદેશિકા	૯૩
'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર	૧૯૧
સદ્ગતિ તમારા હાથમાં !	૬
સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ)	૧૬૩

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

पाक्षिक अतिचार	४१

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
અન્ય પુસ્તકોની યાદી

'Rakshadharma' Abhiyaan	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૩
Right to Freedom of Religion !!!!!	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૧
'રક્ષાધર્મ' અભિયાન	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૨
શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૪૮
શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૪૭
સેવો પાસ સંખેસરો (અપ્રાપ્ય)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૧૦૪
સેવો પાસ સંખેસરો (હિં.આ.)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૧૦૫
સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૫૯
સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.)	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૦

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન	૧૬૯
અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૨
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૨૦
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૨૨
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૨૬
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૭૮
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩	૭૯
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૧૪
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૧૫
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૧૬
અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન	૧૨૨
આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન	૧૨૪
આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન	૧૮
ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૪
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨	***૧૯૭***
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩	***૧૯૮***
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪	***૧૯૯***
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૬
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૭૭
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૮
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૨૬

ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૨૭
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૨૮
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૭૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૩
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૮૦
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૮૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૮૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭	***૧૯૪***
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮	***૧૯૫***
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯	***૧૯૬***
કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન	૩૧
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૦૨
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૦૩
જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન	૬૮
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૧૦
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૬૨
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૬૪
દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન	૧૪૭
દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન	૧૧૮
દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન	૧૬૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૮
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૫૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૨૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૫
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૨
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૩
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૩૪

ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૪૦
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૪૧
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૪૨
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૫૫
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૫૬
ધ્યાનશતક શબ્દશઃ વિવેચન	૧૮૩
નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૧૭
પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન	૧૨૫
પગામસિજ્જા શબ્દશઃ વિવેચન	૧૪૪
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૪૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૮૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૦૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૦૧
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૧૯
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૨૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭	૧૨૩
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)	૩૪
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)	૩૭
પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૮૪
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૦
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૧
પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન	૧૧૨
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧	૨૯
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨	૩૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩	૪૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪	૯૯
પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૮૭
બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૪૩
બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૮

બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૭
બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૦
બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૯
બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૨
બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૪૬
બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૩૯
બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૧૩
બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૨
બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૬૭
બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૪
બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૩
બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૪
બત્રીશી-૧૫ : સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૧
બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૫
બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૧
બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૦
બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૧
બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૦
બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૪૪
બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૨
બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૩
બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૪
બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૬
બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૧
બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૩
બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૪
બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૭
બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૬૬
બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૦૬

બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૨
બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત)	૧૫૨
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૫૩
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૫૪
યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન	૮૦
યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન	૬૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧	૭૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨	૭૬
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩	૭૭
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૫
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૬
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૩૭
યોગવિંશિકા શબ્દશઃ વિવેચન	૧
યોગશતક શબ્દશઃ વિવેચન	૪૫
યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧	***૧૯૨***
યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨	***૧૯૩***
યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૦૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૬૬
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૬૮
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ	૧૯
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ	૧૬
વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન	૧૫૮
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૫૦
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૮૫
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૮૬
વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪	***૨૦૦***
વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫	***૨૦૧***
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૬	***૨૦૨***

શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના)	૧૫૧
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૦૮
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૦૯
શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન	૯૮
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૧૧
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૨૧
સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન	૧૪૩
સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન	૨૩
સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન	૧૪૫
સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન	૭૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૪૮
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૪૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૦
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૩૮
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૩૯
સૂત્રના પરિણામદર્શક યત્નલેશ	૩૨

ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત સંશોધનાત્મક પ્રકાશનો

આગમ પ્રકાશનસૂચી (હિન્દી) સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી ૧૭૫

ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧ ૨. ધર્મતીર્થ ભાગ-૨ ૩. ધર્મતીર્થ ભાગ-૩

પ્રાપ્તિસ્થાન

✤ અમદાવાદ :

ગીતાર્થ ગંગા
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✤ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

✤ મુંબઈ :

શ્રી લલિતભાઈ ધરમશી
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✤ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

✤ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✤ BANGALORE :

SHRI VIMALCHANDJI
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

✤ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

अनित्येषु च तुच्छेषु, विषयेषु सतां न धीः ।

धर्म एव मतिस्तेषां, शाश्वतप्रौढशर्मदे ।।

અને અનિત્ય એવા તુચ્છ વિષયોમાં સજ્જનોની બુદ્ધિ નથી, તેઓની શાશ્વત પ્રૌઢ સુખને દેનારા ધર્મમાં જ મતિ છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૪૦૦૫૪૯૧૧

E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com